卐 તીર્થાધિરાજ શ્રી શત્રુંજયગિરિવરાય નમઃ 卐

સ...મા...ધિ...સ્થ...સ્વ...ર્ગ...ત

પૂ. સા. શ્રી અંજનાશ્રીજી સ્મારક

ગ્રંથમાળા નં. ૮ મો

—: શ્રી :—

# રાસમાળા સંગ્રહ

## ભાગ ૮ મો

૧. શ્રી અજીતસેન કનકાવતીનો રાસ

૨. શ્રી ગુણકરંડ ગુણાવલીનો રાસ

૩. શ્રી મંગલકળશનો રાસ

—: સં...પા...દિ...કા :—


પરમ શાંતમૂર્તિ—અપ્રમત્ત—સંયમમૂર્તિ—

પૂ. સાધ્વીજી શ્રી અંજનાશ્રીજી મ. ના શિષ્યરત્ના

પૂ. વિદુષી સાધ્વીજી શ્રી વિદ્યાશ્રીજી મહારાજ



—: પ્રકાશક :—

પૂ. શ્રી શાસનકંટકોદ્ધારકસુરિજી જૈન જ્ઞાન મંદિર

જી. ભાવનગર, વાયા : તળાજા મુ. ઠળીયા ૩૬૪૧૪૫

卐 તીર્થાધિરાજ શ્રી શત્રુંજયગિરિવરાય નમઃ 卐

સ...મા...ધિ...સ્થ...સ્વ...ર્ગ...ત

પૂ. સા. શ્રી અંજનાશ્રીજી સ્મારક

ગ્રંથમાળા નં. ૮ મો

—: શ્રી :—

# રાસમાળા સંગ્રહ

## ભાગ ૮ મો

૧. શ્રી અજીતસેન કનકાવતીનો રાસ
૨. શ્રી ગુણકરંડ ગુણાવલીનો રાસ
૩. શ્રી મંગલકળશનો રાસ

—: સં...પા...દિ...કા :—

પરમ શાંતમૂર્તિ-અપ્રમત્ત-સંયમમૂર્તિ-
પૂ. સાધ્વીજી શ્રી અંજનાશ્રીજી મ. ના શિષ્યરત્ના
પૂ. વિદુષી સાધ્વીજી શ્રી વિદ્યાશ્રીજી મહારાજ

—: પ્રકાશક :—

પૂ. શ્રી શાસનકંટકોદ્ધારકસૂરિજી જૈન જ્ઞાન મંદિર
જી. ભાવનગર, વાયા: તળાજા મુ. ઠળીયા ૩૬૪૧૪૫

79864

—પૂ૦—

# સાધ્વીજી શ્રી અંજનાશ્રીજી સ્મારક

# ગ્રં થ મા લા સં યો જી ત

# શ્રી રાસમાલા સંગ્રહના પુસ્તકોનું

પ્રા...પ્તિ...સ્થા...ન

શ્રી શાસનકંટકોદ્ધારક સૂરિજી જૈન જ્ઞાનમંદિર
વ્યવસ્થાપક:—શા. લહેરચંદ મોતીચંદ
જી. ભાવનગર વાયા-તળાજા મુ. ઠળીયા=૩૬૪૧૪૫

卐

વીર સં. ૨૫૧૭ વિ. સં. ૨૦૪૭

卐 卐 卐 卐 卐 卐


[કિં. રૂા. ૨૦-૦૦] [કોપી-૩૦૦]

મુ...દ્ર...ક
શ્રી પ્રવીણચંદ્ર બી. શેઠ શ્રી વિશાલ પ્રિન્ટરી
ઠે. ટેલીફોન એક્ષચેંજ સામે મુ. સોનગઢ ૩૬૪૨૫૦

પરમ શાંતમૂર્તિ-અપ્રમત્ત સંયમ મૂર્તિ-

પૂર્ણ સમાધિસ્થ સ્વર્ગત-સ્થવિર

## પૂ. સાધ્વીજી શ્રી અંજનાશ્રીજી મહારાજ



જન્મ -: વિ. સં. ૧૯૬૩ના પો. શુ. ૧૩ (ત્રાપજ)

દીક્ષા :- વિ. સં ૧૯૯૧ના ફા. વ. ૧૩ સોમ (ઠળીયા)

વડીદીક્ષા :- વિ સં ૧૯૯૧ના વૈ શુ. ૬ (પાલીતાણા)

સ્વર્ગવાસ :- વિ. સં. ૨૦૪૧ના અ શુ. ૫ રવિ (તળાજા)

# દીર્ઘચારિત્રી-શાંતમૂર્તિ-સ્થવિર
# પૂ. સુસાધ્વીજી શ્રી અંજનાશ્રીજી
# મહારાજની જીવન-સુવાસ

ભાવનગર જીલ્લાના **ત્રાપજ** નામના ગામના વારૈયા કુટુંબમાં વિક્રમ સં. ૧૯૬૩ના પોષ શુદિ ૧૩ના શુભદિને ચરિત્રનાયિકાનો જન્મ થયેલ. તેમના પિતાશ્રીનું શુભ નામ **વારૈયા કલ્યાણજી દયાળજીભાઇ** અને માતુશ્રીનું શુભ નામ **હેમીબહેન** હતું. ચરિત્રનાયિકાનું નામ **અનોપમા** ( અનોપ ) રાખવામાં આવેલ. બાલ્યાવસ્થામાં પાંચ ચોપડીનો અભ્યાસ કરેલ. પરંતુ માતા-પિતાના ધર્મસંસ્કારો તો ગળથુથીમાંથી જ સારા મળવા પામેલ હતા. તેમજ શાંત સ્વભાવ-સુશીલતા-કુલીનતા આદિ ગુણે કરીને સાર્થકનામ તેઓ હતા.

ક્રમે યૌવનાવસ્થાને પામેલી પોતાની લાડકવાયી પુત્રીની સગાઇ, ધર્મનિષ્ઠ પિતાએ ધર્મીષ્ઠ કુટુંબ તરીકે પ્રખ્યાત થયેલા એવા **ઠળીયા** નિવાસી **દીપચંદ જેરાજભાઇના** સુપુત્ર શા. **હઠીચંદભાઇની** સાથે કરી બોલ બોલેલ. આ વાતની મુંબઇ-સ્થિત ધર્મનિષ્ઠ શ્રીયુત હઠીચંદભાઇને ખબર પડતાં ભાવિ સસરાને જણાવી દીધેલ કે-' મારી સંયમ લેવાની ભાવના હોવાથી હું રાજીખુશીથી કહું છું કે-આ સગાઈ ફોક કરશો.'

જેના જવાબમાં ધર્મરંગે રંગાએલા કલ્યાણભાઈ વારૈયાએ પણ જણાવી દીધું કે-' દીકરી એકવાર દેવાય. અને મારી દીકરી

અનુપમાના બોલ તમારી સાથે બોલાઈ ગયા છે તે ફોક નહિ થાય! માટે એકવાર દીકરીનો હાથ ઝાલી લ્યો પછી તમારે જ્યારે ચારિત્ર લેવું હોય ત્યારે ખુશીથી લેશો.'

આમ પરિસ્થિતિ ઉભી થતાં સં. ૧૯૭૮માં તેઓના લગ્ન થયાં. અને સં. ૧૯૮૪ સુધીના ગૃહવાસમાં પરમાનંદ તથા મનસુખ નામે બે પુત્ર અને વિમલા નામે એક પુત્રીની પ્રાપ્તિ થયેલ. તેમાં નાના બાળક પુત્રનું અચાનક અવસાન થતાં હઠીચંદભાઈનો વૈરાગ્ય વધુ તીવ્ર બન્યો અને તેથી સહધર્મચારિણીનું સ્નેહબંધન ઢીલું પાડવા માટે હંમેશાં સંસારની અસારતા તથા ત્યાગ-વૈરાગ્યની વાતો સમજાવવા લાગ્યા! પરિણામે છ વરસના ટુંકા લગ્નજીવનમાં દંપતિએ ચતુર્થવ્રત પણ ઉચ્ચારી લીધેલ. તેમજ સગા-સંબંધીઓનાં પણ પ્રેમબંધનને ઢીલું પાડવા અને ભવિષ્યમાં ચારિત્રમાર્ગમાં પોતાના આત્માની વધુ સ્થિરતા થાય તે માટે બધી ઇન્દ્રિયોમાં બળવાન એવી રસનેન્દ્રિય ઉપર કાબુ મેળવવા 'છ' એ વિગયોનો પોતે ત્યાગ કર્યો!

પોતાના સ્વામીને રંગ-રાગ અને મોજ શોખને બદલે ત્યાગ વૈરાગ્યમાં ઝુલતા જોઈને અનુપમાએ પણ ઉગતી યૌવનાવસ્થામાંય પોતાની વાસનાઓ અને મોજશોખ ઉપર નિયંત્રણ મૂકી દીધું! એટલું જ નહિ; પરંતુ પોતાનાં બાલ બચ્ચાંઓ સાથે પોતે પણ વૈરાગ્યભાવમાં આવી ગયા! તે એટલે સુધી કે— પોતાના સ્વામી, સં. ૧૯૮૭ના કારતક વદી ત્રીજના શુભ દિને મુંબઈમાં દીક્ષા ગ્રહણ કરવા ઘરેથી પ્રયાણ કરે છે ત્યારે આ આદર્શનારી અનુપમાએ વ્હાલસોઈ દીકરી વિમળાના હાથે સ્વામીના ભાલે કુમકુમનું તિલક કરાવીને પોતાના જ હાથથી રૂા. ૧૦૧ અને શ્રીફળ સ્વામીના હાથમાં મૂકી સંયમમાર્ગની અનુમતિ આપી!!

ત્યારબાદ કુમળી વયની એટલે ૧૧ વર્ષની પુત્રી વિમલા અને ૮ વર્ષની વયના પુત્ર પરમાણંદની સાથે સં. ૧૯૯૧ના ફાગણ વદ ૧૧ને સોમવારના રોજ પોતાના સાસરીયા 'ઠળીયા'

ગામમાં પોતાના જ ભૂતપૂર્વ સ્વામીના હાથે પ્રવજ્યા અંગીકાર કરીને **સાધ્વીજી શ્રી અંજનાશ્રીજી**, સાધ્વીજી શ્રી વિદ્યાશ્રીજી તથા મુનિશ્રી નરેન્દ્રસાગરજી નામે જગવિખ્યાત બન્યા.

ચારિત્ર સ્વીકાર્યા બાદ તેઓએ જેમ બને તેમ વધુ આત્મ-નિર્મળતા થાય તેમ શકત્યનુસાર તપ–ત્યાગ–સ્વાધ્યાય–સાધ્વાચારોનું દત્તચિત્તે પાલન તથા વિષય–કષાયથી અલિપ્ત રહેવાનું રાખેલ. તેમના પરિચયમાં આવેલા કોઇ પણને પૂછો તો એક જ અવાજ સાંભળવા મળશે કે–'જ્યારે જાઓ અને જુઓ ત્યારે સાધ્વીજીશ્રી અંજનાશ્રીજી મહારાજ પ્રસન્નચિત્ત અને પોતાની આત્મસાધ-નામાં જ મગ્ન હોય છે!'

આવા સંયમીજીવનમાં માસખમણ, ૧૬–૧૫–૧૧–૮ ઉપ-વાસની તપસ્યા, વીશસ્થાનકની આરાધના, નવપદજીની ઓળી, પર અજવાળા, પર્વતિથિ આરાધના, રતનપાવડીના છટ્ઠ–અટ્ઠમ આદિ વિવિધ તપશ્ચર્યાઓ કરેલ. છેલ્લા ચાર–પાંચ વર્ષથી પગનાં બબ્બે વખતનાં ફ્રેક્ચરનાં કારણે સંથારાવશ હોવા છતાંય જ્યારે જુઓ ત્યારે પ્રસન્ન મુખમુદ્રા! તેઓશ્રીને શાતા પૂછવા આવનારા પૂ. આચાર્યવર્યો, સાધુઓ કે સાધ્વીજીઓને પણ છેવટની ઘડી સુધી ભયંકર વેદનાવાળું કેન્સર હોવા છતાં કેન્સર રોગની જાણ પણ થવા પામી ન હતી! આવી તેમની સહનશક્તિ અને સમતા ભાવ હતો!!!

આવા પુણ્યશાળી તે ચરિત્રનાયિકા સાધ્વીજીને છેલ્લાં ૧ા માસમાં તો તે કેન્સરના રોગે જોર પકડયું! ક્ષણ પણ બેસી ન શકાય તેવી સ્થિતિ હોવા છતાંય તલાજા શ્રીસંઘની વિનંતિથી પોતાના વિશાળ સાધ્વીસમુદાયને લઈને સં. ૨૦૪૧ના જેઠ વદિ ૧૦ના રોજ પૂ. ગુરૂદેવો સાથે વાજતે ગાજતે ચાતુર્માસ માટેના પ્રવેશમાં લગભગ કલાક ડોળીમાં બેસીને શહેરમાં ફર્યા! પ્રવેશ બાદ ડૉકટરોની સતત ટ્રીટમેન્ટ ચાલુ હોવા છતાંય દર્દ જરાપણ શાંત ન થતા પ્રતિદિન ગંભીર રૂપ પકડતું ગયું. તેની અસહ્ય

વેદનામાંય તલાજા શ્રીસંઘે તેઓશ્રીની ગજબની સહનશીલતા અને સમતાભાવ નજરે નીહાળેલ છે.

જીવનયાત્રાના અંતિમ દિવસે એટલે કે–અષાડ શુદિ પાંચમ રવિવારે સવારે ૧૦ા વાગે તો પોતાની લાડકવાયી પુત્રી–સાધ્વી-જી શ્રી વિદ્યાશ્રીજીનો હાથ પકડીને '**વિદ્યા ! હવે હું જાઉં છું, તને અને સાધ્વીઓને મારો મિચ્છામિદુક્કડં**' એમ સ્પષ્ટ જણાવેલ અને ત્યારબાદ ચરિત્રનાયિકા પૂ. બા મહારાજના ભત્રીજા અને પુત્રમુનિ આવતાં બંનેને ઓળખીને પુત્રમુનિને કહે છે કે–'મને ધારણા પચ્ચકખાણ કરાવ.' આથી સમય પીછાણીને પુત્રે સંથારો–દવા અને પ્રવાહી સિવાયના સર્વના પચ્ચકખાણ કરાવી આરાધના ચાલુ કરાવી હતી.

આરાધના, પ્રસન્નચિત્તે સાંભળતા હતા અને ખમાવવાના સ્થાનોને શારીરિકશક્તિ ન હોવા છતાંય આત્મબળે હાથ ભેગા કરી માથે અડાડવા પૂર્વક 'મિચ્છામિદુક્કડં' દઇ ખમાવતા ! તેમજ પાપસ્થાનકોને, આલોચના સ્થાનકોને વોસરાવતા–આલોચતા જતા હતાં ! આ અવસરે આરાધના કારક શિષ્યાઓનું ગળું, સ્નેહ તથા પ્રેમવશે રૂંધાતું તો તુરત જ અંતિમ અવસ્થાની ઘડીઓ ગણાઈ રહી હોવા છતાંય સજાગ એવા તેઓશ્રી, મક્કમ થઇને '**કેમ બોલતાં અટકી ગયા ? ચાલુ રાખો**' એમ પ્રેરણા આપી આપીને રાા કલાકની સતત આરાધનામાં ચતુર્વિધ શ્રીસંઘે આપેલા વ્રત–તપ–જપ–ત્યાગ–યાત્રા–સ્વાધ્યાયાદિની અનુ-મોદના કરતાં કરતાં અપૂર્વ સમાધિમયદશામાં દીર્ઘ ચારિત્રપર્યાય પાળીને સ્થવિર અને "**પૂજ્ય બા મહારાજ**"ના લાડીલા નામે પ્રખ્યાતિ પામેલા સુસાધ્વીજી શ્રી અંજનાશ્રીજી મ.શ્રીનો નિર્મળ આત્મા, બપોરે ૧–૫૫ મીનીટે નશ્વરદેહનો ત્યાગ કરી સ્વર્ગે સીધાવ્યો.

દશ જ દિવસની સ્થિરતાકાળમાં તલાજા શ્રીસંઘે તથા તીર્થ-કમીટીએ ખડે પગે સેવાનો લાભ ઉઠાવ્યો. એટલું જ નહિ પણ એક મહાન આચાર્ય મ.ની પાલખી નીકળતી હોય તે રીતે ભવ્ય

પાલખી સાથેની સ્મશાનયાત્રામાં ૧૫૦૦ થી ૧૭૦૦ ભાઈબહેનો ઠેઠ સુધી જોડાયેલ. ચરિત્રનાયિકા પૂ. ગુરૂણીજીના સ્વર્ગવાસના સમાચાર મળતાં ભાવનગર, પાલીતાણા, કળીયા, ત્રાપજ, તણુસા, દેવળીયા, સોનગઢ, દાઠા, મહુવા, ચીખરલા, ખાવડી, કામરોળ આદિ ગામોનાં ભાઈ બહેનો પણ સ્મશાન યાત્રામાં જોડાવા પામેલ.

૫૦ વર્ષના દીર્ઘ સંયમપર્યાયવાળા પ્રાતઃ સ્મરણીયા એવા પૂ. બા મહારાજના સ્વર્ગવાસ પછી તલાજા સંઘે પદ્માવતીપૂજન તથા શાંતિસ્નાત્ર સહિતનો અઠ્ઠાઈ મહોત્સવ કરેલ અને તે અવસરે છૂટામને થયેલ જીવદયાની ટીપમાંથી પૂ. બા મહારાજની કાયમી સ્વર્ગતિથિ નિમિત્તે રૂા. ૧૦૦૧ છાપરીઆળી, ૫૦૧ સમઢીયાળા, ૫૦૧ પાલીતાણા પાંજરાપોળમાં અને ૧૦૦૧ તલાજા સંઘમાં તેમજ રૂા. ૧૦૦૧ પૂ.આ. દેવશ્રી હંસસાગર સૂરીશ્વરજીમ.ની સ્વર્ગારોહણતિથિની કાયમી તિથિ તરીકે છાપરીઆળી પાંજરાપોળમાં ભરાવેલ. તેવીજ રીતે જોરાવરનગરના શ્રીસંઘે પણ લખતર પાંજરાપોળમાં પૂ. બા મહારાજની કાયમી તિથિ નોંધાવીને બા મહારાજ પ્રતિના અંતરંગ ભક્તિભાવનાનું ચિત્ર ખડું કરેલ.

આવા દીર્ઘસંયમી-શાંતમૂર્તિ–ચારિત્રપરાયણા-પ્રાતઃસ્મરણીયા પૂ. ગુરૂણીજીમ.નું નામ અમર રાખવાના ઉદ્દેશથી 'પૂ. સાધ્વીજીશ્રી અંજનાશ્રીજી સ્મારક ગ્રંથમાળા' ચાલુ કરીને તેના મણકારૂપે પૂર્વમહર્ષીઓનાં રચેલા અને હાલ અપ્રાપ્ય બનેલા એવા મુદ્રિત તેમજ અમુદ્રિત પ્રાચીન રાસાઓનું પ્રકાશન કરવાનું અમારા ઉપદેશથી સંસ્થાએ નિર્ધારેલ છે જે અનુમોદનીય છે. આવા અમારા ભવોદધિતારક અને સંયમરક્ષા માટે અજોડ ધગશ ધરાવનારા પૂ. ગુરુણીજીશ્રી અંજનાશ્રીજી મહારાજશ્રીને અમારા કોટિ કોટિ વંદના.

લી. આપના વિરહથી તરફડતી
**આપની બાલ શિષ્યાઓ.**

શ્રીરાસમાલા સંગ્રહ : ભાગ ૮ મો

# સહાયકોની શુભ નામાવલી.

સ્વ. સ્થવિર પૂ. સાધ્વીજી શ્રી અંજનાશ્રીજીમ.ના શિષ્યા પૂ. વિદુષી-સાધ્વીજી શ્રી વિદ્યાશ્રીજીમ. તથા તેઓશ્રીના શિષ્યાઓના સદુપદેશથી

| રકમ | સહાયક | ગામ |
|---|---|---|
| રૂ. ૧૦૦૧ | પૂ.સા.શ્રી વિદ્યાશ્રીજીમ.ના ઉપદેશથી સદ્ગૃહસ્થો તરફથી | અમદાવાદ |
| રૂ. ૫૦૧ | શ્રી અંજનાશ્રીજી આરાધના ભુવનની આરાધક બ્હેનો | પાલીતાણા |
| રૂ. ૫૦૧ | પૂ.સા.શ્રી ગુણોદયાશ્રીજીમ.ના ઉપદેશથી ઇન્દ્રપુરી જૈન સંઘ | વડોદરા |
| રૂ. ૫૦૧ | પૂ.સા.શ્રી શીલવ્રતાશ્રીજીમ.ના ઉપદેશથી શ્રી જૈન સંઘ | ચોટીલા |
| રૂ. ૧૫૧ | પૂ.સા.શ્રી આદિત્યયશાશ્રીજીમ.ના ઉપદેશથી ધર્મનિષ્ઠ શ્રાવિકા | ચોટીલા |
| રૂ. ૩૦૧ | શેઠશ્રી ચંદુલાલ રંગજીભાઈ તથા શ્રી કાંતાબ્હેનના સ્મરણાર્થે તેમના સુપુત્ર અનિલકુમાર નવરંગપુરા | અમદાવાદ |

પરમ વિદુષી સ્વ.પૂ. સાધ્વીજીશ્રી શિવ-તિલક-હેમ-તીર્થ-રંજનશ્રીજીમ.ના પરિવારના પૂ. સાધ્વીજી મહારાજોના સદુપદેશથી.

| | | |
|---|---|---|
| રૂા. | ૫૦૧ | પૂ. વિદુષી સા.શ્રી મલયાશ્રીજીમ.ના ઉપદેશથી–ખાનપુરની આરાધક બ્હેનો તરફથી **અમદાવાદ** |
| રૂા. | ૩૦૧ | પૂ.સા.શ્રી પ્રવીણશ્રીજીમ.ના ઉપદેશથી કૃષ્ણનગર-ની આરાધક બ્હેનો **અમદાવાદ** |
| રૂા. | ૫૦૧ | પૂ.સા.શ્રી પ્રશમશ્રીજીમ.ના ઉપદેશથી બ્હેનો **બોરીવલ્લી** |
| રૂા. | ૩૫૧ | પૂ.સા.શ્રી મોહજીતાશ્રીજીમ.ના ઉપદેશથી આરાધક બ્હેનો **અમદાવાદ** |
| રૂા. | ૫૦૧ | પૂ.સા.શ્રી ધૈર્યતાશ્રીજીમ.ના ઉપદેશથી જૈન સંઘ **સાલમગઢ** |
| રૂા. | ૨૫૧ | પૂ.સા.શ્રી વરધર્માશ્રીજીમ.ના ઉપદેશથી શ્રમણી વિહારની આરાધક બ્હેનો તરફથી **પાલીતાણા** |
| રૂા. | ૩૫૧ | પૂ.સા.શ્રી પુન્યોદયાશ્રીજીમ. તથા પૂ.સા.શ્રી હર્ષપ્રજ્ઞાશ્રીજીમ.ના વર્ષીતપના પારણા પ્રસંગે એક ગૃહસ્થ **પાલીતાણા** |
| રૂા. | ૨૫૧ | પૂ.સા.શ્રી પ્રશમધરાશ્રીજીમ.ના ઉપદેશથી શ્રાવિકા બ્હેનો **ભાવનગર** |
| રૂા. | ૩૦૧ | પૂ.સા.શ્રી ચારૂવતાશ્રીજીમ.ના ઉપદેશથી જૈન સંઘ **રીચરોડ** |

---

| | | |
|---|---|---|
| રૂા. | ૨૦૦ | પૂ.સા.શ્રી આત્મજ્ઞાશ્રીજીમ.ના ઉપદેશથી ગોપીપુરા શ્રાવિકાબ્હેનો **સુરત** |

# રાસ અને રાસકાર અંગે બે બોલ

શ્રી વર્ધમાનતપના આસેવન ઉપર શ્રીચંદ્ર કેવલીનું દૃષ્ટાંત જગપ્રસિદ્ધ છે એ વર્ધમાનતપના આરાધન પ્રભાવ ઉપર અજિતસેન રાજા અને ગુણાવલી રાણીનો આ રાસ શ્રી જિનહર્ષગણિએ કરેલ છે. તેઓ ખરતરગચ્છીય ઉપા. શ્રી ગુણવર્ધનના ગણિ સોમ અને તેમના શિષ્ય ગણિ શાંતિહર્ષના તેઓ શિષ્ય હતા અને અઢારમી સદીમાંના એક ગણના પાત્ર કવિરાજ હતા.

તેઓએ ચંદનમલયાગિરિ ચોપાઇ (૧૭૦૪) વિદ્યાવિલાસ-નૃપ ચોપાઈ (૧૭૧૧) મંગલકલશ ચોપાઈ, નંદબહુત્તરી (૧૭૧૪) કુસુમશ્રી રાસ, મૃગા પુત્ર ચોપાઈ (૧૫) મત્સ્યોદર ચોપાઈ (૧૮) નવસો કન્યા–ખાપરાચોર–વિક્રમસેન ચોપાઈ (૨૩) વૈરાગ્ય છત્રીશી, શીયલનવવાડ (૨૯) જ્ઞાતાસૂત્રસ્વાધ્યાય, સમકિત સિત્તરીસ્તવન (૩૬) દશ વૈકાલિક ગીત, શુકરાજ રાસ (૩૭) શ્રીપાલ રાસ (૪૦) રત્નસિંહરાજર્ષિ રાસ (૪૧) કુમારપાલ રાસ (૪૨) ચંદન-મલયાગિરિ રાસ, હરિશ્ચંદ્રનૃપ રાસ (૪૪) ઉપમિતિભવપ્રપંચ રાસ, ભીમકુમાર રાસ (૪૫) હરિબલમચ્છી રાસ (૪૬) વીશ-સ્થાનક રાસ, મૃગાંકલેખા રાસ (૪૮) સુદર્શનશેઠ રાસ, અમરદત્ત મિત્રાનંદ રાસ (૪૯) આ પ્રકાશિત થતા **અજિતસેન કનકા-વતી રાસ** તથા **ગુણકરંડ–ગુણાવલી રાણી રાસ,** મહાબલ –મલયાસુંદરી રાસ (૧૭૫૧માં) શત્રુંજય માહાત્મ્ય રાસ, સત્ય-વિજયનિર્વાણ રાસ (૫૫) જંબૂસ્વામી રાસ (૬૦) નર્મદાસુંદરી

રાસ, આરામશોભા રાસ, વસુદેવ રાસ, જિનપ્રતિમાહઢીકરણ હુંડી આદી અનેક કૃતિઓનું નિર્માણ તેઓએ કરેલ છે.


આ જિનહર્ષગણિએ જિનધર્મના પ્રભાવ અને આરાધના ઉપર તેવી રીતે 'ગુણકરંડનૃપ-ગુણાવલીરાણી રાસની રચના ૧૭૫૧ માં કરેલ છે. જે આ બૂકમાં પ્રસિદ્ધ કરેલ છે. અને **ત્રીજો રાસ**-પુણ્ય પ્રભાવ ઉપર દીપ્તિવિજયજીનો બનાવેલ 'મંગલ-કલશ'નો રાસ પણ પ્રસિદ્ધ કરવામાં આવેલ છે.

આ મંગલકલશ રાસના રચયિતા મુનિશ્રી દીપ્તિવિજયજી મહારાજ, તપાગચ્છાધિપતિ પૂ. આ. શ્રી વિજયદાનસૂરિજી મ.ના-ઉ૦ રાજવિમલ-ઉ. મુનિવિજય-ઉપા. શ્રી માનવિ. મ.ના શિષ્ય હતા. તેઓનું બીજું નામ દીપવિજયજી પણ છે. તેઓ અઢારમી શતાબ્દિમાં થયેલા. આ રાસ ઉપરાંત કયવન્ના શેઠનો રાસ પણ તેઓએ બનાવેલ છે.

**પાલીતાણા દેવર્દ્ધિગણિ ક્ષમાશ્રમણ જ્ઞાનભંડારની** નં. ૫૧ પ્રત નં. ૨૯૪ પાના ૨૯, સં. ૧૭૮૩ના ભા. વ. ૧૪ની હસ્તલિખિત પ્રત ઉપરથી 'અજિતસેનનૃપ-કનકાવતીરાણી રાસ' ઉતારી મુદ્રિત કરેલ છે.

**પાલીતાણા-અંબાલાલ ચુનીલાલ જ્ઞાનભંડારની નં.** ૧૭૬ પ્રત નં. ૫૯૫ પાના ૨૧ ૧૮ મી શતાબ્દિ ની હસ્ત લિખિત પ્રત ઉપરથી 'ગુણકરંડ-ગુણાવલીરાણી રાસ' ઉતારી મુદ્રિત કરેલ છે.

તેમજ ભીમસી-માણેકે છપાવેલ 'મંગલકલશ' રાશની બૂક ઉપરથી 'મંગલકલશનો રાસ' ઉતારેલ છે. આ પ્રતો આપવા બદલ તે તે જ્ઞાનભંડારોનાં કાર્યવાહકોનો આભાર માનવામાં આવે છે.



બહાર પડી ચૂકેલ છે.

સં....સ્કૃ....ત....ના-અ....ભ્યા....સી....ઓ-મા....ટે

# સંસ્કૃત જ્ઞાન દીપિકા

-: સંકલનકાર :-

પૂ. આ. શ્રી નરેન્દ્રસાગરસૂરિજી મ.

* * *

## આ પુસ્તિકા

અભ્યાસીઓને સંસ્કૃતમા પ્રવેશ કરવા માટે અતિ ઉપયોગી છે. સહેલાઈથી તેમાં પ્રવેશ કરી શકાય તેવા વીશ પ્રકરણોથી સુશોભિત છે. સ્વરો-વ્યંજનો-વિભક્તિ-અવ્યય-ઉપસર્ગ-સંધી-સમાસ-કૃદંત વિગેરેનું પ્રાથમિક જ્ઞાન ઉપરાંત સમાસ સુબોધિકાના નવ પાઠોનો પણ સમાવેશ કરેલ છે. જેની કિં. રૂા. ૮-૦૦ રાખવામાં આવેલ છે.

પ્રા...પ્તિ...સ્થા...ન

શ્રી શાસનકંટકોદ્ધારકસૂરિજી જૈન જ્ઞાનશાળા

ગિરિરાજ સોસાયટી મુ. પાલીતાણા

તળાટી રોડ ૩૬૪ ૨૭૦

વર્ધમાન તપ આરાધન ઉપર

—શ્રી જિનહર્ષગણિ કૃત—

# અજિતસેન કનકાવતીનો રાસ.

શ્રી જિનાય નમઃ ॥ ૐનમઃ ॥

॥ દોહા ॥

વીણા પુસ્તક ધારિણી, હંસાસનિ સરસત્ત;
બ્રહ્માણી બ્રહ્માસુતા, આપો અવિચલ મત્ત. ॥૧॥

ચરણ કમલ તાહરા નમું, પામું તુઝ પસાય;
સરસ વચન રચના સરસ, સહુને આવે દાય. ॥૨॥

નૃપકન્યા કનકાવતી, સરસ કથા છે તાસ;
ચતુરનર મન રંજણી, સુણતાં ચિત્ત ઉલ્લાસ. ॥૩॥

જે રસીયા વેધક પુરુષ, ગુણીયણ કેરા રાવ;
રસ લ્યે ભમરતણી પરે, જાણે સઘળાં ભાવ. ॥૪॥

રસીયા જાણે રસ વિરસ, વેધ્યા વેધક જેહ;
મુરખ નર પશુ સારીખા, શું જાણે રસ તેહ ?. ॥૫॥

ભમરો જાણે રસ વિરસ, જે સેવે વનરાય;
[1]ઘણુ શું જાણે બાપડો, સૂકાં લક્કડ ખાય. ॥૬॥
ભમરા સરીખા જેહ નર, વેધક વચન રસાળ;
રાચે સરસ કથા સુણી, વિકથા તજી [2]વિચાલ. ॥૭॥
કનકવતી તે કિહાં થઈ, કિસ્યો થયો અધિકાર;
સાવધાન થઈને સહુ, સાંભળજો નરનાર. ॥૮॥

## ॥ ઢાળ ૧ લી ॥

મુજ સુધો ધરમ ન રમીયો...એ રાગ.

ઇણ જંબૂદ્વીપ મઝારો રે, ભલો ભરતક્ષેત્ર ગુણધારો; પૃથ્વી ભૂષણ ઉપમાનો રે, પૃથ્વી ભૂષણ અભિધાનો ॥૧॥ જસુ વપ્ર ઉત્તંગ વિરાજેરે, કંચન કોશીસા છાજે; દરવાજા ચિહું દિશિ સોહેરે, નરનારીનાં મન મોહે. ॥૨॥ ધવળા ગિર સરીખા દીસે રે, ઉંચા મંદીર મનેં હીંસે; ચોરાસી હાટની શ્રેણીરે, લાંબી જાણે લખમી વેણી. ॥૩॥ બેઠાં તિહાં શાહ મસંદારે, રૂપે જાણે અભિનવ ઇંદા; ન્યાયવૃત્તિ કરે વ્યાપારોરે, જાણે ધનદ તણો અવતારો. ॥૪॥ ઠામેં ઠામેં [3]શત્રુકારોરે, દીજે તિહાં દાન અપારો; તિહાં વસે વળી વરણ ચારોરે, સહુ સુખિયા ને દાતારો. ॥૫॥ તિણ પુરે અરિમર્દન રાયો રે, અરિ મર્દન કીધા પાયો; સોભાગી સુગુણ પ્રતાપી રે, જેહની કીર્તિ જગે વ્યાપી. ॥૬॥ હય ગય પાયક પરિવારો રે, લશ્કર તણો નહીં પારો; જેહનેં પહોંચે પુન્યાઇ રે, પુન્યે બહુ સંપત્તિ પાઇ. ॥૭॥ તસુ મદનમંજરી

૧ લાકડાનો કીડો-ઘુણો. ૨ વચ્ચે. ૩ સત્રાગાર.

રાણીરે, શીલવંતી વિબુધ વખાણી; ગુણવંતી લાછ સમાણી રે, પણ તોય નહી અભિમાની. ॥૮॥ રૂપે અપછર સારિખી રે, જેણે નારીકળા સહુ શીખી; સહુ રાણીમાં પટરાણી રે, મધુરી જેહની મુખવાણી. ॥૯॥ તસ પુત્ર અજિતસેન નામેં રે, રતિપતિની ઉપમા પામે; વેધક ભોગી ગુણરસીયો રે, નિજ તાતતણેં મન વસીયો. ॥૧૦॥ નૃપ યોગ્ય જાણી ગુણ લીધો રે, યુવરાજ તણો પદ દીધો; ભોગવે સુખ રાજ્યલીલાએરે, ચલિ બાપની આણાએ. ॥૧૧॥ એક દેશ કુમરને આપેં રે, નિજ રાજધાની તિહાં થાપે; સુખ વિષયતણાં બહુ ભાંતે રે, ભોગવે નીજ મનનાં ખાંતે. ॥૧૨॥ ન્યાયી વિનયી ગુણવંતો રે, દેખી સહુ હરખ લહંતો; દાનેશ્વરી દીન દયાળો રે, જિનહર્ષ પ્રથમ એ ઢાળો. ॥૧૩॥

॥ દોહા ॥

એક દિવસ ક્રીડા ભણી, લેઈ બહુ અસવાર;
સાયરતટ આવ્યો કુંવર, ધરતો હરખ અપાર. ॥૧॥
સેવક કુંવર તણાં સહુ, ઉભા ઓલાઓલ;
જોવે ઉછળતાં થકાં, સાયર તણા કલ્લોલ. ॥૨॥
વળી ઘોડા ફેરી તિહાં, વારૂ કરી વિનોદ;
પાછો વળીયો સાથ શું, ધરતો ચિત્ત પ્રમોદ. ॥૩॥
મારગમાં જોગી મળ્યો, જોગણ સાથ સુવેશ;
દેખીને જોગી ભણેં, કુમરેં કીયો આદેશ. ॥૪॥
કુમરેં જોગી પૂછીયો, વાત કરો મુજ સાથ;
જોબનમાં જોગી થયાં, શેં કારણ કહો નાથ ॥૫॥

## ॥ ઢાળ ૨ જી ॥

રાજા જો મિલે...એ રાગ.

સાંભળ જોગ લીયાકી વાત, તુજને કહુ ગુણવંત વિખ્યાત.... બાબૂ સાંભળો, નિજમન મેલિ આંબળો, એક દિન બેઠો ગોંખ મઝાર, પાસે બેઠી એ મોહણગાર....બાબૂ. ॥૧॥ નગરતણાં મેં દેખું ખ્યાલ, એક ઘરે જાયો સુંદરબાળ....બાબૂ૦; ધવળ મંગળ તવ ગાવે ગીત, સુંદરનારી રૂડી રીત. બા. ॥૨॥ વાજે વાજિંત્ર ઢોલ નિશાણ, કરે મહોત્સવ તાસ સુજાણ....બા૦; અપર દિવસ બાલક મૃત્યુ હોય, શોકાતુર સાજન સબ કોય. બા૦ ॥૩॥ રોવે કુટે કરે વિલાપ, ઉદયાગત નિજ પૂરવ પાપ બા૦; પહેલેંદિન શીતલતા દીઠ, બીજેદિન તે દીઠ અનિઠ૦ બા૦ ॥૪॥ કયા જો બહુત ભયા પરિવાર, અમથી કોઇ ન રાખણહાર. બા૦; જ્યાંથી સુખ ત્યાંથી દુઃખ હોય, તો ભી મૂઢ ન બૂઝે કોય. બા૦ ॥૫॥ જાણ્યાં તબ સંસાર અસાર, તબથી મનમેં કિયા વિચાર. બા૦; કુંણ બાલા કુંણ બૂઢાલોગ, સબહીકે જાના પરલોગ. બા૦ ॥૬॥ માલ મુલક મંદિર ઘરબાર, છોરિ ચલેંગે સબ હાથ પસાર. બા૦; આવેગી આપ કમાઇ સાથ, કિસકે સાથ ન ચાલેગી આથ. બા૦ ॥૭॥ પાપ કરે છેદેં પરપ્રાણ, સો તો આતમદ્રોહી અજાણ. બા૦; પરકારણ જો કીજે પાપ, સો તો ફલ ભોગવણો આપ. બા૦ ॥૮॥ કિસકી નારી કિસકા પૂત, હૈ એકિલા આતમ અવધૂત. બા૦;

ખોટી માયા જાણી સાથ, મૂરખ નર રહ્યા તિણશું રાચ. બા૦ ॥૯॥ સાચો એકજ ધર્મ સંસાર, જનમ મરણ ભય ટાલનહાર. બા૦; એસો જગત સરૂપ નીહાર, જોગ ગ્રહ્યો સાથે ભઈ નાર. બા૦ ॥૧૦॥ તેં જો રાજન પૂછી માંહિ, સો મેં વાત કહી સબ તોહી. બા૦; કહે જિનહર્ષ ભઈ એ ઢાલ, દૂજી સંપૂરણ થઈ તતકાલ. બા૦ ॥૧૧॥

॥ દોહા ॥

વચન સુણી જોગીતણાં, કુમર કહે ધન ધન;
જોબનમાં જોગી થયાં, વશ કીધો નિજ મન. ॥૧॥
જોગણ શું મન વેધીયો, કુમર તણો તેણીવાર;
ચપલ નયન ચોંટી ગયા, દેખી રૂપ ઉદાર. ॥૨॥
જોગણને જોઈ રહ્યો, અનિમિષ રાજકુમાર;
મન લાગ્યું નવી ઓસરેં, પલક એક લગાર. ॥૩॥
ત્રિભુવન રૂપ લઈ કરી, વિધિ નિપાઈ એહ;
ઇંદ્ર તણી પણ અપછરા, જોડે નાવે તેહ. ॥૪॥
એ ઉપર નવિ કામિની, મેં દીઠી નયણેહ;
ફળ લાધ્યો નયણા તણાં, કુમર કહે વયણેહ. ॥૫॥

## ॥ ઢાળ ૩ જી ॥

ટુંક અને ટોડા વચ્ચે રે...એ રાગ.

કુમર ભમર સરીખો થયો રે, વદન કમલ રસ-લીન જોગણ મન લાગયો; થારો અનુપમ રૂપ નિહાળ જો૦, હવે તુજને દીઠાં પખે રે, મુજ મન થાયે દીન.

જો૦ ॥૧॥ તીખા નયણ તમારડા રે, કામનાં જાણે બાણ જો૦; વેધકનાં વિંધે હૈયા રે, કાઢી હરે નર પ્રાણ૦ જો૦ ॥૨॥ ચંપકળી તુજ નાસિકારે, કામી હીયડે ભાલ૦ જો૦; અધર પ્રવાલી સારીખારે, ગોરા લાડૂ ગાલ.જો. ॥૩॥ દાંત જાણે હીરા જડયાંરે, અથવા મોતીમાળ જો૦ કઠિન ઉરોજ હાથીતણાંરે, કુંભસ્થલ સુકુમાલ૦ જો૦ ॥૪॥ પેટ વિરાજે પાતળો રે, જાણે પોયણ પાન૦ જો૦; ચિતાલંકી ચિત્ત ચડી રે, સોહે સોવન વાન. જો૦ ॥૫॥ જગમાંહે છે રૂયડી રે, બીજી નારી અનેક૦ જો૦; પણ વિધિનાં હાથે ઘડી રે, તુજ સારીખી એક૦જો૦ ॥૬॥ તુઝ પાંસે કાંઈ મોહની રે, મોહ્યો તિમ મન મુઝ. જો૦; વશ નાવે હત્રે માહરોરે, દોલો ભમશે તુઝ. જો૦ ॥૭॥ માનવના મન મોહવારે, રૂપ દીયો કિરતાર૦ જો૦; જગમોહન તું જોગણીરે, સરજી સરજણહાર૦ જો૦ ॥૮॥ ચતુરંગી ચિત્ત ચોરણી રે, તું તો મોહનવેલ. જો૦; નયણ ઠરે દેખી કરીરે, જાણે સીંચી અમૃત રેલ૦ જો૦ ॥૯॥ સફળ જનમ તે પુરૂષનો રે, જેહને ઘરે તું નાર૦ જો૦; એહવી પુન્યે પામીયે રે, કે તૂઠે કિરતાર. જો૦ ॥૧૦॥ મુજ ઘર નારી છે ભલી રે, નાવે તાહરી જોડ૦ જો૦;તું નારી સિર સેહરોરે, બીજી છે લખકોડ૦ જો૦ ॥૧૧॥ જાણું નયણા આગળેરે, રાખું હું નિશ-દિશ૦ જો૦; પણ મનચિંતિત માહરો રે, પૂરે નહીં જગદીશ. જો. ॥૧૨॥ રૂપે વેધ્યો રાજવી રે, ભાખે વચન રસાળ૦ જો૦; કહે જિનહર્ષ ત્રીજી થઇરે, સંપૂરણ એ ઢાળ૦ જો૦ ॥૧૩॥

॥ દોહા ॥

જોગણુ બોલી જુગતશું, સાંભળ હો તું ભૂપ;
શું રીજ્યો મુજ દેખીને, શું રીજ્યો મુજ રૂપ ?. ॥૧॥
કુમરી છે કનકાવતી, રાજસુતા ગુણરત્ત;
નયણે જેણે દીઠી નહીં, તાસ જનમ અકયત્થ. ॥૨॥
ઇંદ્રાણી અપછર નહીં, નહીં રતિ નાગકુમારી;
રૂપ ગુણે તસ સારિખી, નહીં જગમે કોઈ નારી. ॥૩॥
જબ લગે તેં કનકાવતી, નયણ ન દીઠી તેહ;
તબ લગે રાજન તાહરૂં, નિષ્ફળ જનમ ગણેહ. ॥૪॥
અજિતસેન એહવું સુણી, ચમક્યો ચિત્ત મઝાર;
એહવી તે કુણ છે વળી, તુઝથી અધિકી નાર ?. ॥૫॥

## ॥ ઢાળ ૪ થી ॥

મોતીના ગીતની...દેશી.

એહવી જે કુમરી રૂપાળી, કોમલ કદલીદલ સુકુમાલી; જોગણી મુઝ વાત કહોને, સ્વામિની મુઝ વાત કહોને. જો એકવાર નિહાળું નયણે, વાતકરૂં વેધાળે વયણે. જો૦ ॥૧॥ તેં તો ચટકો અધિક લગાયો, તેહનેં જોવા ચિત્ત ઉમાયો૦ જો૦; તે કન્યાને કહો કેમ મળીએ, કિણ અહિનાણે તે અટકળીએ ? જો૦ ॥૨॥ કુમરભણી તે ભેદ બતાવે, જો૦; સોળ સખીકેરા પરિવારે, રયણાયરને કાંઠે સારે. જો૦ ॥૩॥ નીલેવેશ ઇણેં અહિનાંણે, તે કુમરી અમરી તું જાણે૦ જો૦; હરખ્યો કુમર સુણીને વાતાં, પરમ થઈ મનમાંહે શાતા૦ જો૦ ॥૪॥ કુમર કહે કેમ તે વશ આવે, કિમ અમ ઘર તે નારી સોહાવે૦

જો૦; તેહ ઉપાય કહોને મુઝનેં, જોગણ કહે સાંભળ કહું તુઝને. જો૦ ॥૫॥ નીલો વેશ લઈ ગુપ્ત રાખો, તો તુમે નારી રયણ રસ ચાખો૦ જો૦; ઇણ ઉપાયેં સુંદર નારી, તો તુમે પામો રાજકુમારી. જો૦ ॥૬॥ જોગણ વચન હૈયામાં ધાર્યો, કુમર હૃદયમેં હર્ષ ધાર્યો૦ જો૦; રંગ લગાડી જોગણ જાવે, નૃપસુત વેધ્યો નિજ ઘરે આવે૦ જો૦ ॥૭॥ કુમરીશું મન અધિક વેધાંણો, હૈયે વસી જેમ લોહ્મી નાણોં૦ જો૦; વાસર માસ સમાણો થાઇં, રયણી વરસ બરાબર જાઇં૦ જો૦ ॥૮॥ આરતિ નિશદિન ભૂખ ન લાગે નયણે નીંદ-ગઈ નિસિ જાગે; જો૦, શ્રવણેં ગીત કથા ન સુહાવે, કેહનું બોલ્યું દાય ન આવે. જો૦ ॥૯॥ [1]કૌચતણીપરે ચટપટ લાગી, કુમરી વિણ દુઃખ પાવે રાગી૦ જો૦; નીજનારીશું રંગ ન લાગે, પ્રેમનહીં હુંતો જે આગે૦ જો૦ ॥૧૦॥ નર નારીશું વેધ વેધાણા, પીવેંનીર ન ખાવે ખાણા૦ જો૦; જિણશું લાગી પ્રીત પ્રયાસેં, જીવ સદા રહે તેહની પાસે. જો૦ ॥૧૧॥ માર ખમે પણ કેડ ન મૂકે, ઉભા કડબતણી પરેં સૂકે૦ જો૦; પ્રીત અગ્નિજેમ કાયા બાળે, કહી જિનહર્ષ ઇણ ચોથી ઢાળે૦ જો૦ ॥૧૨॥

॥ દોહા ॥

અગ્નિપ્રવેશ કરવો સુગમ, સુગમ સહન ખગધાર;<br>
ઝંપાપાત કરવો સુગમ, દોહિલો વેધ વિકાર. ॥૧॥<br>
વેધ્યા વેધેં માનવી, ન કરે કાયા સાર;<br>
ઘેલી જિમ ગલીયાં ભમે, તાકેં મરણ પ્રકાર. ॥૨॥

૧ કવચ=ખાજવણી.

કણચરથી તૃણચર ભલાં, પડીયા રાગ વસેણ;
જાતાં પ્રાણ ગણે નહીં, વેધ્યા શિર દીએણ. ॥૩॥
વેધ વિલુદ્ધો ભમરલો, મોહ્યો પંકજ વાસ;
જળલહેરે ઝકઝોળીઓ, તોહી ન મેલે પાસ. ॥૪॥
દીવાજ્યોતે વેધીયો, માંહી પડે પતંગ;
પ્રેમતણે પરવશ પડ્યો, હરખે હોમે અંગ. ॥૫॥

## ॥ ઢાળ ૫ મી ॥

સંભવ જિનવર વિનતિ – એ રાગ...

જેહનાં મનમાં જે વસે, તેહને તેહ સુહાય; બીજો ન ગમે તેહને, જો રૂડોહી થાય. જે૦ ॥૧॥ વેધપીડા સગુણા લહે, નગુણા ન જાણે તેહ; શું જાણે પશું આપડાં, ખળ ગોળ સરીખો નેહ. જે૦ ॥૨॥ ગુણ જાણે તે વેધના, જે વેધાલક હોય; આંબા ગુણ કોયલ લહે, કાગ ન જાણે સોય. જે૦ ॥૩॥ દોહિલી વેદન વેધની, પીડે વિરહની જાળ; કાયા કંચન સારીખી, ભડથું કરે તતકાળ. જે૦ ॥૪॥ સાલ પરે સાલે હૈયે, જેહશું લાગ્યો રંગ; તે પાખે સૂનો ભમે, મુખ છબી હોઇ ભંગ. જે૦ ॥૫॥ કિણહીશું મત લાગજો, પાપી એહ સનેહ; ધખે ન ધૂઓ નીકળે, બળે સુરંગી દેહ જે૦ ॥૬॥ વેધતણી જે વાતડી, કિણહીને ન કહેય; જો કહીયે કિણ આગળે, તો જગ હાંસી થાય. જે૦ ॥૭॥ નયણે દીઠાં આદમી, તિણશું લાગે પ્રીત; અણદીઠાંનો

નેહલો, તે તો નવલી રીત. જે૦ ॥૮॥ જોગણીને મુખ વાતડી, સાંભળી લાગ્યો નેહ; હઇડામાં કનકાવતી, ધ્યાન ન જાયે તેહ. જે૦ ॥૯॥ જાપ જપે કુમરીતણી, બીજી કાંઇ ન વાત; ઈણિપરે ગણતાં દીહડાં, આવી ચઉદ્દશ રાત. જે૦ ॥૧૦॥ કુમરભણી શાતા થઈ, પામ્યો પરમ આનંદ; આજ તિહાં જઈ નિરખશું, કનકવતી મુખ ચંદ. જે૦ ॥૧૧॥ સુભટ લેઇ સાથે ઘણાં, આવ્યો તિહાં કુમાર; થઇ જિનહર્ષ એ પાંચમી, ઢાળ હૈયામાં ધાર. જે૦ ॥૧૨॥

॥ દોહા ॥

શીખ દેઈ સુહડાં ભણી, મુકયાં સહુ નિજઠામ;
એકાકી સાયર તટેં, રાયકુમર રહ્યો તામ. ॥૧॥
વૃક્ષ તણેં પૂઠે છપી, આગલિ બેઠૂં દેય;
બેઠો જિમ જાણેં ન કો, મૌનવ્રત મુખ લેય. ॥૨॥
પ્રેમ વિલૂધા માનવી, ન ગણેં રયણી દીસ;
મેલૂ માણસ કારણેં, ખોવે પણ નિજ સીસ. ॥૩॥
રાજ તજી રાજનસુત, આઈ વસીઇ વેડ;
કનકવતી કુમરી તણો, આવ્યો કરવા કેડ. ॥૪॥
આધી નિસા વોલી જિસેં, દીઠી નયણેં ઝમાલ;
વાઘ ઉપર કુમરી ચડી, સખીવૃંદ સુકુમાળ. ॥૫॥

## ॥ ઢાળ ૬ ઠી ॥

શ્રેણિકમન અચરિજ થયો. એ રાગ...

આવી તિહાં કનકાવતી, અદ્‌ભૂતરૂપ અલેખેંરે; સોળવરસની સુંદરી, છાંનેં નૃપસુત દેખેંરે. આ૦

॥૧॥ નીલે વસ્ત્રે ઓળખી, કુમરેં તતખિણ કુમરીરે; માનવણી તો એ નહીં, એ તો પ્રત્યક્ષ અમરીરે. આ૦ ॥૨॥ લોચણ ભૂખ્યાં ઘણદીહા, ચમકતણીપરેં લાગારે, પાછાં ન વળે લાલચી, જાએ આઘા આઘા રે. આ૦ ॥૩॥ ચામર વીંજે બે સખી, બીજી નાટક સાજેરે; રાગ આલાપે રંગશું, ઘમ ઘમ ઘુઘરાં વાજે રે. આ૦ ॥૪॥ તાતા થેઈ થેઇ ઉચ્ચરે, ચચપટ ચચપટ તાળીરે, ઠમક ઠમક પગલાં ઠવેં, તાન માન સુકુમાળીરે. આ૦ ॥૫॥ પુરો કીધો નાટક પછેં, ઘેરેં ઘુમર ઘાલે રે; હાથ સખી સઘળી મળી, માંહોમાંહે ઝાલેં રે. આ૦ ॥૬॥ ખૂંદે હમચી ખાંતેં સહુ, ગાવે ગીત રસાળોરે; થકિત હુવેં સુરનર સહુ, થકિત હુવે મૃગમાલોરે. આ૦ ॥૭॥ કુમરી કહે સહીઓ હવેં, જળની ક્રીડા કીજેં રે; મનઇચ્છા પૂરી કરી, પછી ઘરે જાઇજેં રે. આ૦ ॥૮॥ નિજ નિજ વસ્ત્ર ઉતારીનેં, મૂકયાં સાયરતીરે રે; સખી સંઘાતે કુંવરી, પેઠી જળ ગંભીરે રે. આ૦ ॥૯॥ હંસતણીપરે હેલાશું, ખેલે માંહોમાંહે રે; તરૂણી પાણીમાં તરઈ, નાંખે પરસ્પરસાહી રે. આ૦ ॥૧૦॥ નીર ઉછાળે બે બલેં, આંખડીયામાં નાખે રે; માંહોમાંહે હાંસી કરે, કેહની લાજ ન રાખેરે. આ૦ ॥૧૧॥ મગન થઇ જલકેલમેં, પાછળ કિમપિ ન ભાળે રે; ઢાળ જિનહર્ષ છઠી થઇ, અવસર કુમર નિહાળે રે. આ૦ ॥૧૨॥

॥ દોહા ॥

હલૂઇંસિ ઉઠયો કુમર, જિમ નવિ જાણે કોય;
લઘુ લાઘવી કેળવી કળા, લીધી સાડી જોય. ॥૧॥

તુરત લઈ પાછો વળ્યો, ઘાતી ખેડા માંહિં (?);
રળીયાયત મનમાં થયો, બેઠો તેણે ઠાય. ॥૨॥
દોય ઘડી રયણી રહી, જાવા ઉછુક થાય;
જલથી બાહિર નીસરી, નિજ નિજ વસ્ત્રે જાય. ॥૩॥
કુમરી વસ્ત્ર લહે નહીં, પૂછે માંહો માંહ;
ચિહું દિશિ જોવે સહુ મળી, પણ તે લાભે નાંહિ. ॥૪॥
સહુ સખી વિલખી થઈ, કુમરીને કહે એમ;
નિશિ થોડી નિજથાનકે, પહુ ચીસ્યે કહો કેમ ?. ॥૫॥

## ॥ ઢાળ ૭ મી ॥

રસીયાની દેશી...

નર ઇહાં કણે આવે કો નહી, કિણ લીધો મુઝ ચીર સાહેલી; બીહનો નહીં મુજથી જે માનવી, તે તો ત્રેપનમો વીર. સા૦ ॥૧॥ જો પામું કિમહી કરી તેહને, તો દઉં ઝાઝોરે માર. સા૦; કોઇદિન તેહને નવિ વીસરે, મારવિના નહીંરે સાર. સા૦ ॥૨॥ કુમર ડર્યો મુજને જો જાણશે, રૂડી હણશે રે એહ. સા૦; નારીનો વિશ્વાસ ન કીજીયે, કૂડ કપટનોરે ગેહ. સા. ન. ॥૩॥ ઉંચા તરૂ ઉપર બેઠો જઈ, વાઘપરે દેઈરે ફાળ. સા૦; સખી સહુ ચીવરનાં ચોરને, જોવે રૂઠી રે કાળ. સા. ન. ॥૪॥ પણ લાધ્યો નહીં કયાંહી તેહનેં, થાકી સઘળીરે નાર સા.; કહો ઠકુરાણી હવે શું કીજીએ, કીજે કિશો રે વિચાર ? સા. ન૦ ॥૫॥ અમને શીખ દીયો હવે સ્વામિની, અમે જેમ જઈયેરે ગેહ. સા.; કેમ રહેવાયે દિન ઉગ્યો હવે,

વાત વિષમ થઇરે એહ. સા૦ન૦ ॥૬॥ નગ્ન તમે તો આવી નવી શકો, જાતાં ન વહેરે પાય. સા૦;ઈહાં રહેતાં પણ પરવડતું નથી, દો તડપડી મોરી માય. સા. ન૦ ॥૭॥ એકલડી મૂંકી મુજને ઇહાં, તુમે સખી જાશોરે કેમ ? સા૦; તોડી જાશોરે કાચા સૂતજ્યું, શું પૂરવલોરે પ્રેમ. સા૦ ન૦ ॥૮॥ સહીયાં કહે ઠકુરાણી સાંભળો, તુમશું સાચોરે નેહ. સા૦; પણ સહુ રહેતાં લાજ રહે નહીં, કહો તુમે કીજે તેહ. સા૦ ન૦ ॥૯॥ ભાગ્ય તુમારો છે બાઈ ભલો, ઇહાંપણ ફળશેરે ભાગ. સા.; પુન્યવંતને પગ પગ સંપદા, જિહાં તિહાં સુખનો રે લાગ. સા. ન૦ ॥૧૦॥ શીખ લેઇ સહીયર ચાલી સહુ, કુમરી કાંઠેરે મેલ. સા૦; વસ્ત્રરહિત ગુણવંતી લાજતી, મહિલા મોહનવેલ. સા૦ ન૦ ॥૧૧॥ સાયરજલમાંહે પેઠી જઇ, કંઠલગી જિહાં નીર. સા.; ઢાળ થઈ જિનહર્ષ એ સાતમી, મન ધરી સાહસધીર. સા૦ ન૦ ॥૧૨॥

॥ દોહા ॥

ઈણુ અવસર રવિ ઉગીયો, પ્રાત થયો સુવિહાણ;
નૃપસુત તસ પૂંઠે થકી, પ્રગટ થયો જેમ ભાણ. ॥૧॥
ચિંતે મનમાં એહવું, ન ચળે એહનો પ્રાણ;
કરી ન શકે મુજને કિમે, વિદ્યા થઈ અપ્રમાણ. ॥૨॥
અજિતસેન ચિંતે ઇશું, રૂપે અમર કુમાર;
કુમરી પાસે આવીયો, ચમકી ચિત્ત મઝાર. ॥૩॥
વિદ્યાધર કે સુરકુમર, આવ્યો કિહાંથી એહ;
નિરતિ પડી મુજને નહીં, મનમાં પડયો સંદેહ. ॥૪॥

ચિંતવીયો કનકાવતી, સહી એ એહનાં કામ;
માગુ રળીઆયત કરી, કુમરી ભાખે તામ. ॥૫॥

## ॥ ઢાળ ૮ મી ॥

માખીના ગીતની દેશી

અહો સત્પુરૂષ ! કિહાંથી આવીયો, કિહાં તાહરો કહે વાસ સુગુણજી; નરરૂપઇં દેવસારીખો, દીઠાં અધિક ઉલ્લાસ. સુ. ॥૧॥ ચીર હમારો દીઓ રાજિંદા, હાંસીનું નહીં કામ. સુ૦; નગન બેઠી અબલામાંહિં, જોવો ઠામ કુઠામ. સુ૦ ચી૦ ॥૨॥ અમે નારી અબળા કહેવાઉં, અબળાનો શો જોર ? સુ૦; અરજ માનો સાહિબ અબળાની, તુમને કરૂં નિહોર. સુ૦ ચી૦ ॥૩॥ ઉત્તમ નર તે છાનાં ન રહે, રૂપ જણાવે જાતિ. સુ૦; દીસો છો રૂડાં માણસા, ગુણ ભરીયો છે ગાત. સુ. ચી. ॥૪॥ મોટાં માણસને શું કહેવું, કહેતાં આવે ખોડિ. સુ૦; ચીર આપો મ્હારો સાહિબા, માગું છું કરજોડિ. સુ૦ચી૦ ॥૫॥ બીજો ઇહાં કોઇ નવિ આવે, નહીં કોઇનો પગફેર. સુ૦; સાહસવંત તુમે આવ્યા છો, વાલી મુજને ઘેરો. સુ૦ચી૦ ॥૬॥ મુજ અબળા ઉપર કરી કરૂણાં, સુનજર જોવો રાજ સુ૦; વાર ઘણી થઇ જલમાં બેઠાં, કિણિપરે રાખું લાજ ? સુ૦ચી૦ ॥૭॥ સહીયર મેલી ગઇ સહુ મુજનેં, એકલડી ઇણઠામ. સુ૦; સૂનવેડ સાયરજલમાંહિં, કિમ રહેવાયે આમ. સુ૦ચી૦ ॥૮॥ નર તે કનક કચોળા સરિખા, જેમ તેમ પામે

માન. સુ૦; લાગું લાખ ખાઇં નારિનાં, નારી રાંક્યો ધાન૦ સુ૦ચી૦ ॥૯॥ પહેરી ઓઢી તિજમજલસમેં, નારીતણી રહે લાજ સુ૦; નાગી નારી ન દીસેં રૂડી, વિણસેં સઘળાં કાજ. સુ૦ચી૦ ॥૧૦॥ વારોવાર કહું છું તુમને, આપો મુજને ચીર. સુ૦; પહેરી લાજ ધરીને આવું, સાયર કેરે તીર. સુ૦ ચી૦ ॥૧૧॥ લાજ રહે હવે તુમથી મ્હારી, સો વાતે એક વાત સુ૦; આઠ-મી ઢાળ પૂરી થઈ, કહે જિનહર્ષ સુહાત. સુ૦ ॥૧૨॥

॥ દોહા ॥

કુમરીનાં સાંભળી વચન, બોલ્યો કુમર સુજાણ;
મૃગનયણી મનમોહની, સાંભળ મ્હારી વાણ. ॥૧॥
કુણ તું કન્યા કેહની, કિમ આવી ઈણ ઠાંમ;
એકલડી સાયરતટેં, રહે તું કીસેં વિરામ. ॥૨॥
દેવકન્યા તું દીસતી, રૂપતણો નહીં પાર;
એહ અવસ્થા કિમ લહી, મુજને કહો વિચાર. ॥૩॥
વળતું કહે કનકાવતી, સુણ હો પુરૂષ સુજાણ;
નામ ઠામ સ્યાં દાખવું, કેહા કરૂં વખાણ. ॥૪॥
સરજ્યા વસે હું ઇહાં રહી, સાયર કાંઠે જોય;
સુખ દુઃખ લખ્યા કપાળમેં, મેટ શકે નહીં કોય. ॥૫॥
કુમર કહે હે કામિની, થા મુજ ઘર તું નાર;
નિશ્ચલ સુખ મુજશું સદા, ભોગવ પંચ પ્રકાર. ॥૬॥

## ॥ ઢાળ ૯ મી ॥

બાગરીયાની દેશી. એક દિન પુંડરિક ગણધરૂં રે... એ રાગ.

હું છું મ્હોટો રાજવીરે, મુજ ઘર રૂદ્ધિ અપાર

રાયજાદીરે; દેશ નયર માહરે, હય ગય રથ પરિવાર. રા૦હું૦ ॥૧॥ નૃપસુત કહે સાંભળ બાલ, હવે પોતાનું મન વાળ. રા૦; મુજને હિત પ્રીતિ દેખાડ, આદરે પૂરે મુજ ભરતાર. રા૦ નૃ. ॥૨॥ મનહર મંદિર માળીયારે, સખર સુંહાળી સેજ રા.; કામિત કામક્રીડા કરોરે, મુજ સાથે ધરી હેજ. રા૦ નૃ. ॥૩॥ મનગમતા ભોજન કરો રે, દેવજીરને દાલ રા૦; પોળી સુંદર પાતળીરે, ધૃત વાહડીયાં નાળ. રા૦નૃ૦ ॥૪॥ ભાત ભાતનાં સાલણારે, વિધવિધનાં પકવાન. રા૦; મુખને ભાવે તે જમો રે, ઉપર ફોફળ પાન. રા૦નૃ. ॥૫॥ નારી કુંજરનાથશુંરે, પહેરો સાલૂ ચીર રા૦; બહુ મુલાં ચરણાં ભલાંરે, નિસદિન તેહ સુચીર. રા૦નૃ. ॥૬॥ સોવન રતન જડાવનાં રે, તુજને આપે જેહ; રા૦; તે આભરણ ઘડાવશુંરે, આણી પરમ સનેહ. રા૦નૃ. ॥૭॥ શ્યાં માટે અરતિ કરોરે, આરતિ દૂર નિવાર. રા૦; નારી રેયણ તુજ સારખી રે, આદર લહે અપાર. રા૦નૃ. ॥૮॥ મુજ ઘરે સોહે સુંદરી રે, તું ગુણવંતી નાર રા૦; સરખી જોડી તો મળે રે, જો તૂઠે કિરતાર. રા૦નૃ. ॥૯॥ જે ઘર નારી પદમણી રે, તે ઘર પુરુષ બયલ્લ. રા૦; પુરૂપ પુન્ય પસાઉલોરે, લહીયે નાહ છયલ્લ. રા૦નૃ. ॥૧૦॥ તું તો કામણ કેતકીરે, હું તો ભ્રમર સુજાણ રા૦; આઠ પહોર લુબ્ધા રહે રે, રસ માંણગ મુજ પ્રાણ. રા.નૃ. ॥૧૧॥ તુજશું નેહ ન મુંકશું રે, તું જાણે નિરધાર; રા, નવમી ઢાળ એણિપરે રે, કહે જિનહર્ષ કુમાર. રા૦ ॥૧૨॥

॥ દોહા ॥

નયણાં આગળ તુજ ભણી, હું રાખીશ નિતમેવ;
રાણી છે જે માહરે, તે કરશે તુજ સેવ. ॥૧॥
કથન ન લોપીશ તાહરો, અજબ બોલીશ જેહ;
લેશું સીસ ચડાઇને, કરશું વધતો નેહ. ॥૨॥
મુખ મીઠાં જૂઠાં હૈયે, તે નર અવર ગણેહ;
મુખ હૈડે હું સારીખો, પાળીશ અવિહડ નેહ. ॥૩॥
જોગણી વયણે આવીયો, ઈહાં હું તાહરે કાજ;
વસ્ત્ર લહ્યાં તેહને કહ્યે, હે સુંદરિ ! મેં આજ. ॥૪॥
ઘણું કિસ્યું તુમને કહું, તું દીસે છે જાણ;
ચૂપ ધરી ચાલો હવે, કર મુજ વચન પ્રમાણ. ॥૫॥

## ॥ ઢાળ ૧૦ મી ॥

ઘણુરાં રે ઢોલા... એ દેશી

વચન ઇસ્યા સસનેહનાં રે, બોલ્યા રાજકુમાર; અવસરજાણી શ્રવણે અમૃત સારીખા રે, ઉપજે પ્રેમ અપાર. અ૦ ॥૧॥ સુણીયા સુણીયારે તે નારી, સુણીયા (૨) હૈડામાંહી ધાર, અવસરની તે જાણણહાર, અ૦ ચતુરા વિમાસે ચિત્તમાંરે, કનકવતી તેણીવાર. અ૦; સમયે સાવધાન થાયવું રે, થાય નહીં તે ગમાર. અ૦ ॥૨॥ ઇહાં મહારૂં બળ કો નહીં રે, જઈ ન શકું તેણીવાર. અ૦; વસ્ત્ર વિના વળી એકલી રે, બળ ન ચાલે નિરધાર. અ૦ ॥૩॥ હવણાં તો અવસર નહીં રે, જાવાનો કિહાં કોય. અ૦; અવસરે સહુ થાશે

ભલું રે, આતમ અવસર હોય. અ૦ ॥૪॥ અવસર જોઈ કીજીયેરે, કાજ સફલ તો હોય. અ૦; અવસર વિણ કારજ કિસ્યો રે, કરે મૂરખનર સોય. અ૦ ॥૫॥ અવસર વરસે મેહુલો રે, તો નીપજે સહુ ખેત; અ૦ અવસર ચૂકો રતિ ગઈરે, તો વૂઠ્યો શે હેત. અ૦ ॥૬॥ અવસર વિલુદ્ધા સોહામણારે, અવસર વિણ નિસવાદ; અ૦ અવસર બોલ સહુ કહેરે, ભલો ભલો પરસાદ. અ૦ ॥૭॥ અવસર બુદ્ધિ સોહામણીરે, સીઝે સઘળાં કાજ, અ૦ અવસર પામી બુદ્ધિશું રે, રીજવશું નરરાજ. અ૦ ॥૮॥ અવસર મીઠી વાતડીરે, અવસર કથા કલ્લોલ; અ૦ અવસર લાગે રૂયડો રે, ભોજન સરસ તંબોલ. અ૦ ॥૯॥ સજઝન અવસર ચાહતાંરે, મળીયાં બહુ સુખ હોય; અ૦ અવસર વચન વખાણીયેરે, સુણી રીઝે સહુ કોય. અ૦ ॥૧૦॥ અવસર કીજે પ્રીતડીરે, અવસર કીજેં રીસ; અ૦ અવસર કામેં આવીયેરે, તો તૂસેં અવનીશ. અ૦ ॥૧૧॥ અવસર આવે બોલીયેંરે, એકો અક્ષર સાર; અ૦ વિણ અવસર બહૂં બોલીયેં રે, સહુ કો કહે ગમાર. અ૦ ॥૧૨॥ આ અવસર રહેવા તણોંરે, ઓળખીયો તિણ નાર; અ૦ દશમી ઢાળ સોહામણીરે કહી જિનહર્ષ વિચાર. અ૦ ॥૧૩॥

॥ દોહા ॥

વચન સુણ્યા કનકાવતી, બોલ્યા જેહ કુમાર;
અવસર દેખી આપણો, તેણે ભણ્યોં હાકાર. ॥૧॥
પોતાતણો પછેવડો, આપ્યો પહેરણ કાજ;
ઓઢી પહેરી નીકળી, સુંદરી કાઢી લાજ. ॥૨॥

ચઢી તુરંગમ દોજણાં, અંગ ધરી ઉછરંગ;
રાજભુવન આવ્યા તુરત, રતિ સંયુક્ત અનંગ. ॥૩॥
મહેલ મનોહર આપીયો, સોહે સોવનથંભ;
ચિત્રિત ચંગી કોરણી, વિલોકિત અચંભ. ॥૪॥
રેસમપાંણી (?) ઢોલીયો, સીરખ પથરણા સાર;
દીવી દીધી કનકની, નિસિ ટાલણ અંધાર. ॥૫॥

## ॥ ઢાળ ૧૧ મી ॥

સઘલદેના ગીતની.

જાણે સુરકન્યા રંભારૂપ વિરાજે, મોહે સુરનર-રાણા હો૦ મનમોહનગારી; અતિ સુવિચારી રયણ જડાવ આભરણ પહેરાવ્યાં, વસ્ત્ર અમૂલ સુહાંણાહો. મ૦ ॥૧॥ આગેં તો અદભૂત રૂપાળી, વળી શણગારવાળી રે; મ૦ કુમરતણોં મન પાસ ન મૂકે, બીજી નામેં ન ઢૂકે હો. મ૦ ॥૨॥ કુમરીકને રહેં અહો-નિશ, પ્રેમ વચન મુખ ભાખે હો; મ. લાલચ લાવેં બહુપરિ લોભ દેખાવેં, અંતર કાંઈ ન રાખેં હો. મ૦ ॥૩॥ જાણેં આજુનો દિન ધન ધન માહરો, મુજ ઘર આણી રંભા હો; મ૦ ભોગવશું સુખ વિલસશું ભોગા, રહેશું મગનશું રંભા હો૦ મ૦ ॥૪॥ કરીશું ગોઠ બેસી ઇણપાસેં, રયણી તે સુખની દયણીહો; મ૦ માસ ભલોં જે સહિએ પામી, પદ્મણી પંકજ નયણી હો૦મ૦ ॥૫॥ આજ થયો મારો જનમ સુકી-યારથ, નયણે તુજનેં દીઠીહો; મ૦ બીજી હવેં ન ગમે નારી મુજને, તુહિંજ લાગેં મનમાં મીઠી હો૦ મ૦ ॥૬॥ નયણ સલૂણેં નારી સામું જોવેં, મન તો

કાંઇ અંતર ખોવે હો; મ૦ વયણ હમારો હૈડામાં ધારો, આતમ ગોરી મારો ઠારોહો. મ૦ ॥૭॥ હૈયામાં જ્ઞાન ધરીને વિચારો, જોગ મળ્યો છે સારો હો; મ૦ એહ અવસર વળી ફરી નહીં આવે, જોવે ઘટતો જાવે હો. મ૦ ॥૮॥ જીવ મારો હવે તુજશું મળીયો, પ્રેમ સુધારસ પીવો હો; મ૦ પાણીવલ પણિ રહે નહીં અલગો, હરખે હરખે દેખી અતીવાહો, હો. મ૦ ॥૯॥ હૈડામાંહે જ ધરો હરિણાક્ષી, હું તો તરસું છું તુજ માટે હો; મ૦ તાહરે વિરહ વિયોગે સુંદરી, મળીયાં વિણ હૈયું ફાટે હો. મ૦ ॥૧૦॥ હંસ રમે જેમ ગોરી માનસરોવર, ગય રેવાતટણી તીરે હો; મ૦ ભમર રમે જેમ માલતી પુલે, મુજ મન વસીઓ તુંજ લારેહો. મ૦ ॥૧૧॥ જેમ જોગીસર મંત્ર જપે નિત, ધ્યાન નિરંજન ધ્યાવે હો; મ૦ તિણપરે તાહરો હું તો નામ નિરંતર, ધ્યાવું મન સુખ પાવે હો. મ૦ ॥૧૨॥ હૈડું હેજેરે ગોરી મળવાને હીંસે, મેલો દીજે હિત આણીહો; મ૦ કહે જિનહર્ષ કુમર એમ વિરહી, ઢાળ અગ્યારમી વખાણીહો. મ૦ ॥૧૩॥

॥ દોહા ॥

તુજશું લાગ્યો નેહલો, હે ગોરી ગુણવંત;
તે જાણે મન માહરૂં, કે જાણે ભગવંત. ॥૧॥
રૂપવંત રળીયામણી, નિરૂપમ નારી અનેક;
પણ જગમાંહી જોવતાં, તુજ સરખી તું એક. ॥૨॥
નયણે વયણે જે રમે, તે જગ વિરલી નાર;
કરકડ ઘણા નચાવસી, દીસે ઘર ઘર બાર. ॥૩॥

ચતુર પણે ચિત્તચોરણી, હૃદય કોરણી નાર;
એહવી તું કનકાવતી, સરજી સરજણ હાર. ॥૪॥
સરજી સરજણહાર તું, કાંમી નર મૃગ પાસ;
પાશ પડયો હું તાહરે, પૂર હવે મુજ આશ. ॥૫॥

## ॥ ઢાળ ૧૨ મી ॥

ઇડર આંબા આંબલીરે. એ રાગ.

પ્રેમવચન એહવાં સુણીરે, કહે સાંભળ હો રાય; તુજ સરિખો વર મેં લહ્યો રે, પૂરવપુન્ય પસાય. ॥૧॥ નરેશ્વર સાંભળ મુજ અરદાસ તુંતો નિર્મળબુદ્ધિ નિવાસ; તું તો દેખી થાય ઉલાસ, ન૦ હુંતો પ્રેમતણે પડી પાશ. ન૦ તુજશું બાંધી હવે આશ. ન૦ ॥૨॥ લાગ્યો રંગ મજીઠનો રે, તુજશું અવિહડ નેહ; હું છું નારી તાહરી રે, તુમને સોંપી દેહ. ન૦ ॥૩॥ ન સુહાવે મુજનેં હવેરે, નર અન્ય દીઠો કોય; તુજ સુરતિ દેખી કરી રે, હૈડું હરખીત હોય. ન૦ ॥૪॥ દિવસ ઘણા થયા જોવતાંરે, સુગુણપુરૂષનો સંગ; તુમ સરિખા સજ્જન મળ્યા રે, ઘેર બેઠાં મળી ગંગ. ન૦ ॥૫॥ મેં ઇણે ભવેં તુમને હવે રે, આદરીયા ભરતાર; મનસંદેહ મ ધારજ્યો રે, દીધો મુજ કિરતાર. ન૦ ॥૬॥ તુમશું માહરૂં મન મળ્યું રે, જેમ સાકરશું દુધ; મેલે નહીં મન મેલુંયારે, જે થાએ કુલ શુદ્ધિ. ન૦ ॥૭॥ તાહરી માહરી પ્રીતડી રે, જોડી સરજણહાર; જનમલગેં છૂટે નહીં રે, પણ સુણો એક વિચાર. ન૦ ॥૮॥ ખટમાસમાં જોવતાં રે, શુભ મહૂરત નહીં કોય; શુભમહૂરતવિણ કિમ હોઇરે, પાણીગ્રહણ તું

જોય ન. ॥૯॥ લગન ભલેં મહુરત ભલોંરે, આપણો હોસેં વીવાહ; રંગરળી થાશેં વળી રે, વધશેં અધિક ઉછાહ. ન૦ ॥૧૦॥ થઈયેં નહીં ઉતાવળાં રે, ધીરાં કારજ સિદ્ધ; માળી સીંચે સો દાડાં રે, રૂતુ આવે ફળ વૃદ્ધ; ન૦ ॥૧૧॥ મુખમાં આવ્યો કોળીયો રે, તે નવિ જાયે નાસ; હળવે હળવે ચાવીયે રે, તો રસ આવે ખાસ. ન૦ ॥૧૨॥ ઠારી ઠારી પીજીયેરે, ઉનેં દાઝે હોઠ; કહે જિનહર્ષ કુમારીયે રે, બારમી ઢાળમાં ગોઠ. ન૦ ॥૧૩॥

॥ દોહા ॥

સત્ય વચન કુમરી તણાં, કુમરે માન્યા તાંમ;
રળીયાયત મનમાં થયો, હવે મુજ સરશે કામ. ॥૧॥
વાર કેટલી લાગશે, આવંતા ખટમાસ;
પછી એહ પરણી કરી, સફળ કરીશ મન આશ. ॥૨॥
પરણું નહી જાં એહને, ખરી ધરી મન ખંત;
તા લગે નયણ મેલાવડો, કરશું હું એકંત. ॥૩॥
નયણ ઝબૂકો વયણરસ, નેહીં એ તો સાર;
અંગો અંગે જે રમે, તે સાચલા ગમાર. ॥૪॥
નયણાં કેરી પ્રીતડી, બૂઝે વિરલા કોય;
જે સુખ નયણે ઉપજે, તે સુખ સેજે ન હોય. ॥૫॥

## ॥ ઢાળ ૧૩ મી ॥

મધુકરની દેશી.

એક દિવસ નૃપને કહે, મોહરો નીલો વેસ.... નરપતિ; સાયરતટ કિણહી લીઓ, ન લહું તાસ

વિશેષ. ન૦ ॥૧॥ કુમર કહે સુણ વાલહી, એ તો માહરો કામ. ન૦; તે લેઇને ગોપવ્યો, મુક્યો છે એક ઠામ. ન૦ ॥૨॥ જોગણીમુખ તુજ ગુણ સુણ્યો, તેહથી લાગ્યો પ્રેમ ન૦; તિહાં આવી મેં અપહર્યો, કોઈ ન જાણે તેમ. ન૦ ॥૩॥ કનકવતી કહે કુમરજી, હવે આપો મુજ વેશ ન૦; પરણ્યાં કેડે પદ્મણી, સહી તુજને હું દેઇશ. ન૦ ॥૪॥ હવણાં માગું દે નહીં, ધૂરત રાજકુમાર ન૦; મુખ અબોલી હોઇ રહી, મનમેં કરીય વિચાર. ન૦ ॥૫॥ જોવે ઠામ મુકયા તણો, પેટી નીજ ઘરમાંહી ન૦; છાની કુમર મેલીઅ છે મુદ્રા દઇનેં ત્યાંહી. ન૦ ॥૬॥ નિત્ય નિત્ય તે જોતી રહે, નીકળવાનાં ઠામ ન૦; પણ અવસર પામે નહી, કાલે થાશે કામ. ન૦ ॥૭॥ એ દાસીવૃંદે પરવરી, ખીણ મૂકે નહીં પાસ ન૦; રાયે દાસી શીખવી, પામે નહીં અવકાશ. ન૦ ॥૮॥ દાસી સવી નિજ વશ કરી, દેઇ દેઈ દાન ન૦; દાને ભૂત તે વશ હોયે, દાને લહીયે માન. ન૦ ॥૯॥ દાસી વેસાસી સહુ, ચતુર સમયની જાણ ન૦; ઢાળ થઇ એ તેરમી, કહે જિનહર્ષ કલ્યાણ. ન૦ ॥૧૦॥

॥ દોહા ॥

માયાવી માણસતણી, કોઈ ન લહે ઘાત;
મુખ મીઠા જૂઠા હૈયે, કરે રંગીલી વાત. ॥૧॥
મીઠા બોલા માણસાં, મન ન પતીયો જાય;
મીઠાં બોલો મોરીઆ, સાપ સપૂંછો ખાય. ॥૨॥

માયાવી જે માનવી, મન કોઈ ન લહંત;
મુખ આગે મળી કરી, પૂઠે દાહ દીયંત. ॥૩॥
કપટીનાં મન એહવા, જેહવાં પાકાં બોર;
બાહિર સુંદર પેખીએ, માંહે કઠણ કઠોર. ॥૪॥

## ॥ ઢાળ ૧૪ મી ॥

ધન ધન સંપ્રતિ સાચો રાજા. એ દેશી.

કનકવતી માયા કેળવીને, દાસી સહુ વશ કીધીરે; કામભણી સહુએ પહુંચાડી, કૂંચી જોઈ લીધી રે. ક૦ ॥૧॥ તાળું ઉઘાડી પેટીનું, કાઢી નીલી સાડી રે; અંગે પહેરી કુમરી તતક્ષણ, આકાસે ઉડાડી રે. ક૦ ॥૨॥ આવી દાસી હૈયે વિમાસે, દેખે નહીં ઠકુરાણી રે; રાયતણે ભય મન બીહંતી, હોયડામાં વિલખાણીરે. ક૦ ॥૩॥ દીસે નહી કુમરી ઘરમાંહે, આજ સહી તો નાઠીરે; હા હા મન માંહે પસ્તાયે, વાત થઇ એ માઠીરે. ક૦ ॥૪॥ એટલે અજિતસેન ખેલીને, કનકવતી ઘરે આયો રે; દેખે નહીં નયણે કુમરીને, દાસીવૃંદ બોલાયોરે. ક૦ ॥૫॥ ચેટીને પૂછે નૃપનંદન, દીસે નહી કુમારીરે; કિહાં ગઇ લાવો વાર મ લાવો, માહરી પ્યારી નારી રે. ક૦ ॥૬॥ દાસી કહે અમે સાર ન જાણું, જોઇજે ભંડારો રે; નીલું વસ્ત્ર ન દેખે રાજા, પામ્યો દુઃખ અપારો રે. ક૦ ॥૭॥ ગઈ જાણી કનકાવતીરાણી વિરહ પીડાણી કાયારે; છટકી ગઈ મુજને છોડીને, કેળવી બહુપરે માયારે ક૦ ॥૮॥ નેહ લગાડીને ગઈ-છાંડી, લાજ ન આઇ આડીરે; જાડી પ્રીત કરી ભુંઇ

ગાડી હૂઈ ગઈ ખરી ખાડી રે. ક૦ ॥૯॥ એ શું કીધું માયાગાળી, હઈડે વાહી પાલી રે; પ્રેમવિછુંણી પ્રીત દેખાડી, નાસી ગઇ ચરિતાળીરે. ક૦ ॥૧૦॥ મેં જાણ્યું તું તો છે સાચી, મુજશું રંગે રાચીરે; કીધી પ્રીત પ્રીયા તેં કાચી, પણ જોડી નહી જાચીરે. ક૦ ॥૧૧॥ હીયડું તેં લીધું હરીને, ચિત્ત લીધું ચોરીનેં રે; કામણગારી કાઢી લીધું, કાલજડૂં કોરીનેરે. ક૦ ॥૧૨॥ વનિતાએ મુજને વશ કીધો, તુજ વચનામૃત પીધો રે; મેં માહરો મન તુજને દીધો, પણ તુજ મન ન લીધો રે. ક૦ ॥૧૩॥ મોહનગારી તું મુજ પ્યારી, માહરેં તુંહિજ સંપેરે; ચઉદમી ઢાળ થઇ એ પૂરી, એમ જિનહર્ષ પયંપે રે. ક૦ ॥૧૪॥

॥ દોહા ॥

ચિત્તચોરણ નેં ચોરટી, સરજી સરજણ હાર;
જાતી સાથ લેઈ ગઈ, મુજ મન રાજકુમાર. ॥૧॥
તે પાખેં મુજ આતમા, લહે ન તૃપ્તિ લગાર;
થોડે જળ જેમ માછલી, પામે દુઃખ અપાર. ॥૨॥
કામણ મોહન કરી ગઈ, કામણ જાણ વિનાણ;
જાસ વિયોગે માહરા, નીસરી જાશે પ્રાણ. ॥૩॥

## ॥ ઢાળ ૧૫ મી ॥

મારૂંમન મોહ્યું રે વપ્રાનંદસ્યું રે...એ રાગ.

નૃપસુત ઝૂરેરે વિરહ વિયોગીયો રે, આણ મિલાવે વાલ્હી નાર; તેહનેં આપુંરે મુહમાંગે તિકોરે, તે મુજ

આતમ આધાર. નૃ૦ ॥૧॥ કુમરીપાખેં રે નૃપસુત ટળવળે રે, નયણેં આંસુધાર; હીયડું ફાટે રે દુઃખ માવેંનહીં રે, મૂર્છા પામે અપાર. નૃ૦ ॥૨॥ સીતલ-વાયેરે વીંજે વીંઝણેરે, કરે અનેક ઉપચાર; મૂર્છા વાળે રે સેવક રાયની રે, વળી રડે દુઃખ સંભાર. નૃ. ॥૩॥ આંખડીયાં રોઇને કીધી રાતડી રે, વળી કરે રે વિલાપ; મસ્તક નૃપસુત ભૂંઇશું આહણેં રે, તન વ્યાપ્યો બહુ તાપ. નૃ૦ ॥૪॥ નયણસલુણીરે મેળો આયને રે, તુજ મુખ ચંદ દેખાડ; જેમ સુખ પામેંરે નયન ચકોરડા રે, પૂરવ પ્રીત સંભાળ. નૃ૦ ॥૫॥ તું ગુણવંતી રે ગુણની દોરડી રે, બાંધ્યું મુજ મન સાહિં; બીજે ઠામેં રે તે ન જઈ શકે રે, નિશદિન રહેં તુજ માંહી. નૃ૦ ॥૬॥ વાત સોહાવેરે મુજ નહીં કેહની રે, ન સુહાવેં ગુણગીત; હિયડામાંહીરે વસી રહી ગોરડીરે, વીસરે નહીં ખીણ પ્રીત. નૃ૦ ॥૭॥ ખીણ ખીણ જાયે રે બાહિર મહેલમાં રે, ખીણ ચડે ચપલ તુરંગ; ક્રીડા કરવાનેંરે નૃપસુત સંચરે રે, પણ કુમરી મનસંગ. નૃ૦ ॥૮॥ મેં મન મહારે રે જાણ્યું થિર થશે રે, તરણા ઉપર ત્રેહ; દેવ કરાવ્યુંરે એ તો મેં કીયો રે, નિગુણ માણસશું નેહ. નૃ૦ ॥૯॥ છેહ દેવણવાળી વાલી તું હતીરે, તો કાંઇ દીધો વિસાસ; વીસસીયા જો વિહડેં માણસ ખોટડાંરે, તો કીજે કેહની આસ. નૃ૦ ॥૧૦॥ સગુણ સનેહીરે જો વિરચેં કિમે રે, જો થઇ જાયે નિસનેહ; તો દુઃખ કેહને રે કહીયે માંહિલો રે, કુણ દુઃખ જાણેં તેહ. નૃ૦ ॥૧૧॥ અગ્નિ વિયોગે રે મુજ તનું પરજળેં રે, સીચીને દરિશણમેહ; ટાઢક

વ્યાપેરે નવપલ્લવ હુવે રે, વાધે અધિક સનેહ. નૃ૦ ॥૧૨॥ તુજને ન જાણી રે મેં તુનેં એહવી રે, દેઇસ હીયડેં ઝાળ; એ પંદરમી થઈરે નૃપ ઝૂરતાં રે, કહે જિનહર્ષ એ ઢાળ. નૃ૦ ॥૧૩॥

॥ દોહા ॥

વાલ્હાં સો જોયણ ગયા, ઉપર વળી પચાસ;
તોહી દીસે હીયડલું, કિમહી ન મેલે પાસ. ॥૧॥
હાંસી રમત નવિ ગમે, ભોજન ઝેર સમાન;
અગન સરીખા આભરણ, ન રૂચે ફોફળ પાન. ॥૨॥
મંદિર માંહે ઝળકતી, કરતી હાસ વિલાસ;
તે વાલી દીસે નહી, કરી ગઈ મુઝ નિરાસ. ॥૩॥
આશા મેં બાંધી હતી, મુજને નહીં દે છેહ;
પણ તોડયો કાચાસૂતજ્યું, નિગુણ તણી પરે નેહ. ॥૪॥
નયણે પ્રેમ દેખાવતી, હસી હસી કરતી વાત;
ગોરી મન ચોરી ગઈ, જોવો મનની ઘાત. ॥૫॥

## ॥ ઢાળ ૧૬ મી ॥

કરમપરીક્ષા કરણ કુંવર ચલ્યો રે. એ રાગ.

કોઇ મિલાવે રે મુજ મન મોહીણી રે, કનકવતી ગુણવેલ; ચંદ્રવદની મૃગાલોયણીરે, ચાલે ગજગતિગેલ. કો૦ ॥૧॥ દીપશિખા સરખી નાસીકા રે, તીખી સરલ ઉત્તંગ; અધર વિરાજે ચરણ પ્રવાલીયાંરે, રદન મુત્તાહલ સંગ. કો૦ ॥૨॥ રૂપેં જીતી રતી અપછર જિણે રે, કોમલ વયણ સુમિષ્ટ; કો લેઈ આવેં સુગુણી-સુંદરીરે, તે મુજ વલ્લભ ઇષ્ટ. કો૦ ॥૩॥ તે વિણ

ખીણ ન સુહાવે મનેં રે, તે વિણ અન્ન ને પાન; તે વિણદીઠે રે કો ન ગમે મનેરે, તે વિણ ગીત ને ગાન. કો૦ ॥૪॥ ચંદન નસુહાવેં મુઝનેં ભાવનારે, લાગે અંગ અંગાર; સેજ સુહાવે નહી કુસુમે ભરીરે, નાવે નીંદ લગાર. કો૦ ॥૫॥ જે માણસશું મનડું વિંધીયું રે, તે વિણ ખીણ ન સુહાય; નયણેં દીઠાહી સુખ પામીયેં રે, કાયા શીતલ થાય. કો૦ ॥૬॥ સાજન માણસતણેં વિયોગડે રે, જે દુઃખ હીયડેં હોય; તે તો જાણે મનડું આપણું રે, અવર ન જાણે કોય. કો૦ ॥૭॥ તન મન ને હીયડું વેચી કરીરે, લીધાં માંણકમાન ?; તે વાલેસર સાજન વીછડેં રે, તે દુઃખ મેરૂ સમાન. કો૦ ॥૮॥ ટાઢી છાયા આંબા કેરડી, પાણી ભરીયાનાડ, વાલ્હા સાજણકેરી ગોઠડીરે, દૈવ છોડાવ્યા માંડ. કો૦ ॥૯॥ દૂરથકી ખિણ તે ન વીસરે રે; જે જસ વાલ્હા હોય; સૂરજ દેખી જિમ પંકજ દૂરથી રે, થાય વિકસ્વર સોય. કો૦ ॥૧૦॥ સુગુણ સનેહ માણસ વાલહારે, સુપનાંતર મળીયાંહ; હે હૈ લોયણ નિગુણ પાપીયા રે, જાગી નીગમીયાહ. કો૦ ॥૧૧॥ ગઇ તે મનમોહન કનકાવતી રે, ચિતડો ચમકો લાય; હવેં તે રાતદિવસ મુહુરત ઘડીરે, મુજને કિમહી ન જાય. કો૦ ॥૧૨॥ નિશદિન સૂતાં બેઠાં જાગતાં રે, હિયડાંથી નવી જાય; કહે જિનહર્ષ પૂરી થઇ એટલે રે, સોળમી ઢાળ સુહાય. કો૦ ॥૧૩॥

॥ દોહા ॥

તે તેહને થાનક જઈ, વિલસે લીલવિલાસ;
એક પખી કરી પ્રીતડી, ઇણિપરે કરે વેખાસ. ॥૧॥

એક પખો જે નેહલો, તેહને માથે છાર;
માછો જલવિણ આવટે, નીર ન જાણે સાર. ॥૨॥
દીવાકાજ પતંગીઓ, આપદ લહે ખીણ માંહિ;
એકપખે નેહે કરી, દીપકને મન વાય. ॥૩॥
એક એક વિણ આવટે, એક નાણે મનમાંહ;
બાળે એકગો નેહડો, દેખત ઉઠે દાહ. ॥૪॥
સૂનો નૃપ હિયડે થયો, રાજતણી જે નીત;
એ કાંઈ નવિ સાચવે, થઈ ગયો ચલચિત્ત. ॥૫॥

## ॥ ઢાળ ૧૭ મી ॥

સંયમ રંગ લાગ્યો... એ રાગ.

કુમરભણી એમ પ્રીછવે, બાલપણાના મિત્તરે.... મોરી વાત સુણો; સજ્જન સંબધી મંત્રવી, રાજકાજ જસુ ચિત્તરે....મો૦ ॥૧॥ વાત સુણો તુમને કહું, ચાલો રાજવીની રીતરે મો૦; અમે કહુ છું તુમભણી, તું તો નારીનેહ નિવારરે. મો૦; નેહ નારીનો કારમો, હિયડામાહીં વિચાર રે. મો૦ ॥૨॥ પંડિતનર જાણે સહુ, એ તો ચંદ્ર સૂર્ય ગ્રહચારરે. મો૦ બ્રહ્મા પણ જાણે નહીં, એતો નારીચરિત્ર અપારરે. મો૦ ॥૩॥ વચણે નરને ભોળવે, એ તો નારી ચિત્તની ચોરરે મો૦; પ્રીત દેખાડે કારમી, એ તો હીયડામાં કઠોર રે. મો૦ ॥૪॥ મોહે નયણે એકને, વશ કરે નયણે એક રે. મો૦; સેજ રમાડે એકને, દેખાડે ચરિત્ર અનેક રે. મો૦ ॥૫॥ કૂડ કપટની ઓરડી, એ તો નારી વિષની વેલ રે. મો૦; નારી ન હોય એ આપણી, મોહ હૈયાથી મેલ રે. મો૦ ॥૬॥ નારી કેહની નવિ થઇ, એ તો

ખીણમેં તોડેં નેહ રે. મો૦; સૂરિકાંતાએ મારીયો, એ તો રાજા પરદેશી તેહરે. મો૦ ॥૭॥ બીહેં ઉંદર દેખીને, કાને સાહે મૃગરાજ રે. મો૦; મંદિરમાંહે ઉદ્રકેં,....સમેં તજી લાજરે. મો૦ ॥૮॥ કૂલ હણી ધરણી ઢળેં, એ તો સાંકળ ઘાવ સહંતરે મો૦; ખોટી પણ સાચી હુંઈ, નૂપુરપંડિતા દૃષ્ટાંત રે. મો૦ ॥૯॥ ક્ષણ રાચી વિરચે ક્ષણેં, ખિણમેં દેખાડેં છેહ રે મો૦; જેહવી વાદલ છાંયડી, તેહવો નારીનો નેહ રે. મો૦ ॥૧૦॥ નારી નયણ ઝબૂકડેં, એ તો નરને પાડેં પાસરે. મો૦; પતિ છંડી પરપતિ કરે, નારીનો કિશો વિશ્વાસ રે ? મો૦ ॥૧૧॥ પંડિતને પણ ભોળવે, એ તો મહિલા ખિણેક વિચાર રે મો૦; હયવર કરી હીંસાવીયો, નૃપભોજતણી નિજનાર રે. મો૦ ॥૧૨॥ વશ કીજે ધૂતારડી, તુજ સરીખો ભૂપાળ રે મો૦; કહે જિનહર્ષ સહુ મળી, એ તો સત્તરમી ઢાળ રે. મો૦ ॥૧૩॥ સર્વગાથા ૩૦૦

॥ દોહા ॥

એહવી સ્ત્રી અવગુણ ભરી, નેહ ન કીજે તાસ;
નિસ્નેહી નારી તણો, કીજે નહીં વિશ્વાસ. ॥૧॥
જેહનો ચિત્ત ન ભેદીયો, તુજશું એક લગાર;
નેહ કિશો તે નારીશું, તેહને માથે માર. ॥૨॥
હૈડું ભેદાણું નહી, નેહ તજીયે ત્યાંહિ;
જેહને રંગ ન પાલટે, ધરીયે તે મનમાંહી. ॥૩॥
એહવી નિગુણી નારીશું, નેહ ન કીજે રાય;
ફોગટ કાયા બાળીએ, જેમ વન બાળે લ્હાય. ॥૪॥

સુખ વિલસીજે તેહશું, જે પરણી નિજ નાર;
પોતાને સુખ ઉપજે, કીજે કામ વિચાર. ॥૫॥
એટલાદિન મુજ ઘર રહી, રતિ ન રાખી કાંણ;
મુખ મીઠી ખારી હૈયે, ફળ કિંપાક સમાન. ॥૬॥
ઈમ પરધાને પ્રીછવ્યો, દેઈ શીખ અનેક;
તોહી ચિત ચેતે નહીં, નાવે કિમહી વિવેક. ॥૭॥

## ॥ ઢાળ ૧૮ મી ॥

વૈરાગી થયો...એ રાગ.

સચિવ પ્રધાન સહુ મળી રે, વારૂ બુદ્ધિ વિમાસ; પૃથ્વીભૂષણપુર ગયા રે, અરિમર્દનનૃપ પાસોરે. ॥૧॥ નારી મોહીઓ. મુકયા રાજકુમારો રે, રાજતણાં સહુ; પુહવીપતિ અવધારો રે. ના૦ ॥૨॥ વાત સુણી રાજા ઇસીરે, લખી પાઠવીયો રે લેખ; વહેલા પુત્ર પધારજો રે, છે એક કામ વિશેષ રે. ના૦ ॥૩॥ સુનેંચિત્ત ન જોઇયો રે, કુમરે પિતાનો રે લેખ; સંદેશો પણ નવિ સુણયો રે, પ્રેમતણી ગતિ પેખોરે. ના૦ ॥૪॥ આપે બહુપરે તેડીયો રે, કરે અનેક ઉપાય; તોહી કુમર ન આવીયો રે, મનમેં ચિંતે રાયરે. ના૦ ॥૫॥ તેડયો જો આવે નહીંરે, તો હું જાઉં રે ત્યાંહી; રાજા એમ વિચારીનેરે, આવ્યો સુત છે જયાંહી રે. ના૦ ॥૬॥ અરિમર્દનનૃપ તેડીને રે, કુમર ભણી લેઈ જાય; પુત્ર પ્રતિ કહે વત્સ તું રે, સાંભળી વયણ સુહાય રે. ના૦ ॥૭॥ અણજાણયાશું પ્રીતડીરે, અણજાણ્યાં ફળ ખાય; વાટ અજાણી જે ચલેરે, નિશ્ચય દુઃખીયો થાયરે. ના૦ ॥૮॥ મોટારાજાની સુતારે, રૂપે રતી

અનુહાર; સુકુલીણી તે હવી ભલી રે, તુજ પરણાવું કુમાર રે. ના૦ ॥૯॥ કિહાંથી આવી કિહાં ગઈ રે, તાત માત કુણ તાસ; ઉત્પત્તિ તાસ ન જાણીયે રે, તેહશું કિસ્યો વિલાસ રે? ના૦ ॥૧૦॥ એકાંગી કરી પ્રીતડી રે, કાંઈ દંઝાવે રે દેહ; કહે જિનહર્ષ અઢારમી રે, ઢાળ સંપૂરણ એહરે. ના૦ ॥૧૧॥

### દોહા

કુમર કહે સુણો તાતજી, મન માન્યાની વાત;
પ્રાણ સે પીજે તેહને, મિલે જેહશું ધાત. ॥૧॥
મનમાન્યાં મારે મહી, દીયે સાયર દેહ;
પ્રાણી રાગવસે સહુ, આપઈ ધરી સનેહ. ॥૨॥
મનમાન્યા વિણ તાતજી, ન ખમાએ એક બોલ;
રંગે કીધો નેહલો, મુકું કેમ અમોલ. ॥૩॥
કોરી પેઠાં હીયડલે, ઘણ જેમ માણુસ જેહ;
તે તેહને કેમ વિસરે, જિણાશું બાંધ્યો નેહ. ॥૪॥
મનની માનાં માનની, તેહશું લાગ્યો પ્રેમ;
જગે જાતાં જાયે નહીં, ભાત પટોળા જેમ. ॥૫॥

## ॥ ઢાળ ૧૯ મી ॥

કંત તમાકું પરિહરો...એ રાગ.

સાંનસાંઈ નગરે સહી, તેહ ગઇ છે નારિ.... મોરા તાત. લાજ છોડીને એમ કહે, મેં જાઉં નિરધાર. મો૦ ॥૧॥ તે નારીશું મન મોહીયું, મૃગનયણીશું મોરો મન મોહીયો, હાંરે લાલ મુજ વાંછો જો જીવતો, જો મુજ ઉપર રાગ. મો૦ ॥૨॥ તો

પહોંચાડો તિણ પુરી, જેમ જાગે મોરૂં ભાગ. મો૦ તે૦ ॥૩॥ માહરે મોભી એક તું, તું મુજ એક જ આંખ મો૦; તુહીં જ મુજ આધાર છે, જેમ પંખીને પાંખ. મો૦ તે૦ ॥૪॥ માય કહે તું માહરે, આતમનો આધાર. મો૦; તુજ વિયોગ ન ખમી શકું, પ્રાણ તજું ત્રણવાર. મો૦ ॥૫॥ માતપિતા બહુપરે કહે, તોહી ન માને પૂત્ત. મો૦; નિસ્નેહી સહુશું થયો, જેમ જોગી અવધૂત. મો૦ તે૦ ॥૬॥ રાતા નારી નેહશું, ન ગણે તાત ને માત. મો૦; લાજ ન રાખે કેહની, ન ગણે સગપણ વાત. મો૦ તે૦ ॥૭॥ જે નર કામી તેહને, જે નર પ્યારી હોય. મો૦; માને નહીં માવિત્રને, કહ્યું કરે નહીં કોય. મો૦ તે૦ ॥૮॥ પ્રાણી રાગવશે પડચો, ન ગણે કોઇ અકાજ. મો૦; વેયે નહીં ભૂંડોભલો, ભરીયો ભાંજે સાજ (?) મો૦ તે ॥૯॥ મારગ છંડે ધર્મનો, લોપે ગુરૂની આણ. મો૦; સીખ દીયે કોઇ ભલી, તોઈ કરે અપ્રમાણ. મો૦ તે૦ ॥૧૦॥ વિસહર ડંખ્યા માનવી, ચેત લહે મણિમંત્ર. મો૦; નારી નાગણ જે ડસ્યા, તેહને મંત્ર ન તંત્ર. મો૦ તે૦ ॥૧૧॥ નારી કારણ નર દીયે, માત પિતાને પૂંઠ. મો૦; ખરી સગાઈ નારીની, બીજી સઘળી જૂઠ. મો૦ તે૦ ॥૧૨॥ યતઃ ॥ પ્યારે બંધવ જગતમેં, બંધવથેં તન સાર;તનથેં ધન પ્યારો જસા, સબસેં પ્યારી નાર. ॥૧॥ કનકચૂડે નારી ભણી, ગ્રહણા વસ્ત્ર પ્રધાન. મો૦; આપે આદર દેઇ ઘણાં, માનત દીયે ધ્યાન. મો૦ તે૦ ॥૧૩॥ નારી મોહનગારડી,

મોહીયો સહુ સંસાર. મો૦; કુમર મોહ્યો કનકાવતી, તિણમેં કિસ્યો વિચાર. મો૦ તે૦ ॥૧૪॥ માતપિતા થાકયાં કહી, હઠ મેલે ન કુમાર. મો૦; ઢાળ થઇ ઓગણીશમી, કહે જિનહર્ષ વિચાર. મો૦ તે૦ ॥૧૫॥

॥ દોહા ॥

નગરલોક સહુ તેડીયા, રાજા આતુર હોય;
પણ તે સાનસાઈ તણો, નામ ન જાણે કોય. ॥૧॥
તવ પ્રવહણ વાહક ભણી, તેડાવ્યા રાજન;
સાનસાઈનું નામ નૃપ, પૂછે દેઈ માન. ॥૨॥
સહુ કહે તે [1]નેખૂઆ, નામ ન જાણું રાય;
પણ એક ઘરડો નેખૂઓ, છે પૂછો બોલાય. ॥૩॥
તેડી પૂછયો તેહને, ડોસો એમ ભાખેહ;
દ્વીપ અનેક મેં જોઈયાં, નામ ન સૂણ્યો તેહ. ॥૪॥
પહુચે સાત પ્રીયાલગે, તેતો આપો દામ;
તો લે જાઉં તુમભણી, દેખાડું તે ઠામ. ॥૫॥
એહવું સાંભળી નૃપ કહે, આપું બમણો દાંમ;
અમને દેખાડ તું, તુજ મુજ સીઝે કામ. ॥૬॥

## ॥ ઢાળ ૨૦ મી ॥

પારધીયારે મહારો મિરગો ન માર...એ રાગ.

ભાઇડા રે મુજ તે વાટ દેખાડ, વિરહ વિયોગ તું ટાળ; તિહાં લેઇ જા તતકાળ, નયણે દેખું બાળ. ભા૦ ॥૧॥ આપું અમુલખ બેરખાં, આપું તે નવસરો હાર, આપું જડિતરતન મુદ્રડી, સહી આપું

૧ વહાણવટી.

રે તુજ શણગાર. ભા૦ ॥૨॥ તું રાખે મુજ જીવતો, મુજ અરજ એ અવધાર; કનકાવતી તું મેલજે, ઉપગારી રે કરી ઉપગાર. ભા૦ ॥૩॥ બહુ સુભટ રાજાએ આપીયા, આપીયા પાયક સાથ; સહી સંબલ સાથે દીઓ, વળી દીધી રે રાજન બહુ આથ. ભા૦ ॥૪॥ જેટલે ભરદરીયે ગયા, વાજીયા વાય કુવાય; પરદ્વીપ વાહણ નીકળ્યાં, નૃપકેરો રે રહિયો તિણઠાય. ભા૦ ॥૫॥ એક કુમર ને એક નેખૂઓ, બે જણ રહ્યા કુસલેહ; ખેડચો પ્રવહણ ખાંતિશું, લેઇ ચાલ્યો રે કુમરને તેહ. ભા૦ ॥૬॥ વાહણતણી ખેપટ ભણી, આગળ જાતારે તામ; તસ દરદ દેહે ઉપનો, તેણે પામ્યો રે મરણ તે ઠામ. ભા૦ ॥૭॥ દરીયાવ ગજજઇ વાયરે, ઉછળે જળ કલ્લોલ; આકાશ મોઝા જિહાં-લગે, જાણે કરશે રે જળ જગબોળ. ભા૦ ॥૮॥ ચાલીયો વાહણ એકલો, સાહસિક નૃપસુત હોય; જગદીશ રખવાળો હોઇ, તો મારી રે શકે નહી કોય. ભા૦ ॥૯॥ એક આવ્યો તિહાં ડુંગરો, આગળ જાતાંરે તામ; વાહણ તિહાં અટકી રહ્યો, નવિ ચાલે રે થંભ્યો તિણ ઠામ. ભા૦ ॥૧૦॥ ઉતરી કુમર જહાજથી, જોવે બાહિર આય; એક વાહણ આગળ નીરખીઓ, માહિં દીઠોરે માણસ સમુદાય. ભા૦ ॥૧૧॥ જાતિ જૂઇ જૂઈ તણાં, જૂઆ જૂઆ રે તસ ગામ; જિનહર્ષ ઢાળ થઇ વીશમી, શું થાયે રે હવે સુણજો કામ. ભા૦ ॥૧૨॥

॥ દોહા ॥

કુમર ભણી બોલાવીયો, તિણ પુરૂષે તેણીવાર;
સાંભળ હો તું સત્પુરૂષ, વચન એક સુવિચાર. ॥૧॥
ઈણઠામેં કેમ આવિયો, એતો સયલ...........;
છે મુજને કહો, તે નર બોલ્યાં તામ. ॥૨॥
એ તો રાક્ષસદ્વીપ છે, ભૂલા જેહ જહાજ;
અ...................ધે, રોકી રાખે રાજ. ॥૩॥
વાહણ અમારા ઈહાં ખલ્યાં, માણસ હુંતા અપાર;
તે સહુ ઈણ રાક્ષસ હણ્યાં, કેણે ન કીધી સાર. ॥૪॥
ભક્ષ કરેં ભૂખાળુઓ, દિન દિન પ્રત્યે ચાર;
પાંચ સાત આવી રહ્યા, કોઈ ન રાખણ હાર. ॥૫॥

## ॥ ઢાળ ૨૧ મી ॥

સાહિબ પાસજી હો વાલ્હા પાસજી હો એ દેશી.

કુમર કહેં એમ સાંભળી રે, કયારે આવે તેહ; કિણ રૂપે કિણ અવસરે, વારૂ કિણ વરણેં કિણ દેહ ॥૧॥ મુજનેં દાખવો હો ગુપતિ ન રાખવો હો ટાળૂં સહુ-ભય તાસ. મુ૦. સાહસીક સુણી તે કહેરે, આવે સંધ્યાકાળ; પન્નગરૂપેં પેખીયે, કાળો તે અતિ-વિકરાળ. મુ૦ ॥૨॥ કુમર રહ્યો છાનો છૂપીરે, કાઢી ખડગ તિણવાર; વિસહર આવ્યો જેટલે, જલનિધિમાં નાખ્યો માર. મુ૦ ॥૩॥ વાહણ છૂટા તે સહુ રે, કાંઠે આવે તામ; દ્વીપ નીહાળ્યો લોયણે, સહુકોનાં સિધ્યા કામ. મુ૦ ॥૪॥ વાહણ મુકી ઉતર્યારે, સહુ બેઠાં તટ આય, તેહ મનુષ્ય કરજોડીને, પ્રણમ્યાં નૃપસુતનાં

પાય. મુ૦ ॥૫॥ જીવીતદાન તુમે દીયોરે, તુમે ઉપગારી અમોલ; તુમે તો દાંમજ બાહિરા, અમને લીધા છે મોલ૦ ॥૬॥ સેવા કરશું તુંમતણીરે, સંભારી ઉપગાર; ચરણની કરશું ચાકરી, હવે તુમચો આધાર. મુ૦ ॥૭॥ કુમર કહે પહોંચો તુમે રે, આપ આપણે ઠામ; કરી જુહાર હર્ષિત થઇ, ચાલ્યા નિજનિજ પ્રતિગામ. મુ૦ ॥૮॥ પહોંચ્યા નિજ નિજ દેશડે રે, કુમર નીહાળે વ્દીપ; એકદસેં બેઠી કન્યકા, બેઠી એક વૃક્ષ સમીપ. મુ૦ ॥૯॥ અદ્દભૂતરૂપે અપછરારે, કોમલ કદલી ગાત; હાથે સોવન ચૂડલોરે, નીલેંવેશે સોભાત મુ૦ ॥૧૦॥ લાલ જલેચો પાથર્યો રે, નીલી પીળી ભાત; બેઠી શોભે ઉપરેં, જાણે લક્ષ્મી સાક્ષાત. મુ૦ ॥૧૧॥ મનમેં ચિંતેં રાજા ઈસ્યુ રે, સહી એ નારી તેહ; માહરીવાલી ઇહાં મળી, મુજ પોતેં પુન્ય અછેહ. મુ૦ ॥૧૨॥ જેહને કારણ નીકળ્યોરે, ઉભો છોડી રાજ; તે સાજન આવી મળ્યા, મુજ તૂઠો શ્રી મહારાજ. મુ૦ ॥૧૩॥ એહવું ચિંતવી તે દીસેરે, ચાલ્યો રાજકુમાર; ઢાળ થઇ એકત્રીશમી, જિનહર્ષશું રાગ મલ્હાર. મુ૦ ॥૧૪॥

॥ દોહા ॥

ઉલટ ધરી ઉતાવળો, આવ્યો કુમરી પાસ;
દેખી રૂપ સોહામણો, મનમાં રહ્યો વિમાસ. ॥૧॥
મુજ પ્યારી કનકાવતી, હોઈ......હોઇ એહ;
વિસ્મય થકો ઉભો રહ્યો, તતખીણ બોલી તેહ. ॥૨॥
સુણહો સપુરૂષ વિનતિ, કિમ આવ્યો ઈહાં માગ;
તે આવે ઈણ વ્દીપમેં, જેહનો હોય અભાગ. ॥૩॥

કુમર કહે કારણ કિશું, સ્યો ભય દાખવિ તેહ;
ભય નાણીશ મનમાં કિસ્યો, કહે સાચું વચનેહ. ॥૪॥
વયણ તેહ કન્યા કહે, સાંભળ હો તું ધીર;
તુજ આગળ હું દાખવું, વાત સુણો સહુ હીર. ॥૫॥
કનકચૂડનૃપ મુજ પિતા, પદ્મલતા મુજ માય;
હું પુત્રી પદ્માવતી, પદ્મપુર નગર કહેવાય. ॥૬॥

## ॥ ઢાળ ૨૨ મી ॥

થંભણ પાસજી પૂજીઇંજી–એ. દેશી.

મનમોહન ઠાકુર સાંભળોજી, તુમે દીસો ગુણવંત; વાત કહું ધરી ખંતી, નગરહુંકડું તેહ ઇહાં અછે, રૂદ્ધ સમૃદ્ધ ભરીઓ, લોક વસે તિહાં અતિબહુ સુખીયા, દુઃખીયાનો સહુ દુઃખ હરીઓ. મ૦ ॥૧॥ તે નગરીનો સાહિબ જે છે, તે તો તાત હમારો; રાજ પાળે પરજા દુઃખ ટાળે, વયરીને લાગે ખારો. મ૦ ॥૨॥ એકદિવસ રાક્ષસ તિહાં આવ્યો, દીસંતો વિકરાળ; પ્રાણે કોઇ ન પહોંચે તેહને, ભક્ષ કરે પુરબાળ. મ૦ ॥૩॥ તવ નૃપ બલિબાકુલ દેઈને, ગાઢો તેહને પોષ્યો; પાએ સહુ લાગ્યા કર જોડી, સ્તુતી કરીને સંતોષ્યો. મ૦ ॥૪॥ સુણ મહાભાગ કહે એમ રાજા, અમશું કૃપા કરીજે; વીનતડી કરે છેં સાહિબ, દાન અભય હવે દીજે. મ૦ ॥૫॥ તવ તે કોપ કરી કહે રાજન, સુણ જો પુત્રી મુજ આપે; તો તુજ ઉપદ્રવ નવી હોવે, વળી જગસાહિ જસ વ્યાપે. મ૦ ॥૬॥ નગરરક્ષાને કાજે નરપતિ, રાક્ષસનેં મુજ દીધી; તે લેઈ આવ્યો ઇણ થાનક, વસતી નિર્ભય કીધી. મ૦ ॥૭॥ પાણીગ્રહણ

સજાઈ લેવા, તેહ ગયો ઇણુવારેં; સંધ્યાકાળે તે આવશે, તુમનેં વાર્યાં તે માટે. મ૦ ॥૮॥ એહવા વચન સુણી કુમરીનાં, મનમાં ધીરજ આણી; ધ્યાન કર્યું મનમાં નવપદનું, બોલે ઇણીપરે વાણી. મ૦ ॥૯॥ ફીકર નહીં મુજનેં રાક્ષસની, તું તો જોય તમાસા; એક તરૂવર પૂંઠે જઇ બેઠો, દેઇ તાસ દીલાસ. મ૦॥૧૦॥ એટલે તેહ નિશાચર આવ્યો, લેઇ સકલ સજાઈ; ઉઠચો કુમર ખડ્ગ લેઇને, રાક્ષસનેં બોલાઇ. મ૦ ॥૧૧॥ માંહોમાંહે બે જડજૂડીયા, ધીંગ ધકાધક કરતાં; હથીયારે હથીયારે આયા, મનમાંહિ નવિ ડરતાં. મ૦ ॥૧૨॥ કુમરેં વાહ્યો ઘા મર્મનો, પુહવિ નિશાચર પાડચો; કહે જિનહર્ષ ઢાળ બાવીસે, બળ બળવંતે દેખાડચો મ૦ ॥૧૩॥

॥ દોહા ॥

રાજસુતા હર્ષિત થઇ, આવી લાગી પાય;
કર જોડી ઇણીપરે કહે, સાંભળ હો મહારાય. ॥૧॥

અટકળીયો બળીયો તને, કળીયો કિણે ન જાય;
વળીયો દિન ફળીયો ઘરે, સુરતરૂ મળીયો આય. ॥૨॥

મુજને પરણો કરી મયા, એહ સજાઈ સાથ;
હું હવે નારી તાહરી, તું હવે માહરો નાથ. ॥૩॥

સુણી કન્યા ભાખે કુમર, હું જાશું પરદેશ;
પરણું નહીં હું તુજભણી, મેલ્હો જઈ કહેસ. ॥૪॥

કુમરી વળતું એમ કહે, સાંભળ સુગુણ સુજાણ;
તુજ ટાળી બીજો પુરૂષ, માહરે વીર સમાન. ॥૫॥

## ॥ ઢાળ ૨૩ મી ॥

ઋષભદેવ મેરા હો...એ દેશી.

પુન્યસંયોગે માહરે, તુમશું થયો મેળા હો; હયહેષારવ સાંભળ્યો, શ્રવણે તેણી વેળાહો. કુમર મનમાંહે ચિંતે હો, કટક કોલાહલ કિશો, પડિયો મન ભ્રાંતિ હો. એ આંકણી. ચમકયો કુમર ચિહુંદિસેં, ફરિ ફરિ એમ જોવેહો; દીઠું લશ્કર આવતું, ઇહાં સહી ભય હોવે હો. કુ૦ ॥૨॥ હય ગય રથ પાયક ઘણાં, નીશાન ઘૂરાવે હો; કુમર કહે કુમરીભણી, કહે એ કુણ આવે હો. કુ૦ ॥૩॥ એ લશ્કર મુજ તાતનું મનમાં મત શંકોહો; તુમને ભય કેહનો નહીં, વાગ્યો તુમ ડંકો હો. કુ૦ ॥૪॥ આવ્યો રાજા તેટલે, તે પુરૂષ નિહાળ્યો હો; બેઠો નિજ પુત્રીકને, રતિપતિ મદ ગાળ્યો હો. કુ૦ ॥૫॥ માંહોમાંહે બન્ને મળ્યાં, નૃપ પામે શાતાહો; એ નર કુણ પુત્રી કહો, પૂછે એમ વાતા હો. કુ૦ ॥૬॥ સુંદર રૂપ સોહામણું, દેખી સુખ લહીયે હો; એવી સૂરતિ જોવતાં, મનમાં ગહગહીયે હો. કુ૦ ॥૭॥ કુમરી કહે સુણો તાતજી, મુજ સંકટ વાર્યો હો; એ ઉપગારી માહરો, રાક્ષસ એણે માર્યો હો. કુ૦ ॥૮॥ ઇણભવે એ વર માહરો, પરણું નહીં બીજો હો; કરતા એ નર છે ધણી, આહું નહીં ત્રીજોહો. કુ૦ ॥૯॥ હરખ્યો રાજા ચિત્તમેં, વૃતાંત સુણીને હો; થઇ કૃતારથ તાહરી, તુજ માય જણીને હો. કુ૦ ॥૧૦॥ તેં પુત્રીભય ટાળીયો, હવે હરખ વધાર્યો હો; કૃપા કરી મુજ ઉપરે, પુરમાંહિ

પધારો હો. કુ૦ ॥૧૧॥ ચપલ તુરંગમ કુમર ચડો, ચાબખ હયો હાથેં હો; બહુપરિવારે પરવરો, ચાલો મુજ સાથે હો. કુ૦ ॥૧૨॥ પુન્યવંત જાયે જિહાં, તિહાં આદર પામે હો; ઢાળ થઈ ત્રેવીસમી, જિનહર્ષ સુઠામેંહો. કુ૦ ॥૧૩॥

॥ દોહા ॥

પુન્યે મનવંછિત ફળે, પુન્યે પૂગે આસ;
લચ્છિ મળે અણચિંતવી, પુન્યે લીલવિલાસ. ॥૧॥
પુન્યવંત નર જે હુવે, મોટાં માને તાસ;
દીઠાં આખડીયા ઠરે, મળીયાં હોય ઉલ્લાસ. ॥૨॥
પાન પદારથ સુગુણનર,
.................................................. ॥૩॥
સગુણાને ચાહે સહુ, નિગુણા નાદર હોય;
પીતલ પીત પડયા હોઇ, તો પીત ગ્રહે સબ કોય. ॥૪॥
આગ્રહશું તેડીગયો, કુમરીકેરો તાત;
પદ્માવતી મુજ દીકરી, પરણો એ મુજ વાત. ॥૫॥

## ॥ ઢાળ ૨૪ મીં ॥

સહીયાં મોરી રાઉલ ભીમ વધાઈ લહે...એ દેશી

સહીયાં મોરી પરણે લાડો લાડલી, ચાલો જોવા જાય હે; સ૦ રાજા ઘેર વધામણું, સાજન બહુ મળીઆયહે. ॥૧॥ સ૦ ધવળ મંગલ ગાએ ગોરડી, વાજે ઢોલ નિશાણ હેં; સ૦ વરરૂપે સુર સારીખો મળીયો સુગુણ સુજાણહે. ॥૨॥ સ૦ ખૂંપ ભર્યો રતને-

જડચો, આભરણેં દીપાયહે; સ૦ વર વરઘોડે નીસરે, સહુનેં અધિક સુહાયહે. ॥૩॥ સ૦ રાયકુમર કોઈ આવીઓ, કુમરીકેરે ભાગહે; સ૦ પૂરવપુન્યે એહની, શિર લખ્યો સોભાગહે. ॥૪॥ સ૦ પુરમાં નરનારીભણી, અધિક થયો ઉચ્છાહ હે; સ૦ રાય કિયો આડંબરે, કુમરીનો વિવાહહે. ॥૫॥ સ૦ હાથ મેલાવેં હાથીયા, દીધાં ચપલ તુરંગહે; સ૦ મણિ માણેક ધન આપીયા, આભરણ કીધ સુરંગહે. ॥૬॥ સ૦ વરકાજે રહેવા ભણી, દીધા અવલ આવાસ હે; સ૦ ભામીનીશું સુખ ભોગવે, વારૂ વિવિધ વિલાસ હે. ॥૭॥ સ૦ કુમર વિચારે ચિત્તમાં, થયો અચિંત્યો કામ હે; સ૦ તેહ કામ વચમાં રહ્યું, પહોંચ્યો નહીં તેણ ઠામહે. ॥૮॥ સ૦ ભક્તિ કરે બહુ ભામિની, હરખે કરે હાવભાવહે; સ૦ પણ મન તાસ ભીંજે નહીં, જળમાંહિ જેમ ગ્રાવહે. ॥૯॥ સ૦ મનમાંહી એમ ચિંતવે, તે દિન કહીએ હોયહે; સ૦ કનકવતી કુમરી તણે, હરખું નયણે જોય હે. ॥૧૦॥ સ૦ કુમર કહે કુમરી સુણો, હું જાઇશ પરદેશહે; સ૦ પીયરમાં રહેજો તુમે, વહેલોહી આવેશ હે. ॥૧૧॥ સ૦ તાત જમાઈ તુમતણો, ચાલે છે પરદેશહે; સ૦ અજિતસેનને તેડીને, ભાખે એમ નરેશ હે. ॥૧૨॥ સ૦ શે કારણ ચાલો તુમે, કામ કિશું કહો તેહ હે; સ૦ કહે જિનહર્ષ પૂરી થઈ, ઢાળ ચોવીશમી એહ હે. ॥૧૩॥

॥ દોહા ॥

મોટું કારજ માહરેં, કરવું છે મહારાજ;
વળતો ઈણ ઠામે વળી, કરી આવીશ હું કાજ. ॥૧॥

પણ એક કામ કરો તમે, સહુ નેખૂઆ તેડાવિ;
રાયેં તુરત તેડાવીયા, પૂછયો નગર વતાવિ. ॥૨॥
તેહ કહે જાંણું નહીં, અમ ગરઢો છે એક;
તેડી પૂછો તેહને, જાણે સહુ વિવેક. ॥૩॥
વૃદ્ધ તેડાવ્યો તે કહે, એ વિષમ છે કાજ;
સાયરમાં દોઈ ડુંગરા, તે વિચે મારગ રાજ. ॥૪॥
આવે વેળ યદા વિચે, તત્ર તે વાટ ઢંકાય;
વેળ વળી પાછી વળે, માર્ગ પ્રગટ તવ થાય. ॥૫॥
નગર સાનસાઈ ભણી, તેવારે જવ રાય;
તે દેખાડી પાછો વળુ, જો ધન આપે રાય. ॥૬॥
મુહ માગ્યો ધન આપીયો, વાહણ સજ્યા તેણીવાર;
શુભમહુરત લેઈ કરી, ચાલણ થયા તૈયાર. ॥૭॥

## ॥ ઢાળ ૨૫ મી ॥

થારાં મોહલા ઉપર મેહ- એ રાગ.

માંને એકલડી મત મૂકોરે વ્હાલા નાહલા મારૂજી, મુજ વિનતડી અવધાર પીયાજી ભલા ભલા મારૂજી; પરણી તરૂણી નિજપાસ ભલીપરે રાખીયે મા૦, જોવનવતીનો પ્રેમ યૌવનરસ ચાખીયે. મા૦ ॥૧॥ હું તો અબળા વિણકંત સ્મરણ કરૂં કેહનો મા૦; હું બાળી જોબનવેશ સ્વરૂપ એ દેહનો મા૦; તુજવિણ દિન દુષ્કર જાય છમાસી રાતડી મા૦, કંતા કરીયે કિણસાથ હૈયાની વાતડી. મા૦ ॥૨॥ તુમે માહરા જીવનપ્રાણ જીવન જીવનજડી મા૦; તુમ વિરહ ન સહેંણેં જાય કિમ એકાઘડી. મા૦; રહેશું પીયુપાલવ જાલિકે ચાલણ દીઉં નહીં મા૦, પ્રાણેં ચલેશો તો પ્રાણ તજું કેડે સહી.

મા૦ ॥૩॥ મુજશું છોડીને પ્રીત જાણું છું કારમી મા૦, મુખ ઉપર જી જીકાર હૈયામાં ના રમી. મા૦; માહરો લાગો રંગ સુરંગ સુરંગી સારિખો મા૦, મુજને દુઃખ તુજ દુઃખ કોઈ નહીં પારખો. મા૦ ॥૪॥ મુજ હયો પ્રીતમ સાથ ન રહેશું એકલી મા૦, નિજપ્રીતમ સાથ નારી ચલી દીસે ભલી. મા૦; વરસે પાવસ જલધાર કે આંસૂ લોયણે મા૦, કહો જાશો કિણ ગામકે કેતેક જોયણે. મા૦ ॥૫॥ મુજ હીયડૂં હોઈ શતખંડ નાહલીયા તો વિના મા૦, વેલડીયાં વિણવરસાત સૂકે જાણું કિનાં૦ મા૦; હથ લેવાનઈ મિસે બોલ દીઓ છે મોભણી મ૦, તો છોડી જાઓ કેમ કે પરણી આપણી. મા૦ ॥૬॥ પંખી પણ ન કરે નિજ નારી નજરથી વેગળી મા૦; તુમથી તવ તેહની પ્રીત ખરી મેં અટકળી મા૦, ભેળાં બેસે થઇ સાંજ કે માળામાં મળી મા૦, જોવો પશુઆની પ્રીત કહું છું વળી વળી. મા૦ ॥૭॥ હું તો સાથ ન છોડું નાથ તુમારો ઇણઘડી મા૦, રાખો હવે આપણે પાસ કહું પાયે પડી. મા૦; સો વાતે એકવાત રહીશ નહીં હું કિમે મા૦, જિનહર્ષ કહે એ ઢાળ થઇ પચવીસમી. મા૦ ॥૮॥

॥ દોહા ॥

સુણ સુંદરી ભાખે કુમર, સાથે કેમ લેવરાય;
પગબંધન નારીતણો, કામ ન કીધો જાય. ॥૧॥
તેમાટે તું રહે ઈહાં, ચિંતા મત કરેસ;
જો જગદીસ કીઓ હશે, તો વહેલો આવેસ. ॥૨॥
નિસદિન સાસતણી પરે, તું સાંભરીશ સુજાણ;
પાવક જેમ પ્રજાળશે, તુજ વિયોગ મુજ પ્રાણ. ॥૩॥

પણ અવસાઉિ માહરે, કરવો છે તે કામ;
તે કીધા વિણ નવિ સરે, શું કહીયે લેઇ નામ. ॥૪॥
તું મુજ હિયડામાંહી છે, બહુ ગુણવંતી નાર;
પંજર પરદેશી હૂઓ, જીવ તુમારે હ્હાર. ॥૫॥
પ્યારી નારી માહરી, તુજશું અવિહડ પ્રીત;
શીખ દીયો હવે મુજ ભણી, જેમ ચાલું થઇ નચિંત. ॥૬॥
નયણે આંસુ નાખતી, ભાખે એણીપરે વાણ;
સધાવો ને સિદ્ધ કરો, થાઓ કુશળ કલ્યાણ. ॥૭॥

## ॥ ઢાળ ૨૬ મી ॥

સીયાળો હે ભલે આવીયો. એ રાગ.

વાહણ બેઠાં બેહુ જણાં, વોળાવી હે વળીયા રાયરાણ કે; સહીયાં હે પીયુ ચાલીઓ. મંદિર થયો ઝાંખરૂં, એ તો વાગ્યા હે સખી વિરહ નીસાણ કે. સ૦ ॥૧॥ સાયરમાં હેમેં ચલતા દીઠ કે; હીયડું ત્યાંહીસું ગયું, એતો લોયણ હે સખી ચાલ્યા નીઠ કે. સ૦ ॥૨॥ દરીયામાંહે ચાલતાં, દોઇ ડુંગરહે આયા તિણઠામ કે સ૦, વાટ દેખાડી તે વહ્યો, ઉછક થઇહે આગેં ચલ્યો તામકે. સ૦ ॥૩॥ આગે એકથળ નિરખીઓ, અતિઉંચો હે લાગ્યો અસમાન કે; રબારી તિણ ઉપરે, ચારે બકરી હે દીઠો યમવાન કે. સ૦ ॥૪॥ રૂપ કુરૂપ બીહામણો, નરરૂપે હે જાણે કોઈ ભૂંછ કે; દાઢી તો ગાઢી વધી, મુખ દીસે હે નહીં મળી ગઇ મૂંછ કે. સ૦ ॥૫॥ કુમર તિહાં આવી કરી, બોલાવ્યો હે રબારી તામકે, પશુપાલક માનવી, મુજ કહેને હે

ઈહાં કુણુ ગામ કે. સ૦ ॥૬॥ તે કહે રે સુણ પંથીયા, ઈહાંથી છે રે ગામ ગાઉ સાતકે, સાંજ થઇ જવાયે નહીં, વાટ વિષમી હે છે સાંભળ વાત કે. સ૦ ॥૭॥ મુજ રહેવાની કંદરા, આવીને હે તિહાં કરી વિશ્રામ કે; તાસ વચન માન્યું ખરૂં, આગે ચાલ્યો હે રબારી તામકે. સ૦ ॥૮॥ કુમર તાસકેડે ચલ્યો, ભય નાણ્યો હે ધરી સાહસધીરકે; દ્વારશીલા કીધી પરી, અતિ મોટી હે રબારીવીર કે. સ૦ ॥૯॥ માહે પેઠાં બેઇ જણા, વળી આડી હે દીધી શીલા દ્વાર કે; આઘામાહિં પહોચ્યાં જીસેં, ગૃહ દીઠો હે સુંદર આકાર કે. સ૦ ॥૧૦॥ નૃપસુત આગળ જઈ જોવે, ભટ બેઠાં હે દીઠા દસ આઠ કે; ચોરી એક બળે તિહાં, માંહે ઝાઝા હે ઘાલ્યા છે કાઠ કે. સ૦ ॥૧૧॥ રબારી ઘાલી ગયો, જવ દીઠા હે તે પુરૂષ રતન્ન કે; શિર ધૂણીને ઇમ કહે, કેમ આવ્યો હે ઈણ ઠામ પ્રછન્નકે. સ૦ ॥૧૨॥ આગળે રહ્યા અમે અછું, અતિ દુઃખીયાહે પડીયા દુઃખજાળ કે; છળ કરી આવ્યો છવીસમી, પૂરી થઇ એ જિનહર્ષ એ ઢાળ કે. સ૦ ॥૧૩॥

॥ દોહા ॥

તેહભણી પૂછે કુમર, દુઃખ કિસ્યો તુમ વીર;
જે છે તે મુજ દાખવો, ભાંગું થઈ સધીર. ॥૧॥
સાહસીક સુણી તે કહે, એ છે રાક્ષસઠાંમ;
ભૂલાંચૂકાં માનવી, ઇહાંકણે આવે જામ. ॥૨॥
રબારીરૂપે રહે, ભોળવી ગુફા મઝાર;
આણી દિનદિન એક નર, પચવી કરે સંહર. ॥૩॥

તે પાપી ભક્ષણ કરે, આ દ્વીપની ગતિ એહ;
તેમ તાહરી પણ ગતિ હોશે, દુઃખ કરીએ છીએ તેહ. ॥૪॥
કુમર કહે ધીરજ ધરો, મ કરો ચિંતા કાંઈ;
પરમેશ્વર કરશે ભલું, પાયે લાગ્યા ધાઈ. ॥૫॥

## ॥ ઢાળ ૨૭ મી ॥

વણઝારારે- એ રાગ.

નર કહે સાંભળ નરપતિ બલવંતા રે, તું તો દીસે છે બળવંત. બ૦; રાક્ષસ પણ છે મહાબલી, બ૦, તેને જીપીશ તું કેમ. બ૦ ॥૧॥ કુમરકહે તુમે સાંભળો બ૦, રચશું કોઈક પ્રપંચ. બ૦; રાક્ષસ બાંધીને નાખશું બ૦, કરશું કોઈક સંચ. બ૦ ॥૨॥ રાક્ષસ આવ્યો જેટલે બ૦, એ તો સાંજસમે ઘરમાંહી બ૦; નાખે પાવકમાં જિસે બ૦, એક પુરૂષ ભણી કર સાહી. બ૦ ॥૩॥ નવપદધ્યાન હિયડે ધરી, બ૦, નવિ જાણે ઉઠ્યો તામ. બ૦; બાંહ અપૂંઠી બાંધીયો બ૦, નાખ્યો લેઇ તેય ઠામ. બા૦ ॥૪॥ ઢીંકાપાટુ ઘાએ કરી બ૦, કૂટી કીયો કૂણો તાસ૦ બ૦; નર સહુ રાખ્યા જીવતાં બ૦, તે કહે અમે તાહરા દાસ. બ૦ ॥૫॥ શીખ દીધી જાઓ તમે બ૦, પહોંચો નિજ ઘરબાર બ૦, પાયે લાગી કુમરને બ૦, ચાલ્યા માની ઉપગાર. બ૦ ॥૬॥ ચાલ્યો કુમર તિહાં થકી બા૦, આગે દીઠો પુર એક. બ૦; માંહે ઉંચા મહેલ અનેક. બ૦ ॥૭॥ પેઠો પુરવાર જોઇવા બ૦, ભર્યા કનક રતન આવાસ. બ૦; નગર સહૂં જોયું ફરી બ૦, ગયો રાજભુવન ઉલાસ.

બ૦ ॥૮॥ કનક સિંહાસન નિરખીયો બ૦; નૃપસુત બેઠો તિહાં જાય. બ૦; રવિ આથમીયો એટલેં બ૦, અણકીધાં દીવાથાય. બ૦ ॥૯॥ સસંભ્રમ મનમેં ઉપનો બ૦, ચિંતે એમ મને સાર બ૦; કોઈકતો ઇહાં આવશે બ૦, દીસે એહવો આકાર. બ૦ ॥૧૦॥ કુમર તિહાંથી ઉઠીયો બ૦, બેઠો જઇ છાનેંઠામ. બ૦; જાળીમાં જોવે રહી બ૦, ગાલીચા પથરાણા તામ. બ૦ ॥૧૧॥ આવી કન્યા એટલે બ૦, બહુ નારીકેરે વૃંદ. બ૦; અનુપમ રૂપ સોહામણું બ૦, જાણે મુખ સોહે ચંદ. બ૦ ॥૧૨॥ બેઠી કનકસિંહાસને બ૦, દાસી કરે જી જીકાર. બ૦; ચામર ઢાળેં ચિહુંદીસેં બ૦, એક ઉભી સ્ત્રી છત્રધાર. બ૦ ॥૧૩॥ એક બીડું દે પાનનું બ૦, એક ધોવે દાસી પાય; બ૦; ઢાળ થઈ સત્તાવીસમી બ૦, શ્રવણ જિનહર્ષ સુહાય. બ૦ ॥૧૪॥

॥ દોહા ॥

ઠકુરાણી જંપે ઈશું, દાસીભણી તેવાર;
લાવેં જઇ ઉતાવળી, બકરાનો પલ સાર. ॥૧॥
રબારી બેસે જિહાં, દાસી તિહાંકણે જાય;
દીઠો તિહાં બાંધ્યો પડયો, છોડયો પાસેં આય. ॥૨॥
કહે તુજને બાંધ્યો કેણે, મુજનેં વાત સુણાય;
લાવે માંસ બકરીતણો, ઠકુરાણી મંગાય. ॥૩॥
દાસી તેડીને આણીયો, ઠકુરાણીને પાસ;
રબારી કરજોડીને, કરે એમ અરદાસ. ॥૪॥
સાંભળ મારી સ્વામિની, કરો હમારી સાર;
કોઈ નર બાંધી ગયો, દેઇ મહોકમ માર. ॥૫॥

કેમ બકરી પાળું કહો, કેમ કરૂં સાર સંભાળ;
શીખામણ દ્યો તેહને, વળતી ન કરે આળ. ॥૬॥
જોવરાવ્યો લાધ્યો નહીં, છાનો રહ્યો કુમાર;
કીધી તિણ નારી તિહાં, ક્રીડા વિવિધ પ્રકાર. ॥૭॥

## ॥ ઢાળ ૨૮ મી ॥

કપૂર હોવે અતિ ઉજળો રે...એ રાગ.

એટલે પ્રાતઃ સમય થયો રે, લેઇ નિજ પરિવાર; નારી અનેથઠામેં ગઈ રે, પ્રગટ્યો કુમર તેવાર રે. મનમેં ચિંતે કુમર સુજાણ. ॥૧॥ એ મોટો સંકટ ટળ્યો રે, માહરે પુન્ય પ્રમાણ રે. મન૦; તે હવે નગરથી ચાલીયો રે, દીઠો એક અસવાર; એક તુરંગ હાથે ગ્રહ્યો રે, બોલાવ્યો તેણવાર રે. મ૦ ॥૨॥ અહો પંથી દીસે ભલો રે, દેહ તણોં આકાર; દેખી રળીયાયત થયો રે, મિત્ર થાઓ અસવાર રે. મ૦ ॥૩॥ શકુન ભલો મુજને મળ્યો રે, ચઢસ્યે કાજ પ્રમાણ; અશ્વે ચડ્યો ઉત્સાહશું રે, ઉદયાચલ જેમ ભાણ રે. મ૦ ॥૪॥ બે અસવાર ગગનેં ચડ્યા રે, પવનતણી ગતિ જાય; સાનસાઈપુર આવીયા રે, વાર ન લાગી કાંય રે. મ૦ ॥૫॥ કુમર પુછે સાથી ભણી રે, કુણ એ નગર કહાય; સાનસાઈપુર એમ કહી રે, તતખિણ અદૃશ્ય થાય રે. મ૦ ॥૬॥ હૃદય કુમરનું ઉલસ્યું રે, રોમાંચિંત થઇ દેહ; ઉત્કંઠા જેહની હતી રે, નયણે દીઠો તેહ રે. મ૦ ॥૭॥ પણ માણસ માંહે નહીં રે, એતો કારણ કોય; પુરમાં આવ્યો પ્રેમશું

રે, રાજ ભુવન ગયો સોહ રે. મ૦ ॥૮॥ સોવન-સિંહાસન તિહાં રે, માંડયો ઝાકઝમાળ; શય્યા એક તિહાં પાથરી રે, સુંદર અતિસુકુમાળ રે. મ૦ ॥૯॥ સૂતો કુમર તિહાં જઇ રે, બાંધી અશ્વ એક થંભ; ઇણ અવસર આવી તિહાં રે, રમઝમ કરતી રંભ રે. મ૦ ॥૧૦॥ સેજે સૂતો નીરખીઓ રે, હીયડે હેજ ન માય; કહ્યું હતું મુજ સ્વામિની રે, કુણ જાણે તે થાય રે. મ૦ ॥૧૧॥ બીજો કુણ આવે ઇહાં રે, કુણ પોઢે ઇણ સેજ; પણ આવ્યો છે જેહનો રે, કનકવતીસ્યું હેજ રે. મ૦ ॥૧૨॥ તો ઉઠાડયું શયા ભણી રે, હુઓ દીપ ઉજાસ; કસબ જલેચા આપહણી રે, પથરાણાં સુપ્રકાશ રે. મ૦ ॥૧૩॥ પગર ભરાઇ પાનફૂલનાં રે, ધૂપ ધરી ઉખેવાય; ચૂઆ ચંદન છાંટણાં રે, ખૂશબોઇ મહકાય રે. મ૦ ॥૧૪॥ દેવ ભુવન સરીખો થયો રે, તે મંદીર તતકાળ; એ જિનહર્ષ પૂરી થઇ રે, અઠાવીસમી ઢાળ રે. મ૦ ॥૧૫॥

॥ દોહા ॥

પગમાં ચામીકરતણી, જેહડ સોહે સાર;
પાયે ઘમકે વીંછીયા, ઘૂઘરીયા ઘમકાર. ॥૧॥

ષટદશ સજીયા ખાંતિશું, નખશિખ તે શણગાર;
ઇંદ્રભુવનથી ઉતરી, જાણે અપછર નાર. ॥૨॥

વીણા તાલ મૃદંગ ધ્વની, નારીતણો પરિવાર;
આવી ઠકુરાણી તિહાં, વાઘચડી સિરદાર. ॥૩॥

બેઠીં સિંહાસન જઈ, જડી સભા તેણીવાર;
રાગરંગ નાટક કરે, પડી રહ્યો ધોંકાર. ॥૪॥

કુમર તિહાં સૂઈ રહ્યો, કપટ નીંદ્રાએ જામ;
દ્રષ્ટિ ગઈ શય્યાદિસે, કનકવતીની તામ. ॥૫॥

## ॥ ઢાળ ૨૯ મી ॥

હવે શક્ર સુઘોષા વજાવે...એ રાગ.

કુણ એ નર સૂતો મુજ શય્યા, ઘોરે તે મુકી ભયલજ્જા; બીહે નહીં મુજથી એ બળીયો, આસંગાઇત મેં અટકલીયો. કુણ૦ ॥૧॥ દાસી કહે સાંભળ ઠકુરાણી, તુજને સુણાયો અમૃત વાણી; હું આવી તવ દીઠો સૂતો, ચકિત થઇ મનમાંહિ હુંતો. કુણ૦ ॥૨॥ મેં જાણ્યું કારણ છે કોઇ, તુમે કહેતાં તે નર સહી હોઇ; તુમચે હેતે આયો હોશે, આપહણી રાણી તે જોસ્યે. કુણ૦ ॥૩॥ ઓળખીઓ પગને અહિનાણે, કુમર અજિતસેન મનમાં જાણે; આવ્યો એ નર વિષમે ઠામે, હું બલિહારી એહને નામે. કુ૦ ॥૪॥ પ્રેમતણે પાસે બંધાણો, આવ્યો ઈહાં નેહે તણાણો; એહનો રાગ ખરો મુજ સેતી, આવ્યો લંઘીને ભૂંઈ એતી. કુ૦ ॥૫॥ રાજલીલા સુખ છાંડી વિલાસા, રંગીલો ધરી મન મુજ આશા; એહવા નરશું પ્રીત ન જોડી, એણે જોડી પણ મેં તો તોડી. કુ૦ ॥૬॥ હવે એહશું મારૂં મન મેલું, દૂધ માંહે હવે સાકર ભેળું; મેં છોડયો પણ એણે નવી છોડી, મુજ કારણ આવ્યો ઇહાં દોડી. કુણ૦ ॥૭॥ મેં એહશું અવગુણ બહુ કીધો, ઇણે તે અવગુણ ગુણ કરી લીધો; મુજ સરીખી અધમ ન કોઈ, એહને છેહ દેઇને આઈ. કુ૦ ॥૮॥ અવગુણ પોતાનો જે

જાણે, પરની દોહરમ મનમેં આણે; સજ્જનનાં ગુણ તેહ પિછાણે, તે માણસશું મળીએ પરાણે. કુ૦ ॥૯॥ આપણશું જે રહઇ રાતા, દેખી દેખી પામે શાતા; તેહને પૂઠ કહો કેમ દીજે, તેહને તેડી આઘા લીજે. કુ૦ ॥૧૦॥ જે આપણા હિતસ્યું ચાહે, જેહનો મન મળવા ઉમાહે; તે સજ્જનને છેહ દેખાવે, માણુસ નહીં તે ઢોર કહાવે. કુણુ૦ ॥૧૧॥ સજ્જનશું સજ્જન મન ભાવે, સાચા મનશું પ્રેમ બનાવે; તે માણુસનો ઉત્તમ પરણો, મિત્રપણો તે સાથે કરણો. કુણુ૦ ॥૧૨॥ ગુણ ઉપર ગુણ કરે સહુ કોઇ, અવગુણ ઉપર ગુણ કરે કોઈ; અકર્તણો પગ કરક ન રાખે, એહવા સયણ મળે એક લાખે. કુ૦ ॥૧૩॥ ધન ધન એ નર પર ઉપગારી, મુજને મનથી નવિ વિસારી; ઢાળ ઓગણત્રીસમી એમ સમરી, કહે જિનહર્ષ ચિંતે રાયકુમરી. કુ૦ ॥૧૪॥

॥ દોહા ॥

એમ ચિંતે કનકાવતી, ચતુર વિચક્ષણ નારી;
અવગુણ ઉપરે ઈણે મને, મેલી નહીં વીસારી. ॥૧॥
સજ્જન ચંદન સારીખા, દેહીલા ઈણ સંસાર;
છેદ્યા પણ સુંગધ દે, ન ધરે રોષ લગાર. ॥૨॥
સજ્જન દુર્જન નવિ હોવે, જો રૂસે સો વાર;
અંબ ન હોવે લીંબડો, ...તિ સહકાર. ॥૩॥
અગર તણે અનુહાર, પીડયાં બહુ પરિમલ કરે;
તે સજ્જન સંસાર, જે જગમેં દોહીલા મળે. ॥૪॥
સજ્જન એહવા લોડીએં, જેહવા કૂઈ કોસ;
પગશું પાછા ઠેલીએં, તોહી નાણે રોશ. ॥૫॥

## ॥ ઢાળ ૩૦ મી ॥

લાછલદે માત મલ્હાર...એ રાગ.

આણી પ્રેમ અપાર, ઉઠી તિહાંથી નાર, આજ હો........પાગતીયા પચતલાં સતીરે; જાગો પ્રીતમરાય, લળી લળી લાગું પાય, આ૦ વિણ દીઠાં ન સુહાવે જોઉં છું તે વતી રે. ॥૧॥ નયણ ઉઘાડયાં જામ, જાણ્યું સિધ્યા કામ, આ૦ દીઠીરે આંખડી મીઠી કાંમની રે, નયણ મળ્યાં તિણવાર, સાકર દૂધ મજાર, આ૦ ભામણડાંરે હયે પ્રેમાતુર ભામિની રે. ॥૨॥ પામ્યો પરમા આણંદ, ઉગ્યો સુરતરૂ કંદ, આ૦ ભલેરે પધાર્યા ઘણરા નાહલારે; જે થાય પડી કરજોડ, ગઇ–રયો મુજ ખોડિ, આ૦ રખે સંભારો તુમ થાઓ ભલારે. ॥૩॥ બોલે મધુરી વાણ, કુમરી ચતુર સુજાણ, આ૦ મેં તો અપરાધ કીઓ છે તાહરો રે; પણ છો તુમે ગંભીર, તુમ ગુણ નિર્મલ ખીર, આ૦ અવગુણરે નાણયો મનમેં માહરો રે. ॥૪॥ ધન્ય દિન ઉગ્યો આજ, નયણેં દીઠા રાજ, આ૦ કરહારે (કર) પડીયા સાકરનાં આંગણે રે; દૂધે વૂઠ્યા મેહ, સીતલ થઇ મુજ દેહ, આ૦ આવ્યા રે પ્રાણેસર ઉમાહે ઘણે રે. ॥૫॥ આંગણે મોતીરેલ, મંડપ સુરતરૂવેલ, આ૦ વાલેસર માહરે ઘરે આવ્યા પ્રાહુણારે; હીયડા કુંપલ-મેલ, પ્રીતમશું હવે ખેલ, આ૦ માહરે રે મંદિરે રંગ વધામણાં રે. ॥૬॥ સાજન મળીયા આજ, સીધ્યાં સઘળાં કાજ, આ૦ મળીયારે રઢીયાળા મનરા માનીયા રે; સફળ ઘડી દિન માસ, સફળ ફળી મુજ

આસ, આ૦ મેલો રે પ્રીતમજી કેરો પામીયાજી. ॥૭॥ વાટ ઘાટ ધન દેસ, જિણે પ્રીય કીઓ પ્રવેસ, આ૦ ધન ધનરે સાનસાંઈ નગર સોહામણો રે; જિહાં આવ્યા મુજ નાહ, આવી કીયો ઉચ્છાહ. આ૦ ચરણે રે કીધો કાંઈ પાવન આંગણો રે. ॥૮॥ ધન્ય એ મંદિર સેજ, પીયુ પોઢયા ધરી હેજ, આ૦ ધન ધન રે હું મુજ ઘર મંડન આવીયારે; મુજને મળીયો નાથ, હવે રાખશું ગ્રહી બાથ, આ૦ હુઆરે માહરા મનકેરા ભાવીયાજી. ॥૯॥ વચન સુણો પ્રભુ મુજ, દેવસભાએ તુજ, આ૦ હું પણ દાસી છું સાહિબ તાહરી રે; એ સહુ રાજ ભંડાર, તું ભોગવ ભરતાર, આ૦ પૂરોરે આસડીયાં ઇહાં માહરી રે. ॥૧૦॥ તું ચિંતામણિ આજ, મેં પામ્યો વરરાજ, આ૦ સફલો જમવારો કરશું હું હવેરે; એહ ત્રીસમી ઢાળ, કહી જિનહર્ષ રસાળ, આ૦ કુમરી રે નૃપસુત આગે ઇણિ પરે લવે રે. ॥૧૧॥

## દોહા

કનકસિંહાસન થાપીઓ, બેઠો રાજકુમાર;
કુમરી સન્મુખ જોવતી, થાકે નહીં લગાર. ॥૧॥

જેહને મળવાની હુંતી, મુજ મનમાંહી આસ;
નયણે દીઠી ગોરડી, હિયડે થયો ઉલ્લાસ. ॥૨॥

મુહ માગ્યા પાસા ઢળ્યાં, અમૃત વરસ્યા મેહ;
સજ્જન નયણે નિરખીયા, સુપને મળતા જેહ. ॥૩॥

કદિ મળશે કનકાવતી, કહીંઈ દેખીશ દીદાર;
રાતદિવસ એમ ધ્યાવતો, તે મેલી કિરતાર. ॥૪॥

પ્રમદા પ્રેમેં સહિત, સુકુલીણી ગુણવંત;
એહવી તોહિજ પામી એ, જો પૂજ્યો હોય ભગવંત. ॥૫॥

## ॥ ઢાળ ૩૧ મી ॥

મોતીના ગીતની દેશી.

પીયુના લોચનને સુખકારી, હવેં માંડે નાટક તે નારી; કામિની પીયુનો મન મોહે, મન મોહે મન મોહનગારી, મન મોહે પ્રેમાતુર પ્યારી. કા૦ ॥૧॥ પાંચ સાત સખીયન મળી ટોળી, સુંદર પહેરી પીત-પટોળી; કાળે કમેખેં કાંચૂકસીયો, ગૌરવર્ણી જોબન ઉલ્લસીઓ. કા૦ ચોળીમાં નિજ ગાત ન માવે, કલશ તણીપરેં ઉલ્લસિત થાવેં. કા૦ ॥૨॥ ચાળા ચરણ-તણાં ચાલવતી, નયણેં નાહતણો મન હરતી; હાથે સઘળા ભાવ દેખાવે, ચતુરપણે પીયુચિત્ત રીઝાવે. કા૦ ॥૩॥ ઘૂંઘટમાં કરે મુખનો મટકો, જાણે નાગણી વેણી લટકો; કટીતટિ સોવન મેખલા રૂડી, હાથે ખલકે સોવનચૂડી. કા૦ ॥૪॥ ચંદ્રવદન નાસા અણી-આળી, જાણેં દીપશીખા સુવિશાળી; ગલ્લસ્થલ જાણે આરીસા, નયણ કચોળા બે સારીખા. કા૦ ॥૫॥ હીરાદંત અધર પરવાળા, કંઠ ત્રિરેખા હૃદય વિશાળા; પીન પયોધર કંચનવરણા, કામી પુરૂષતણા મનદહણા. કા૦ ॥૬॥ ક્ષામોદર વરકેસરીલંકી, દેખી નાગકુમારી શંકી; રંભથંભ વિપરીત તણી પરે, જંઘાજુગલ વિરાજે સુંદર. કા૦ ॥૭॥ ચરણ કનક કચ્છપ રઢીયાળા, દીપે નખ રવિકિરણ જ માળા; હેમે જડીયા રતન ઉદાર, શોભંતા પહેર્યા શણગાર. કા૦

॥૮॥ એક મૃદંગ બજાવે નારી, વીણા એક બજાવે સારી; એક વજાવે તાલ કંસાલા, ભંગળ ભેર વજાવે બાળા. કા૦ ॥૯॥ નૃત્ય કરી કનકાવતી કુમરી, ભાવ દેખાવે દેતી ભમરી, તાતા થૈ થૈ થૈ કરતી, ઘુંમર દેતી ગાવે રમતી. કા૦ ॥૧૦॥ એણીપરે અનોપમ નાટક કીધું, કુમર જાણે મુજ વાંછિત સીધું, એ કુળવંતી ને સતવંતી, પામી પુન્યે બહુ ગુણવંતી. કા૦ ॥૧૧॥ તેલ સુગંધી મંગાવી લેવે, કુમરી નિજકર મર્દન દેવે; એકત્રીસમી થઈ ઢાળ મોતીની, એ જિનહર્ષ કહે મેં કીની. કા૦ ॥૧૨॥

॥ દોહા ॥

ગંધોદક તપ્તોદકે, સ્નાન કરાવ્યું તાસ;
મારગ શ્રમ ઉતારીયો, કીઓ અંગૂછો ખાસ. ॥૧॥
પહેર્યાં વાઘા શોભતાં, શોભાવતી અપાર;
ઉતરીઓ આકાશથી, જાણે દેવકુમાર. ॥૨॥
મળી તિહાં દાસી સહુ, ગાવે ધવલ ઉછાહ;
વરી કુમરી કનકાવતી, કરી ગંધર્વ વિવાહ. ॥૩॥
ફળ્યાં મનોરથ મનતણાં, પુન્યતણે સુપસાય;
પુન્યે લચ્છી લીલા મળે, પુન્યે બહુસુખ થાય. ॥૪॥
પુન્યે મનગમતી મળે, મહિલા રૂપરતન;
પુન્યે હયગય રાજરૂદ્ધિ ભોગવીયે પરધન્ય. ॥૫॥

# ॥ ઢાળ ૩૨ મી ॥

બીંદલીની દેશી.

મંદિરમે પલંગ ઢળાવે, સુકુમાળ તળાઈ

પથરાવે; કુમરી મનરંગે; મનરંગે સુખસંગે, નરનારી પ્રેમ અભંગે. કુ૦; ગાલમસુરીયા ચંગા, બિહુ દિસે ઓસીકા સુરંગા. કુ૦ ॥૧॥ દીપક દીપે બિહું પાસે, કૃષ્ણાગરૂ ધૂપ સુવાસેં. કુ૦; ચૂઆ ચંદન કસ્તુરી, ઘનસાર સુગંધે પૂરી. કુ૦ ॥૨॥ પોઢયા તિહાં પુન્યસંજોગા, તિહાં બેઈજણા ભોગા કુ૦; નરભવમેં સુર-સુખ વિલસે, વરવધુ નીહાળી હરસે કુ૦ ॥૩॥ નિશદિન સુખમાંહે ગમાવે, પુન્યર્દ્ધિ તાસ કમાવે; ઇણિપરે બહુ રંગભર રમતાં, મનગમતાં ભોગ ભોગવતાં. કુ૦ ॥૪॥ જાયો સુત પૂગી આશા, મનમાન્યા ઢળીયા પાસા કુ૦; ગાવે ધવળ મંગળ મળી નારી, કીકા તુજ ઉપર વારી. કુ૦ ॥૫॥ સુત આઠ વરસનો હુઓ, લાવણ્યરસભર કૂઓ કુ૦; નામ અમરસેન દીધો, માય બાપનો મનોરથ સીધો. કુ૦ ॥૬॥ નૃપસુતની આશા ફળીયાં, દિન દિન અધિકી રંગરળીયા; એકદિન કુમરી ઉત્કંઠે, ચાલી રમવા સાયર કાંઠે. કુ૦ ॥૭॥ સુકુલીણી કહે સુણ કંતા, તુમે રહેજો ઇહાં નચિંતા; જો ઘરમાંહી ન સુહાવે, તો બાગમાં જાજો મન ભાવે. કુ૦ ॥૮॥ સુતશું ઇહાં –ક્રીડા કરજો, વહેલી આવીશ રતિ ધરજો; સીખવચન કહું એક માનો, એ પોળ રખે ઉઘાડો. કુ૦ ॥૯॥ કનકાવતી સહીયરસંગે, પહોતી રમવા મનરંગે; ઘર-માંહે સુખ નવિ પામે, સુતસ્યું પુરજોવા કામે. કુ૦ ॥૧૦॥ નગરી સહુ ફરી ફરી જોઇ, પણ માણસ દીસે ન કોઇ; એ પોળ વારી જે એણે, સ્યા માટે

કારણ કેણે. કુ૦ ॥૧૧॥ મન અચરિજ ધરી અપાર, ઉઘાડયાં પોળ દુવારા; પોળમાંહે પોળ અનેરી, ત્રણ-બાર ઉઘાડયાં હેરી. કુ૦ ॥૧૨॥ આગળ ચાલ્યો નૃપ રૂડો, કેડેં આવે બાલુડો; ગુપતઠામ એક દેખેં, લોહમય પંજર સુવિશેષ. કુ૦ ॥૧૩॥ માંહે મંજાર નીહાળે, બાળકનેં તેહ દેખાલે; સંકટમાં એ કિણે ઘાલ્યો, સ્યા માટેં એહનિઝાલ્યો. કુ૦ ॥૧૪॥ મંજાર કહે નરભાષા, તું દીસે સુરતરૂશાખા; બત્રીસમી ઢાળ સોહાવે, જિનહર્ષ ભલિપરે ગાવે. કુ૦ ॥૧૫॥

॥ દોહા ॥

ઉરૂં કહે ઉત્તમપુરૂષ, દીસેં તુજ દીદાર;
છિન રહે ન છિપાવીયો, પાલવસ્યું દિનકાર. ॥૧॥
ઉપગારી ઉપગારનેં, સરજ્યા સરજણહાર;
તેમાટે તુજને કહું, કર મુજને ઉપગાર. ॥૨॥
સબલ કષ્ટમાંહે પડયો, દુઃખ પામું દિનરાત;
કિણ આગળ તે દાખવું, મારા મનની વાત. ॥૩॥
ગિરૂઆ આગળ વાતડી, દાખવીયા ગુણ થાય;
નિગુણા આગળ ભાખતાં, માન મહાતમ જાય. ॥૪॥
તેહભણી તુજનેં કહું, સામ્હાં આલામાંહિ;
કૃષ્ણોજવલ અંજનતણી, દોય કુંપલી આંહિં. ॥૫॥
કાળી અંજન આંખડી, આંજે માહરી એમ;
પશુઅવતાર હણી કરી, માણસ થાઉં જેમ. ॥૬॥

## ॥ ઢાળ ૩૩ મી ॥

ભાભીજી હો ડુંગરીયા હરીયા હૂઆ...એ રાગ.

મારૂજી હો જાણી દુઃખ મંજારનો, કરૂણાવંત

કુમાર....ચંગા મારૂ; મા૦ કુમર કરે ઉપગારડો, એ તો ઉપગારી સિરતાજ ચં૦ મા૦ અંજનશું નેત્ર આંજીયાં, થયો દાનવ આકાર. ચં૦ મા૦ ॥૧॥ દાનવરૂપ વધારીયો, જઇ લાગ્યો આકાશ. ચં૦ મા૦; પુત્રપિતાને બાંહિં ચાંપીયા, બોલે એહવી ભાસ. ચં૦ મા૦ ॥૨॥ સમુદ્ર ઉપર ઉભો રહ્યો, કહે દાનવ તજી લાજ ચં૦ મા૦; માહરો રાજ્ય લીયો હતો, વાળું વયર હું આજ. ચં૦ મા૦ ॥૩॥ કહેતો જળમાં આછટૂં, કે નાખું જલધિ મઝાર, ચં૦ મા૦; કુમર વિચારે મન ઇસ્યું, જલમાંહે હોઈ નિસ્તાર. ચં૦ કુ૦ ॥૪॥ મા૦ સુત સંઘાતે તેહને, નાખ્યો જલધિ સાહિ. ચં૦ મા૦; શીઘ્રગતિ પાછો વળ્યો, બેઠો તખત પુરઆય. ચં૦ કુ૦ ॥૫॥ મા૦ પડતાં નવપદ સાંભર્યો, થલ પ્રગટ્યો જલમદ્ધ. ચં૦ મા૦; પુન્યપસાએ સુખ લહે, જિહાં સાહસ તિહાં સિદ્ધ. ચં૦ કુ૦ ॥૬॥ મા૦ નિગુણ માણસ ગુણ કીયો, તે ગુણ અવગુણ થાય. ચં૦ મા૦; સાપભણી પાયો થકો, અમૃત વિષ થઇ જાય. ચં૦ કુ૦ ॥૭॥ એટલે તો કનકવતી, આવી પોતાને ઠામ. ચં૦ મા૦; કંત ન દેખે આપણો, દીઠો દાનવ તામ. ચં૦ કુ૦ ॥૮॥ મા૦ સંભ્રમ મનમેં ઉપનો, એ પાપી મુજ શત્રુ. ચં૦ મા૦; મુજ પતિ પુત્ર કિહાં ગોપવી, આવી બેઠો અત્ર. ચં૦ કુ૦ ॥૯॥ મા૦ યુદ્ધ માંડ્યો કનકાવતી, દાનવસ્યું તેણીવાર. ચં૦ મા૦; ઝાલી ઘાલ્યો પાંજરે, ફેરી કીયો માંજાર. ચં૦ કુ૦ ॥૧૦॥ મા૦ પૂછે રાણી તેહને, કિહાં મુજ સુત ભરતાર. ચં૦ મા૦; હું શું જાણું તે કહે, હીયડેં ક્રોધ અપાર.

ચં૦ કુ૦ ॥૧૧॥ મા૦ પૂછયો તાસ બહુપરે, તોહી ન દાખવે ઠામ. ચં૦ મા૦; ચિહું દિસિ અગ્નિ પરજાળીને, તાપવ્યો પંજર તામ. ચં૦ કુ૦ ॥૧૨॥ તાપ કરી થયો આકળો તામ બતાઇ ' ઠામ. ચં મા૦; જલધિપ્રવાહે મુકીયા, મેં કીધો એ કામ. ચં૦ કુ૦ ॥૧૩॥ જીવે છે કિંવા મૂઆ, હું જાણું નહીં તેહ. ચં૦ મા૦; કહે જિનહર્ષ તેત્રીસમી, ઢાળ થઇ છે એહ. ચં૦ કુ૦ ॥૧૪॥

॥ દોહા ॥

તિહાં ગઈ ઉતાવળી, ધરતી પીયુનું ધ્યાન;
કુસલે દીઠાં લોયણે, હર્ષ લહ્યો અસમાન. ॥૧॥
તેડી આવ્યા તિહાં થકી, કુંતપ્રતિ કહે નારી;
મેં તુમને વરજ્યા હતાં, મત ઉઘાડો બાર. ॥૨॥
કહીઈં ઉઘાડું નહીં, હું પણ એહ દુવાર;
એ છે દાનવ વાંકડો, એહને એહજ માર. ॥૩॥
એ મુકું જો મોકળો, તો એ લોપે નીત;
સુખે દીએ નહીં બેસવા, કરે કામ વિપરીત. ॥૪॥
વેરી વિષધર મોકળા, મુકયાં કરે વિનાસ;
એ રાખીજે સાંકમઈં, જો જીવ્યાની આશ. ॥૫॥

## ॥ ઢાળ ૩૪ મી ॥

માનતુંગ મહિપાળ...એ રાગ.

કુમર પ્રકાસે હો સાંભળ કામિની, ઉદ્ધવસ પુર થયો કેમ; એ કેમ ઘાલ્યો હો દાનવ પાંજરે, દાખવ પૂછું એમ. કુ૦ ॥૧॥ પ્રીતમ સુણો હો કહું તુમને સહુ, એ સઘળીહી વાત; સમરસેન માહરો હો

તાત નગરધણી, વિજયા માહરી માત. કુ૦ ॥૨॥ તાપસ આયો હો એક ઉદ્યાનમેં, કરે તપસ્યા ઘોર; તપ પ્રભાવે હો લોક સહુ નમેં, ખ્યાત વધી પુરજોર. કુ૦ ॥૩॥ રાજાને રાણી હો બહુ પરિવારસ્યું, ચરણે લાગા જાય; આગળ બેઠા હો વિનય કરી ઘણો, દીઠી તેણે મુજ માય. કુ૦ ॥૪॥ રૂપ નિહાળી હો તાપસ ચિત્ત ચલ્યો, જોઈ રહ્યો એકતાન; રાણીશું લાગ્યો હો મન એહનો સહી, અટકળીયો રાજન. કુ૦ ॥૫॥ તપ જપ ખોટો હો માયાવીતણો, કષ્ટ સહુ અપ્રમાણ; હુકમ રાયે કીધો હો ગામ રક્ષક ભણી, એહના કાઢો પ્રાણ. કુ૦ ॥૬॥ મિત્ર ન થાયે હો રાજા કેહના, તાપસ ઝાલી લીધ; રાયહુકમથી હો લોક નીહાળતાં, સૂલીરોપણ કીધ. કુ૦ ॥૭॥ મરતાં નિયાણું હો કીધું એહવું, જો મુજ તપ ફળ હોય; તો સહુ પુરનેં હો દુઃખદાઇ હજો, અન્યાઇ સહુ કોઇ. કુ૦ ॥૮॥ તુરત મરીને હો તે દાનવ થયો, નિજભવ જોગો જામ; સહુસ્યું હો તતખિણ ઉલસ્યું, જોજો હવે કરૂં કામ. કુ૦ ॥૯॥ પ્રથમ આવીને હો નૃપનેં મારીયો, લોક હણ્યા કેઇ તેણ; કેઇ નાસીને હો કિણહી પુર ગયા, રૂઠો રોસવસેણ. કુ૦ ॥૧૦॥ નાઠી મુજ જનની હો મુજ લેઇ કરી, ભય આણી મનમાંહી; છાલી જેમ નાસે હો સીંહથી બીહતી, તિમ બીહંતી જાય. કુ૦ ॥૧૧॥ જલધિ વિચાલે હો ગિરવર તિહાં રહે, જોગી એક સિદ્ધનાથ; રૂપે તો રૂડી હો નામ કમલાવતી, જોગિણ તેહને સાથ. કુ૦ ॥૧૨॥ તિહાં મુજ જનની હો જઈ જોગીતણેં; પય લાગી તતકાળ; કહે જિનહર્ષ

સુણો ચોત્રીસમી, એ પુરી થઇ ઢાળ. કુ૦ ॥૧૩॥

॥ દોહા ॥

જોગી સનમુખ જોયને બોલાવી તિણવાર;
બેસો માઈ કિહાંથકી, આવ્યાં કિસ્યે પ્રકાર. ॥૧॥
માંડી વાત કહી સહુ, જોગી કરૂણા આણ;
માઈ ઈહાં તુમે રહો સુખે, બોલ્યો મીઠી વાણ. ॥૨॥
તિહાં રહી અમે બે ઝણી, જોગી જોગણપાસ;
માતપિતાની પરે સદા, અમને દે આસાસ. ॥૩॥
અસનાદિક સહુ પુરવે રાખે જીવ સમાન;
વીસાર્યા દુઃખ પાછલાં, પામ્યા તિહાં બહુમાન. ॥૪॥
કાળે કાળપ્રાપ્તિ થઈ, મુજ જનની તિણઠામ;
બોલાવી બેટી કરી, મુજને જોગી તામ. ॥૫॥

## ॥ ઢાળ ૩૫ મી ॥

મમ કર મમતા રે...એ રાગ.

વિનય કરૂં રે સિદ્ધનાથનો, હું તો ધોઉં તેહના રે પાય; કામ જે જે કહે તે તે કરૂં, નાથને આઇ ઉદાયરે. વિ૦ ॥૧॥ વિનયથી વિષ તજે સાપરે; વિનયથી રાયમન રંજીએ, વિનય માને માય બાપરે. વિ૦ ॥૨॥ વિનયથી રે લોક રાજી હુવે, વિનયથી સુજસ વિસ્તાર રે; વિનયથી રે પરધન પાઇએ, વિનય જગમાં સિરદાર રે. વિ૦ ॥૩॥ વિનયથી રે માન મુજને દીયે, અનુક્રમે થઇય જુવાન રે; યોગી બોલે રે સુણ બાલકી, જા હવઇ આપણે થાનરે. વિ૦ ॥૪॥ મેં કહીયું કેમ જાઉં નાથજી, તિહાં દાનવ

કરે રાજરે; નગર પામું નહીં રે પેસવા, તુમથી સહુ સરે કાજ રે. વિ૦ ॥૫॥ જોગી પ્રસન્ન મુજને થયો, પાંચ વિદ્યા દીયે સાર રે, એક વિદ્યા છે બલ કારણી, બળ વધે જેહથી અપાર રે. વિ૦ ॥૬॥ એક બીજી નભગામિની, મંત્રી પહેરી નીલા વેશરે; એકસહ જગ વસિકારણી, એક આકર્ષણી ખાસ રે. વિ૦ ॥૭॥ કુંપલી દોય અંજનતણી, શ્વેત ને કૃષ્ણ તેમાંહિ રે; શ્વેતથી રૂપ પશુનોં હોવે, કૃષ્ણથી મનુષ્ય ફરી થાય રે. વિ૦ ॥૮॥ એહ દેઈ મુજને કહિઉં, સફળ થાઓ તુજ આસરે; બાઇ વર પામજે તૂં ભલો, તુજ દુઃખ જાયજો નાસરે. વિ૦ ॥૯॥ જોગી જોગણને પાય લાગીને, પહેરી નીલાંબર તામરે; ઉડી આકાશ મંડલ ચલી, આવી હું આપણે ગામરે. વિ૦ ॥૧૦॥ દાનવ યુધ કરીને પીયુ, અંજને કીધ મંજાર રે; લોહ પંજર માંહે લેઇ ધર્યો, વેર વાળ્યો પરીવાર રે. વિ૦ ॥૧૧॥ દાનવ એ છે વેરી માહરો, બાપનો મારણહાર રે; તેહને કેમ મુકું મોકળો, કરે ઉત્પાત અપાર રે. વિ૦ ॥૧૨॥ સર્વેવાત મેં તુમને કહી, જોગી જોગણ તેહ જાણરે; વાત જે પૂછી તુમે વાલહા, મેં કહી એ હિત આણરે. વિ૦ ॥૧૩॥ કુમર મનમાંહી હુઓ ખુશી, સાંભળી વચન રસાળ રે, કહે જિનહર્ષ પાંત્રીશમી, એહ પુરી થઇ ઢાળ રે. વિ૦ ॥૧૪॥

॥ દોહા ॥

કુમર કહે કુમરી ભણી, નગર વસાવો એહ;
મનુષા વિના શોભે નહીં, જીવવિના જેમ દેહ. ॥૧॥

આકર્ષી વિદ્યાબળેં, આણી વાસ્યા લોક;
ઋદ્ધિ વૃદ્ધિસુભર ભર્યા, ઘરમાંહિ સહુ થોક. ॥૨॥

ઉંચા મહેલ હુંતા અવલ, પણ સોહતા ન લગાર;
શોભે હવેં રળીયામણાં, અમરપુર અવતાર. ॥૩॥

પાળે રાજ્ય તિહાં રહી, અજિતસેન ભૂપાલ;
ગુણવંતી કનકાવતી, રાણી રૂપરસાલ. ॥૪॥

મેલેં નહીં જેમ માલતી, મોહ્યો ભમર સુજાત;
હવે કનકાવતીસ્યું કુમર, સુખ માણે દિનરાત. ॥૫॥

## ॥ ઢાળ ૩૬ મી ॥

જાય તુમ વિણુ ઘડી રે છ માસ…એ રાગ.

બહુ દિવસ તિહાં કણે રહીજી, ચાલણ કીઓરે વિચાર; પ્રથમ વરી પદ્દમાવતીજી, તે સંભારી નારિ૦ ॥૧॥ કુમરજી થયો હવે ચાલણહાર, સરૂપી ઘોડા બંનેજી, સજ્જ કીયા તિણવાર. કુ૦ ॥૨॥ રાણીની અંગ ઓલગૂજી, તાસ ભળાયો રાજ; પરજા રૂડી પાળજોજી, તુમને છે એ લ.જ. કુ૦ ॥૩॥ ચડી તુરંગમ બે જણાજી, ઉડી ચાલ્યા આકાસ; પહેલી સ્ત્રી પદ્માવતીજી, મળવા થયો ઉલ્લાસ કુ૦ ॥૪॥ તિણ પુર આવી ઉતર્યાજી, ઓછવ કીધ અપાર; સાસુ સસરો હરખીયાજી, હરખી મનમેં નારી- કુ૦ ॥૫॥ સાજન મળીયાં ઘણા દીહેજી, ટળીયા વિરહ વિજોગ; રળી યાયત મનમેં થઈજી, પ્રીતમ તણે સંયોગ. કુ૦ ॥૬॥ પદ્માવતી કનકાવતીજી, બે નારી ગુણગેહ; માંહોમાંહે મનમળ્યાંજી, એક જીવ દોઇ દેહ. કુ૦ ॥૭॥

પ્રીતમ આવ્યા પ્રાહુણાજી, કાસું ભગત કરેસ; પોળી પીરસશું પાતળીજી, પરઘલ ઘી નામેસ. કુ૦ ॥૮॥ પ્રીતમ આવ્યા પ્રાહુણાજી, કાસું ભગત કરેસ; નયણે કરસ્યું આરતીજી, ભુજ ભામણડાં લેસ. કુ૦ ॥૯॥ પ્રીતમ આવ્યા પ્રાહુણાજી, જેહની જોતી વાટ; હઈડામળી હવે હેજસ્યું જી, સેજે કરી ગહગાટ કુ૦ ॥૧૦॥ સુહણામાહે દીસતાજી, તે પરતખ મળીયાહ; ગુણવંતાસ્યું ગોઠડીજી, કરી હવે દિન વળીયાહ. કુ૦ ॥૧૧॥ પીયુ સંભારી બહુદિનાજી, ઉઘડીયો મુજ ભાગ; લાજ છોડી પ્રીતમ તણીજી, હીયડા હીયડેંલાગ. કુ૦ ॥૧૨॥ પ્રીતમસ્યું પદ્મણી મળીજી, દિલનો અંતર ખોલ; સુખમાંહે રયણી થઈજી, એક ઘડીને તોલ. કુ૦ ॥૧૩॥ પ્રીતમ તુમવિણ દીહડાજી, વોળ્યાં વરસ સમાન; જપતી રહેતી તુમ તણોજી, જોગીસર જેમ ધ્યાન. કુ૦ ॥૧૪॥ ધ્યાન સફળ થયો માહરોજી, આવ્યા પીયુ આવાસ; વિરહ વિયોગ દૂરે ટળ્યોજી, પૂરી માહરી આસ. કુ૦ ॥૧૫॥ વાત કરંતા વાલહોજી, વશ કીધો ખિણમાંહિ; મેલી શકે નહીં માનનીજી, મીઠી સાકર પ્રાહીં. કુ૦ ॥૧૬॥ કનકવરણ કનકાવતીજી, પદમા પદ્મસુગંધ; સરખી ઢાળ છત્રીશમીજી, કહે જિનહર્ષ પ્રબંધ. કુ૦ ॥૧૭॥

॥ દોહા ॥

કેતલાઇક દિન તિહાં રહ્યા, બે નારીનો નાહ;
સહુકો લીએ ઓવારણાં, સહુને થયો ઉત્સાહ. ॥૧॥

કુમરેં સસરાને કહ્યો, વોળાવો નિજધીય;
પિતાભણી મળીયા વિના, હવે ન રહે મુજ જીય. ॥૨॥
આયા હવણાં નૃપ કહેં, પડખો માસ છમાસ;
તિહાં જો એટલા દિન રહ્યા, જિમ સો તિમ પચાસ. ॥૩॥
કુમર વિચારે ચિત્તમાં, ચાલણ ન દીએ એહ;
તાણ કરંતા ચાલીએ, તો વાધે અધિક સનેહ. ॥૪॥
વીછડીયા બહુ દિન થયા, હવે ન રહિણો જાય;
હવે અમને રહેવા તણી, વાત ન કહે સ્યો કાંય. ॥૫॥

## ॥ ઢાળ ૩૭ મી ॥

મોરી બહેન કહે કાંઈ અચરીજ વાત... એ દેશી

રતનચૂડનૃપ દાયજો, પુત્રીભણી દીયે તામ; આભરણ રતન જડાવનાં, કહેતાં નાવે નામ. ॥૧॥ રાયકુમર ચાલેં ચતુર સુજાણ, માયડી કહે સુણ વાણ; તું મુજ જીવનપ્રાણ, થઇઇં જેમ વખાણ. તિમ કરજે ગુણખાણ. રા૦ ॥૨॥ વળી વેશ દીધા નવનવા, ધન રયણ તેહ અપાર; હોંશેં જમાઈને દીયા, વાધા આભરણ સાર. રા૦ ॥૩॥ સહુ ભાર વાહણમાં ભર્યા, બેઠાં કુમર બે નાર; વોળાવા સાથેં દીયા, સુભટતણો પરિવાર. રા૦ ॥૪॥ માય બાપનેં પાએ પડી, નાખંતી આંસુધાર; હીયડું ભર્યું દુઃખ માયનું, વીછડવાની વાર. રા૦ ॥૫॥ કુમર સહુસ્યું શીખ કરી, વાહણ હકાર્યો તાંમ; સુભ વાયવેગેં ચાલીયો, પહુચાવણ જાંણે ધામ. કુ૦ ॥૬॥ વાહણ સમુદ્રમાં રાખીયું, ઉતર્યા તટ સહુકોય; આગમ કુમરનો સાંભળી, રાજા હર્ષિત હોય. કુ૦ ॥૭॥ રાય હુકમે

નગરનાં, શણગાર્યાં બાજાર; શણગાર્યા હય હાથીયા, પાયકનો નહીં પાર. કુ૦ ॥૮॥ ભેરી ભુંગલ વાજીયા વાજીયા ઢોલ નિશાણ; પુરચોક મોતી પૂરીયા, ભાટ ભણે કલ્યાણ. કુ૦ ॥૯॥ ઘરઘર તોરણ બાંધીયા, નેજા કીયા નવરંગ; બાવનાચંદન કમકમા, છાટી ભૂમિ સુરંગ. કુ૦ ॥૧૦॥ સોહલા ગાવે સુંદરી, તનુ સજી સોળ શ્રૃંગાર; નિજપુત્ર સનમુખ ચાલીયો, સામઇઓ તિણવાર. કુ૦ ॥૧૧॥ સાહમો કુમર આવી કરી, લાગ્યો પીતાને પાય; સુતભણી ઉરસ્યું ભીડીઓ, સીતલ કીધી કાય. કુ૦ ॥૧૨॥ પાલખીમાં વહુઅર બંને, બેઠી ઘણે ઉછાંહિ; બેસે નરિંદ સુતસ્યું સુખે, ગજ અંબાડી માંહિ. કુ૦ ॥૧૩॥ રાયકુમર ને ચામર ઢળે, દોઈ છત્ર સોહે સીસ; પ્રવેશ નગર કરાવીયો, જાચક દે આસીસ. કુ૦ ॥૧૪॥ ઇમ દાન દેતો બહુપરે, ધન ધન કહે સહુકોય; જિનહર્ષ પુર હર્ષિત થયો, ઢાળ સાડત્રીશમી હોય. કુ૦ ॥૧૫॥

॥ દોહા ॥

માતાના પ્રણમ્યા ચરણ, અજિતસેન સુવિનીત;<br>
હીયરે ભીડયો હેજસ્યું, વીછડીયાની પ્રીત. ॥૧॥

બેઈ વહુઅર સાસુતણે, પગે પડી તેણીવાર;<br>
પગપડણ હર્ષિત થઈ, આપે માલ અપાર. ॥૨॥

વહુઅરને સાસુ વળી, દીએ ઈણપરે આસીસ;<br>
મુજ સુતસ્યું વહુઅર તમે, જીવો કોડિવરીસ. ॥૩॥

પહેલાં તાતો દીઆ હુંતો, કુમર ભણી જે દેસ;<br>
નારી લેઇ તિહાં ગયો, પિતા તણે આદેશ. ॥૪॥

પદ્માવતી કનકાવતી, બે નારી સંયોગ;
કુમર ભમર સુરની પરેં, ભલાં ભાગવે ભોગ. ॥૫॥

## ॥ ઢાળ ૩૮ મી ॥

નમો નમો મનક મહામુનિ...એ રાગ

પૃથ્વીભૂષણ અન્યદા, ચઉનાણી મુનિવર રાયરે; શીલંધર ગુરૂ આવીયા, બહુશ્રુત મુનિ સેવેં પાય રે. પૃ૦ ॥૧॥ અરિમર્દન રાજા સુણી, બહુ રૂધ્ધિતણે વિસ્તારોરે; વંદન આવ્યો ભાવસ્યું, પુર લોકતણે પરિવારોરે. પૃ૦ ॥૨॥ યથાવિધ બેઠાં સહું, સુણવા શ્રીગુરૂવાણીરે; ભવિકભણી સુખ કારણી, મીઠી પીયૂસ સમાણીરે. પૃ૦ ॥૩॥ નરભવ લહેતાં દોહીલો, ચિંતામણીની પરેં જાણો રે; મૂઢ પ્રમાદવસેં ગમે, વળતું ન લહે મન આણોરે. પૃ૦ ॥૪॥ એહ સંસાર અસાર છે, જોવો તમે હૈયું ઉઘાડી રે; આજ દીસે તે કાલે નહીં, જેમ બાજીગરની વાડીરે. પૃ૦ ॥૫॥ માત પિતા સુત કામિની, સહુ સ્વારથનાં સાથીરે; દુઃખ વહેચાવે કો નહીં, જાણેં થયો સાધુ-અનાથીરે. પૃ૦ ॥૬॥ અજ્ઞાની નર આંધળો, નવિ જાણેં ધર્મ રસાલો રે; માયામાં મુંઝી રહ્યો, જેમ મદ પીધે મતવાળોરે. પૃ૦ ॥૭॥ સુખ મીઠાં સંસારનાં, પણ કડુઆ તાસ વિપાકરે; રસ રૂડાં રળીયામણાં, જિમ ફળ સુંદર કિંપાક રે. પૃ૦ ॥૮॥ થોડાં સુખનેં કારણેં, પરીગલ દુઃખ પામેં પ્રાણીરે; જીવ ચૌગતિમાંહે ભમે, જેમ બળદ ફરે ઘાણીરે. પૃ૦ ॥૯॥ ઉંચો નીચો આથડે, કૃતકર્મતણેં પરિમાણેં

રે; સુખ દુઃખ જે તિહાં ભોગવે, જ્ઞાની વિનાં કુણ જાણે રે. પ્રૃ૦ ॥૧૦॥ ગર્ભાવાસમાંહી રહ્યો, નવમાસ તિહાં દુઃખ સહીઓરે; તેહ પ્રાણી તુજ વીસર્યો, વળી નારીસ્યું મળી રહીઓરે. પ્રૃ૦ ॥૧૧॥ એક કંચન ને કામિની, એ બેઉ છે વીષમી ઘાટીરે; કામને ક્રોધ તિહાં ચોરટા, લૂંટી પૂંજી સહુ ખાટીરે. પ્રૃ૦ ॥૧૨॥ તેહથી રહે સ્યેનવી બીહતો, તે શીલરતનનેં ગમસ્યે રે; થાશે તે નર દોહીલો, ભ્રમ માંહે તે નર ભમસ્યે રે. પ્રૃ૦ ॥૧૩॥ રાજ રૂધ્ધિ સુખ સંપદા, પત્રકુસુમ તરૂધર્મકેરોરે; ફળ તો શિવ સુખ તેહનાં, ટાળે ભવભવનો ફેરો રે. પ્રૃ૦ ॥૧૪॥ ઇમ જાણી પ્રાણી તમે, જિનધર્મ કરો ચિત્ત આણી રે; ઢાળ થઇ આડત્રીસમી, જિનહર્ષ કહી એ વાણીરે. પ્રૃ૦ ॥૧૫॥

॥ દોહા ॥

દેશના ગુરૂની સાંભળી, ધર્મવંત નર જેહ;
નિજ શક્તિ ધર્મ આદર્યો, આણી પરમ સનેહ. ॥૧॥

કર જોડી રાજા કહે, હું લેઇસ વ્રતભાર;
રાજ જઈ આપું પુત્રને, ત્યાં રહેજો ગણધાર. ॥૨॥

ઈમ કહી રાજા ઘર ગયો, અજિતસેન તેડાય;
સહુની સાખે આપીયો, રાજ તિલક નર રાય. ॥૩॥

પુત્ર હવે હું વ્રત ગ્રહું, આણા તાહરી હોય;
ગુરૂચરણે નૃપ આવીયો, સાથે નિજપુર લોય. ॥૪॥

અરિમર્દન વ્રત આદર્યો, કીધો મસ્તક લોચ;
રાજરૂષિ ગુરૂસ્યું ચલ્યા, મૂકી સઘળો સોચ. ॥૫॥

દીક્ષા પાળી બહુ દિવસ, કર્મ ખપાવી તામ;
તપ જપ કિરિયા ખપ કરી, પહોચ્યા શિવપુર ઠામ ॥૬॥

## ॥ ઢાળ ૩૯ મી ॥

મહેબુબ જાલિમ જાટણી...એ દેશી

નિજ ન્યાય પરજા પાળે, રાય અજિતસેન અરિ ગાળે હો; બે નારી રૂપરસાળી, નવયૌવન તનુ સુકુમાળી હો. નિજ૦ ॥૧॥ માનવભવનાં સુખ માણે, પામ્યાં જે પુન્ય પ્રમાણે હો; પદ્માવતીને સુત આયો, નૃપને મન અધિક સુહાયો હો. નિ૦ ॥૨॥ દસ દિન મન રળીયાં પૂરી, કાંઈ હોંસ રહી ન અધૂરી હો; પુરમાં બહુ ઓછવ કીધો, વીરસેન નામ તસ દીધો હો. નિ૦ ॥૩॥ બાલક વય ખેલે રલીયાં, માવડીની આશા ફલીયા હો; રાયકુમર કળા સહુ ભણીયો, બુદ્ધિવંતા માંહી વણીઓ હો. નિ૦ ॥૪॥ એક દિન કનકાવતી રાણી, ભલા તેલ સુગંધી આણી હો; પીયુ શિર ઘાલે ગુણવંતી, એક શ્વેત વાળ નિરખંતી હો. નિ૦ ॥૫॥ મહાદૂત એકજ આયો, એહવો તેણે વચન સુણાયો હો; અરહો પરહો નૃપ જોવે. દેખે જો કાંયહી હોવે હો. નિ૦ ॥૬॥ હું તો દૂત ન દેખું કોઈ, હાથે મુકચો લેઇ સોઇહો; મનમાંહી વિષાદ લહંતો, રાજન ચિંતે ગુણવંતો હો. નિ૦ ॥૭॥ આળે મેં જનમ ગમાયો, સુખ ભોગમાંહે મુંજાયો હો; આઉખું જાતું ન જાણ્યો, મેં જ્ઞાન હૈયામાં નાણ્યો હો. નિ૦ ॥૮॥ નરભવ ચિંતામણ મેં ખોયો, પરમાદ નીંદ્રામેં સોયોહો;

એ આવ્યો દૂત જરાનો, મેં જાણ્યો નહીં રહ્યો છાંનો હો. નિ૦ ॥૯॥ વિષયારસ માંહે ખૂતો, કીધો નહીં ધર્મ વિગૂતો હો; મેં ભોગ ભલાં કરી જાણ્યા, હીતવચન હૈયામાં નાણ્યા હો. નિ૦ ॥૧૦॥ મુજ તાત જોવો શું કીધો, જોવનમાંહે વ્રત લીધો હો; સુખ છોડી આતમ તાર્યો, મુજને તો ઇણે સુખભાર્યો હો. નિ૦ ॥૧૧॥ શિર ધૂણીને ઇમ પસ્તાવે, વૈરાગ હૈયામાં ભાવેહો; હવે માયા મમતા છોડું, બળવંત મદન દલ મોડું હો. નિ૦ ॥૧૨॥ એ નરક તણાં અધિકારી, ધન રાજ્યાદિક સુત નારી હો; તજી ધર્મ કરૂં હીતકારી, મનમાં ઇમ વાત વિચારી હો. નિ૦ ॥૧૩॥ સહુસ્યું નિજ નેહ ઉતાર્યો, એક ધર્મ હૈયામાં ધાર્યો હો; નવત્રીસમી ઢાળે વળીયો, જિનહર્ષ નૃપતિ થયો બળીયો હો. નિ૦ ॥૧૪॥

॥ દોહા ॥

ઉઠયો આમણ દુમણો, સીસ અંબોડા વાળી;
અજિતસેન રાજા થયો, ધરમ કરણ ઉજમાળ. ॥૧॥
કિણસ્યું મન લાવે નહીં, બોલાવે નહીં કાસ;
ભોગ તજ્યા ભામિની તણાં, નિશદિન રહે ઉદાસ. ॥૨॥
રાજતણી ચિંતા તજી, ન કરે સાર સાંભળ;
રાણી બે ભેળી થઈ, વચન કહે સુકુમાળ. ॥૩॥

## ॥ ઢાળ ૪૦ મી ॥

કાગલીઓ કિરતારભણી હવે હું લખું રે... એ દેશી
નાહોલીયો નિહેજોરે... એ રાગ

કામિની કહેરે કંતાજી સાંભળો રે, તુમે અમ

જીવનપ્રાણ; એવડો કીધો રે કિણસ્યું રૂસણોરે, કિણે લોપી તુમ આણ. કા૦ ॥૧॥ નાહલીયા તુમારો રે અમસ્યું નિત નવો રે, દિન દિન વધતો નેહ; હવે તે નયણેંરે નેહ દીસે નહીંરે, કારણ કહોનેં તેહ. કા૦ ॥૨॥ અમે નવિ દુહ૦યારે કિણહી વાતડીરે, સ્યા માટે એ રોષ ?; રોષ ન કીજેરે સુગુણા માણસા રે, દાખવજો હોયરે દોસ કા૦ ॥૩॥ અમે તમારા પગની પાનહી રે, અમે તુમારીરે દાસ; એહ નિવારો રે કંતા રૂસણુંરે, બોલો વચન વિલાસ. કા૦ ॥૪॥ ઈમ અણબોલ્યારે વાલ્હા કિમ સરેંરે, જોવો હૃદય વિમાસ; નયણ સલૂણાંરે જોવો સાહમુંરે, રાખો અમનેંરે પાસ. કા૦ ॥૫॥ પીયુ તમનેં ઇમ કરવું નવિ ઘટે રે, તુમે ગિરૂઆ સસનેહ; પરણી તરૂણી એમ કેમ છોડીયેં રે, એમ કેમ દીજેરે છેહ ? કા૦ ॥૬॥ તુમે તો ઠાકુર મોટા અધિપતિ રે, તુમનેં સી પરવાહ ?; નારી ઘણીરે કંતા નરભણી રે, નારીનેં એકજ નાહ. કા૦ ॥૭॥ એમ અબળા તુમસ્યું બળ કો નહીં રે, પણ કહું હાથ બિછાય; રીસતણું કારણ કહો અમ ભણીરે, જેમ મન રાખ્યાં ઠાય. કા૦ ॥૮॥ જિમ જિમ ઝૂંબે પાલવ પીયુતણો રે, ડબ ડબ નયણ ભરાય; ઉભી ઝૂરે રે અબળા દુઃખભરીરે, વિરહ સહ્યો રે ન જાય. કા૦ ॥૯॥ કારણ પાખેરે કંતા કામિની રે, છોડો છો નિરધાર; એ દુઃખ અમ હૈડું કાપશે રે, જેમ કરવતનીરે ધાર. કા૦ ॥૧૦॥ અવગુણ જો કોઇ દીઠો હોએરે, તો કહીયે સુવિચાર; સીખામણ દ્યો કંતા તેડીને રે, એકણ ઘાઉ મ માર. કા૦ ॥૧૧॥ એટલા-

દિન તાહરો અમને હતો રે, વાલિમજી વિસવાસ; કેડિ ગુનેં અમસ્યું નવિ વિરચસ્યોરે, તે તો ભાંગીરે આશ. કા૦ ॥૧૨॥ આંખો આગળ અમનેં રાખતાં રે, કંતાજી નિસદીસ; ઝગડો કરતી જેમ તેમ બોલતી રે, તોહી ન કરતારે રીસ. કા૦ ॥૧૩॥ નેહ ગયો કિહાં સહુ માહરોરેં, એ ઉપજાવોરે તાપ; ઇમ જિનહર્ષ કહી ચાલીશમીરે, ઢાળે કીયો વિલાપ. કા૦ ॥૧૪॥

॥ દોહા ॥

રાય કહે સુંદરી સુણો, તુમશું રીસ ન કાંય;
પણ નરભવ ફોગટ ગયો, તેણેં પસ્તાવો થાય. ॥૧॥
મસ્તકથી કાઢી કરી, તેં મુજ આપ્યો જેહ;
શ્વેત ચિકુરમસિ આવીયો, દૂત જરાનો એહ. ॥૨॥
ધર્મ કીયો નહીં તરૂણપણેં, જરા પહુતી દેહ;
તે નર બહુ પસ્તાયશે, જેમ અંધા નયણેહ. ॥૩॥
સુખમેં લપટાઇ રહ્યો, ખબર પડી નહીં કાંય;
જોવનમદમેં છાકીયો, હવેં કીજે ધર્મ ઉપાય. ॥૪॥
યૌવનગઢ નૃપ ભેળીયો, જરાતણેં દલ આય;
પસ્તાવે પ્રાણી પછી, કીમહી કિયો ન જાય. ॥૫॥

## ॥ ઢાળ ૪૧ મી ॥

નયણાંરો મેલો દેં રામા બાંભણી...એ. રાગ

ધરમ કરીશ હવે હું સહી, રહેવાનો નહીં માહરે કાજ; મનરી માનીતી હો રાણી સાંભળો. કોઇ ન કહેશો મુજભણી, સહુકોને કહું છું આજ. મ૦

॥૧॥ ઈણું અવસર ઉદ્યાનમાં, પાઉ ધાર્યા શીલંધર સૂર મ૦; ગુરૂ આગમન સુણી કરી, નૃપ મનમાં હરખ્યો ભરપુર. મ૦ ॥૨॥ વંદન આવ્યો નારીશું, સાથે લેઇ બહુપરિવાર. મ૦; વાંદીને બેઠાં આગળેં, આરંભી મુનિ દેશના સાર. મ૦ ॥૩॥ સાંભળી ગુરૂની દેશના, હરખ્યા મનમેં સહુ નરનારમ૦; યથાશક્તિ ધર્મ આદર્યો, કરજોડી પૂછે તેણી વાર. મનરા માનીતાં રાજન સાંભળો. ॥૪॥ ભગવંત મુજ લઘુ રાગિણી, શું કીધો પૂર્વે ધર્મ મ૦; રૂપ તણી લહી સંપદા, તે ભાંજો મુજ મનનો ભર્મ. મ૦ ॥૫॥ સૂરિ કહે નૃપ સાંભળો, તામલિપ્તી નગરી ધનવંત. મ૦; શ્રીવંત શેઠ તિહાં વસેં, કન્યા શ્રીમતી ગુણવંત. મ૦ ॥૬॥ પરણાવી ઓછવ કરી, સેઠે સુતાનેં આંણી બહુ નેહ. મ૦; કર્મ સંજોગે કન્યકા, જોવને વેશેં વિધવા થઇતેહ. મ૦ ॥૭॥ ગુરૂણી યોગે શ્રીમતી, સાંભળીયા શ્રવણ સુવિચાર મ૦; પ્રતિબોધી કન્યા કહેં, હું તો લેશું ગુરૂણી વ્રત સાર. મ૦ ॥૮॥ તાત માતની આગન્યા, લેઇ દીક્ષા શુભધ્યાન. મ૦; સંજમ પાળે નીરમળો, તપ માંડયો આંબિલ વર્ધમાન. મ૦ ॥૯॥ સો ઓળી ચડતી કરે, કરે ઓળી આંબિલ ખાસ. મ૦; સો ઉપવાસ થાયે સહી, બીજા સહુ આંબિલ ગુણવાસ. મ૦ ॥૧૦॥ સંપૂરણ તેણેં તપ કર્યો, સંવત્સર ચૌદ ત્રણ માસ. મ૦; વીસદિવસ ઉપરવળી પરિણંમે વધતે ઉલાસ. મ૦ ॥૧૧॥ કીધી અંતે સંલેખણા, પહોંચી સુરભવન મોઝાર. મ૦; આયુ પુરણ કરી તિહાં થકી, રાજન એ થઇ તારી નાર. મ૦ ॥૧૨॥ ઉગ્રતપસ્યાથી

એણે, પામ્યું જોબન બહુ રૂપ રસાળ. મ૦; તપથી કાયા નિરમળી, વળી લહી ભલા ભોગ રસાળ. મ૦ ॥૧૩॥ કરમ નિકાચિત ક્ષય કરે, ઉપજાવે તપ લક્ષ્મી અનેક. મ૦; ઢાળ થઇ એકતાલીસમી, સુણજો જિન-હર્ષ વિવેક. મ૦ ॥૧૪॥

॥ દોહા ॥

અજિતસેન રાજા કહે, વ્રત લેશું તુમ પાસ;
રાજ દેઈ નિજ સુત ભણી, તાં રહેજો ઇહાં વાસ. ॥૧॥
ઘરે આવી ઓછવ કરી, અમરસેનને રાજ;
પૃથ્વીભૂષણ નગરનું, દીધો સારણ કાજ. ॥૨॥
માનસાર વીરસેનને, આપ્યો ધરી ઉલાસ;
વ્રત લેવા ઉદ્યત થયો, ઉલટ ધરી મનમાંહી. ॥૩॥
બે રાણી કહે રાયજી, અમે કરશું તુમ સાથ;
ભોગ જોગ હળી મળી કરે, સજ્જન તેહ સનાથ. ॥૪॥
સુખમાં તો સહુકો રહે, આ વેળાં ઘે છેહ;
સુખ દુઃખ સરખા ભોગવે, સાચા સજ્જન તેહ. ॥૫॥

## ॥ ઢાળ ૪૨ મી ॥

પંથી ચાલીયો વચમાં કાંઇ વાર મ લાઇયો...એ દેશી.

રાજા કહે રાણી સુણો, તુમે તો છો બાલે વેસ હો; દીક્ષા તો છે દોહીલી, સુંદરી કહો કેમ પાલેસ હો ? ॥૧॥ ઘરમાંહિ રહેજો, નિજ શીલ ભલે નિરવેહ જો, દોહીલા છે એ વ્રતભાર. એ આંકણી. સહેવા સીત તાપ પરિસહ, સહેવી તૃષા ભૂખ અપાર હો; તપ કરી કાયા સોસવી, કરવો છે ઉગ્ર

વિહાર હો. ધ૦ ॥૨॥ માથે લોચ કરાયવો, ગૌચરીએ ભમવું કાલ હો; કાળે કરવી છે રે કિરિયા, તુમે તો છો અતિ સુકુમાળ હો. ધ૦ ॥૩॥ રાણી કહે પીયુ પ્રેમશું, લેશું અમો પણ વ્રત સાર હો; તુમે વનચારી અમે ઘરિં રહું, તો પ્રેમને પડો ધિકાર હો. ધ૦ ॥૪॥ સુખ દુઃખ તુમ સાથે વેડશું, તુમ સાથે કરશું વિહાર હો; એકતારી દેખી કરી, કીધી નૃપ અંગીકાર હો. ધ૦ ॥૫॥ લેઇ સુતની આગન્યા, બે નારીશું રાજન હો; દીક્ષાનો ઓછવ કરી, આવ્યા જિહાં ગુરૂ ઉદ્યાન હો. ધ૦ ॥૬॥ રાય રાણી ચરણે નમી, કહે અમને પાર ઉતાર હો; ભવસાયર બીહામણો, ગુરૂજી કીજે ઉપગાર હો. ધ૦ ॥૭॥ પંચમુષ્ટી લૂંચન કીયો, ઉચરાવ્યાં મહાવ્રત પંચ હો; પાંચે ઈંદ્રીય વશ કરી, મૂકયા સઘળાં પરપંચ હો. ધ૦ ॥૮॥ વ્રતીની વ્રતીનીશું ચલી, મુનિ ચાલ્યો મુનિ પરીવાર હો; અનુક્રમે ગીતારથ થયો, થયા ચરણ કરણ ભંડાર હો. ધ૦ ॥૯॥ સમિતિ ગુપ્તિ પાળે સદા, ક્ષાન્ત્યાદિક પાળે ધર્મ હો; તપ કરી કાયા સોષવે, વેદે પૂર્વ કૃત કર્મ હો. ધ૦ ॥૧૦॥ અજિતસેન મુનિ યોગ્યતા, જાણી આચારજ કીધ હો; શીલંધર સૂરીસરૂ, અણસણ કરી શિવપુર લીધ હો. ધ૦ ॥૧૧॥ અજિત-સેન સુરીસરૂ, ગછનાયક થયો ગુણવંત હો; બેંતાલીસ ઢાળે થઇ, જિનહર્ષ સંપૂરણ તંત હો. ધ૦ ॥૧૨॥

॥ દોહા ॥

શાસ્ત્ર ભણાવે મુનિભણી, આપે અર્થ ભંડાર;
પાવન જન પ્રુહવી કરે, અપ્રતિબદ્ધ વિહાર, ॥૧॥

ગામાગર પુર જિહાં તિહાં, આપે હિત ઉપદેશ;
નરનારીને દ્રઢ કરે, ધર્મવિષે સુવિશેષ. ॥૨॥

અંધ હુતા અજ્ઞાનથી, જ્ઞાનાંજનકૃતભવાસ (?);
નેત્ર ઉઘાડયાં તેહનાં, કીધો સુગર પ્રકાશ. ॥૩॥

દૂષણ રહિત દયાતમા, વ્રત પાળી ચિરકાળ;
અંતે અણુસણ આદરી, સુખમય કીધો કાળ. ॥૪॥

## ॥ ઢાળ ૪૩ મી ॥

ચારિત્ર પાળી મુનિવર સદ્‌ગતિ બાંધી, પુન્ય પસાયે તે તો લાધી હો; ગુણવંતા રૂષિજી; દેવના સુખ સાધીયા હો. સાધવી પણ સુદ્ધા વ્રત પાળી, દૂષણ સઘળાં ટાળી હો. ગુ૦ ॥૧॥ કરી સંલેખન વતીની સુરપુર પહોંચી, તિહાં સુખલીલા બહુતી હો. ગુ૦; એકણ થાનક મિત્રતણા તે, સુખ વિલસે દિનરાંતી હો. ગુ૦ ॥૨॥ આયુ પુરી તિંહાથી તે ચવશે, મહાવિદેહે ઉપજશે હે. ગુ૦; સુકુલ ભોગવી ભોગ તિહાં વ્રત ગ્રહશે, પૂરવ પાતિક દહશે હો. ગુ૦ ॥૩॥ મુક્તિ જાશે તે તો સંજમ પાળી, ગતિ આગતિનાં દુઃખ ટાળી હો; ગુ૦; ચારિત્રનાં ફળ તમે એહવાં જાણો, ભાવ હૈયામાંહી આણો હો. ગુ૦ ॥૪॥ આંબેલ વર્ધમાન તપથી જેણે પામી, રૂપ સંપદમાં નહીં ખામી હો. ગુ૦; રૂપ જોઈને જેહનું સુરની પણ નારી, કનકવતીની આગેં હારી હો. ગુ૦ ॥૫॥ તપનો તો મહિમા એહવો ઉત્તમ જાણી, તેહશું લયલાહો રૂડાં પ્રાણી હો. ગુ૦; કર્મ મહાવન પાવક તપ તિહાં કહીએ, ખિણ એકમાં તે તો દહીએ હો. ગુ૦ ॥૬॥ કનકવતીની

એ તો કથા વખાણી, તપ કરીએ હિત આણી હો. ગુ૦; કનકવતી અજિતસેનની વાર્તા, સાંભળતાં હોએ શાતા હો. ગુ૦ ॥૭॥ નિશિપતિ બાણુ વારિધિ શશિ વરસે (૧૭૫૧), ચોથ અંધારી માહની હરસેં હો. ગુ૦; શ્રી ખરતરગચ્છ અધિક વિરાજેં, શ્રી જિનચંદ્રસૂરી રાજેં હો. ગુ૦ ॥૮॥ વાચક શાંતિહરખ ગણિમાં, જેહનો જગમાં મહિમાં હો. ગુ૦; તેહ સુગુરૂ સુપસાયે કીધો, પાટણમાંહે પ્રસિદ્ધો હો. ગુ૦ ॥૯॥ સાતસેં અઠાવન ગાથા સનૂરી, ઢાળ તેંતાલીસ પૂરી હો. ગુ૦; શ્લોકની સંખ્યા એક સહસ વખાણું, ઉપર વળી ચઉવદ જાણું હો. ગુ૦ ॥૧૦॥ રાસ સરસ એ છે વાંચોરે ભાઈ, કહે જિનહર્ષ સુણાઇ હો. ગુ૦; રીજવજો તુમે લોગ લુંગાઇ, થાશેં લાભ સવાઇ હો. ગુ૦ ॥૧૧॥

## ઇતિ શ્રી અજિતસેન કનકાવતી રાસ સંપૂર્ણઃ

સં. ૧૭૮૩ના માસ ભાદરવા વદિ ૧૪ ભોમ-વાસરે લિખિતા શ્રી ગજવિજય ગણિભિઃ ઝીંતડા ગ્રામે શ્રીરસ્તુ ભદ્રં ભવતુ શુભં ભૂયાત્

(દેવર્દ્ધિ પાલીતાણા. પોથી નં. ૫૧ પ્રત નં. ૨૯૪ પાના ૨૯ ઉપરથી આ પ્રત ઉતારી છે.)

ખર૦ શ્રી જિનહર્ષ ગણિ કૃત

– જિન ધર્મારાધન ઉપર –

# ॥ શ્રી ગુણકરંડ ગુણાવલીનો રાસ ॥

## ॥ દોહા ॥

શ્રી અરિહંત અનંત ગુણ, સેવે સુરનર ઈન્દ્ર;
પાય કમલ જસ પ્રણમતાં, લહીએ પરમાણંદ. ॥૧॥

ચોવિશે જિણ જગત ગુરૂ, જગજીવન જીણચંદ;
જગનાયક દાયક સકલ, સેવકને સુખવૃંદ. ॥૨॥

કરૂણાનિધિ કામિત દીયણ, સકલ જીવ પ્રતિપાલ;
ચઉવીસે જીનવર નમી, સરસ્વતી નમું ત્રિકાલ. ॥૩॥

મન વચ કાયા સ્થિર કરી, સેવીજે મન શુદ્ધિ;
તો માતા સુપ્રસન્ન થઈ, આપે નિર્મલ બુદ્ધિ. ॥૪॥

બુદ્ધે જગજસ પામીએ, બુદ્ધે સીઝે કાજ;
બુદ્ધે પ્રભુતા પામીએ, બુદ્ધે લહીએ રાજ. ॥૫॥

બુદ્ધે સુરનર રંજીયા, બુદ્ધે વિઘન વિડાર;
બુદ્ધિવંત જગ જસ લહી, બુદ્ધિ બડી સંસાર. ॥૬॥

બુદ્ધિએ નારી ગુણાવલી, કહ્યાં બોલ પ્રમાણ;
ચારે પ્રીતમના કહ્યાં, મુકયો નહી નિજ માન. ॥૭॥

તાસ કથા કહિશું સરસ, ધરજ્યો હૃદય મઝીર;
વિકથા ઉંઘ તજી કરી, સાંભલજો નરનાર. ॥૮॥

## ॥ ઢાળ ૧ લી ॥

રામ ગિરિ...એ રાગ.

જંબુદ્વીપ લાખ યોજન માન, ભરતક્ષેત્ર તિણ માંહિ પ્રધાન; મનગમતો તિહાં માલવ દેશ, જિહાં સુભિક્ષ સદા સુવિશેષ. ॥૧॥ ઉજ્જેણી નગરી ગુણભરી, ઇન્દ્રતણી જાણે સૂરિપૂરી; ધણ કણ કંચણ ભરિયા ધામ, પુણ્યવંત રહેવાના ઠામ. ॥૨॥ પુર પાછલ ગઢ વિષમ ઉતંગ, જાણે ગિરિવર કેરી શ્રૃંગ. ઝળકે કોશિસાની ઓળી, નયણ સુહાવી [1]પોઢી પોળી. ॥૩॥ ઉંચા મંદિરને માલિયા, સુર વિમાનના મદ ગાલિયા; [2]પાવા ચોરાશી બઝાર, ભરીયા લખમીનાં ભંડાર. ॥૪॥ ફાંદાલા રૂપે ફાબતા, ફોફલ પાન મુખે ચાવતાં; આભરણે કરી દીપે અંગ, બેઠા પેઢીએ જાણે અનંગ. ॥૫॥ વાણોતર નિજ આવ્યાં ત્યાંહ, વેચે વસ્તુ ક્રિયાણુ સાર; થાયે અગણિત લાભ અપાર, એહવા જિણ પૂરે સાહુકાર. ॥૬॥ શ્રાવકલોક કરે જીનધર્મ, મુખે ન બોલે ખોટા મર્મ; પર્વ દિવસ પૌષધ અણુસરે, અવસરે સામાયિક પણ કરે. ॥૭॥ મૃગનયણી શશિવયણી નાર, રૂપે સુરરમણી અણુહાર, સુંદર સજી સોલ શણગાર; દેવ ગુરૂ વંદે સુવિચાર. ॥૮॥ સુખીયા લોક વસે સહુ કોઇ, જેહમાંહે મોટા ગુણ દોઈ; પરનારીના બંધવ જેહ, સ્વારથ પાખે પાલે નેહ. ॥૯॥ બ્રામણ

૧. મોટીપોળ ૨. સુંદર

ક્ષત્રી વૈશ્યને શુદ્ર, ચારવરણ વસે જિહાં અશુદ્ધ; ભોગી ભ્રમર જિહાં નર ઘણાં, ચતુર વિચક્ષણ સોહામણાં. ॥૧૦॥ વાપી વાવ બગીચા જિહાં, વૃક્ષ ફૂલ્યા ફાલ્યા છે તિહાં; રમવા નરનારી તિહાં જાઇ, ઉજાણી તિણ ઠામે થાઇ. ॥૧૧॥ સિપ્રા નદી વહે શુચિ નીર, રમણ કરે પંખી તસુ તીર; જલ ભરવા આવે પણિહાર, કનકકલશ ધરી શીશ અપાર. ॥૧૨॥ કેઇ આવઈ કેઈ ભરી ભરી જાઈ, વાટ ઘાટ સંકીરણ થાઇ; નગરી વર્ણવી પહિલી ઢાલ, પૂરી કરી જિનહર્ષ રસાલ. ॥૧૩॥

॥ દોહા ॥

અરિ મર્દન રાજા તિહાં, રાજ કરે સુવિશાલ;
અરિ મર્દન કીધા જિણે, પ્રજાતણો પ્રતિપાલ. ॥૧॥
સત્યવંત ગુણવન્ત નૃપ, રાજસ ગુણ જિણમાંહિ;
સઘલા ગુણ છે જેહમાં, દેહ રહ્યાં અવગાંહિ. ॥૨॥
ઈન્દ્ર તણી ઉપમા ધરી, ટાલે જે અન્યાય;
રવિ પ્રતાપ જિમ આકરો, શીતલ સોમ સમાન. ॥૩॥
લોક કોક જિમ ઉલ્લસે, દેખી નૃપ મુખ સુરદ;
દુઃખ ભંજે રંજે પ્રજા, એહવો રાય અક્રૂર. ॥૪॥

## ॥ ઢાળ ૨ જી ॥

શ્રી જિન વદન નિવાસિની...એ દેશી.

તિણ નયરી વ્યવહારીયો, વસેં મહાધન ધારી રે; માને રાય પ્રજા સવિ, સહુ સહુમાંહે અધિકારી રે૦

॥૧॥ તિમ ગુણનો જેહને કરંડીયો, ગુણકરંડ અભિધાનો રે; જેહનો જસ જગે વિસ્તર્યો, પણ ન કરે અભિમાનો રે. તિ૦ ॥૨॥ ફલ લખમી પામ્યા તણો, વહતો શત્રુકારો રે; જે માંગે તે આપીએ, માગત જન આધારો રે. તિ૦ ॥૩॥ વાહલા લાગે સહુભણી, જલધર ને દાતારો રે; એ સુકા સરવલ ભરે, એ દીયે દાન અપારો. તિમ૦ ॥૪॥ આસ કરે દાતારની, સહુ કો બાલ ગોપાલો રે; દાતા જગ જીવાડણો, કાટે નામ દુકાલો રે. તિમ૦ ॥૫॥ દુનિયા ધે દાતારને, આછી પરિ આસીસોરે; ભુખ્યા કેરો માલવો, જીવો કોડ વરિસો રે. તિમ૦ ॥૬॥ એહવો જે વ્યવહારીયો, નગરીનો શણગાર રે; ઉભા જેહને બારણે, માંગત જન પરિવારો રે. તિમ૦ ॥૭॥ સમક્તિ પાલે નિર્મલો, જીવાજીવ વિચારો રે; જાણે ગુરૂ સંગતિ થકી, શ્રાવકના વ્રત ધારો રે. તિમ૦ ॥૮॥ સાતે ક્ષેત્રે વાવરે, ઉત્તમ આચારો રે; લખમી લહી સફલી કરે, સંચે નહી લિગારો રે. તિમ૦ ॥૯॥ જાણે લખમી કારમી, સાથે એહ ન આવેરે; વહતે વારે આપણો, લાહો લીજે મનભાવે રે. તિમ૦ ॥૧૦॥ જિમ જિમ ખરચે તિમ વધે, પૃણ્યતણે પરભાવે રે; કૂવાથી જલ કાઢીયે, તિમ તિમ વધતો જાવે રે. તિમ૦ ॥૧૧॥ ધન મેલી ખરચ્યા, નહિ, જમ તેડો જબ આવે રે; હાથ ઘસશે માખીપરે, પછી તેહ પછતાયરે. તિમ૦ ॥૧૨॥ કૃપણ નરે ધન સંચીયો, કેહની ન પૂરે આસરે. તે ધન મુકી ધરણીમે, ઉઠી ચાલ્યા નિરાસો રે, તિમ૦ ॥૧૩॥ પાપ કરી ધન મેલવે, માંહુ થઇ

અપારો રે; ખાય નહી ખરચે નહી, ધિગ તેહનો અવતારો રે. તિમ૦ ॥૧૪॥ ચિંતવી ઇમ વ્યવહારીયે, મુગતા કીયા ભંડારો રે; બીજી ઢાલ પૂરી થઈ, કહે જિનહર્ષ વિચારો રે. તિમ૦ ॥૧૫॥

॥ દોહા ॥

તેહને નારી ગુણાવલી, તેહભણી ગુણશ્રેણી;
પિયરને નિજ સાસરો, બેઉ ઉજાલ્યા તેણ. ॥૧॥
જોબનવંતી ને સતી, પતી મન મોહનવેલ;
અભિનવ જાણે અપછરા, ચાલે ગજ ગતિ ગેલિ. ॥૨॥
કમલ જેમ વિકસિત કમલ, બોલે મીઠા બોલ;
સુખ પામે સહુકો સુણી, ગુણ જેહ માંહિ અમોલ. ॥૩॥
આસ કરે દાતારની, આપે પરઘલ દાન;
નાકારો જાણે નહિ, દેયે સહુને સન્માન. ॥૪॥
પ્રીતમસુ રાતી રહે, રાત દિવસ મનરંગ;
વિષયતણા સુખ ભોગવે, પાલે શીલ અભંગ. ॥૫॥

## ॥ ઢાળ ૩ જી ॥

એક દિવસ શેઠ ભોજન કરી, બેઠાં ગોખ આવાસ; સુહતે નગર તમાસો જોવતો, નારી બેઠી પાસ. સુ૦ ॥૧॥ નિજ રૂદ્ધિ દેખી ગરવીયો, બોલે ઇણપરે બોલ. સુ૦ સુણ સુહાગણ કામિની, કોઇ નહી મુઝ તોલ. સુ૦ ॥૨॥ એ રિદ્ધિ સુખ સાહિબી, પામી માહરે ભાગ. સુ૦; કે તાહરે ભાગે મિલી, કહે કરી મિથ્યા ત્યાગ? સુ૦ ॥૩॥ ગુણાવલી મન ચિંતવે, ઇણે કીધો અભિમાન, સુ૦; તો પાછા પગ

કિમ ધરૂં, મુકે કિમ નિજ માન. સુ૦ ॥૪॥ જાઓ ઘરની રિદ્ધડી, જાઓ વ્હાલા પ્રાણ. સુ૦ સહુને જાતા મુકીએ, માન ન દીજે જાણ. સુ૦ ॥૫॥ માન ગયો તો સહુ ગયો, માનવિણ નર છાંણ; રિણમાંહે કટકા હુવે, સૂર ન મેલે માન. સુ૦ ॥૬॥ ધન સારે સહુ સંપજે, માન મિલે નહી જાણ. સુ૦ જોઈ જોઇ જગમે જોઇએ, મીલે મુહ ગોમાણ. સુ૦ ॥૭॥ મંગલમાન વિણા-મુને, આદર ન દીએ કોઇ. સુ૦ પહિલિ ફોડ કુંભારથી, જિમ ગિરૂઆ તૃણ હોઇ. સુ૦ ॥૮॥ અલવેહી નિજ મુખથકી, કીધો વચનપ્રકાશ. સુ૦ તે પાલે નહી માનવી, જનમ અકયારથ તાસ. સુ૦ ॥૯॥ પ્રીતમ જો રીસાયશે, તો દેશ્યે નહી માન. સુ૦ માનવિના નહિ સારિખુ, મુકે નહી નિજ માન, સુ૦ ॥૧૦॥ ગુણાવલી ઇમ ચિંતવી, રાખવા નિજમાન. સુ૦ બોલે ત્રીજી ઢાલમાં, કહે જિનહર્ષ સુજાણ. સુ૦ ॥૧૧॥

### દોહા

નારી કહે સુણ વાલહા, ધન નારીને ભાગ;
પુરૂષ લહે જિહાં તિહાં ગયો, ઈહા નરનો નહી લાગ. ॥૧॥
આવે જો પરણી કરી, કુંકુમ પગલે નારી;
તો ઘરમે અભરાયે ભરે, નારી ભાગ વિચારી. ॥૨॥
નારી પૂણ્યે આગલી, તે પૂણ્યે ધન હોઈ;
શંસય પિયુ એ વાતનો, ચિત્ત મ ધરશો કોઈ. ॥૩॥
નારી આગે નર સુખી, પામે જિહાં તિહાં માન;
નર નારી વચ્ચે આંતરો, સરસવ મેરૂ સમાન. ॥૪॥
લાખ સયાઈપ...કોડિમતિ, કીયા કરો સબકોઈ;
અણહુંતી હુંતી નહિ, હોણી હોઈ સો હોઈ. ॥૫॥

સહુ કોઈને ઉપજે, ભાવી લારે બુદ્ધિ;
ભાવી તેહવો નીપજે, શુદ્ધ વિરુદ્ધ વિશુદ્ધ. ॥૬॥

## ॥ ઢાળ ૪ થી ॥

નણદલ હે નાણદલ ચૂડલે જોવન ઝિલ રહીયો...એ દેશી

કામિણિ હે કામિણિ. શેઠ કહે સુણિ વાતડી. તે કહિઉ તે સાચ કામિનિ. નરથી નારી બડી કહી. કિહાં કંચણ કિહાં કાચ. કા૦ ॥૧॥ [1]એતો માન ન કીજીએ, માને સહુ ગુણ જાઈ, કા૦ લઘુતા લહીએ લોકમાં, કેહને નવિ દાઈ. કાં૦ ॥૨॥ અવિચાર્યું પાછલ પડે બોલો બોલ વિચારી. કા૦ મુખથી જિમ તિમ જપતા. સોભા ન લહે નારિ કા૦ એનો૦ ॥૩॥ નારી કેમ વખાણીએ, નરને દીજે કેમ. કા૦ પુરૂષ પ્રધાન કહે સહુ, ધાતુમાંહે જિમ હેમ કા૦ એતો૦ ॥૪॥ નાહ વચન માને નહી, બોલે ભડભડ બોલ; નિર્લજ્જ લાજ કરે નહી, તેહનો કોડી મોલ કા૦ એતો૦ ॥૫॥ સહસગમે નારી હુવે, નરવિણુ તેહ અપુણ્ય. કા૦ લેખે ન ગિણાએ કિસે, અંક વિના જેમ શૂન્ય. કા૦ એતો૦ ॥૬॥ કન્યા થાય સો ગમે, ન રહે ઘરનો સૂત. કા૦ રાખે ઘરની સંપદા. ઉદર ઉપનો પૂત કા. એતો૦ ॥૭॥ પુરૂષ જિહાં તિહાં માનીએ, રાવલ દેવલ જાણિ. કા૦ પરમેસર મોટાં કિયાં, તેહમાં ખોડિ મ આણી. કા૦ એતો૦ ॥૮॥ મોટા મોટા રાજવી, વાસુદેવ બલદેવ. કા૦ તીર્થંકર ચક્રવર્તિ થયા,

[1] આટલું

સારે સુરનર સેવ. કા૦ એતો૦ ॥૯॥ પ્રીતમ હો પ્રીતમ હો, બોલી તામ ગુણાવલી. સાંભલી પિઉ ગુણ શ્રેણી પ્રી૦ એહ પુરૂષ જે તુમે કહ્યાં, તે જાયા કહો કેણિ ? પ્રી૦ એતો૦ ॥૧૦॥ રતનગરભા નારી કહી, કોણ કરે તસુ હોડ. ? પ્રી૦ તીર્થંકર સરખા જણે, ઇન્દ્ર નમે કર જોડી. પ્રી૦ એતો૦ ॥૧૧॥ સતવંતી સીતાસતી, ચિહું નડ ચાવી હોઇ. પ્રી૦ પાવકનો પાણી થયો, નારી તણા ગુણ જોઇ. પ્રી૦ ॥૧૨॥ પાંડવનારી દ્રૌપદી, શીલગુણે ગંભીર. પ્રી૦ પ્રગટ થયા તનુ તેહને, અટ્ઠોત્તર સો ચીર.... પ્રી૦ એતો૦ ॥૧૩॥ બ્રાહ્મી ચંદન બાલિકા, ઇત્યાદિક થઇ નારિ, પ્રી૦ નર પણ તેહને પાયે નમે, પ્રાતઃ જપે ગુણધારિ. પ્રી૦ એતો૦ ॥૧૪॥ નારીથી અધિકો નહી, નારીથી નર હીણ. પ્રી૦ ઝગડો ચોથી ઢાલમેં, કહે જિનહર્ષ પ્રવીણ. પ્રી૦ એતો૦ ॥૧૫॥

॥ દોહા ॥

શેઠ હસી વલતું કહે, પુરુષ કરે ઉદ્યોત;
રતન કચોલાં નર કહ્યાં, કાંઈ ન લાગે છોત. ॥૧॥
નારીના લાગૂં ઘણા, નારિ ચલ જાતિ;
નારી વિણસેં નરવિના, નરની કેહી વાત. ॥૨॥
જેહ થાએ વ્યભિચારીયા, તેહને કેહી લાજ;
નારી થાયે પતિવ્રતા, તાસ એક સું કાજ. ॥૩॥
સોચ વિચારી જોઇ તું, નરને નારી લાખ;
નારી નર કેતા કરે, તે તું મુજને ભાખ. ॥૪॥
નિર્લજ વિટલ નર સારીખો, કોઈ નહી સંસાર;
એક મરે તો વલિ કરે, ઈમ તો ન કરે નાર. ॥૫॥

## ॥ ઢાળ ૫ મી ॥

ઢાલ બિંદલીની.

પુરૂષ તો કપટે ભરીયા, અવગુણના જાણે દરિયા હો. પ્રીતમ વચણ સુણો. નરને તો લાજ ન કાંઈ. બહુ તેરી કરે સગાઈ હો....પ્રી૦ ॥૧॥ ધન ધન જગમાંહે નારી ગુણવંતી એક ભરતારી હો. પ્રી૦ તેહને કોઈ પાપ ન લાગે, નર સુખીયા તેહને ભાગે હો. પ્રી૦ ॥૨॥ સુખણી ઘરમેં નારી, કરે દાન પૂણ્ય ઉપગારી હો. પ્રી૦ નર તો પરદેશે જાવે, નિજ જોબન એળે ગમાવે હો. પ્રી૦ ॥૩॥ કરી કૂડ કપટ ધન લાવે, ધરણીને ઘાટ ઘડાવે હો. પ્રી૦ સહસ બે સહસના ઘરેણા, નારી પહેરે સુખ સયણા હો. પ્રી૦ ॥૪॥ દોહલા થઈ પુરૂષ કમાવે, નારી ચેતી ઘર ચલાવે હો. પ્રી૦ નારી તો કરે વિલાસા, નર નારી કેરા દાસા હો. પ્રી૦ ॥૫॥ નારી તો રુપે રંભા, દેખી પામે અચંભા હો પ્રી૦ તેહના નર ચિંતાખીણા, દિન દિન દીસે મુખ દીણા હો પ્રી૦ ॥૬॥ નારીની ભાગ નિહાલો, નારી તો સુખનો આલો હો પ્રી૦ નારીના નર ઓસીયાલા. કરે દાસતણી પરેં ચાલા હો. પ્રી૦ ॥૭॥ ગુણકરંડ પયંપે ઇસ્યું. કારેજ મુહડે જંપેહો ? સુંદરી વચણ સુણો ગોરી, એ તો ગર્વ ન કીજે, જેહથી પ્રીતમ મન ખીજેહો. પ્રી૦ ॥૮॥ એતો અલપ માણ રૂપિયું ભાવઇ, જેતો આરે લૂણ સમાવે હો. સું૦ જોયા નહી લાખ લહીએ, તો વિણ પહેરવી પાએ હો. સું૦ ॥૯॥ જે નર નારિ વસિ આવે, તે તો કાપૂરિસ

કહાવે હો. સું૦ પરવાહ કિસિ નારીની ? નર આગલ નારી મીની હો. સું૦ ॥૧૦॥ નરને નારી બહુ તેરી, ઉસીઆલ કિસિ સ્ત્રી કેરી હો. સું૦ નારી તો હાટ વિસાણો, મન માને તેતી આણો હો. સું૦ ॥૧૧॥ પીઉ માને તિહાંલગી રાણી, નહી તો ઘર આણે પાણી હો, સું૦ નારી જે ઘર સુખ માણે, તે સઘલા પુરૂષ પ્રમાણે હો. સું૦ ॥૧૨॥ નર આભરણ કહાવે. નર ઘરનો વંશ દીપાવે હો. સું૦ જેહવો તેહવો સિરધાવે. તોહી પણ સુહવ કહાવે હો. સું૦ ॥૧૩॥ નારી તો અબલા કહીઇ, બલવંત પુરુષ જગ લહીઇ હો. સું૦ પાંચમી ઢ.લ સુહાવે, જિનહર્ષ ઇસીપરે ગાવે હો. સું૦ ॥૧૪॥

॥ દોહા ॥

વાદ કરંતા ઈણિપરે, મનમેં થયો દિલગીર;
શેઠ વિચારે મનમે, નારી ઉતારયો નીર. ॥૧॥
મુજને કાંઈ ને લેખવ્યો, મુજસું કીધો વાદ;
નારી પગની પાંનહી, તિણે ઉતાર્યો નાદ. ॥૨॥
નારી સામું બોલતાં, ભલો ન કહેશે કોઈ;
એ અબલા થઈ છૂટસ્યે, પણ માહરો અપજસ હોઈ. ॥૩॥
રાતી તો ગુલ સારિખી, રાખે રંગ અનૂપ;
વિષ સારીખી ગોરડી, વિરતિ કરે વિરુપ. ॥૪॥
નારીને દૂહવે નહી, વિરચે નહી તત્કાલ;
હલવે હલવે છાંડીઈ, જ્યું જલ છાંડે પાળ. ॥૫॥

## ॥ ઢાળ ૬ ઠી ॥

કાગલીઓ કીરતાર ભણી શી પરે લખુરે... એ દેશી.

રીસ હૈયામાંહે રાખી રહ્યો રે, શેઠ સમયનો જાણ; ચતુર ન થાયે અતિ ઉતાવળોરે, થાએ હાંસી હાંણિ. રીસ૦ ॥૧॥ જિમ જિમ દેખે નયણે નારીને રે, તિમતિમ ઉઠે આગ; દીઠા વિણ ન રહેતો પલઘડી રે, તે ઉતરીયો રાગ. રી૦ ॥૨॥ કાચો નેહ પુરુષનો કારિમોરે, જેહવો રંગ પતંગ; વયણ તાપ ખમે નહી તે કિસોરે, ખિણમાં થાય વિરંગ રીસ૦ ॥૩॥ મન ભાંગયો પીઉનો લાગ્યો હીયે રે, નારી વચન કઠોર; વિસાર્યાં પણ વચન ન વિસરેરે, ખિણ ખિણ સાલે જોર. રી૦ ॥૪॥ નારીના મનમાંહિ જેહવો હુતો રે, તેહવો પીઉસું હેત; રંગ ન દીસે પીઉનો સરવથારે, રંગ વિણ ધવલો સેત. રીસ૦ ॥૫॥ નેહ ન દીસે નયણે નાહને રે, બોલે નહી પિણ બોલ; હાંસી માંહે વિખાસી થઇ રે, કીધો વાદ નિટોલ. રી૦ ॥૬॥ વચન કહ્યાં જે મુખ માહરેરે, તે તો લોહમેં લીક; કંત રીસાણો ઘરથી કાઢસ્યેરે, તેહની નહી કોઇ બીહ. રી૦ ॥૭॥ નાહ ભણી તોહી નમું નહીરે, મેલું નહી નિજ માન; ભાવી છે તેહવું થાશે સહીરે, ઇહાં નહી કેહનો પ્રાણ. રી૦ ॥૮॥ ગોખે બેઠો શેઠ ક્રોધે ભર્યોરે, દીઠો બ્રામણ એક; નામ નારાયણ પોથી કાખમાંરે, વિદ્યા ભણ્યો અનેક. રી૦ ॥૯॥ પીતાંબર પહિરણ ધોતીયોરે, લટપટ વીટી પાગ; અવલ પછેડો

ઉપર ઓઢણે રે, કનક જનોઇ ત્રાગ. રી૦ ॥૧૦॥ ઝારો જલભરીયો ગ્રહીયો જિણેરે, કેસર તિલક અખંડ; હાથ પવિત્રી પહેરી સોવનીરે, વાંસ તણો કરંડ રી૦ ॥૧૧॥ ગરઢો બુઢો સો વરસા તણારે, કેશ થયા શિરપીત્ત; શીશ હલાવે જમને ના કહેરે, દાંત પડયાં મુખરીત. રી૦ ॥૧૨॥ ખુંખું શ્વાસે સુંસું મુખે કરે રે, દૃષ્ટિ અલ્પ મુખ લાલ; કહે જિનહર્ષ જરા થયો જાજરો રે. એ છઠ્ઠી થઇ ઢાલ. રી૦ ॥૧૩॥

॥ દોહા ॥

એહવો બ્રાહ્મણ દેખીને, શેઠ કહે સુણ નાર;
એહને તેડી પૂછીએ, મુજ તુજ ભાગ્ય વિચાર. ॥૧॥
બ્રાહ્મણ ભણી બોલાવીઓ, આવ્યો તુરત હજુર;
આદરશું બેસાડીયો, પૂછે શેઠ સનૂર. ॥૨॥
કહો પ્રાડે ધન સંપજે, નારી કે નરભાગ ?;
સોચી વિચારી બોલજ્યો, સાચ તણો ઈહાં લાગ. ॥૩॥
વિપ્ર કહે સુણો શેઠજી, કહે મ ધરજ્યો રીશ;
ધન નારી વખતે મિલે, જાણો વિશવાવિશ. ॥૪॥
હીયડામાંહે પરજલ્યો, થયો ક્રોધવશ તેહ;
પક્ષ કીયો ઇણે નારીનો, કણ આપે નિત જેહ. ॥૫॥

## ॥ ઢાળ ૭ મી ॥

હરીયા મન લાગ્યો...એ દેશી.

પંડિત જાણી પૂછીયો, પણ એ મૂઢ ગમારરે; પંડિત ઉઠી પરો. નારી ભાગ્ય વખાણીયો. સમજે નહી લિગારરે. પં૦ ॥૧॥ ફેર નહી બેહુંમે રતી. એ સરીખો

મિલ્યો જોગરે; જેહવી મુરખ કામિનિ, તેહવો એ પિણ લોગરે. પં૦ ॥૨॥ વિપ્રવચન લાગો ઇસો, દાધા ઉપર લૂણરે; પં૦ મનમાંહે જાણી રહ્યો, ભાવી મેટે કુણરે ? પં૦ ॥૩॥ શીખ દીધી બ્રાહ્મણ ભણી, શેઠે દેઇ અપમાનરે પં૦ મુરખ જા ઘરે પાધરો, જાણ્યો તાહરો જ્ઞાન રે. પં૦ ॥૪॥ શેઠ ગયો બઝારમાં, પણ મનમાં દિલગિર રે. પં૦ નારી સુણતાં માહરો, ઉતાર્યો ઇણે નીર રે. પં૦ ॥૫॥ ગુણવંત નારી ગુણાવલી, મનમેં કોઈ ન રોષ રે. પં૦ પતિ ભગતિ પીઉ રાગિણી, શીલવંતી નિર્દોષ રે. પં૦ ॥૬॥ શેઠે સહુ તેડાવીયા વાણોત્તર તિણવાર રે; લહિણા લીયા દેણા દીયા, સહુને સંભારી સંભારિ રે. પં૦ ॥૭॥ સઘલા હિ ઘર વેચીયા, વેચ્યાં હાટ વખાર રે; ઢોર ઢાંઢા સહુ વેચીયા, વાત ન જાણે નારી રે. પં૦ ॥૮॥ ઇહાથી વાહણ પૂરીને, જાઇસ દરિયા તીર રે. પં૦ વણજ કરીય તિહાં કણેજઈ, કરી નિજ કરમસુ સીરરે. પં૦ ॥૯॥ કોઇક મીસે કરી નારીના, ગ્રહણા સઘળા લીધરે; પં૦ ઘર ખાલી કીધો સહુ, પુઠીહથ્થો સહુ દીધરે. પં૦ ॥૧૦॥ વાહણ વસ્તુ ભર્યા બહુ, સાથે લોક અનેકરે; સાતમી ઢાલ સુણો સહુ, ધરી જિન હર્ષ વિવેક રે. પં૦ ॥૧૧॥

॥ દોહા ॥

સુણ ગુણવંતી ગોરડી, હું ચાલીસ પરદેશ;
રૂડીપરે રહેજો ઈહાં, તું છઈ બાલીવેસ. ॥૧॥
શીખ કિસી સુપરી તને, તુ છે ચતુર સુજાણ;
ઘર વેચ્યા છે ગેહની, રહેજ બીજે ઠાણ. ॥૨॥

તુજ પાસે તુંજ ભાગ્ય છે, તો તુંજ થાશે કલ્યાણ;
ચિત્ત ચમક્યો નારી તણો, સાંભળ એહવી વાણ. ॥૩॥

પ્રીતમ દંસ હીયે ધર્યો, હસતાં બોલ્યાં જેહ;
એહવા ક્રોધી સાતમે, ન્યાયે જાયે તેહ. ॥૪॥

મુજશું વિરચ્યો વાલહો, ખિણમે તોડી પ્રીત્ત;
તો હવો ખાસ કિશ્યો કરૂ, ભર્ગાત ન ભાંજે ચિત્ત. ॥૫॥

નેહ નિહોરે ન થાયે, પરાણે પ્રીત્ત ન થાય;
માન ન મુકું તો હવે, માન તજ્યા પતિ જાય. ॥૬॥

ગુણાવલી વલતું કહે, ધરી મનમેં અભિમાન;
તુમે કહ્યો તે સત્ય સહુ, પણ નારી વખત પ્રધાન. ॥૭॥

## ॥ ઢાળ ૮ મી ॥

મોતીના ગીતની. દેશી.

જોરે થઇ મનમાંની ગુમાની. તોહી પ્રીત્ત રહે નહી છાની, સાહિબા વેગે ઘરે આવજો. પ્રીત્તમ વેગા ઘરે આવજો, વેગા સંપત્તિ લેઇ ઘરે આવજો. મુજ વખતે તમને સુખી થાજ્યો, સા૦ ॥૧॥ તુમવિણ એકલડી કિમ રહિસ્યું. સુખ દુઃખ વાર્તા કિણે કહિસ્યું. સા૦ તુમ વિણ દિન દોહિલા જાસ્યે, તુમવિણ કાયા પંજર થાસ્યે. સા૦ ॥૨॥ ભામણડે જાઉ પિઉ તોરે, મોહન નામ વસે મન મોહે. સા૦ પ્રીત્તલડી પીઉ તુમ્હસું લાગી. સુખની છાંય તુમે સોભાગી, સા૦ ॥૩॥ નયણે નીંદ ઠલી ન આવે, તારા ગણતા રાત્રિ વિહાસ્યે, સા૦ તુમવિણ નહી કોઈ આધારા, માત પિતા સહુ સાજણ ખારા. સા૦ ॥૪॥ આંખે

આંસુ મુખ નિસાસો, મીટશે પ્રીત્તમ યહિ ઘરે આશા સા૦ હેજે મિલસ્યો હિત આણીને. નિજ નારી પ્યારી જાણીને. સા૦ ॥૫॥ સંભારજ્યો નારી સલુણી, તુમવિણ રહસ્યું ઉણી દુણી. સા. માહરો ચિત્ત તુંજ સાથે ચઢસ્યે. ઇહાં સુનો પંજર રડવડશે. સા૦ ॥૬॥ ભાણા ખડહડ ખગ્ગ સુહેલો. વાલ્હહાં તણો વિજોગ દુહેલો, સા૦ જેહનાં હીયડાં લોહે જંડીયા, તેહ વિજોગ ખમે લડથડીયા. સ૦ ॥૭॥ ઘર વેચ્યાં મુજ ગ્રહણા લીધાં. લેણા દેણા દીધાં, સા૦ હાંસી માંહે બોલ બોલાણા, હીયડે રાખી રહ્યાં સુજાણા. સા૦ ॥૮॥ તે તો દુઃખ મુઝને નહી કોઇ, હોણહાર તે નિશ્ચે હોઇ. સ૦ ॥૯॥ હું રહિશ તુંજ સ્મરણ કરતાં, આંખડીયે આંસુડાં ઝરતી. સા૦ વાલા વહિલાં વલણ કરેજ્યો, મહેર કરીને મેળો દેજ્યો. સા૦ ॥૯॥ પરદેશે મોહી મત રહેજો, કાગલ કુશલી નો મોકલજો. સા૦ આઠમી ઢાલ થઈ સુવિચાર, કહે જિનહર્ષ કહ્યો ઇમ નારી. સા૦ ॥૧૧॥

॥ દોહા ॥

ભાખે વેણ ગુણાવલિ, વલી દ્યો કોઈ આદેશ;
જે કાંઈ ઉરમાં વસ્યો, શીશ ચઢાવી લેસિ. ॥૧॥

માનવતી સુણ માનિની, હજુએ લક્ષણ એહ:
નલિકા ધૃત સૂન પૂછડી, વાંકી સરલ ન હોય. ॥૨॥

શું હવે માન ન કીજીએ, અતિઘણો માન વિણાસ;
પતિ જાયે પતિ પરિહરી; કોઈ ન વંછે તાસ. ॥૩॥

નામે ગુણની શ્રેણીઉ, પણ માન એહ ગુણ નીચ;
અમૃતમાંહે ભેલીએ, વિષલવ આપે મીચ. ॥૪॥

તાહરે ભાગ્યે હું સુખી, ખાસ્યું લહિસ્યું રૂદ્ધિ;
ચાર બોલ કરજે ચતુર, તુજ વખતે નવનિધ. ॥૫॥
રયણુ કરંડ કહે ઈસ્યું, સાંભલિ વયણુ રસાલ;
મંદિર એવલ કરાવજે, સુંદરને સુવિશાલ. ॥૬॥
ઘોડા દોઈ લેઈ રાખજે, પરણે નારી એક;
સુત જણજે વલિ સુંદરી, ધરજે શીલ વિવેક. ॥૭॥

## ॥ ઢાળ ૯ મી ॥

કરમપરીક્ષા કરણ કુંવર ચલ્યોરે...એ દેશી.

શુભ દિન શેઠે વાહણ પૂરીઆ રે, લેઇ બહુ પરિવાર; પહુંચાડી સહું કોઈ બાહુડયાંરે, ચાલ્યા જલધિ મઝાર શુભ૦ ॥૧॥ ચિંતે મનમે એમ ગુણાવલીરે, ધિગ ધિગ નરની જાતિ નેહ અમૌલિક તોડી ચાલીયા રે, પૂછે કાંઈ ન વાત. શુ૦ ॥૨॥ ચલતાં મુજને નાહ બોલાવશે રે, કરસ્યે વાત વિચાર; તે તો સામ્હો જોયો નહીરે, કઠીન થયો ઇણવાર, શુભ૦ ॥૩॥ જા લગિ ગાયો તેહનો ગાઇયે રે, તાં લગિ પાલે પ્રીત; કહ્યો ન કરીએ તો તોડી દીયેરે, જે સ્વારથીયા મીત્ત૦ ॥૪॥ હવે ગુણવંતી નારી ગુણાવલીરે. કરી મનમાંહિ કરાર; મુજને કરિવા પ્રીતમના કહ્યાંરે, વારુ બોલ ચાર શુભ૦ ॥૫॥ ઘર વેચ્યાં તે તો થયા પારકાંરે. ઇહાં તો રહ્યો ન જાઇ; કિંહાઈ કેહની માંગી ઓરડી રે, તિહાં રહી તે ધાઈ. શુભ૦ ॥૬॥ માતા તુંજ પાસે કાંઇ અછેરે, ગ્રહણા રોકડ દામ; બાર ટકા છે બેટી મુજ કન્હેરે, ધાઇ વચન કહ્યો આમ. શુભ૦ ॥૭॥ બાર ટકા

લીધા ધાઈ પાસથીરે, વલી ઘર સોઝયો જાઈ; ભાગી પેટી એક લેઈ તિહાં રે હરખિત ચિત્તમે થાઈ. શુભ૦ ॥૮॥ લેઇ આઈ પોતાને ઘરે રે, તેડાવ્યો લોહકાર; સમરાવી પેટી ભલીપરેરે, કેલવી બુદ્ધિ અપાર. શુભ૦ ॥૯॥ રેત ભરીરે પેટી સુંદરીરે, તાલો જડીયો બાર; મુકી ઘરમાંહે લેઇ કરીરે, હરખિત ચિત્ત મઝાર. શુભ૦ ॥૧૦॥ પતિનો મિત્ર રહે તે નગરમે રે, ધન નામે ધનવંત; ધાઇને મેલી તે તેડાવીયોરે, તુરત આવ્યો ગુણવંત. શુભ૦ ॥૧૧॥ ઉઠી આદર દીધો તેહનેરે, બેસણ આસણ દીધ; ભલે પધાર્યા અમ ઘર શેઠજીરે, આંગણ પાવન કીધ. શુ૦ ॥૧૨॥ કહો ભાભી મુજ કિમ તેડાવીયોરે, કામ કહો મુજ કાંઈ, મિત્ર તુમારો પરદેશે ચલ્યો રે, ધન એકત્ર કીધો જોઈ. શુભ૦ ॥૧૩॥ પેટીમાં સહુ ઘાલીયો રે, ગ્રહણા સોવનરુપ; કહેઈ જીનહર્ષ પુરી થઇ એટલેરે, નવમી ઢાલ અનૂપ શુભ૦ ॥૧૪॥

॥ દોહા ॥

રાખો પેટી તુમ ઘરે, આપો લાખ દીનાર;
કામ કરો મુજ એટલો, મત કરજ્યો નાકાર. ॥૧॥

ઈમહી જો માગોં તુમે, તો આપું દીનાર;
પેટી લેઇ આપીએ, તેહમે કિસ્યો વિચાર?. ॥૨॥

પેટી ધન લેઈ ગયો, લાખ સોનઈયા દીધ;
ચિંતે ચિત્ત ગુણાવલી, હવે મુજ કારજ સિદ્ધ. ॥૩॥

સોનઈયા દેખી હીયે, હરાખત થઈ અપાર;
ભીડ પીડ ભાંજે સહુ, નાણાથી નિરધાર. ॥૪॥

પૂણ્યપસાએ સહૂ ફલે, મનનાં ચિંતિત કાજ;
રણુ વેલાઉલ પુણ્યથી, પુણ્યે વાધે લાજ. ॥૫॥

## ॥ ઢાળ ૧૦ મી ॥

અલબેલાની દેશી.

વાણોતર બોલાવીયો રે લાલ, વાણોત્તરી તસું દીધ. ગુણવંતી રે, ફેર વ્યાપાર મંડાવીયોરે લાલ, બુદ્ધે કારિજ સિદ્ધ. ગુણુ૦ ॥૧॥ ધન વાધ્યો વ્યાપારમાં રે લાલ, પુણ્યતણે સુપસાય ગુ૦; એક વરસને છેહડે રે લાલ, અગણિત લાહો થાઈ ગુ૦ ॥૨॥ પ્રથમ વચન પ્રીતમતણો રે લાલ, કરૂં હવે તત્કાલ. ગુ૦; સૂત્રધાર તેડાવીયા રે લાલ, ભાખે વચન રસાલ. ગુ૦ ॥૩॥ મંદિર વીર કરો તુમેરે લાલ, નલિની ગુલ્મ વિમાન. ગુ૦; રૂડો ને રલીયામણો રે લાલ, ઉંચો શિખર સમાન ગુ૦ ॥૪॥ ઠામ અનોપમ જોઇનેરે લાલ, શુભ મહૂરત શુભવાર ગુ૦; દોરી દેઇ મંડાવીયોરે લાલ, દીઠે હરખ અપાર. ગુ૦ ॥૫॥ ધનથી શ્યું થાયે નહીરે લાલ, થોડા દિવસ મઝાર. ગુ૦; મહેલ રહ્યો રલીયામણોરે લાલ, દીઠે હરખ અપાર ગુ૦ ॥૬॥ કીધ પ્રતિષ્ઠા ગેહનીરે લાલ, જીમાડયાં બહુ લોક ગુ૦; પ્રથમ વચન પિયુનો કહ્યો રે લાલ, પૂણ્યે સઘલા થોક. ગુ૦ ॥૭॥ દહેરાસર મંડાવીયો રે લાલ, તેજે ઝાક ઝમાલ ગુ૦; પ્રતિમા કંચનમય કરીરે લાલ, પૂજા કરે ત્રિકાલ. ગુ૦ ॥૮॥ ધનને ધન દેઇ કરે લાલ, પેટી આંણી ગેહ. ગુ૦ ધરમ કરે જીનવર તણોરે લાલ, ધારી હૃદય સનેહ. ગુ૦ ॥૯॥

અન્ય દિવસ એક આવીયોરે લાલ, વણજારો લેઇ ખાંડ. ગુ.; કિણહિ તે લીધી નહીરે લાલ, સારો ન હુવે માંડ. ગુ૦ ॥૧૦॥ ખાંડ લેઇ પાછો વલ્યો રે લાલ, ગુણાવલી તિણવાર. ગુ.; વાણોતર તેડી કહે રે લાલ, લેઇ નાખો ભંડાર. ગુ૦ ॥૧૧॥ ખાંડ તિણે સહુ સંગ્રહીરે લાલ, દીધા રોકડ દામ. ગુ.; વણજારો હરખિત થયો રે લાલ, થયું માહરૂં કામ. ગુ૦ ॥૧૨॥ સુખમેં રહે ગુણાવલીરે લાલ, દિન દિન વાધે ધન્ન ગુ.; દસમી ઢાલ પૂરી થઇ રે લાલ, કહે જીનહર્ષ વચન્ન. ગુ૦ ॥૧૩॥

॥ દોહા ॥

અન્ય દિવસ રાજાતણો, પૂણ્યતણો વિવાહ;
સગા સબંધી બહુ મલ્યાં, થઇ રહ્યો ઉચ્છાહ. ॥૧॥

પરણવા વર આવશે, લેઇ જાઝી જાન;
જમાડવાં જોઈશે, વિધ વિધનાહ પકવાન્ન. ॥૨॥
ચોખ્ખી ખાંડ લેવાતણી, મુહતાં મુકયાં રાય;
ચોખ્ખી ખાંડ મિલે નહી, [1]મુહગોઈ પિણ ભાવ. ॥૩॥

રાજાને આવી કહ્યું, ખાંડ મિલે નહી રાજ;
રાજા ચિંતાતુર થયો, કિમ રહેશે મુજ લાજ ?. ॥૪॥

લગ્ન દિવસ તો ઢુંકડો, આયો ન મિલે ખાંડ;
જાન જમાડી નથી શકયો. થાસ્યે સહુ કૌભાંડ. ॥૫॥

---

૧ મોંઘી

## ॥ ઢાળ ૧૧ મી ॥

કોઇલો પરવત ધૂંધલોરે. એ દેશી.

ઇણ અવસર એક ચાડીયો રે લાલ, રાયભણી કહે તામ રે. રાજેસર; ખાંડ ગુણાવલીને ઘણી રે લાલ, લેઇ કરો નિજ કામ રે. રા. ઇણ૦ ॥૧॥ તુરત મંગાવે રાજવી રે લાલ, મૂકી સચિવ પ્રધાનરે. રા.; કર જોડી કહે કામિની રે લાલ, દેઇ આદર સનમાન રે, રા. ઇણ૦ ॥૨॥ ખાંડ ઘણી છે માહરે રે લાલ, લ્યો જોઇજે જેહરે. રા.; કીધી પ્રભુશિર વારણેરે લાલ, રૂદ્ધિ સઘલી એહરે. રાજે. ઇણ૦ ॥૩॥ ખાંડ પછે લેશ્યું અમે રે લાલ, પહેલાં લ્યો તુમે દામ રે. રા.; દામ પછે લેશ્યું સહુરે લાલ, જઇ કરો નિજ કામ રે રાજે. ઇણ૦ ॥૪॥ તે લેઇ આવ્યા ઘરે રે લાલ, રલીયાયત થયો રાય રે, રા.; ધન ધન નારી ગુણાવલી રે લાલ, રાખી લાજ સુખાઇરે રા. ઇણ૦ ॥૫॥ કીધો વિવાહ ભલીપરે રે લાલ, કરી પરગલ પકવાનરે રા.; સાજણ સહુ સંતોષીયારે લાલ, જીમાડી સહુ જાન રે. રા. ઇણ૦ ॥૬॥ રાય બોલાવી દીકરી રે લાલ, વલીયા બોલા વેણ રે. રા.; તેડી નારી ગુણાવલીરે લાલ, લજ્જા ધરી આવે રે. રા.; ઇણ૦ ॥૭॥ આદરશું રાજા કહે રે લાલ, લ્યો પુત્રી તમે દામ રે. રા.; દામ ઠામે ઘો બાપજી રે લાલ, દો ઘોડાં અભિરામ રે. રાજે. ઇણ૦ ॥૮॥ રાય ખુશી થઇ આપીયા રે લાલ, જાતિવંત તુરંગરે, રા.; ગુણાવલી આવી ઘરે રે લાલ, અંગે થયો ઉછરંગ રે, રા. ઇણ૦ ॥૯॥ સુજસ થયો પુરમેં ઘણો

રે લાલ, ચુલિગર મુખ શ્યામગ રા.; રે. ધર્મજય ક્ષય પાપથી રે લાલ. ઠામ ઠામે ગુણ ગ્રામરે, રા. ઇણ૦ ॥૧૦॥ પુણ્યથકી એ પણ થયો રે લાલ, બીજો બોલ પ્રમાણરે રા.; પિઉ કાજે પરણો હિવે રે લો, કિણપરે નારી સુજાણરે, રા. ઇણ૦ ॥૧૧॥ જેહને પુણ્ય પોતે હુવે રે લાલ, તેહને સહુ આસન્ન રે. રા.; ફલે મનોરથ તેહનો રે લાલ, જિહાં તિહાં પાઞે માન રે રા. ઇણિ૦ ॥૧૨॥ ચિંતે ચિત્ત ગુણાવલી રે લાલ, સુર આધીન એ કાજ રે. રા.; થઇ જિનહર્ષ અગ્યારમી રે લાલ, ઢાલ ભલી શિરતાજ રે. રાજેસર. ઇણિ૦ ॥૧૩॥

॥ દોહા ॥

આરાધી કુલ દેવતા, ધ્યાન હૈયામાં ધારી;
પૂજા વિવિધ પ્રકારની, કરે ગુણાવલી નારી. ॥૧॥
સમરણ કરતાં પૂજતાં, સાત દિવસ થયા જામ;
પ્રગટી અનોપમ દેખીને, પ્રત્યક્ષ સૂરી થઈ તામ. ॥૨॥
કહે વત્સે ? શ્યું જોઇએ ?, માગ આવે જે દાય;
ભાખે તામ ગુણાવલી, પુરુષરૂપ દીયો માંય. ॥૩॥
પુરૂષરૂપ રહે માંહરો, માતાજી ષટ્‌માસ;
જાઉ કિણદિસિ કિણનગર, કિણપરે પુગે આશ ?. ॥૪॥
કહે દેવી ઉત્તર દિસે, દંતપૂર નગર સમૃદ્ધિ;
તિણદિસિ જા આશા સફલ, થાશે કામ સુસિદ્ધ. ॥૫॥

## ॥ ઢાળ ૧૨ મી ॥

દાન ઉલટ ધરી દીજીએ... એ દેશી.

ધર ભલાવ્યો ધાય માયને, વાણોતરને વ્યાપાર રે; રૂપ નરનું ધરી સંચરી, ધનુષ શર બાંધી તરવાર રે

॥૧॥ પુણ્ય સબલ બલ નરભણી, પુણ્યથી થાએ સહુ સિદ્ધ રે; પુણ્યથી બુદ્ધિ પણ ઉપજે, પુણ્યથી રુદ્ધિ સમૃદ્ધરે, પુણ્ય૦ ॥૨॥ ગામ નગર પુર લાંઘતી, બહુત પરાક્રમ પિંડરે; બીક નહી મન કેહનો, આવ્યો એક વનખંડરે. પુ૦ ॥૩॥ વૃક્ષ વનમાંહિ ઘણા જિહાં, બ્બર ખદિર પ્રૌઢ પલાસરે; પીપલ વડ બહુ આંબલી, જિહાં રવિતણો ન પ્રકાશરે, પુ૦ ॥૪॥ સિંહ ધ્રડુકે જિહાં તિહાં, સારસી કરે ગજરાજરે; વાઘ વિલોવણો ઘાતીયો, ચીતરા કરે અવાજરે, પુ૦ ॥૫॥ શીયાલના શબ્દ બીહામણાંરે, અજગર કરે હુંકાર રે; વલી દાવાનલ પરજલે. દેખતાં મહાભયકારરે, પુણ્ય૦ ॥૬॥ ગણે નવકાર ગુણાવલી, હ્રદયે અરિહંતના નામ રે; જાપે ચલે વનમેં સતી, સાંઝ થઇ તિણ ઠામ રે, પુણ્ય૦ ॥૭॥ સરોવર એક તિહાં નીરખાયો, આવી તિહાં તત્કાલ રે; નીર ગળી પીધું લૂગડે, હાથ પગ વદન પખાલરે, પુ૦ ॥૮॥ પાળે આવી ઉભી રહી, દેખી વનવૃક્ષ વિસ્તાર રે; તેહને હેઠે વાસો વસી, હ્રદય ધરી નવકારરે. પુણ્ય૦ ॥૯॥ સાગારી અણુસણ કરી, જીવા યોનિ ખમાઈ રે; કીધો ચોવિહાર ચાર પહોરનો, સુતી વડપત્ર બિછાય રે, પુ૦ ॥૧૦॥ દોય ઘડી ગઈ તિસ જિસે, આવ્યો તિણ વૃક્ષે ભારંડ રે; ચણ કરી લેઈ આવીયો, પોષવા બાલક પિંડરે, પુ૦ ॥૧૧॥ પોતા ભારંડ માય બાપને, દેખીને થયા ખુશાલરે; કહે જિનહર્ષ બારમી, પૂરી થઈ સુણો ઢાલ રે. પુણ્ય૦ ॥૧૨॥

## ॥ ઢાળ ૧૩ મી ॥

ઢાલ...વીંછીયાની

માસ દિવસનો પણ કીયો, સાજા થાઇ મુજ નયણ રે; તો જીવું નહી તો મરૂં, પાવક પેસું કહે વેણરે૦ ॥૧॥ વાત સુણજ્યો સાથી માહરી, માઇબાપને વાલ્હી તેમરે; તે ત્રિણ તે પણ જીવે નહી, વાધ્યો કન્યાશું નેહ રે, વાત૦ ॥૨॥ એહને જે નર કરે દેખતી, તેહને દે અડધું રાજરે; પરણાવું કન્યા એ વલી, ઘોષણા દેવરાવે રાજરે. વાત૦ ॥૩॥ લોક પુરના સહુ શોકે ભર્યા, રાજાને સુત નહી કોઈ રે; કોણ પ્રજા રખવાલશ્યે ?, નૃપ મરશ્યે અનરથ હોઇ રે. વા૦ ॥૪॥ લોક નાસે કેઇ નગરથકી; કેઈ પામે ત્રાસ રે; દુઃખીયા ઇમ લોક દેખી કરી, અમ મન થયો અધિક ઉદાસ રે. વાત૦ ॥૫॥ છવીશ દિવસ થઇ ગયા, પણ આંખ ન વાલી કેણ રે; હાહાકાર નગરમેં થઇ રહ્યો, આવ્યા અમે મોડા તેણારે. વાત૦ ॥૬॥ વલી પૂછે નાન્હા પંખીયા, કિમહિ તે દેખે બાલિ રે ?; વડને થડ વેલિરસે કરી, આપણ વિઠ આંજે આંખ રે. વાત૦ ॥૭॥ તો થાયે તતખિણ દેખતી, સાંભળે તે વેણ રસાલ રે; હરખીત મનમાંહે ગુણાવલી, થઇ સફલ મનોરથ માલરે. વાત૦ ॥૮॥ વડથડની લીધી વેલડી, ભારંડ લીધી વીઠ રે; પ્રભાત થયો તિહાંથી ચલી, અનુક્રમે પુરમાંહિ પેઠીરે. વાત૦ ॥૯॥ માલીને ઘરે જાઇ રહી, પડહો છબીયો તિણ જાઇરે; નૃપના ચાકર લેઇ ગયા, દેખીને હરખ્યો રાય રે. વાત૦ ॥૧૦॥ એકાંત તણાવી પટકુટી,

રાય કન્યા તિહાં બોલાઇ રે; માંડલિ માંડી દીવા કીયા, બાકુલ તિલવટ ઉડાઈ રે. વાત૦ ॥૧૧॥ વલી કૃષ્ણાગર ઉવેખીયો, સટપટ કીધા તિણે ભૂરી રે; ઈમ લોકને આવે આસતાં, એ સિદ્ધ વિદ્યાનો પૂર રે. વાત૦ ॥૧૨॥ અમ ભાગ્યે તું ઈહાં આવીયો, અમ્હ નગરતણો પ્રતિપાલ રે; જિનહર્ષ આશીષ સહુ દીયે, તેરમી પૂરી ઢાલ રે. વાત૦ ॥૧૩॥

## દોહા

વાટી વલ્લી પાંનડા, રસ કાઢી તતકાલ;
વીઠ ઘસી દૃગ અંજીયા, થઈ દેખતી બાલ. ॥૧॥
કુમરી મન હરખીત થઈ, રાણી મન ઉચ્છાહ;
લોક સહુ લ્યે ભામણા, રળીયાયત નરનાહ. ॥૨॥
નગરનારી વધાવીયો, વાજ્યો ઢોલ નિશાણ;
સિદ્ધપુરૂષ કોઈ દેવતા, આવ્યો પુણ્ય પ્રમાણ. ॥૩॥
કુમરી વ્યામોહિત થઈ, રૂપ નિહાલી તાસ;
એહને નૃપ પરણાવસ્યે, તો સફલ થશે મુજ આશ. ॥૪॥
રાય કહે કન્યા વરો, કરણ થાઓ જેમ;
તુજ સરિખો વર એહને, મિલે પુણ્ય વિણ કેમ?. ॥૫॥

## ॥ ઢાળ ૧૪ મી ॥

અમ્મા ! મોરી પરણાઈ હે અમ્મા મોરી જેસલમેરી જાદવા હાંજી. એ દેશી

રાય ઘરે રંગરોલ હે.... સહીયા મોરી, સુહવનારી કંઠ સુહામણા હે; હાજી, ગીતારા રમઝોલહે, સખી ઢોલ દદામાં વાજિંત્ર અતિઘણા હે.... હાંજી ॥૧॥ સજી

સોલહ શણગાર હે સ૦ કુમરી બેઠી માહે માઉરે હે; હાંજી વેહણ કલશ દિશિ ચાર રે હે, સ૦ મંડપ રચીયો દીઠો ચિત્ત ઠરે રે. ॥૨॥ હાંજી તોરણ આવ્યો જામ હે, સ૦ તિલક દહીનો વર સીસે કીયો રે; હાંજી કીધા સઘલા કાંમ હે, સ૦ ત્રાકર બાઇ મુસલ પોંખીયા હે. ॥૩॥ હાંજી પરણ્યા એવા તામ હે, સ૦ ન્યાતતણો ગુરૂ તેડયો વેદીયો હે; હાંજી ગુણાકર રૂપે કામ હે, સ૦ ચવરી માંહે તતખિણ આવીયો હે. ॥૪॥ હાંજી પરણેવા ગૃહ બાર હે, સ૦ પગતલ ભાંજ્યો માટી કોડીયો હે; હાંજી માંહિ આવ્યો તિણિવાર હે, સ૦ કન્યા સેતી વર મન જોડીયો હે. ॥૫॥ હાંજી ગુણસુંદરી ગુણવંત હે, સ૦ તેડી લાવી સાઇની સખી હે; હાંજી ચપલા જેમ ચમકંત રે, સ૦ રૂપે તોહી અપૂછર સારિખી રે ॥૬॥ હાંજી બેઠી વામ પાસે હે, સ૦ પુરવ દિસિ મુખ પ્રતિ પશ્ચિમ રહી હે, હાંજી હીયડા માંહે ઉલ્લાસ હે, એ વર પામ્યો પુણ્ય જોગે સહી હે. ॥૭॥ હાંજી પાવક દોલા તાંમ હે, સ૦ વર લાડી ને વિપ્ર ફેરાવીયો હે; હાંજી ચારવાર તિણ ઠાંમ હે, સ૦ ચારે મંગલ શુભ વરતાવીયો હે. ॥૮॥ હાંજી હથલેવો હિત આંણી હે, સ૦ વર કન્યાનો તુરત જોડાવીયો હો; હાંજી સુરરમણી જાણિ હે, સ૦ દેવભુવનથી જોડા આવીયો હે. ॥૯॥ હાંજી વાસ થયો વિવાહ હે, સ૦ હરખતણા બહુ વાજાં વજાવીયા હે; હાંજી કરમેલાવે નરનાહ હે, સ૦ રાજ અધું આપી પુર ગાજીયા હે. ॥૧૦॥ હાંજી વર કન્યા સાવધાન હે, ચવરી બાંહિર આવ્યા ખાંતેસુહે; હાંજી સુવા મહેલ પ્રધાન હે, સ૦ આપ્યો તિહાં આવ્યાં

નેરાંતિ સુહે ૧૧. હાંજી સુંદર પલંગ બિછાય રે, સ૦ સુતા પણ નારી ફરસી નહી હે; હાંજી રયું પતિ રહ્યો રીસાય હે, સ૦ કારણ છે ઈહાં કોઈક સહી હે. ॥૧૨॥ હાંજી રાયકન્યા મન માંહિ હે, સ૦ ચિંતે આગે સહુ જણાવશે હે; હાંજી કહે જિનહર્ષ ઉચ્છાહ હે, સ૦ ઢાલ ચૌદમી ગુણીયલ માઈસ્યે હે ॥૧૩॥

॥ દોહા ॥

અર્ધરાજ એ તુમ તણો, રાય કહે સુખમાંણી;
વિરહ સુતાનો નવિ ખમું, ઈહા રહો હિત આંણી. ॥૧॥

કહે ગુણાકર નૃપભણી, રાજતણો નહી કાજ;
અમને મોકલાવો હિયે, ઈહાં ન પૂરવે આજ. ॥૨॥

ઘરના માણસ માહરા, હુસ્યે જોવતાં વાટ;
હવે વોલાવ્યાં જોઇએ, વોલાવ્યાં ગહગાટ. ॥૩॥

રાજા હવ લશકર સજી, વોલાએવા તામ;
બેટીને બહુ આપીઓ, કહેતાં નાવે પાર. ॥૪॥

વસ્ત્રા ભરણ સુવર્ણના, ધણ કંચણ બહુ દીધ;
જામાતાને જુગતિસું, વોલાવણ મન કીધ. ॥૫॥

## ॥ ઢાળ ૧૫ મી ॥

સોરઠ રાગ.

સુણ બેટી શીખ માહરી, માયડી કહે તું વિચારી; પ્રીયસુ મન નેહ ઉતારે, ચાલજે પિયુને મન લાહે. ॥૧॥ પીયુનો મત બોલ ઉથાપે, કિણવાતે રખે સંતાપે; પીઉને પહિલી જીમાઇ, કેડે જિમે તું બાઇ. ॥૨॥ પીઉ સુતા કેડે સૂયજે, પહિલિ સજી ઉઠણ હોઇજે;

ભોલી બાઇ મત થાજ્યે, વિરુઉ કરતી મન લાજે. ।।૩।। નિજ પીઉનો ધર્મ તું કરજે, દાન પુણ્યાદિક આચરજે; મોટાનો વિનય સાચવજે, મુહમાંથી મીઠો ચવજે. ।।૪।। સાસરીયામેં જસ લેજે, અમને પણ કાગલ દેજે; માય બાપ ભણી ન વિસારે, કિણેક અવસરે ચીતારે. ।।૫।। સાસુ નણંદ જેઠાણી પાયે, પડિજે દેખીને ધાયે; સસરાની કરજે સેવા, મુકી અભિમાનની હેવા. ।।૬।। ગુરૂ દેવભણી આરાધે, સાધન પરભવનો સાધે; ઇણિ-પરે શીખામણ દેઇ, રોવે માય નયન ભરેઈ. ।।૭।। પુત્રી વિલગી માયકોટે, રોવે વિરહિણી સ્વર મોટે; માય વિરહ ખમ્યો ન જાયે, વિછડતાં બહુ દુઃખ થાએ. ।।૮।। તુમ્હે વાલ્હા જમાઇ સુણાજ્યો, એહના અવગુણ નવિ ગિણજ્યો; એ કન્યા લાડક વાહિ, પુરવજ્યો લાડ સવાઇ ।।૯।। અમને એ જીવ સમાની, સુખણી કરજ્યો હિત આંણી; ડાહ્યાને વચન કહિજ્યે, હાંસી જનમાંહિ લહિજ્યે. ।।૧૦।। કુશલે પહુંચો સુખ પાવો, વહેલા વહેલા મિલવા આવો, જિનહર્ષ પન્નરમી ઢાલે, પુત્રીનો પ્રેમ સંભાળે. ।।૧૧।।

।। દોહા ।।

પુત્રી હવે વળાવવા, રાજા થયો તૈયાર;
સેના સહિત સાથે થયો, જેહનો નહી કોઈ પાર. ।।૧।।

કરી જુહાર સાસુભણી, સહુશું કરી જુહાર;
ચલ્યો ગુણાકાર તિહાં થકી, સાથે લેઈ નારી. ।।૨।।

રાજા વોલ્હલાવ ચલ્યો, નયણે આંસુધાર;
કુમરી ચાલી રોબતી, દુર્જય મોહ વિકાર. ।।૩।।

વોલાવાને કારણે, સાથે લશ્કર દીધ;
નિજપુર નેતે ચાલીયો, અખંડ પ્રયાણ કીધ. ॥૪॥
મારગ માંહે આવતાં, કુમરી કીયો વિચાર;
પુરૂષ એહ દીસે ચતુર, એહવા કિમ અવિકાર. ॥૫॥
નારી ચતુર ગુણાવલી, મનનો લહી વિકાર;
શંસય તેહનાં મનતણો, ટાલે પ્રગટ તિવાર. ॥૬॥

## ॥ ઢાળ ૧૬ મી ॥

સુણ બ્હેની પીઉડો પરદેશી... એ દેશી.

સુણ બહેની શ્યું ચિત્ત વિમાસે, ગુણાવલિ ઇમ ભાખે રે; મુજ પ્રીતમ તે તુજ પતિ થાશે, હિયડે હરખ ન માસ્યે રે સુણ૦ ॥૧॥ હું નારી નરરૂપ કરીને, આવ્યો તુજ વરીને રે; હીયડે પીયુનો વચન ધરીને, કીધો કામ ફરીને રે સુણ૦ ॥૨॥ તું તો શોકય બ્હેન છે માહરી, માજાઇ સરખી સારી રે; હું તુંજને થાઇશ સુખાકારી, તું મુજને છે પ્યારી રે. સુ૦ ॥૩॥ કોઇ ભરમ મનમેં મત આણે, શોકય કરી મત જાણેરે; ભોજન કરીશ્યું એક જ ભાણે, મન વધતી પ્રીતિ પ્રમાણે રે. સુ૦ ॥૪॥ ગુણસુંદરી મનમાંહિ વિમાસે, એ તો વાત તમાસે રે; જ્યારે નિજપુરમાંહિ જાસ્યે, તવ મુજ સરીખી થાસ્યે રે. સુણ૦ ॥૫॥ જોવો બુદ્ધિ કરીને પરણી, મુજને કીધી ઘરણી રે; પીઉ કાજે કીધી એ કરણી, ધન ધન એ જગ વરની રે. સુણ૦ ॥૬॥ આવ્યાં નિજપુર મંદિર માંહિ, બે નારિ ઉછાહિ રે; જીમાડીને સાથ અવગાહે, દીધી શીખ સબાહેરે. સુણ૦ ॥૭॥ ગુણાવલી મુલગો રૂપ કીધો, વેશ નારીનો લીધો રે;

ત્રીજો કારજ એ સીધો; ચોથાને ચિત્ત દીધો રે. સુણ૦ ॥૮॥ આનંદ સહુ પરિવારે લહીયો, ઘરનો ભાર સંગ્રહીયો રે; પૂરજન સઘલેહી જસ કહીયો, પતિ પરદેશે રહીયો રે. સુ૦ ॥૯॥ લોકતણો અપજસ ટાલવા, નૃપને સાખી લેવો રે; કંત ન જાણે તેમ મિલેવો, બુદ્ધે કામ કરેવો રે. સુણ૦ ॥૧૦॥ હવે પ્રીતમને પાસે જાઉં, પુત્ર લેઇ ઘરે આવું રે; રાયતણી જઈ વાત જણાવું, તો અપજસ નવિ પાવું રે. સુણ૦ ॥૧૧॥ તેડી અનોપમ સુંદર લેઇ, ગઈ નૃપ ભેટો દેઈ રે; વિનય કરીને પાય નમેઇ, રાય તવે પૂછેઇ. સુ૦ ॥૧૨॥ કામ કિસ્યે પુત્રી તું આઇ, કામ કહો મુજ બાઈ રે; ગુણાવલી જિનહર્ષ જણાઇ, સોલમી ઢાલ વણાઇ રે. સુણ૦ ॥૧૩॥

॥ દોહા ॥

વાત સહુ નૃપને કહી, પ્રીતમની આમૂલ;
તીન કામ તો સિદ્ધ થયા, દૈવ થઇ અનુકૂલ. ॥૧॥

તાતતણી જો આગન્યા, થાયે વચન પ્રમાણ;
તો જાઉં મુજ પીઉ કન્હે, રીજવી ચતુર સુજાણ. ॥૨॥

પીઉ સાથે સુખ ભોગવી, ઉદર ધરી આધાન;
હું જાઉં જો તુમ્હે કહો, સાખી હુઆ રાજન. ॥૩॥

તુમ સુપસાએ બાપજી, સીઝે માહરો કાજ;
રહે માન પણ માહરો, જો આજ્ઞા દ્યો મહારાજ. ॥૪॥

રાજા મનમેં ચિંતવે, બુદ્ધિવંત એ નાર;
શીલવંતી ગુણ આગલી, ધન એહનો અવતાર. ॥૫॥

## ॥ ઢાળ ૧૭ મી ॥

આપણા સોદાગરકું હું ચલણુ ન દેશું. ચલણેકી વિરીયાં આડી ફીરશું ... એ દેશી.

નૃપ કહે કરે પુત્રી જિમ હોય સારી, લોક કહિસ્યે તો હું છુ સાખી તારો લાલ; હું જાણું તુજથી કાંઇ થાય ન વાંકો, કામ કરીને આવો મનમાં મત સાંકો લાલ. નૃ૦ ॥૧॥ હુકમ લેઇને મંદિર આપણે આઈ, આઇ વલેવા બાઈ કરેય સજાઈ લાલ; ગુણસુંદરીને ઘરનો ભાર સમર્પ્યો, વણુજ વ્યાપાર હતો તિમ થાપ્યો લાલ. નૃપ૦ ॥૨॥ ચાલી તિહાંથી સાથે બહુ દ્રવ્ય લીધું, રૂપ મહીયારી કરી અનોપમ કીધું લાલ, ઉપરિ એઢણ લોઇ લાલ સુરંગી કંચુક સીયો રે, કાલે કમખે ઝાણંગી લાલ. નૃપ૦ ॥૩॥ પહિરણ કાલો ધાબલ જીણો ધરંતી, કાંસીની પાએ જે હઠ વાજે રણકંતી લાલ; ઝમકે વીંછીયા રે લાલ, અણુવર સોહે, પીતલ ચૂડી બાહે સહુ મનમોહે. નૃ૦ ॥૪॥ કાટે ખગવાલો ચિરમી હાર વિરાજે, કાનેં અંગીરા જોટા તરૂઆના છાજે લાલ; નૃપ૦ ॥૫॥ રૂપ બનાયો જાણે શુદ્ધ મહિયારી, કોઈ ન જાણે ગુણાવલી નારી લાલ; દસ વીસ ગૂજર સાથે ચાકર આણી, તેહની નારી પણ સાથે લીધી સયાણી લાલ. નૃ૦ ॥૬॥ ગાય ધોલીરે પીલી. રાતડી ગેંણી, જોઇ જોઇ ને લીધી બહુ દુધ દેણિ લાલ; રતનદ્વીપેરે આવી વાહણ બેસી, રૂપે તો સોહે જાણે અપ્છરા જેસી લાલ. નૃ૦ ॥૭॥ કંત રહે જે જિણ પુર, આવી તે નારિ, ભાડે

ઘર લેઈ મોટો રહી મહીયારી લાલ; દૂધ વેચે રે સાકર ભેલીને માંહે, મીઠો ને સુસતો આપે સહુને ઉચ્છાહે લાલ. નૃ૦ ॥૮॥ એકણ પરદેસણ આઈ છે મહીયારી, રૂપ અનોપમ જેહનો. નારી માંહે સારી લાલ; દૂધ આપે છે સુહગો ને બહુ મીઠો, એહવો તો કહીય ન ચાખ્યો દીઠો લાલ. ॥૯॥ નગર સહુમેં જેહની પ્રસિદ્ધિ વ્યાપી, દૂધ લઈ જાયે સહુકો નાણા આપી લાલ; કહે જિનહર્ષ ઢાલ સત્તરમી, સુણજ્યો નરનારી, શ્રવણે જે હોઈ ધર્મી લાલ. નૃ૫૦ ॥૧૦॥

॥ દોહા ॥

ગુણકરંડ પણ સાંભળી, શ્રવણે કીરતી તાસ;
આવ્યો ડેરે તેહને, દુધ પીવાનો આસ. ॥૧॥
દીઠો કંત ગુણાવલી, ઓળખીયો તત્કાલ;
આસણ બેસણ આપીયો, આદરશું નિણવાર. ॥૨॥
આવે સાહ્મો આવતાં, વળતાં વોલાવેલ;
બેસણ આપે બેસતાં, સજ્જન તિહાં આવેહ. ॥૩॥
સામું જોવે નયણ ભરી, બોલાવે સસનેહ;
હેત હીયાલીસું મિલે, સજ્જન તિહાં આવેહ. ॥૪॥
દૂધ કટોરો ભર દીયો, ગટગટ પીધો શેઠ;
મહીયારીના રૂપસું, લાગી રહી તસુ દૃષ્ટિ. ॥૫॥
દુધ થકી પણ તેહનો, મીઠો લાગ્યો રૂપ;
નયણ ન ખંડે જોવતાં, એ એ રૂપ અનૂપ. ॥૬॥

## ॥ ઢાળ ૧૮ મી ॥

ગુઝરી ગોકલવાસી એ દેશી.

તીખી નયણુ તતા રચીરે, ગોરી કામતણાં જાણે બાણ.... ગુજરી મન મોહયો; તોને રૂપ દીયો કિરતાર ગુ૦, તાહરે પોતે પુણ્ય અપાર રે.... ગુ૦ લાગા શેઠ તણે હીયેરે લાલ, આકુલ થાએ પ્રાણ.... ગુ૦ ॥૧॥ તીખી તાહરી નાસિકારે ગોરી, ચંપકલી અણુહારી.... ગુ૦; કર જાણે દીપક શિખારે ગોરી, દેખી થયો હેરાન રે.... ગુ૦ ॥૨॥ અધર પ્રવાલી ઓપીયારે ગોરી, બાલ તરૂણુનો તેજ.... ગુ૦; દાંત જાણે દાડિમ કલીરે ગોરી, હસતા વ્યાપે હેજે.... ગુ૦ ॥૩॥ રાકાપતિ પુરણ કલારે ગોરી, તેહવો વદન વિલાસ.... ગુ૦; સુરનારી વિદ્યાધરી રે ગોરી, રૂપતણો અવકાશ રે.... ગુ૦ ॥૪॥ ગુણકરંડ મોહી રહ્યારે ગોરી, દેખી અંગોપાંગ ગુ૦; નારી નહી તું નરતણીરે ગોરી, નારી તું તો અનંગ.... ગુ૦ ॥૫॥ મન તો મુકયો તે કન્હેરે લાલ. પહુતો શેઠ વખાર. ગુ૦; દુધ મીઠા મીસી આવીયો રે લાલ, બીજે દિવસ સવાર ગુ૦ ॥૬॥ દુધ પાયો વલી કેતનેરે લાલ, જાઝી સાંકર ભેલિ.... ગુ૦; ઇણિપરે દિન દિન આવતાંરે લાલ, થયો બિહુ જણને મેલિ.... ગુ૦ ॥૭॥ લાગી પ્રીતી સુજાણસુરે લાલ, વરજે લોક અજાણ.... ગુ૦; દાઠા વિણ કિમ સરે રે લાલ, જેસ્યુ બાંધ્યો પ્રાણ.... ગુ૦ ॥૮॥ મહીયારીસ્યું શેઠને રે લાલ, લાગ્યો પુરવ પ્રેમ.... ગુ૦; દુહે ગીતે રીજવીરે લાલ, નિજ વશ કીધો તેણ.... ગુ૦ ॥૯॥ મન મિલ્યાં તન ઉલસ્યાં રે ગોરી,

ભાંગી અંતર વાડ, ગુ૦; ભોગ સંયોગ તિહાં થયો રે ગોરી, મુકયો શેઠ રીગ ઝાડ (?) ગુ૦ ॥૧૦॥ નિત ભોગવતા નારીનેરે લાલ, પેટે રહ્યો આધાન.... ગુ૦; ગુણાવલી હર્ષિત થઈ રે લાલ, વધીયો દેહે વાન.... ગુ૦ ॥૧૧॥ તીન માસ વોલ્યાં પછી રે લાલ, ચિંતે હવે થયો કાજ.... ગુ૦; હવે જાઉ ગૃહ માહરે રે ગોરી, રહ્યા રહે નહી લાજરે.... ગુ૦ ॥૧૨॥ પોતાનો ગુલ ખાઈયેરે લાલ, લોક થકી છીપાય. ગુ૦; થઈ જિનહર્ષ અઢારમીરે લાલ, ઢાલ સુણો ચિત્ત લાય....ગુ૦ ॥૧૩॥

॥ દોહા ॥

શેઠભણી કહે ગુર્જરી, સુણો સાહિબ શિરતાજ;
મુજ ઘરથી પ્રીતમ તણી, પત્રી આઈ આજ. ॥૧॥
તેડાવે છે મુજભણી, આવે નીર અપ્રીત;
ઢીલ ઘડીરી મતિ કરે, જો રાખે મુજ પ્રીત. ॥૨॥
તે મારે ચલશ્યું હવે, શીખ સમર્પો શેઠ;
વાત સૂણી મૂચ્છિંત થયો, જાણે ગયો રસાતલ હેઠ. ॥૩॥
સાવચેત વલી થયો, સૂણ નારી ગુણવંત;
ઈહા રહે જયાં લગિ હું રહું, ભોગવી ભોગ નિચિંત. ॥૪॥
તુમસું રંગ રાતી રહું, તો પીઉસ્યું તુટે પ્રેમ;
બે જણને એક સારિખો, કહો સંતોષું કેમ ?. ॥૫॥
કાલે સહિસુ ચાલવો, નીશાની ઘો કાંઇ;
જે મન માને તાહરે, સુંદર તેહ વર્તાય. ॥૬॥
નામાંકિત ઘો મુદડી, આપો અદ્દભુત ચીર;
પુત્ર ભણી ઘો પાઘડી, તુંજ મુજ સુખનો સીર. ॥૭॥
પ્રીતિ તિહાં અંતર નહિ, નહિ તિહાં નાકાર;
નાકારો અંતર જિહાં, પ્રીતી નહી તે છાર. ॥૮॥

દીધો માગ્યો તે સહુ, રાખવા નિજ પ્રીત;
મહીયારી મન વશ કીયો, શેઠ થયો ચલચિત્ત. ॥૯॥

## ॥ ઢાળ ૧૯ મી ॥

મેરે નંદના... એ દેશી.

સજ્જ થઈ ચાલણુ ભણી રે હાં, ગુણાવલી તિણુવાર....પ્રીતિ ન કીજીએ; છૂટે ત્રિસરી ચોસરી રે હાં આંખે આંસુધાર.... પ્રીતિ૦ ॥૧॥ વિછડીયાં હોઈ નિસાસ, નાંખે પ્રબલ નિસાસ; પ્રીતિ થાયે દેહ વિણાસે, પ્રિત સબલ જગપાસ.... પ્રી૦ ॥૨॥ શેઠ કહે સુણ કામિણી રે હાં, પાલે અવિહડ પ્રીતિ.... પ્રી૦; મત વીસારે. મન થકી રેહાં, રાખે સગુણા રીત.... પ્રી૦ ॥૩॥ ધરણી ઢલે ખિણ વિલવિલે રે હાં, નાખે મુખ નીસાસ.... પ્રી૦; લોયણ પાવસ જ્યું ઝરે રે હાં, થયો શેઠ ઉદાસ.... પ્રી૦ ॥૪॥ કામિની પણ તિમહિજ કરે રે હાં, વિરહણ વિવિધ વિલાપ.... પ્રી૦; સુણતાં ફાટે હિયડલો રે હાં, કાલેજો લ્યે કાપી.... પ્રી૦ ॥૫॥ ઝુરે પ્રીતમ કારણે રે હાં, ગુણાવલી ગુણવંત.... પ્રી૦; કદીયે મિલસ્યે નાહલો રે હાં, પુરવસ્યે મનખંત.... પ્રી૦ ॥૬॥ નેહ વિલુધી નાગરી રે હાં, મનમેં કરે વિચાર.... પ્રી૦; નિખર નહી નર સારિખો રે હાં, જે રાચે પરનાર.... પ્રી૦ ॥૭॥ વિરહે સંતાપે શેઠને રે હાં, નિશદિન રહે ઉદાસ....પ્રી૦; ભુખ ગઈ નિદ્રા ગઇ રે હાં, મુકયાં વિવિધ વિલાસ.... પ્રી૦ ॥૮॥ ખાણાપીણા સહુ તજ્યાં રે હાં, મૂકયા વલિ વ્યાપાર.... પ્રી૦; મહીયારીને કારણે રે હાં, કાયા કીધી છાર.... પ્રી૦ ॥૯॥ દોસ્ત કહે સમજાયને રે હાં, ગહિલો થયો ગમાર... પ્રી૦; પરનારીને કારણે

રેહાં, સ્યું દુઃખ કરે અપાર.... પ્રી૦ ॥૧૦॥ નિજનારી છોડી કરી રે હાં, જે રાચે પરનારિ... પ્રી૦; ધિગ્ તેહનો જીવીયો રે હાં, ધિગ્ તેહનો અવતાર.... પ્રી૦ ॥૧૧॥ નીચ જાતિ તે ગુજરી રે હાં, ગોરસ વેચે જેહ ....પ્રી૦; બહુ જણ આવે જેહને રે હાં. તિણસ્યું કિસ્યો સનેહ ?, પ્રી૦ ॥૧૨॥ પરનારીની સંગતે રે હાં, ભલો ન ભાખે કોઇ... પ્રી૦; પૈકે પાણી ઉતરે રે હાં, ફિરે ચઢે નહી સોઇ....પ્રી૦ ॥૧૩॥ નયણ ગલે કાયા જલે રે હાં, સાંજ ગણે ન સવાર.... પ્રી૦; ઉભા સુકે કડંબ જ્યું રે હાં, જે રાતા પરનાર.... પ્રી૦ ॥૧૪॥ પરનારીને કારણે રે હાં, ઝુરી ઝુરી પંજર હોય.... પ્રી૦; થઇ જિનહર્ષ ઓગણીસમી રે હાં, ઢાલ વિચારી જોઇ.... પ્રી૦ ॥૧૫॥

॥ દોહા ॥

સમજાવ્યો ઈમ શેઠને, સહુ મીલી તેણિવાર;
મેં માઠો કીધો ઘણો, જે રાચે પરનાર. ॥૧॥

હું ઉત્તમ કુલ ઉપન્યો, મધ્યમ કુલની તેહ;
વાત અજુગતી મેં કરી, કીયો અપાવન દેહ. ॥૨॥

જ્ઞાનોદય પ્રગટ્યો હીયે, મિટ્યો તિમિર અજ્ઞાન;
પરનારીનો વ્રત લીયો, જાણી દોષ નિદાન. ॥૩॥

ઇમ વાલ્યો મન આપણો, કીધો ચિત્ત એકતાર;
પોતાની સ્ત્રી મોકળી, બીજીનો પરિહાર. ॥૪॥

ચિત્તમે નાહ ચિંતા રતી, આવી કુશલે ખેટ;
તે વાલમ કિમ બિસરે, જેહને આવી ભેટ. ॥૫॥

રહેતા સુખે ગુણાવલી, જનમ્યો પુત્ર રતન્ન;
બુદ્ધિ પ્રપંચ બોલાવીયો, કીજે તાસ વચન્ન. ॥૬॥

# ॥ ઢાળ ૨૦ મી ॥

કપૂર હોવે અતિ ઉજલો રે... એ દેશી.

બાર વરસ વોલ્યાં પછી રે, મનમેં ધર્યો વિચાર; પ્રાણ પિયારી પતિવ્રતા રે, છોડી મેં નિરધાર રે.... વાલ્હી. કરતી હશે કિમ તેહ ? મેં મુરખ અવગુણ વિનારે, તુરત દેખાડયો છેહ રે. વાલ્હી૦ ॥૧॥ આસંઝાયત જે હુવે રે, જિમ તિમ બોલે બોલ; નેહ સનેહ તણા સહી રે, મીઠા જાણિ અમોલ રે વા૦ ॥૨॥ ગુણવંતી ગજ ગામિની રે, મુજસું પ્રેમ અભંગ; તે મેં છોડી એકલી રે, રાખી ન શકયો રંગ રે.... વાલ્હી૦ ॥૩॥ પુણ્યે લહીએ એહવી રે, ઘરણી ઘરનો રૂપ; મુકી આવ્યો એકલી રે, કીધો કામ વિરુપ રે વા૦ ॥૪॥ મુજસું માન કરી રહી રે, તોહિ અબલા નેટિ; ગાયે રતન ગિલ્યો હુવે રે, કાંઇ ન ફાટે પેટ રે. વા૦ ॥૫॥ ઠામ નહી રહેવાં તણો રે, ખાવાને નહી અન્ન; નિરાધારી રહિસ્યે કિહાં રે, ચિંતા મુજ ઉત્પન્ન રે. વા૦ ॥૬॥ રતન અમૌલિક બાથથી રે, ખોયો મેં મતિહીણ; તેહ હવે કિમ પામીયે રે, પરઘલ પુણ્ય. વિહીણ રે ? વા૦ ॥૭॥ પીયર તે જાસ્યે નહી રે, માનવતી તજી માન; ભુખે પીડીત દુઃખે કરી રે, કિમ રહિસ્યે કહો પ્રાણ રે ? વા૦ ॥૮॥ વિણ અપરાધે ઝુરતી રે, આવ્યો અબલા મેલિ; મૂઇ હસ્યે તે બાપડી રે, પ્રેમ સુધારસ રેલિ રે. વા૦ ॥૯॥ પાપી જગમે જોવતા રે, મુજ સરીખો નહી કોઈ; એકણ બોલને કારણે રે, નારી તજી ઘર ખોઇ રે. વા૦ ॥૧૦॥ ક્રોધે હું થયો આંધલો રે, ન

કિયો કોઈ વિચાર; બુદ્ધિ ગઈ શુદ્ધિ પણ ગઇ રે, મુજને પડો ધિક્કર રે. વા૦ ॥૧૧॥ શીલવંતી મુજ સુંદરી રે, વાલ્હી જીવન પ્રાણ; તે પામું જો જીવતી રે, તો મુજ પુણ્ય પ્રમાણ રે. વા૦ ॥૧૨॥ ગુણકરંડ વ્યવહારીયો રે, ઈમ ઝુરે નિશદીશ; કહે જીનહર્ષ સહુ સુણો રે, ઢાલ થઇ એ વીશ રે. વાલ્હી ॥૧૩॥

॥ દોહા ॥

ખબર કરૂ હવે જાઇને, નારીની નિરધાર;
જીવ છે કિવા મૂઈ, મુજ જીવન આધાર. ॥૧॥
જિમ દૂહવી વયણે કરી, જઈ મનાવું તાસ;
લૂણવિણા જિમ રસવતી, નારી વિણ ઘરવાસ. ॥૨॥
ચાલ્યો શેઠ ઉતાવળો, મનમે ઈસ્યું વિચાર;
સફલ ગણીશ દિન માહરો, નયણે દેખીશ નાર. ॥૩॥
કુશલે આવ્યો નિજપૂરી, દરિયા ઉતરીયાહ;
લોક સહુ નિજ ઘરે, પહૂતાં રિદ્ધિ ભરીયાહ. ॥૪॥
શેઠ વિચારે ચિત્તમે, હું જાઉ કિણ ઠામ;
ઘર મંદિર સહુ વેચીયા, કિહાં જઈ લઉં વિશ્રામ? ॥૫॥

## ॥ ઢાળ ૨૧ મી ॥

હે સુકુલીણી નારી હાલરો હુલરાઇ લે... એ દેશી.

બાર વરસાં લગિ પ્રીતમ વિણાજ સિધાયા, તેરમેં વરસે ઘર આયા હો.... સોભાગી સાહિબ, આજ મેં સુખ પામીયા, આજ અમીમેહ માહરે પાયસ વુઠા.... આજ વંછિત ફલ પાયા હો.... સો૦ ॥૧॥ પીઉ મિલવા તન મન ઉલ્લસીયો, હીયડે હર્ષ ભરાણો

હો... સો૦; વણોતરને કહે શેઠાણી, શેઠ ભણી ઘર આણો હો. સો૦ ॥૨॥ રતન જડિત પલાણ કનકમે, અશ્વરતન શણગાર્યાં હો... સો૦; કેઈ વહેલ કેઇ રથ બેઠા, સુંદર સાજ સમાર્યાં હો. સો૦ ॥૩॥ વાઘો અવલ પેહેરાવ્યો. વણનો કસબી પણ બંધાઈ હો.... સો૦; બુદ્ધિપ્રપંચ તુરંગમ બેઠો, સહુ સંઘાતે સિધાયા હો. સો૦ ॥૪॥ જઇ જુહાર કીધા સઘલેઇ, શેઠ વયણ અવધારો હો.... સો૦; વાણોતર ભાખે કરજોડી, મંદિર શેઠ પધારો હો. સો૦ ॥૫॥ બુદ્ધિપ્રપંચકુમર પાયલાગો, દેવકુવર અવતારી હો.... સો૦; એ કુણ બાલક રૂપ પુરંદર, મનમેં રહ્યો વિચારી હો. સો૦ ॥૬॥ નયણ ઠરે બાલક દેખીને, હીયડેં હેજ ન માવે હો.... સો૦; નિજ અંગજ પણ તે નવિ જાણે, વિસ્મય મનમેં આવે હો. સો૦ ॥૭॥ કહે વાણોતર કિશ્યું વિચારો ?, ઉઠો વાર મ લાવો હો... સો૦; શેઠ સુણી સુઈ સાહ્મો જોવે, કેહને ઘરસું દાવો હો. સો૦ ॥૮॥ પરાણે ઉઠાડયો કર ઝાલી. કેહને ઘર લે જાસી હો ?.... સો૦; પાછાં ચરણ પડે ચાલતાં, મનમેં અધિક ઉદાસી હો. સો૦ ॥૯॥ લેઇ આવ્યા નિજમંદિરમેં, દેખી અચરિજ પાવે હો.... સો૦; બે નારી સનમુખ આવીને, માણિક મોતી વધાવે હો. સો૦ ॥૧૦॥ બેઠો શેઠ જઈ સિંહાસને, મનમેં રહ્યો વિચારી હો.... સો૦; એ તો ગુણાવલી મુજ ઘરણી, એ કુણ બીજી નારી હો. ? સો૦ ॥૧૧॥ એ સુંદર મંદિર ઘર કેહના ?, ચિત્તમાં ચિંતે એહવો હો.... સો૦; બેટા બુદ્ધિ પ્રપંચ જઇને, તાત ઉછરંગે બેસી હો. ॥૧૨॥ શેઠ સુણી

આકુલ મન થાયે, એ સ્યું બોલે નારી હો; કેમ એહ જણ્યો ઇણે બાલક, કરી કિણહસું જારી હો. સો૦ ॥૧૩॥ બેઠા હાથ લૂહે મુજ માથે, નારી એહ ચિરતાલીહો સો૦; કહે જિનહર્ષ ઢાલ થઈ પૂરી, એ એકવીશમી રસાલી હો. સો૦ ॥૧૪॥

દોહા

ગોદ બેસાડે માહરી, દેખો નારી ચરિત્ર;
ડાહ્યાને પણ ભોલવે, બોલી વચન વિચિત્ર. ॥૧॥
એહ તમાસો જોઈ જયો, નારી અવલી ઘાત;
હું તો એ બાલક તણી, તાત કહે નહી તાત. ॥૨॥
બુડયાં તે નર બાપડાં, જે નારી બે માને બોલ;
થાય ફજેતી ખરાખરી, જગ વાજંતે ઢોલ. ॥૩॥
કુડ કપટની કોથલી, મેં મેહલી એ જોય;
વનિતા વિષની વેવડી, રખેં પતીજે કોઈ. ॥૪॥
સુહણેહી જાણું નહી, કુણ બેટા કુણ બાપ?;
કયારે એ બેટા થયો, શેઠ વિચારે આપ. ॥૫॥

## ॥ ઢાળ ૨૨ મી ॥

બાહુબલી રાણો ઈમ ચિંતવે... એ દેશી.

નાહલીયા નિવારો મન ચિંતડી, મ ધરો મનમાંહિ વિષાદરે; દેખી સ્વજન તુમે આવડો રે, એહમે કિસોરા દાદરે. ના૦ ॥૧॥ સાંભળી ગુણવંત નાહલા, જે કુલવંતી છે નારી રે; તે કુલ કલંક ન ભાવિસ્યે, સેવિસ્યે નહિ આચાર રે. ના૦ ॥૨॥ એક પતીની પત્ની હુસ્યે, તેહને એક ભરતાર રે; પુરૂષની પર

લંપટ ન હોઇ, જોવો રૂદય મોઝાર રે. ના૦ ॥૩॥ સાચથી સાચ પ્રગટ થસ્યે, સાચમાં કૂડ ન સમાઈ રે; તે ભણી એ સુત તુમ તણો, પ્રેમસ્યું કંઠ લગાઇ રે. ના૦ ॥૪॥ કૂડ મ બોલો ગોરી એતલો, જેતલો આટામેં લૂણ રે; માહરે પુત્ર થયો નથી, તુજ કહ્યો માનસ્યે કુણ રે? ના૦ ॥૫॥ બોલીએ વચન મુખથી તિસો, લોકમેં હાસી ન થાય રે; માહરો નાક રોસણ હૂસ્યે, તાહરે કાંઇ ન જાય રે. ના૦ ॥૬॥ કહે રે ગુણાવલી કંતજી, નિપટ મ ધાઓ નિકલંક રે; ભોગવી નારી મહીયારડી, નાણી મનમાં કાંઇ સંક રે. ના૦ ॥૭॥ નારી વચન સુણી ચમકીયો, એહ કિમ જાણે વાત રે?; ઈહાં તો કારણ કોઈ જાણીએ, વિસ્મય મનમેં ન સમાયરે. ના૦ ॥૮॥ નાથ એ કેહના હાથની, મુદ્રડી રતન જડાવ રે; કેહને એ દીધી હતી, આણી મન ઉલટ ભાવરે?. ના૦ ॥૯॥ વલી રે દેખાડી નિજ પાઘડી, અવલ દેખાડીયા ચીર રે; ગુજરીને દીધા હતા, કિમ આવ્યાં એહને તીર રે? ના૦ ॥૧૦॥ સાચ કહો રે તુમે સુંદરી, અચરીજ વાલી એ વાત રે; વાત માંડી સઘલી કહી, શેઠ મનમાંહિ લજ્જાય રે. ના૦ ॥૧૧॥ કામ ચારે કીધાં તુમ તણાં, પ્રથમ મંદિર કર્યો એહ રે; અશ્વ એ દોઇ પીઉ જોય તું, નારિ એહસું ધરો નેહ રે. ના૦ ॥૧૨॥ પુત્ર લીધો તુમ કન્હે, ગુજરીનો ધરી રુપ રે; બોલ પ્રમાણ મેં ચઢાવીયા, કેલવી બુદ્ધિ અનૂપ રે. ના૦ ॥૧૩॥ માહરે ભાગ્યે સહુ એ થયો, કંતજી મ કરો રીસ રે; પૂરણ ઢાલ બાવીશમી, થઇ જિનહર્ષ જગીશ રે. ના૦ ॥૧૪॥

॥ દોહા ॥

બુદ્ધિવંત તું કામિણી, ચઢયાં વચન પ્રમાણ;
તુજ વખતે સહુ સુખ મિલ્યાં, તુંજસું કેહો માણ ?. ॥૧॥
તુંજસું મન ઉપાડીઓ, તુ જસું કીધી રીસ;
તે ખમીજે તું વાલહી, નેહ ધરે નિઃસંદેહ. ॥૨॥
તું ઉત્તમકુલ ઉપની, તું સતવંતી નારી;
શિખર દિખાડયો સાસરી, પિયરનો શણગાર. ॥૩॥
તુજ સારિખી મેં લહી, નારી પુણ્ય પ્રમાણ;
તાહરે સત્ય શીલે કરી, પવિત્ર થસ્યે મુજ પ્રાણ. ॥૪॥
ગુણકરંડ ગુણાવલી, બિહૂનાં મન મિલિયાહ;
સાકર દૂધ તણીપરે, મન વાંછિત ફલીયાહ. ॥૫॥

## ॥ ઢાળ ૨૩ મી ॥

સાહિબ પાસ જી હો...રાગ મલ્હાર

બે નારીનો નાહલો રે, સુખ વિલસે નિશદિસ; દોગુંદક સૂરની પરે રે, સુખ દીધા જગદીસ. ॥૧॥ મનની મોહની રે, જગની સોહણી રે, પામી પૂણ્ય પસાય. દેવકુમર રલીયામણી રે, ચતુર કલાની જાણ; શશી વયણી મૃગ લોચની રે, મુખે મધુરી બોલે વાણ.... મન૦ ॥૨॥ રૂપે રંભા અપછરા રે, કદલી કોમલ કાય; હંસા ગમની હરી કટી રે, જોવન લહર્યા જાઇ.... મ૦ ॥૩॥ શેઠ તણો મન મોહીયો રે, પાડયો પ્રેમનો પાસ; મધુકર મોહયો માલતી રે, તિમ લાગી રહ્યો મન તાસ.... મ૦ ॥૪॥ ગુણવંત મારી ગુણાવલી રે, ગુણસુંદરી સુકુમાલ; પ્રીતી માંહો માંહે ઘણી રે, જાણે એક માઇની બાલ.... મ૦ ॥૫॥ શેઠ માને બે

સારિખી રે, લોયણાની પરિ જોઇ; અંતર કોઈ ન લેખવે રે, વલિ પહિલિ વાલ્હી હોઇ.... મ૦ ॥૬॥ ગુણકરંડ જાણે હવે રે, હું હુઓ કૃત પૂણ્ય; મુજ સરિખો સુખીયો ન કો રે, સહુ લોક કહે ધન્ય ધન્ય.... મ૦ ॥૭॥ પૂણ્ય ઉદય થયો માહરો રે, પામ્યો વિષય વિલાસ; ઇણ નારી સુપસાઉલે રે, મુજ પુગી સઘલી આસ.... મ૦ ॥૮॥ ઇતલા દિન કર્યો રૂસણો રે, અફલ ગયા દિન તેહ; એહનાં ગુણ જાણ્યા નહી મેં, તોડયો ઈણિસું નેહ.... મ૦ ॥૯॥ ભલો થયો એ રૂસણો રે, ગુણ ઉપન્યો એહ; ભાગ્યોદય એ નારીનો, પરતિખ જાણ્યો મેં તેહ.... મ૦ ॥૧૦॥ એહવી નારી વિચક્ષણી રે, બુદ્ધિ તણો ભંડાર; કિમ દુહવીએ એહને રે, એ તો લખમીનો અવતાર.... મ૦ ॥૧૧॥ રાય કન્યા મુજ કારણે રે, પરણી આણી એણ; કુલ મંડન કુલ દીવડો રે, સુર કુમર જણ્યો સુત જેણ.... મ૦ ॥૧૨॥ પ્રેમ વેધ્યો પદમણી રે, ગુણાકરંડ ગુણવંત; ઢાલ થઇ તેવીશમી રે, પૂરી જિનહર્ષ કહંત.... મ૦ ॥૧૩॥

॥ દોહા ॥

સુખમાંહિ દિન નીગમે સાધે તીને વર્ગ;<br>
ભક્તિ કરે ભગવંતની, જેહથી લહીએ સ્વર્ગ. ॥૧॥<br>
પર્વ દિવસ પોસહ કરે, પાલે નિરતિચાર;<br>
ષટ્ આવશ્યક સાચવે. તિથિ પાલે વ્રત સાર. ॥૨॥<br>
દાન દીયે ઉલટ ધરી, પોષે પાત્ર વિશેષ:<br>
સુણે દેશના ગુરૂતણી, ચિત્ત એકાગ્ર નિમેષ. ॥૩॥<br>
ધરમ કરે ઈમ દંપતી, કરવા સફલ જનમ;<br>
સુખ વિલસે સંસારના, પિણ પરિણામ નરમ. ॥૪॥

ધરમ કરમ કરતાં થકા, વોલ્યાં લાખ વરીસ;
ઈચ્છા પૂરે મન તણી, વર કામિણ નિસદિસ. ॥૫॥

## ॥ ઢાળ ૨૪ મી ॥

ઈડર આંબા આંબલી રે... એ દેશી.

અન્ય દિવસ તિહાં કેવળી રે, મુનિ ભૂષણ મુનિ-રાય; વનમેં આવી સમોસર્યા એ; સાધુતણે સમુદાય. ॥૧॥ ભક્તિસું વંદે મુનિવર પાય. એતો ધરમી પુરજન આય. એ તો હીયડે હરખ ન માય, એ તો મનમે હરષિત થાય, એ તો ગુરૂ આગમન સુહાય. ભક્તિ૦ ॥૨॥ ગુણકરંડ ગુણાવલી રે, ગુણસુંદરી બે નાર; તે પણ આવી વાંદવા રે, ઉલટ ધરીય અપાર. ભ૦ ॥૩॥ કેવલી આપે દેશના રે, મીઠી અમૃતધાર; સહુ આદરસું સાંભળે રે, તજી પ્રમાદ બિકાર. ભ૦ ॥૪॥ માનવ ભવ છે દોહિલો રે, લહતાં ઇણ સંસાર; ભવભવ ભમતા પામીયો રે, કિણઇક પુણ્ય પ્રકાર. ભ૦ ॥૫॥ ઉદય મોહની કર્મને રે, મુકયો બહુલ સંસાર; ધર્મ અધર્મ ન જાણીયો રે, દેવ સુગુરૂ ગુણધાર. ભ૦ ॥૬॥ હઠ કદાગ્રહમાં પડયો રે, ન કરે શુદ્ધ વિચાર; રાસભ પુચ્છ મૂકે નહિ રે, એહવા લોક અપાર. ભ૦ ॥૭॥ થાય જે જ્ઞાની નરા રે, તેહને હઠ નવિ હોઇ; શુદ્ધ જાણીને આદરે રે, અશુદ્ધ તજે સંજોઇ. ભ૦ ॥૮॥ માહરો તાહરો ધર્મ નહી રે, કોઇ નહી છે ભેદ; ગુણ-વંત દેખી માનીએ રે, શાસ્ત્ર વચન ધ્રુ વેદ. ભ૦ ॥૯॥ દેવ ધર્મ શ્રી ગુરૂતણી રે, કરી પરીક્ષા શુદ્ધ; આદરીએ આદર કરી રે, તજીયે દૂરિ વિરુદ્ધ. ભ૦ ॥૧૦॥ દૃષ્ટિ

રાગ તજી આદરો રે, એ સમકિત સુખદાઈ; ધર્મ સહુ સમકિત વિણા રે, પુંજ પલાલ કહાઈ. ભ૦ ॥૧૧॥ સમકિત પાખે પ્રાણીયો રે, ચઉગતિ માંહિ ભમંત; પાર ન પામે ભવતણો રે, દુઃખ ભોગવે અનંત. ભ૦ ॥૧૨॥ જન્મ મરણ તણાં ઘણાં રે, દુઃખ વલી નરક નિગોદ; ધર્મ વિણ સહુ ભોગવ્યા રે, માને કિસું પ્રમોદ?. ભ૦ ॥૧૩॥ જ્ઞાનાવરણીને ઉદયે રે, ન લહે ધર્મ સ્વરૂપ; અંધ થયો અજ્ઞાનમેંરે, પડીયો મિથ્યાકૂપ. ભ૦ ॥૧૪॥ પાપથાનક અઢાર મેરે, ભારી સલ્ય મિથ્યાત; તે ઉધરતાં દોહિલો રે, કરે સુગતિનો ઘાત. ભ૦ ॥૧૫॥ ભજો ભવ દુઃખથી ઉભગા રે, શરણ ગ્રહો જિનધર્મ; છાંડો પરિગ્રહ કારિમો રે, જેહથી વાધે કર્મ. ભ૦ ॥૧૬॥ સ્વારથીયાં સહુ કો મિલ્યાં રે, સ્વારથ તાં લગિ ગેહ; સ્વારથ જો પહોંચે નહી રે, તુરત દેખાડે છેહ. ભ૦ ॥૧૭॥ ધર્મી પુરુષ નિઃસ્વાર્થી રે, તેહશું કરીએ પ્રીત; ભવ ભવ તે સુખીયા કરે રે, રૂડી તેહની રીત. ભ૦ ॥૧૮॥ ઇહ ભવ પરભવના સહુ રે, લહીએ જેહથી સુખ; ધર્મ વિના ચઉગતિ તણાં રે, તીવ્ર લહીએ દુઃખ. ભ૦ ॥૧૯॥ દીધી ઇણિપરે દેશના રે, ભવિયણને સુવિલાસ; ઢાલ થઇ ચોવીશમી રે, કહે જીનહર્ષ રસાલ. ભ૦ ॥૨૦॥

॥ દોહા ॥

સંશય ટાલ્યાં મનતણાં, ભવિયણના મુનિરાય;
સરલ પરિણામી કેઈ થયા, કેઈ સમ્યકત્વ લહાય. ॥૧॥
સર્વ વિરતિ કેઈ થયા, દેશ વિરતિ થયા કેઈ;
અવસર લહી ગુણાવલી, કર જોડી પૂછેઈ. ॥૨॥

કહો ભગવંત ભવ પાછિલે, કર્યા કિશ્યા મેં કર્મ ?;
જ્ઞાન દિવાકર માહરા, મનનો મેટો ભર્મ. ॥૩॥
કેવલ જ્ઞાની મુનિ કહે, સાંભળો નિજભવ નારિ;
સભા સહુ તિહાં સાંભળે, એક ચિત્ત થઈ તિવાર. ॥૪॥

## ॥ ઢાળ ૨૫ મી ॥

સીમંધર સ્વામી ઉપદિશે. એ દેશી.

કહે પુરવભવ કેવલી, નારી ગુણાવલિ કેરા રે; નગર વસંતપુર અતિભલો, સુરપૂર દીધો ડેરો રે.... કહે૦ ॥૧॥ શેઠ રયણાયર તિહાં વસે, ધનવંત મેં શિરદારો રે; રાજા પ્રજા માને સહુ, દુઃખીયા જન આધારો રે. ક૦ ॥૨॥ દોય નારી છે તેહને રે, રૂપગુણે અભિરામો રે; પહેલી ગંગા ગોરડી, બીજી રૂકમણી નામો રે. ક૦ ॥૩॥ ગંગાસુ હિત પ્રીતડી, સાહતણે મન જાઝી રે; રૂકમણીસું માયા કરી, તેહને પણ કરે રાજી રે. ક૦ ॥૪॥ કપટી મીઠિ બોલડે, ભોલીને ભોલાવે રે; વારો વાસો આપે નહી, વાંતે હીજ વોલાવે રે. ક૦ ॥૫॥ ગંગાસું સુખ ભોગવે, રૂપિણીસું નહી સંધો રે; ફેર નહી કોઈ ગુણત્રિયે, લહેણા દેણી સંબંધો રે. ક૦ ॥૬॥ રયણાયર ગંગા બિન્હે, કપટ હિયામેં ધારે રે; સરલ પરિણામે રૂપણી, મનમેં સમો વિચારે રે. ક૦ ॥૭॥ તપ માંડયો હવે રૂપણી, પાંચમનો તિણવારો રે; પાંચ વરસ પાંચ માસશ્યું, એ વિધશું કરે ઉદારો રે. ક૦ ॥૮॥ સંપૂરણ કરી ઉજવી, પાંચ પરત સિદ્ધાંતો રે; પાંચ પાઠા બહુ મૂલના, પાંચ રૂમાલ સોહંતા રે. ક૦ ॥૯॥ પાટી પાંચ ગજી-

સણા, વારુ નવકાર વાલી રે; વાસકૂપા પાંચેં વલી, લેખણ પાંચ રસાલો રે કહે૦ ॥૧૦॥ ઇત્યાદિક બહુ ઢાવણો, પાંચમનો તિણે ઢાયો રે; સાહમી સહુ જિમાડીયા, નિજ પાતિક મલ ધોયો રે. કહે૦ ॥૧૧॥ રૂપણી પરિણામે રૂયડી, કૂડ નહિ લવલેશ રે; નારી વેદ છેદ્યો તિણે, સરલ પ્રણામ વિસેસો રે. કહે૦ ॥૧૨॥ કાલ કરી તે રૂપણી, ગુણકરંડ તું થાય રે; રયણાયર ગંગા બિહુ, કેલવી માયા જૂઓ રે. ક૦ ॥૧૩॥ મનમેં કપટ ન રાખીએ, કપટે હોય વિનાશ રે; કર્મ ન મુકે કેહને, કુણ રાજા કુણ દાસ રે?. ક૦ ॥૧૪॥ પુરુષ વેદ છેદી કરી, નારી વેદ અભંગો રે; સાહ થઇઓ ગુણાવલી, રાયસુતા થઈ ગંગો રે. ક૦ ॥૧૫॥ કરતા કર્મ જુવે નહિ, જોવન મદની છાકો રે; કહે જિનહર્ષ પૂરી થઈ, ઢાલ પચ્ચીસમી તાકો રે. કહે૦ ॥૧૬॥

॥ દોહા ॥

સુણી પૂરવભવ આપણો, ચિંતે ચિત્ત મઝાર;
માયાના ફલ પાડુયાં, આપે દુઃખ અપાર. ॥૧॥
પૂરવભવ માયા થકી, લાધ્યો એ અવતાર;
પાપરાશિના ઉદયથી, નર ફીટી થઈ નાર. ॥૨॥
રહેતાં ઇણ સંસારમાં, બાંધે જીવ કરમ;
ભોગવીએ આગલ સહુ, નરકાદિક વેસ રમ્મ. ॥૩॥
તજી માયા સંસારની, તજી વિષયાદિક સુખ;
સંયમ આદરીએ હવે, તો સહુ ભાગે દુઃખ. ॥૪॥
ગુણ કરંડ ગુણાવલી, એહવો કરી વિચાર;
મુનિને કરજોડી કહે, વચન પ્રભુ અવધાર. ॥૫॥

# ॥ ઢાળ ૨૬ મી ॥

આપ સવારથ જગ સહુરે... એ દેશી.

સંસાર સાગરથી હવે, અમ્હભણી તારક તાર; કરૂણાતણા તુમે ઠામ છો, સેવકની હો વિનતિ અવધાર. ॥૧॥ ગુણકરંડ ઇમ વિનવે હો, તુમે ગિરૂઆ હો મોટા અણગાર; તુમે ચરણે રાખો હવે હો, ભવમાંહિ પડતાં આધાર....ગુ૦ ॥૨॥ જિમ સુખ થાએ તિમ કરો, ગુણવંત મ કરો વિલંબ; જે ધર્મવિણ દિન જાય છે; તે નિષ્ફલ હો જિમ તાડ પ્રલંબ....ગુ૦ ॥૩॥ ગુરૂ ભણી વાંદી આવીયા, નિજ ઘરે પ્રીતમ નાર; બુદ્ધિપ્રપંચને આપીયો, નિજઘરનો લેઇ ભાર.... ગુ૦ ॥૪॥ અનુમતિ લેઇ પરિવારની, સુતતણી લેઇ અનુમતી; દીક્ષા લેવણ બહુ ઉચ્છવે, તિહાં આવ્યાં હો, મિલિ બે જણ ઝતિ. ગુ૦ ॥૫॥ કેવલિ પાસે મન ઉલ્લાસે, ગ્રહયો વ્રતનો ભાર; ગુણવંતનાહ ગુણાવલી, ઇમ કીધો હો સફલો અવતાર....ગુ૦ ॥૬॥ તપ કરે બહુ પરિ આકરા, કરે સૂત્ર અર્થ સજ્ઝાય; કિરિયા કરે આલસ તજી, નિર્લોભી હો, નિરુપમ નિર્માય....ગુ૦ ॥૭॥ મુનિ ગ્રંથને છેદીયો ભયથી, ઇગ્યાર અંગ અધીત; વ્રત તપ પંચ પાલે નિર્મલા, મકરધ્વજ હો ભડ જીત અજીત ગુ૦ ॥૮॥ બહુ વરસ સંયમ પાલીયો, કરિ અંત

અણુસણ સાર; એક માસની સંલેખણા, ગિરિ કીધી હો, સમેત ઉદાર.... ગુ૦ ॥૯॥ કરી કાલ તિહાંથી ઉપનો, સર્વાર્થ સિદ્ધ વિમાન; તિહાંથી ચવી મહાવિદેહમેં નરકેરો હો. ભવ લહેસે પ્રધાન. ગુ૦ ॥૧૦॥ દીશા ગ્રહી કેવલ લહી, શિવ પહોંચસ્યે મુનિરાય; તિણહિજ ભવ કેવલ લહી, સિદ્ધ થાસ્યે હો ગુણાવલી ગુણપાઈ. ગુ૦ ॥૧૧॥ અરિહંત ઇણિપરે ઉપદિશે, જિનધર્મથી સુખ હોઈ; જિનધર્મથી વંછિત ફલે, રાજાદિક હો માને સહુ કોઈ. ગુ૦ ॥૧૨॥ રયણાયર મયા કરી, ગૃહધર્મ રૂડો પાલી; નારિ થઇ પણ સુખ લીયો, દાન દીધો હો પૂર્વે સંભાલિ. ગુ૦ ॥૧૩॥ જે જે મનોરથ ચિંતવ્યા, તે તે સફલ થયા તત્કાલ; વલી મુગતિના સુખ પામીયા, અજરામર હો થાનક સુવિશાલ. ગુ૦ ॥૧૪॥ ઇમ જાણી ધર્મ કરો ખરો, તજી દૂરે માયા જાલ; ઈહલોકના સુખ ભોગવી, પરલોકે હો વલી મોક્ષ રસાલ. ગુ૦ ॥૧૫॥ સસિ બાણ ભોજન વચ્છરે, (૧૭૧૫) વદિ બીજ આસો માસ; ઢાલ સત્તાવીસે રચ્યો, પાટણમેં હો રૂડો એ રાસ. ગુ૦ ॥૧૬॥ શ્રી ગચ્છ ખરતર ગુણનીલો, ગચ્છરાજ જિણચંદ સૂરિ; જસનામથી નવ નિધિ મિલે, પ્રતપો ગુરૂ હો.... સૂર. ગુ૦ ॥૧૭॥ જંગમ યુગ પ્રધાન જગ ગુરૂ, નામથી પામી નિસ્તાર; પ્રહ ઉઠી પ્રણમી

ભાવશું, કલિયુગમે હો. ગૌતમ ગણધાર ગુ૦ ॥૧૮॥
શ્રી ખેમ શાખે શોભતાં, વાચક શાંતિહરખ મુણિંદ;
તસુ શીષ કહે જિનહર્ષ મુનિ, ગુરૂ નામે હો દિન દિન
આણંદ....ગુ૦ ॥૧૯॥ શ્લોક સંખ્યા ૭૫૦

ઇતિ ગુણકરંડ ગુણાવલીનો રાસ
સંપૂર્ણ:

— પુણ્ય ઉપર —

તપા. મુનિ શ્રી દીપ્તિ વિજયજી કૃત

# શ્રી મંગલકલશ રાસઃ પ્રારભ્યતે

॥ દોહા ॥

પ્રણમું સરસતિ સ્વામિની, કવિજન કેરી માય;
વીણા પુસ્તક ધારિણી, કવિયણને વરદાય. ॥૧॥
કાશ્મીરે જગ જાણીએ, માતાનું અહિ ઠાણ;
બીજું મરુધર દેશમાં, અજારીએ મંડાણ. ॥૨॥
મન શુદ્ધે પ્રણમી કરી, માંગું વયણ વિલાસ;
જેમ સુજને સુખ ઉપજે, પૂગે મનની આશ. ॥૩॥
મંગલ કલશ કુમારનો, રાસ રચું મન રંગ;
દેજયો વયણ સોહામણું, મુજ મન બહુ ઉછરંગ. ॥૪॥
વલી પ્રણમું નિજ ગુરૂ સદા, જેહનો બહું ઉપકાર;
તે ગુરૂ ઉપકારી સદા, જેમ જગમાં જલધાર. ॥૫॥
ઉત્તમના ગુણ વર્ણવે, આખંડલ મહારાજ;
દેવ સભામાંહિ બેસીને, એમ ભાખે જીનરાજ. ॥૬॥
ઉત્તમના ગુણ બોલીએ, કીજે તીરથ યાત્રા;
દાન સુપાત્રે દીજીએ, નિર્મલ હોવે ગાત્ર. ॥૭॥

શ્રી જીનધર્મ પસાઉલે, પામી બહુલી ૠદ્ધિ;
સુખ ભોગવી સંસારનાં, અવિચલ પામી સિદ્ધિ. ॥૮॥
તેણે કારણ ભવિયણ તુમે, સુણજો સરસ સંબંધ;
આલસ અંગે પરીહરી, મુકી ઘરના ધંધ. ॥૯॥
ભણતાં સાંભલતા થકા, કરતા બહુ વખાણ;
દિન દિન દોલત સંપજે, જયલચ્છિ કલ્યાણ. ॥૧૦॥
કોણ નયરી કેણ દેશમાં, કીધા ઉત્તમ કામ;
સાવધાન થઇ સાંભળો, જેમ પામો સુખધામ. ॥૧૧॥

## ॥ ઢાળ ૧ લી ॥

અલબેલાની. દેશી.

જંબૂદ્વીપમાં જાણીએ રે લાલ. દક્ષિણ ભરત અભિરામ સુખકારી રે; તિહાં માલવ દેશ વખાણી રે લાલ, દુબલાનો આધાર સુખકારી રે ॥૧॥ ગિરવો મોહન માલવો રે લાલ. સવિ દેશનો રાજાન.... સુ૦; નદીય નવાણુ જિહાં ઘણાં રે લાલ. ઉપજે બહુલા ધાન.... સુ૦ ગિરૂઓ૦ ॥૨॥ જિહાં જિનવરનાં સુંદરૂં રે લાલ, મોહોટા સોહે પ્રાસાદ.... સુ૦; કલશ ધ્વજા કરી શોભતા રે લાલ, ઉંચા ગગનશું માંડે વાદ.... સુ૦ ગિ૦ ॥૩॥ ધર્મશાલા ઘણી દેશમાં રે લાલ, સુખ પામે અણગાર.... સુ૦; પુણ્યવંત શ્રાવક જિહાં ઘણાં રે લાલ, સૂધાં સમકિત ધાર.... સુ૦ ગિ૦ ॥૪॥ ભાર અઢાર તરૂવર તણી રે લાલ, ફૂલી રહી વનરાય.... સુ૦; નિત્ય વરસાલો જાણીએ રે લાલ. સરસ ઘણી અંબરાય.... સુ૦ ગિ૦ ॥૫॥ નગરી ઉજ્જેણી જાણીએ

રે લાલ, અમરાવતી અવતાર.... સુ૦; સુખીયા લોક તિહાં વસે રે લાલ, ચોરાશી બાજાર....સુ૦ ગિ૦ ॥૬॥ રાજ્ય કરે તિહાં રાજીયો રે લાલ, વૈરિસિંહ ભૂપાલ.... સુ૦; શુરવીર ને સાહસી રે લાલ, જીવદયા પ્રતિપાલ.... સુ૦ ગિ૦ ॥૭॥ સોમચંદ્રાભિધ ભારજારે લાલ, રાણી ગુણમણિ ખાણ.... સુ૦; રાજાના મનમાં વસી રે લાલ, બોલે મધુરી વાણ.... સુ૦ ગિ૦ ॥૮॥ વ્યવહારી માંહે વખાણીયે રે લાલ, ધનદત્ત શાહ ઉદાર.... સુ૦; જૈન ધર્મની વાસના રે લાલ, નગરતણો શણગાર.... સુ૦ ગિ૦ ॥૯॥ સત્ય ભામા નામે ભામિની રે લાલ, શીલાલંકૃત દેહ.... સુ૦; તસ કુખે છોરૂ ન ઉપજે રે લાલ, મોહોટો અવગુણ એહ.... સુ૦ ગિ ॥૧૦॥ પુણ્ય થકી તે પામશે રે લાલ, અતિ ઉત્તમ સંતાન.... સુ૦; પુણ્યથી સવિ સુખ સંપજે રે લાલ. પુણ્યથી નવે નિધાન... સુ૦ ગિ૦ ॥૧૧॥ દેવ ગુરૂની બહુ રાગીણી રે લાલ, કોમલ જાતિસ્વભાવ.... સુ૦; સાવધાન થઇ સાચવે રે લાલ, દાન શીયલ તપ ભાવ.... સુ૦ ગિ૦ ॥૧૨॥

॥ દોહા ॥

એક દિન ધનદત્ત ચિંતવે, મુજ ઘરે બહુલી રૂદ્ધિ;
મોહોટાં મંદિર માલીયાં, પણ નહી બાલક સિદ્ધિ. ॥૧॥
ગલ હત્થો દેઈ કરી, બેઠો ધનદત્ત શાહ;
તતક્ષણ સત્યભામા ભણે, એ શું દુઃખ તુમ નાહ ?. ॥૨॥
કે ચિંતા વ્યાપારની, કે રૂઠયો મહારાજ ?;
વાહણ નાવ્યા પાધરા, કે વલી બીજું કાજ ?. ॥૩॥

સાચું કહેજો સાહિબા, દુઃખનું કારણ એહ;
કહું છું દાસી તુમતણી, મુજ ઉપર ધરી નેહ. ॥૪॥
શેઠ ભણે સુણો સુંદરી, દુઃખનું કારણ તેહ;
બાલક નહી કોઈ તુમ કણે, ઘરનું મંડન જેહ. ॥૫॥
શેઠાણી વલતું ભણે, સુણ તું જીવન પ્રાણ;
બાલક ચિંતા મ મ કરો, તમે છો ચતુર સુજાણ. ॥૬॥

## ॥ ઢાળ ૨ જી ॥

રાગ કેદારો

પુણ્ય કરો તમે પીયુજી, પુણ્યથી ફલ શ્રીકાર રે; ઇહ ભવ પરભવેં સુખ લહે, ધરમથી જય જયકાર રે.... પુણ્ય કરો તમે પિયુજી ॥૧॥ દેવ ગુરૂની સેવા કરો, દ્યો તમે પંચવિધ દાન રે; જેહથી જગ જસ વિસ્તરે, દાન તે મુક્તિ નિદાન રે.... પુ૦ ॥૨॥ દાન-શાલા મંડાવિયો, પૂજીએ શ્રી આદિનાથ રે; પુસ્તક નવું રે લખાવીએ, સાહમ્મી વત્સલ પ્રાણનાથ રે પુણ્ય૦ ॥૩॥ પૌષધશાલા મંડાવીએ, ધરીએ વલી ધર્મનું ધ્યાન રે; એમ કરતાં પિયુ આપણે. ઉપજે ઉત્તમ સંતાન રે.... પુ૦ ॥૪॥ શ્રી શત્રુંજય ગિરિનારની, કીજિયે જાત્રા ખાસ રે; સુરજ કુંડમાં નાહીએ, જેમ ફલે વંછિત આશ રે.... પુ૦ ॥૫॥ સાધુને નિત્ય પડિલાભિએ, કીજીયે પર ઉપકાર રે; લખમીનો લાહો લીજીએ, સફલ કરો અવતાર રે.... પુણ્ય૦ ॥૬॥ કરો પચ્ચકૂખાણ નિત્ય પોરસી, સાંજે કરો દુવિહાર રે ભગવંતની પૂજા કરો, પડિક્કમણાં બે વાર રે.... પુણ્ય૦ ॥૭॥ ધર્મ સુરતરૂ સમ જાણીયે, ધર્મ ચિંતા-

માણી જાણુ રે; અરિહંત સમવસરણે કરે, ધર્મના સબલ વખાણુ રે.... પુ૦ ॥૮॥ નારી વયણ મનમાં ધરી, ધર્મે હુઓ ઉજમાલ રે; મ લીને ફૂલને કારણે, ધન બહુ દે તતકાલ રે.... પુણ્ય ॥૯॥ ધનદત્ત શાહ મન થિર કરી, ધર્મ કરે દિનરાત રે; આદરી વસ્તુ ન મુકીએ, ઉત્તમ લક્ષણ જાત રે.... પુ૦ ॥૧૦॥ શ્રી જિનધર્મ પ્રભાવથી, ત્રુઠી તે શાસન દેવી રે; તસ તણી કુખે ઉપજાવીયું, પુત્ર રયણ તતખેવ રે.... પુ૦ ॥૧૧॥

॥ દોહા ॥

સત્ય ભામા એકણ સમે, સૂતી સેજ મોઝાર;
નીર ભર્યો રૂપાતણો, કલશ દીઠો તેણીવાર. ॥૧॥
અનુક્રમે સુત જનમીયો, જિમાડી પરિવાર;
નામ દીધું રલીયામણું મંગલ કલશ કુમાર. ॥૨॥
આઠ વર્ષનો તે હુઓ, તવ મુકયો નિશાલ;
અતિ રૂપે રલીયામણો, કોમલ નયન વિશાલ. ॥૩॥
પુણ્યથી બહુ સુખ ઉપન્યું, ચિન્તે ધનદત્ત શાહ;
વલી વિશેષે આદરે, ધરમ કરમ ઉત્સાહ. ॥૪॥
ફુલ લેવા તે કારણે, જાઉં વાડી માંહિ;
સજ્જ થઈને નીસર્યો, તવ વળગ્યો બાલક બાંહિ. ॥૫॥
પિતાજી તમે દિન પ્રતે, સિધાવો શે કાજ ?;
વાડી માંહે ફુલને, જિનવર પૂજા કાજ. ॥૬॥
મંગલ સાથે નીસર્યો, જાણે દેવકુમાર;
બહુ આભરણે અલંકર્યો, અદ્ભુત રૂપ અપાર. ॥૭॥
માલી દેખી ચિંતવે, બાલક રૂપ અપાર;
કર જોડી કહે શેઠને, કોણ એ રાજકુમાર. ॥૮॥

શેઠ ભણે એ માહરો, બેટો કુલ મંડાણ;
શુભ લક્ષણે કરી જાણીએ, હોશે ચતુર સુજાણ. ॥૯॥
માલી વાડી માંહેથી, ફુલ આપ્યા શ્રીકાર;
મંગલ મનમાં હરખીયો, પહેરી ચંપક હાર. ॥૧૦॥
જિનવરની પૂજા રચી, માંડી મોટો થાળ;
જમવા બેઠા બેહુ જણા, બાપ બેટો સુરસાલ. ॥૧૧॥
હવ મંગલ કલશ કુમાર તે, નિત્ય નિત્ય વાડી માંહિ;
ફુલ લાવ અતિ ફુટડાં, મન ધરતો ઉત્સાહિ. ॥૧૨॥
એમ ધરમ કરમ કરતાં થકા, દિન દિન અધિકો વાન;
આગલ અચરજ ઉપજે, તે સુણજ્યો સાવધાન. ॥૧૩॥
આગલ અતિ રળીયામણી, વાત ઘણી રંગ રોળ;
સાંભલતાં ચતુરા મને, ઉપજે અધિક કલ્લોલ. ॥૧૪॥

## ॥ ઢાળ ૩ જી ॥

ચોપાઈની દેશી.

ભરત ક્ષેત્ર તિહાં ચંપાપુરી, ધન કન કંચણ સુપરેં ભરી; રાજા તિહાં સુરસુંદર નામ, રાજ્ય કરે જાણે શ્રીરામ ॥૧॥ ગુણે કરીને અતિ અભિરામ, રાણી ગુણાવલી જેહનું નામ; સ્વપ્નમાંહિ તે નિજ ઉત્સંગ, કલ્પવેલિ દીઠી મન રંગ ॥૨॥ દેખીને જાગી તતકાલ, તિહાં આવી છે જયાંહિ ભૂપાલ; રાજાને તે વ્હાલી ઘણું, વચન કહે તે રળીયામણું. ॥૩॥ સ્વામી સુપન તણો સુવિચાર, મુજને કહેજો પ્રાણ આધાર; રાજા કહે સુપન પરમાણ, પુત્રી હોસે ગુણની ખાણ. ॥૪॥ નવ માસે ને પુત્રી જણી, આશા પુગી માતા તણી; દિવસ બારમે અતિ અભિરામ, ત્રૈલોક્ય સુંદરી

દીધું નામ. ॥૫॥ સોલ વરસની કુંવરી હવી, ચોસઠ કલા જાણે અભિનવી; કે જાણું પાતાલ કુમારી, વિદ્યાધર અમરી અવતાર. ॥૬॥ ઘરને આંગણે કરતી કેલી, જાણે સાચી મોહન વેલિ; સવી રાણીને વાલી તેહ, તે ઉપર સહુનો બહુ નેહ. ॥૭॥ રાજાયે ઈસી દીઠી જામ, વરચિન્તા મન પેઠી તામ; એ સરખો વર જોતાં મલે, તો મન વંછિત સઘલા ફલે. ॥૮॥ તવ રાજા અંતેઉરમાંહિ, પાઉ ધાર્યા મન ધરી ઉત્સાહિ; સઘલી રાણી ભેલી કરી, પૂછે રાજા મન હિત ધરી. ॥૯॥ ત્રિલોક સુંદરી કુમરી જેહ, તરૂણ-પણું પામી ગુણ ગેહ; તે માટે કરવો વિવાહ, ખરચી ધનને લીજે લાહ. ॥૧૦॥ રૂડું જાણી કરજયો કાજ, અમને શું પુછો મહારાજ; સુરસુંદર રાજા એમ ભણે, બેટીનું કારણ તુમ તણે ॥૧૧॥ રાણી સઘળી જોડી હાથ, કહે સાંભળો તુમે પ્રાણ નાથ; દુર મ દેજો એહને સહી, અમ જીવિતથી એ વાલહી. ॥૧૨॥ મહારાજાનો વડો પ્રધાન, તેહનો બેટો રૂપ નિધાન: તેહને દેજો એ દીકરી, જેમ નિત્ય નયણે નિરખું ખરી ॥૧૩॥

॥ દોહા ॥

સુબુદ્ધિને તેડી કરી, એમ બોલે રાજન;
તુમ સુતને મુજ નંદીની, દીધું કન્યાદાન. ॥૧॥
મંત્રી કહે તમેં શું કહ્યું, એ અણ જુગતું કાજ;
દેજો મોટા રાયને, સુણો તુમે મહારાજ. ॥૨॥
રાજા કહે સુણો મંત્રવી, મારૂં વચણ પ્રમાણ;
કરવું સહી તમને ઘરે, મ કરો તાણા તાણ. ॥૩॥

મંત્રી મનમાંહે ચિંતવે, એ કેમ થાશે કાજ ?;
એકણ દિશે તટિની વહી, એક દિશે મૃગરાજ. ॥૪॥
મુજ નંદન છે કોઢીયો, શટિત પટિત જસ દેહ;
રૂપે રંભા ઉર્વસી, નૃપ પુત્રી ગુણ ગેહ. ॥૫॥
એહને એ પરણાવતાં, કેમ રહેશે મુજ લાજ ?;
કાંઈક મતિ બુદ્ધિ કેળવી, બુધ્ધે કરશું કાજ. ॥૬॥
આરાધું કુલ દેવતા, સાધું એ શુભ કામ;
જેમ તેમ કરીને માહરી, રૂડી રાખું મામ. ॥૭॥

## ॥ ઢાળ ૪ થી ॥

જુમખડાની દેશી.

એમ ચિંતવી નિજ મંદિરે રે, આવ્યો સુબુદ્ધિ પ્રધાન.... સોભાગી સાંભળો; આરાધી કુલ દેવતા રે, બેઠો એકણે ધ્યાન.... સો૦ ॥૧॥ અઠ્ઠમનું તપ આદરી રે, જાપ જપે સુવિચાર.... સો૦; કૃષ્ણાગરૂ ઉખેવીયે રે, દીપ ધૂપ ઘૃત ધાર.... સો૦ ॥૨॥ બીજે દિન તે દેવતા રે, આવી રહિ તસ પાસ.... સો૦; કહો કિણ કારણે મુજ સમરી રે, બોલી મનને ઉલ્લાસ.... સો૦ ॥૩॥ મંત્રીશ્વર કહે માતજી રે, તુમે જાણો સવિ વાત.... સો૦; રોગ રહિત બેટો કરો રે, દેહી આણો ધાત.... સો૦ ॥૪॥ ચૌદ પછેડી દિન પ્રતે રે, ભીની રહે દીન રાત.... સો૦; રક્ત પિત્ત વાપ્યો ઘણું રે, રોગની વિષમી જાત.... સો૦ ॥૫॥ પર ભવ એણે જીવડે રે, કીધાં કર્મ અઘોર.... સો૦; કર્મ ન છુટે દેવતા રે, જીવને કર્મનું જોર.... સો૦ ॥૬॥ કર જોડી કરૂં વિનતિ રે, લળી લળી લાગું

પાય.... સો૦; લગન લીધું દીન સાતમે રે, તેહનો કરવો ઉપાય.... સો૦ ॥૭॥ રૂડો તે રળિયામણો રે, જાતિવંત ગુણવંત.... સો૦; એહવો વર તુમે આણજ્યો રે, જેમ દુર્જન ન હસંત.... સો૦ ॥૮॥ રાજકન્યા પરણાવીને રે, આણશું મંદિર માંહિ.... સો૦; પછે પુલ વિકલ કરી કાઢશું રે, એહને સાંહિ બાંહિં,.... સો૦ ॥૯॥ વલતું કુલ દેવી વદે રે, સુણ તું સુબુદ્ધિ પ્રધાન.... સો૦; ચંપાપુર પૂરવ દિશે રે, ચંપક નામે ઉદ્યાન.... સો૦ ॥૧૦॥ ઘોડા શીખે રાઉલા રે, તેહ તણા રખવાળ.... સો૦; તે પાસે તુમેં જાણજ્યો, રે, નાનડીયો સુકુમાલ.... સો૦ ॥૧૧॥ ટાઢે થર હર ધ્રૂજતો રે, સુંદર કોમલ કાય.... સો૦; મંદિરમાં હે લાવજયોરે, એ કહ્યો તુમને ઉપાય.... સો૦ ॥૧૨॥ એમ કહીને ગોત્રજ વલી રે, હરખ્યો સુબુદ્ધિ પ્રધાન.... સો૦; વિવાહનાં કારણ ભણી રે, મંડપ રચે અસમાન.... સો૦ ॥૧૩॥ ઘોડાના રખવાલને રે, જે છે વિશ્વાવીશ.... સો૦; તેહને તેડીને કહે રે, શુભ વચણે મંત્રીશ.... સો૦ ॥૧૪॥ તુમ પાસે એક આવશે રે, બાલક રૂપ નિધાન.... સો૦; તે મુજ મંદિર લાવજ્યો રે, એમ બોલે પરધાન.... સો૦ ॥૧૫॥ મંત્રીશ્વરની ગોત્રજા રે, રૂડું રચી તે વિમાન.... સો૦; વર જોવા આવી તિહાં રે, ઉજઝેણી ઉદ્યાન.... સો૦ ॥૧૬॥ જિહાં વાડી રાજા તણી રે, પુલ ઘણાં મહકાય.... સો૦ તે પરિમલ લેવા ભણી રે, બેઠી રૂડે ઠાય.... સો૦ ॥૧૭॥ તેહને કો દેખે નહી રે, તે દેખે સબ લોય.... સો૦; તિહાં આવે નરવર ઘણા રે, જે ભોગીસર હોય.... સો૦

॥૧૮॥ ઘડી બે ઘડી બેસી રહી રે, દીઠા જનના વૃંદ.... સો૦; એહવો કોઈ નિરખ્યો નહી રે, જે હુએ નયણાનંદ....સોભા૦ ॥૧૯॥ મંગલ આવ્યો મલપતો રે, જાણે દેવ કુમાર.... સો૦; તતક્ષણ હરખી દેવતા રે, વર પામ્યો નિરધાર.... સો૦ ॥૨૦॥ એ કન્યાને યોગ્યતા રે, એ વર રૂપનિધાન.... સો૦; જોડા વેડા સરિખો મલે રે, જગમાં વાધે વાન.... સો૦ ॥૨૧॥ ફુલ લેઇ પાછો ફર્યો રે, નગર તણી અંતરાલ.... સો૦; તવ બોલી કુલ દેવતા રે, એણિ પેરે વયણ વિશાલ.... સો૦ ॥૨૨॥ ફુલ ભલાં જસ હાથમાં રે, જે છે ચતુર સુજાણ.... સો૦; તે રાજ કન્યા પરણશે રે, ભાડે સહી કરી જાણ.... સો૦ ॥૨૩॥

॥ દોહા ॥

એહ વયણ શ્રવણે સુણ્યું, પણ નવ દીઠું કોય;
મંગલ મનમાં ચિંતવે, એ કેહની વાચા હોય. ॥૧॥
અરહું પરહું જોતો થકો, મનમાં ઘણો સંભ્રાત;
મંદિર જઇ નિજ તાતને, કહેશું એહ વૃતાંત. ॥૨॥
ભણતા કેરે કારણે, વીસરી ગઈ સા વાત;
બીજે દિવસે દેવતા, બોલે એહીજ વાત. ॥૩॥
ચકિત થઈ ચિત ચિંતવે, મંગલ જોઈ જામ;
વાદલ વાઉલી થઈ ઘણું, ઘોર ઘટા ઘન તામ. ॥૪॥
વાઉલી તે જોરે ચઢી, અતિ ઉંચી અસમાન;
કુમરને લેઈ નીસરી, જાણે દેવ વિમાન. ॥૫॥

ચંપાપુરને પરિસરે, તે આણ્યો સુકુમાલ;
મૂકીને તે વહી ગઈ, તત્ક્ષણ થઈ વિસરાલ. ॥૬॥
ભુખ તૃષા લાગી ઘણી, મંગલને તેણિવાર;
ભમતાં ભમતાં પેખીયું, સરોવર વનહ મઝાર. ॥૭॥

## ॥ ઢાળ ૫ મી ॥

ગોયમ ઘડિય મ કરે પ્રમાદ...એ દેશી

સરોવર પાળે અતિઘણાંજી, ફલ ફૂલ્યા સહકાર; સજલ સરોવર દેખીનેજી, પામ્યો હર્ષ અપાર.... સુગુણી નર પુણ્ય કરો સુખકાર ॥૧॥ પુણ્યે સવિ સુખ ઉપજેજી, જેમ જલધરથી જલ સાર....સુ૦ ॥૨॥ નીર ગલીને વાવર્યું જી, એ શ્રાવક આચાર; કષ્ટ પડે ધીરજ ધરેજી, ધન્ય તેહનો અવતાર....સુ૦ ॥૩॥ બેસીને ફલ વાવર્યાજી, પાકી આંબા સાખ; કરણાં દાડિમની કલીજી, વલી કસમસિયા દ્રાખ....સુ૦ ॥૪॥ ઉજેણી નગરી કિહાંજી, કિહાં તે માલવ દેશ; કિહાં જાઉં કોણને કહું જી, એ દીસે પરદેશ....સુ૦ ॥૫॥ એમ કરતાં રવિ આથમ્યોજી, ચંદ્રા કરે સુપ્રકાશ; વડ તરૂવર ઉપર ચડયોજી, જીવવાની બહુ આશ.... સુ૦ ॥૬॥ એ ઉપર નહી ઉપજેજી, વાઘ સિંહની રે ભીતિ; એ ઉપર રજની રહું જી, દૈવ થયો વિપ-રીત....સુ૦ ॥૭॥ વડ શાખા ઉપર ચડયો જી, ચિહું દિશે નિરખે રે તેહ; દીઠો ઉત્તર દિશિ ભણી જી, વૈશ્વાનર ગુણગેહ....સુ૦ ॥૮॥ વડવડતાં રજની ગઈજી, પરગટીયો પરભાત; વડ તરૂવરથી ઉતર્યો જી, તે છે શુદ્ધ સુજાત....સુ૦ ॥૯॥ ઉત્તર દિશી

ભણી આવતાં જી, અગ્નિ તણે અનુસાર; ચંપાપૂરી દેખી કરી જી, હરખ્યો હૈયા મઝાર....સુ૦ ॥૧૦॥
ઘોડા તાપે રાઉંલા જી, તેહ તણાં રખવાલ; પાસેં બેઠો તાપવાજી, ધ્રુજંતો તે બાલ....સુ૦ ॥૧૧॥

॥ દોહા ॥

હતી ભલામણ જેહની, તે હરખ્યો મનમાંહિ;
કોઈ ન દેખે તેહને; તેમ આણ્યો મંદિરમાંહિ. ॥૧॥

અવસર જાણી આણીયો, મંત્રીસરની દ્રષ્ટિ;
ઉઠીને ઉભો થયો, ભલે પધાર્યા શ્રેષ્ઠિ. ॥૨॥

ભૂમિ મંદીરમાં તેડીને, અતિ ઘણું આદર કીધ;
નવરાવીને તેહને, મીઠું ભોજન દીધ. ॥૩॥

છાનો રાખ્યો તેહને, કોઈ ન જાણે ભેદ;
પાસે જઈને એમ કહે, મનમાં મ આણીશ ખેદ. ॥૪॥

એક દિન પૂછે તાતજી, છાનો રાખ્યો કેમ;
કુલ નવિ જાણો માહરૂં, મુજ ઉપર કેમ પ્રેમ ?. ॥૫॥

એક દિન પૂછે મંત્રીને, કવણ પુરિ કોણ દેશ;
કોણ રાજા કોણ મંત્રવી, એ ભાંખો સુવિશેષ. ॥૬॥

## ॥ ઢાળ ૬ ઠી ॥

નણદલની દેશી તથા એણે અવસરે ચંપકમાલા....એ દેશી.

અમીય સમાણે વયણડે, બોલે સુબુદ્ધિ પ્રધાન હો....મંગલ !; વાત સુણો એક માહરી, અંગે દેશ ચંપાપુરી, સુરસુંદર રાજાન હો....મંગલ૦ ॥૧॥
રાજ રૂદ્ધિ અતિ તેહને, સુણતાં અચરિજ થાય હો.... મં૦; સુબુદ્ધિ નામે પ્રધાન છું, રાજાને સુખ દાય

હો....મં૦ ॥૨॥ નૃપની રાણી ગુણાવલી, રૂપ તણો ભંડાર હો....મં૦; બેટી ત્રૈલોકય સુંદરી, રંભતણો અવતાર હો....મં૦ ॥૩॥ એક દિન માહરી ભારયા, મે દીઠી દીલગીર હો....મં૦; દુઃખનું કારણ પૂછતાં, નયણ રે બહુ નીર હો...મં૦ ॥૪॥ ગદગદ સાદેથી બોલતી, તુમ ઘર નહિં સંતાન હો....મં૦; બીજું દુઃખ મુજને નહિં, એ દુઃખડું અસમાન હો....મં૦ ॥૫॥ આરાધી કુલ દેવતા, કીધા ત્રણ ઉપવાસ હો....મં૦; પ્રગટ થઇ કુલ દેવતા, બોલી વયણ વિલાસ હો....મં૦ ॥૬॥ સમરણ કીધુંજી માહરૂં કોણ કારણ પ્રધાન હો....મં૦; બોલ્યો હું કરજોડી-ને, દ્યો મુજ પુત્રનું દાન હો....મં૦ ॥૭॥ વલતું તે દેવી ભણે, નહી તુજ ભાગ્યમાં પુત્ર હો....મં૦; કુલ દીપક કુલ મંડણો, જે રાખે ઘર સૂત્ર હો.... મં૦ ॥૮॥ એક લખ્યો છે તાહરે, કોઢીને કુરૂપ હો....મં૦; રક્તપિત રોગે ભર્યો, જાણે ભૂત સ્વરૂપ હો....મં૦ ॥૯॥ પોતાની મહિલા પ્રતે, વાત કહી ચિત લાય હો....મં૦; તેહ કહે એહવો ભલો, વાંજણી ગાલ ન ખમાય હો....મં૦ ॥૧૦॥ વાચા દેઈ ગઇ દેવતા, પેટ રહ્યું ઓધાન હો....મં૦ પૂરે માસે જનમીયો, કોઢ વ્યાપિત સંતાન હો....મં૦ ॥૧૧॥ ઘર ઘર હુઆ વધામણાં, વાગ્યાં જાંગી ઢોલ હો.... મં૦; રાજા પ્રજાએ જાણીયું, પુત્ર હુઉં રંગ રોલ હો....મં૦ ॥૧૨॥ રાજ સભામાહિં મૂરખે, મેં કહી વાત વિચાર હો...મં૦; મુજ નંદન અતિ ફુટરો, જાણે દેવ કુમાર હો....મં૦ ॥૧૩॥ છાનો રાખ્યો મેં

મંદિરે, કિણે નવિ દીઠો એહ હો....મં૦; બાહેર વાત સહુ કરે, મંત્રીસુત ગુણગેહ હો....મં૦ ॥૧૪॥ હઠ કરી નૃપ સુરસુંદરે, નિજ પુત્રી ગુણવંત હો.... મં૦; દીધી મુજ નંદન પ્રતે, જે છે બહુ રોગવંત હો...મં૦ ॥૧૫॥ વલી આરાધી ગોત્રજા, જંપે આવી તેહ હો...મં૦; તેણિયેં તુજને આણિયો, મુજ ઉપર ધરી નેહ હો...મં૦ ॥૧૬॥ એ કન્યા પરણી કરી, મુજ સુતને દ્યો સાર હો...મં૦; પાય પડું વિનતિ કરૂં, એ કરો તુમે ઉપકાર હો..મં૦ ॥૧૭॥ મંગલકુંભ વલતું વદે, એ નહિં ઉત્તમ કામ હો... મં૦; પરણીને કેમ દીજીએ, કન્યા ગુણનું ધામ હો...મં૦ ॥૧૮॥ રોષ કરીને મંત્રવી, હાથે ગ્રહી તરવાર હો...મં૦; નહી પરણે તો મારશું, કોણ કરશે તુજ સાર હો?....મં૦ ॥૧૯॥ ઉજ્જેણી દુરે રહી, કિહાં માહરો પરિવાર હો...મં૦; સિંહ સબલ પણ સાંકલ્યો, કિશ્યો કરે ઉપચાર હો?....મં૦ ॥૨૦॥ ભવિતવ્યતા યોગે કરી, હું આવ્યો એણ દેશ હો...મં૦; આકાશ વાણી સાંભલી, તેણેં કરી સુવિશેષ હો...મં૦ ॥૨૧॥ મંગલ કહે મંત્રી સુણો, એ નહિં રૂડાનું કામ....મં૦; પણ તુમ પ્રતે ચાલે નહી, તુમને કીજે પ્રણામ હો....મં૦ ॥૨૨॥ કર મેલાવણ રાજવી, જે મુજને દ્યે દાન હો....મં૦; ઘોડા હાથી રથને નેજા, બીજી વલી વસ્તુ વાન હો...મં૦ ॥૨૩॥ એ તુમે મુજને આપજો, તો તુમ કરશું કાજ હો.... મં૦; ઉજ્જયનીને મારગેં, તે તુમે મુકજો રાજ હો...મં૦ ॥૨૪॥ તબ મંત્રી હરખે કરી, કીધું વચણ

પ્રમાણ હો...મં૦; વચમાંહે ઘાલી ગોત્રજા, તે છે
ચતુર સુજાણ હો...મં૦ ॥૨૫॥

॥ દોહા ॥

મંગલ કલશે હા ભણી, કરવા ઉત્તમ કાજ;
મનમાં હરખ્યો મંત્રવી, મુજ ત્રુઠયો મહારાજ. ॥૧॥
ઉંચે શબ્દ હુઓ તિસેં, વલી વાગ્યા નીશાણ;
ગીત ગાએ સોહાસણી, વિવાહના મંડાણ. ॥૨॥
ધેં ધેં નોબત ગડગડી, વલી વાગી કિરતાલ;
ઢોલ દદામાં દડદડી, ભેરી તાલ કંસાલ. ॥૩॥
સઘલાં વાજાં વાજિયાં, હા ભણી જેણી વાર;
મંગલ વાણી ઉછલી, હરખ્યો સવિ પરિવાર. ॥૪॥
તંબુ ડેરા તાણીયા, અતિ ઉંચા આકાશ;
લાલ કથીયા ચંદુઆ, મહોટા મંડપ ખાસ. ॥૫॥
બાંધ્યા મોતી જુમણાં, ગોખતણી વલી ઓલ;
સખર સમારી ભૂમિકા, ચિહું દિશ પોઢી પોલ. ॥૬॥
ફુલ ઘણાં પથરાવિયાં, માંડયા સોવન પાટ;
વરરાજા ઈહાં બેસસે, મલશે માણસ થાટ. ॥૭॥
ચિહું દિશિ ગાયે ગોરડી, નાચે નવલા પાત્ર;
સહુ જોવાને ત્યાં મલ્યું, કરવા વરની જાત્ર. ॥૮॥
રાજાએ પણ માંડીયું, વિવાહનું મંડાણ;
મલ્યા મહોટા મહિપતિ, માણસ રાણો રાણ. ॥૯॥
ઘરઘર ગુડી ઉછલાં, બાંધી તોરણ માલ;
સહેર સવિ શણગારીઉં, દીસે ઝાક ઝમાલ. ॥૧૦॥
આડંબર સબલો કરી, માંડયો મ્હોટો જંગ;
(હવે) વર જોવાને કારણે, સહુને મન ઉછરંગ. ॥૧૧॥

નવરાવી નિજ હાથશું, પહેરાવી શણગાર;
હવે પધરાવી કુંવરને, સાથે સહુ પરિવાર. ॥૧૨॥

## ॥ ઢાળ ૭ મી ॥

મધુકરની દેશી.

લલના રે વાત સુણી મન હરખીયો, સુરસુંદર રાજન.... લ૦; વર જોવાને કારણેં, મોકલ્યો નિજ પરધાન.... લ૦ ॥૧॥ મસ્તક મુકુટ હીરે જડ્યો, કંઠે એકાવલ હાર.... લ૦; કરણાભૂષણ ઝલ હલે, બાજુ બંધ મનોહાર....લ૦ ॥૨॥ હાથે સોવર્ણ સાંકળા, મણિમય જડિત જડાવ.... લ૦; અંગે વાઘો વિરાજતો, કેશરમેં ભરકાવ.... લ૦ ॥૩॥ નીલી પટોલી પહેરણે, પહેરી સવિ શણગાર.... લ૦; ચરણે નેપૂર રણ જણે, ઘુઘરના ઘમકાર.... લ૦ ॥૪॥ લ૦ કુંમરને વેગે વધાવીયો, મોતીડે ભરી થાળ.... લ૦; ગોરી ગાવે સોહલી, નાનડલી સુકુમાલ.... લ૦ ॥૫॥ નર નારી મોહી રહ્યાં, દેખી કુંવરનું નૂર....લ૦; સામું જોઇ કોઇ નવિ શકે, જાણે ઉગ્યો સૂર.... લ૦ ॥૬॥ સાજન સવિ જન નોતરી, જમાડી ભરપૂર....લ૦; ફોફલ પાન દીયે ઘણાં, વાજે મંગલ તુર... લ૦ ॥૭॥ ઘોડા હાથી સજ્જ કરી, જુગતે ચલાવે જાન.... લ૦; રૂડી પરે ધન વાવરે, મન હરખે પરધાન.... લ૦ ॥૮॥ આગલ કીધી ગજ ઘટા, સાંબેલાં નહીં પાર.... લ૦; પોતે વરઘોડે ચઢયો, જાણે ઇન્દ્રકુમાર....લ૦ ॥૯॥ જાન જોવાને તિહાં મળ્યાં, નરનારીનાં વૃંદ.... લ૦; દેખી રૂપ કુમારનું, મન ધરતાં આનંદ... લ૦ ॥૧૦॥ ધન્ય તે ત્રૈલોકય સુંદરી, ધન્ય એહનો અવતાર....લ૦; પૂરવને પુણ્યે કરી,

પામ્યો એ ભરતાર.... લ૦ ॥૧૧॥ જાન આવીને તિહાં રહી, વાજંતે નિશાન.... લ૦; કુંવર સ્વરૂપ દેખી કરી, રાજા થયોં મહરાણ.... લ૦ ॥૧૨॥ રાજા મનમાંહે ચિંતવે, મલ્યો જમાઇ ચંગ... લ૦; સોના કેરી મુન્દ્રડી, ઉપર જડીયું નંગ.... લ૦ ॥૧૩॥ હરખી ત્રૈલોકય સુંદરી, રાણી મન ઉત્સાહ લ૦; ગાતાં વાતાં હરખશું, આણ્યો માહિરા માંહિ.... લ૦ ॥૧૪॥ લગન તણી વેલા હુઇ, જોષી મેલાવે હાથ.... લ૦; મંગલ કલશે મોજમાં, ઝાલ્યો જમણો હાથ.... ॥૧૫॥ ક્ષણ પાસું મેલે નહી સુબુદ્ધિ નામ પ્રધાન.... લ૦; રખે એ કોઇ આગલે, વાત કરે અજ્ઞાન.... લ૦ ॥૧૬॥ અક્ષર લખીયા હાથમાં; સુંદરીયેં તેણીવાર.... લ૦; મુજ પિતાકને માંગજો; પંચ તુરંગમ સાર.... લ૦ ॥૧૭॥ મંગલ લખે ઉતાવલો, કુવરીના કર માંહિ.... લ૦; ભાડે પરણું હું સહી, તે ધરજ્યો મનમાંહિ.... લ૦ ॥૧૮॥ એહ સ્વરૂપ જાણી કરી, કુંવરી મન દિલગીર.... લ૦; લાજેં બોલી નવિ શકે, નયણે નાંખે નીર.... લ૦ ॥૧૯॥ વાંજા વાગે અતિ ઘણાં, ગાયે ગોરી ગીત.... લ૦; દાનજ દીએ અતિ ઘણાં, એ વિવાહની રીત...લ૦ ॥૨૦॥ કર મેહલાવણ કુંવરને, દીધાં ધન ભંડાર.... લ૦; મંગલ કર મેલે નહિં, માગે પંચ તોખાર.... લ૦ ॥૨૧॥ તે પણ દીધા હરખશું, લીધા આદર માન.... લ૦; પરણીને ઉતાવળી, પાછી ફરી તે જાન.... લ૦ ॥૨૨॥ મંગલ સાથે પદમિણી, દાસીનો પરિવાર.... લ૦; ગાતાં વાતાં આવીયાં, પ્રધાનને દરબાર....લ૦ ॥૨૩॥

॥ દોહા ॥

પંચ તુરંગમ જલ પંથા, બીજો અર્થ ભંડાર;
ઉજેણીને મારગે, તે મૂકયા તેણિવાર. ॥૧॥
મંદિર આવ્યા ઢુકડાં, (જવ) પોલે કિયો પ્રવેશ;
એ નર ઇહાંથી કાઢીયે, તો જાયે પરદેશ. ॥૨॥
કુંવરી કર મેહલે નહી, ચલ ચિત્ત જાણી જામ;
દેહ ચિંતા મુજ ઉપની, મંગલ બોલે તામ. ॥૩॥
રથ થકી તે ઉતર્યો, સાથે કુંવરી જાય;
પાણી ભરી ઝારી ગ્રહી, મનમાં ચિંતા થાય. ॥૪॥
ક્ષણ બેસીને ઉઠીયો, આવે કુવરી પાસ;
તતક્ષણ આવી પરવરી, સસરાના સવિ દાસ. ॥૫॥
કુંવરી મને ધીરજ ધરી, પૂછે પ્રાણાધાર;
ભુખ લાગી છે તુમ તણે, મે જાણ્યું નિરધાર. ॥૬॥
સિંહ કેસરા લાડુઆ, સુંદરીયે તતકાલ;
આણી આપ્યાં પ્રેમશું, અતિ મીઠા સુરસાલ. ॥૭॥
વાવરતા તે લાડુઆ, મંગલ બોલ્યો ધીર;
ઉજંણીનગરી તણું, જો હોય ક્ષિપ્રાતીર. ॥૮॥
તો ઝરે એ લાડુઆ, એહવું બોલે જામ;
તતક્ષણ નર પરધાનના, આવ્યા તેણે ઠામ. ॥૯॥
વયણ સુણીને સુંદરી, મનશું કરે વિચાર;
ઉજૈયણી માંહિ જાણીયે, કાંહિક સગપણ સાર. ॥૧૦॥
દેહ ચિંતા મુજ ઉપની, વલી ઉઠયો જેણિવાર;
તે પણ સાથે ઉતરી, દાસીનો પરિવાર. ॥૧૧॥
કહે મંગલ સુણો સુંદરી, જારી આપો હાથ;
લાજ ઘણી મુજ ઉપજે, જો તુમે આવો સાથ. ॥૧૨॥

ચાર ઘડી રજની ગઈ, તવ તે નાશી જાય;
જિહાં ઘોડા રથ આપણાં, તિહાં તે ભેલા થાય. ॥૧૩॥

## ॥ ઢાળ ૮ મી ॥

કોયલો પરવત ધુંધલો રે લાલ. એ દેશી

છઠે રે પ્રયાણે ત્યાંહાં થકી રે લાલ, મન ધરતો ઉચ્છાહ રે.... સુગુણ નર; ઘોડા રથ લેઇ કરી રે લાલ, આવ્યો ઉજયણી માંહિ રે.... સુગુણ નર. ॥૧॥ મંગલ કલશ ઘર આવીયો રે લાલ, ગુણહ તણો ભંડાર રે.... સુગુણ નર; તેહને કોણે નવિ ઓળખ્યો રે લાલ, રૂપ કલા અંબાર રે, સુગુણ નર મંગલ૦ ॥૨॥ પોતાના મંદિર કને રે લાલ, આવ્યો તે જેણિ-વાર રે.... સુ૦; ધનદત્ત શાહ હવે ચિંતવે રે લાલ, એ કોણ રાજ કુમાર ? રે સુ. મં૦ ॥૩॥ તતક્ષણ રથથી ઉતરી રે લાલ, પાય તે લાગ્યો જામ રે.... સુ૦; ધનદત્ત શાહેં ભીડીઓ રે લાલ, ઓલખીયો સુત તામ રે.... સુ. મં૦ ॥૪॥ માતાને વલી જઈ મલ્યો રે લાલ, વરસે આંસુ ધાર રે.... સુ૦; હરખે બોલી નવિ શકે રે લાલ, માતા તેણી વાર રે.... સુ. મં૦ ॥૫॥ હરખ્યાં તે મને અતિ ઘણું રે લાલ, નારી ને ભરતાર રે.... સુ૦; કે મન જાણે આપણું રે લાલ, કે જાણે કિરતાર રે.... સુ. મં૦ ॥૬॥ ઘોડા બાંધ્યાં પાયગે રે લાલ, રથ મેલ્યો શુભ ઠામ રે.... સુ૦; ધનદત્ત શાહને ધન સોંપીયુ રે લાલ, ભણવા બેઠો તામ રે.... સુ. મં૦ ॥૭॥

## ॥ દોહા ॥

વાત કહી નિજ તાતને, એકાંતે ધરી પ્રેમ;
ઘોડા ધન રથ રાખજો, એહથી લહીશું ખેમ. ॥૧॥
મન ચિંતે નૃપ નંદિની, નાવ્યો પ્રાણ આધાર;
શંકીતો નાસી ગયો, શું કીધું કિરતાર?. ॥૨॥
પેટપીડ તણે મિશેં, તે બેઠી તિણ ઠાય;
મનમાં જુરે અતિ ઘણું, આંસુડા ઉભરાય. ॥૩॥

## ॥ ઢાળ ૯ મી ॥

રાગ કેદારો. ગોડી.

શ્રેણિક એહવો હું રે નિર્ગ્રંથ... એ દેશી.

પિયુ નાઠયો જાણ્યો જિસ્યેં, વાગી રે લહેર અપાર; પેટ તણી વેદના મિશેં, નાખે રે આંસુડા ધાર.... જીવનજી તું પ્રાણાધાર૦ ॥૧॥ કાંઇ મેહેલી રે મુજને નિરધાર; તું છે રે મ્હારા હૈડાનો હાર.... જીવ૦ તુજ વિણ સુનો રે સહુ સંસાર, તું છે રે માહરો સવિ શણગાર.... જીવ૦ ॥૨॥ અક્ષર લખીયા પરણતાં, તે તેં સાચા કીધ; એણે અવસર મુજ છોડતાં, તેં બહુ દુઃખ રે અબલાંને દીધ....જી૦ ॥૩॥ જલ વિના વિના જેમ માછલી, ટલવલે તેહ અપાર; તતક્ષણ દાસી પરવરી, ત્યાં આવી રે મંત્રીની નાર.... જી૦ ॥૪॥ રસભર રહ્યાં રે માણસાં, તે દુઃખ સબલું થાય; રસ લેઇ કૂંચા કરે, તે દુઃખ રે થોડેરું થાય.... જી૦ ॥૫॥ ઓસડ વેસડ સવિ કર્યાં, શીતલ છાંટયું નીર; વીંજણે વાયુ વીંજતાં, તસ વાલ્યું રે ચેતન શરીર....

જી૦ ॥૬॥ રૂદન કરંતી બાલિકા, કો નવિ જાણે ભેદ; વિરહ વ્યથા તસ ઉલસી, અતિ ઘણો રે મન આણે ખેદ.... જી૦ ॥૭॥ ગિરિવર ઉપર ચઢાવીને, તેં ધરી નાંખી ત્રસકાય; ભોજન સરસ પીરસી કરી, તેં લીધી રે થાલી ઉઠાય.... જી૦ ॥૮॥ વાત ન કો પૂછી શકી, મુજ હુતી ઘણી આશ; કોન કરે તે તેં કર્યું, તો તુજને દેઉં રે શાબાશ.... જી૦ ॥૯॥ પાલખીયે બેસારીને, આણિ મંદિર માંહિં; સાસુ સસરો ત્યાં કરે, ઓસડ વેસડ રે વલી મનને ઉત્સાહિ.... જી૦ ॥૧૦॥

॥ દોહા ॥

કોઢી શય્યા ઉપરે, આવી બેઠો જામ;
તતક્ષણ તે દેખી કરી, કુંવરી નિરખે તામ. ॥૧॥
હવે કોઢી તે સજ્જ થઈ, પહેરી મંગલ વેશ;
લડથડતો આવી તિહાં, મોહોંલે કિયો પ્રવેશ. ॥૨॥
તિહાં આવી ઉભી રહી, જિહાં છે સખી પરિવાર;
દેખી આમણ દુમણી, બોલાવી તેણીવાર. ॥૩॥
રૂદંત કરંતી બાલિકા, કહે તે સઘલી વાત;
રજની ઝુરંતા ગઈ, પરગટિયો પરભાત. ॥૪॥
રથ બેસી ઉતાવલી, આવી જિહાં નિજ માય;
આવી કેમ તેડયા વિના, મુજ મન અચરિજ થાય ?. ॥૫॥
દુ:ખભર છાતી ફાટતી, રૂએ તે સરલે સાદ;
માતા કહે સુણો સુંદરી, એવડો શો વિખવાદ ?. ॥૬॥
ગદ ગદ સાદે તે કહે, રાત તણું વૃતાંત;
તે નિસુણી સવિ વારતા, માત હુઈ ભયભ્રાંત. ॥૭॥

બુચ કારીને બાલિકા, બેસારી ધરી નેહ;
આસન વાસન સહુ કરે, રાણી ગુણાવલી તેહ. ॥૮॥
કોઢી કુંવરને કારણે, એહવો કરી પ્રપંચ;
પરનર કરતાં પાડવો, નીચ નાણે ખલખંચ. ॥૯॥
પ્રાત સમે પરધાન તે, આવ્યો રાજા પાસ;
મુખે નિસાસા મેલતો, મનમાં થઈ નિરાશ. ॥૧૦॥
રાજા પૂછે મંત્રીને, બેસારી સુસનેહ;
મુજ આગલ સાચું કહો, દુઃખનું કારણ જેહ. ॥૧૧॥
મુજ નંદન કંચન જિસ્યો, તુમે દીઠો મહારાય;
આજુની અધરાતિમાં, વિણઠી તેહની કાય. ॥૧૨॥
રક્ત પિત તસ ઉપન્યો; દૈવ થયો વિપરીત;
વિનય કરીને વીનવે, એહ વડાની રીત. ॥૧૩॥

## ॥ ઢાળ ૧૦ મી ॥

કાચી કલી અનારકી રે હાં, સુડાં રહ્યાં રે લુભાય...એ દેશી.

રાજા કહે મંત્રી સુણો રે હાં, જીવને કર્મ પ્રમાણ. કર્મ વિડંબના; વીતરાગ એમ ઉપદિસે રે હાં, જે ત્રિભુવનનો જાણ. કર્મ૦ ॥૧॥ કર્મ કરે તે હોય, ક૦ વિણુ ભોગ ત્યાં છુટે નહી રે હાં, મંત્રી વિચારી જોય. ક૦ ॥૨॥ નિમિત્ત કારણ મુજ નંદની રે હાં, વિષ કન્યાની જાતિ. ક૦; તે માટે એમ જાણીયે રે હાં, ઉપન્યો રોગ અધરાતિ. ક૦ ॥૩॥ જિનશાસન માંહે જાણીયે રે હા, નિશ્ચયને વ્યવહાર. ક૦; નિશ્ચય જાણે કેવલી રે હો, લોક જાણે વ્યવહાર. ક૦ ॥૪॥ જો તનયાં તુજ પુત્રને રે હાં, જો નવિ દેતો એહ. ક૦;

રોગ રહિત દેવી દાસીની રે હાં, વિણસત નહીં શુભ દેહ. ક૦ ॥૫॥ મંત્રી કહે મહારાજજી રે હાં, તુમ પુત્રી નહી દોષ. ક૦ કર્મની પરિણતિ જાણીયે રે હાં, મ કરો તુમે બહુ શોષ. ક૦ ॥૬॥ કપટ ન જાણે ભૂપતી રે હાં, જેહનો સરલ સ્વભાવ. ક૦; હલુકર્મી જીવ જાણીયે રે હાં, ધર્મ ઉપરે બહુ ભાવ. ક૦ ॥૭॥ રૂષભદેવને જાણીયે રે હાં, વરસીતપ ઉપવાસ. ક૦; મલ્લિનાથ નારીપણે રે હાં, કર્મ ન મેલે તાસ. ક૦ ॥૮॥ ઢંઢણ નામે મુનિસરૂ રે હાં, મેતારજ વલી જેહ. ક૦; એલા પુત્ર વખાણિયે રે હાં, કર્મે નડયા બહુ એહ. ॥૯॥ સીતા સુભદ્રા દ્રૌપદી રે હાં, રૂષિદત્તા સુકુમાર. ક૦; અંજના દમયંતી સતી રે હાં, કલાવંતી વલી નાર. ક૦ ॥૧૩॥ તેમ એ ત્રૈલોકય સુંદરી રે હાં; આવી તે હતી જોડ. ક૦; એહને કલંક એ ઉપન્યું રે હાં, દૈવેં દીધી ખોડ. ક૦ ॥૧૧॥ સાંભલી મંત્રી તિહાંથકી રે હા, નિજ ઘર આવ્યો તેહ. ક૦; રાજા પણ રાણી ભણી રે હાં, આવ્યો તે ગુણગેહ. ક૦ ॥૧૨॥ તિહાં કણે એહજ સાંભળ્યું રે હાં, બેઠો થઇને નિરાશ. ક૦; પુણ્યથકી પુણ્યવંતને રે હાં, ફૂલશે સઘલી આશ. ક૦ ॥૧૩॥ જે હતી સહુને વાલહી રે હાં, હુઈ અલખામણી તેહ. ક૦; માય વિના કો નવિ ધરે રે હાં, તેહશું અધિક સનેહ. ક૦ ॥૧૪॥

॥ દોહા ॥

પરણ્યો પતિ મેલી ગયો, કલંક ચઢયું જગમાંહિ;
એમ બેઠી જુરે ઘણું, રાત દિવસ ઘરમાંહિ. ॥૧॥

પૂરવલે ભવ મેં કિરયાં, કીવા કર્મ અઘોર;
કિહાં જાઉં કુણને કહું, કર્મ પ્રતેં નહીં જોર ?. ॥૨॥

## ॥ ઢાળ ૧૧ મી ॥

વીરે વખાણી રાણી ચેલણાજી...એ દેશી.

મન વિલખાણી નૃપ નંદની જી, મનમાંહે ઘણું દિલગીર; માયને એણીપરેં વીનવેજી, નયણે ઝરે બહુ નીર.... મન૦ ॥૧॥ નયણે ન આવે નિંદ્રડી જી, ઉદક ન ભાવેજી અન્ન; ચિત્તમાં આમણ દુમણી જી, કોયશું નવિ મલે મન્ન....મન૦ ॥૨॥ નિજ દેશના પરદેશના જી, લોકો મલશે લાખ; મંત્રીની વાત સહુ માનશે જી, માહરી કોણ ભરશે સાખ ?....મન૦ ॥૩॥ માતને તાત વૈરી થયાં જી, વૈરી થયો પરિવાર; કર્મે કંલક ચઢાવીયું જી, કરવો કવણ વિચાર....મ૦ ॥૪॥ કહો હવે કોણ આગલેં કહું જી, એ દુઃખડાની રે વાત; રાતની કપટની વારતા જી, સાંભલો માહરી માતા.... મન૦ ॥૫॥ લાડુઆં ખાંતાં મુજને કહ્યુ જી, જો હોયે ક્ષિપ્રાનું નીર; તો જરે સરસ એ લાડુઆ જી, તે સુણી હુઈ દિલગીર....મ૦ ॥૬॥ તેં વારેં મેં મન ચિંતવ્યું જી, કિહાં ચંપાને ઉજ્જેણ; મોશાલાદિક તિહાં હશે જી, સાંભળ્યું કારણ તેહ....મન૦ ॥૭॥ લાજેં કરી સુણો માડલી જી, પૂછી ન શકી કાંઇ વાત; શરીર ચિન્તાનો મિશ કરી જી, નાઠોજી તુજ જમાત....મન૦ ॥૮॥ રજની મધ્ય ગયા પછી જી, આવ્યો નર કોઢીયો એક; તે દેખી હું નાસી ગઇ જી, સુણ જામણી સુવિવેક....મ૦ ॥૯॥ આપ હત્યા

કરી જો મરૂં જી, તો જીવ દુર્ગતે જાય; પણ તે કર્મ ન છુટીયેં જી, એમ ભાખે જિનરાય....મન૦ ॥૧૦॥ ક્ષણ સુવે ક્ષણ રૂવે બેઠડી જી, ક્ષણ એક ધરે રે વૈરાગ; એમ કરી નિજ તનુ આવરે જી, કાંચલીયેં આવ્યો રે નાગ....મન૦ ॥૧૧॥ એમ નિત્ય ઝુરતાં તેણીયેં જી, કાંઈક વોલ્યા રે દીહ; ઉજેણી માંહે હોશે જી, મુજ પરણ્યો વરસિંહ....મન૦ ॥૧૨॥ તો હવે જાઉં ઉજેણીયેં જી, જો હુવે તાત આદેશ; નિજ વરને જોવા ભણી જી, પહેરી પુરૂષનો વેશ....મન૦ ॥૧૩॥

॥ દોહા ॥

ચંપાવતી માંહિ જાણીયેં, જે હોય જ્યોતિષરાય;
તેહને તેડી પૂછીયેં, સુણ તું મોરી માય. ॥૧॥
લગન રૂડું જોઈ કરી, કીજે ઉત્તમ કામ;
સિદ્ધિ ચઢે ઉતાવલું, રહે પોતાની મામ. ॥૨॥
નિમિત્તિયાને તેડવા, સુંદર ચતુર સુજાણ;
દાસી એક ત્યાં મોકલે, જેહની સુલલિત વાણ. ॥૩॥
તતક્ષણ આણ્યો જ્યોતિષી, પેહેર્યાં સવિ શણગાર;
ગજ જેમ આવ્યો મલપતો, રાણીને દરબાર. ॥૪॥
આવ્યો દેખી તેહને, રાણી કરે પ્રણામ;
પૂછે આસન દેઈ કરી, શ્રીફલ આપી તામ. ॥૫॥

## ॥ ઢાળ ૧૨ મી ॥

જોસિયડાં તું જ્યોતિષ જોય...એ દેશી.

જોસિયડા જી, જો જો લગન વિચાર, રૂડી પરેં

ચિત્ત રાખજો જી; જોસિયડા જી, કયારેં થાશે મુજ કામ, તે તુમેં સાચું ભાખજો જી. ॥૧॥ જોસિયડાજી, જો સરશે મુજ કાજ, દેશું જીભ સોનાતણી જી; જોસિયડા જી, દેશું હૈયડાનો હાર, દેશું રયણ રૂડાં મણિ જી. ॥૨॥ જોસિ૦ દેશું સવિ શણગાર, હીરે જડિત સોવન સાંકળા જી; જોસિ૦ સોનેરી શિરબંધ, હરમિજ કેરાં મોતી ભલાંજી. ॥૩॥ જોસિ૦ જોઇ લગન વિચાર, જોસિયડો એણી પરેં મોતી ભણે જી; બાઇ કામ હોશે નિરધાર, શાસ્ત્રે લખ્યું છે અમ તણેજી. ॥૪॥ જોસિયડાની રૂડી નિસુણી હો વાત, આણી હો હરખ હૈયે ઘણો જી; જોસિયડા જી, ઉજેણીએ મુજ મન્ન, જોવાને જનની સુણોજી. ॥૫॥ માડી મારી પહેર્યાં સવિ શગગાર, ખયર અંગાર પરેં જાણજો જી; માડી મોરી. ફુલ તે શૂલ સમાન, ભવન ભાખસી સમ માનજો જી. ॥૬॥ માડી મોરી. તે દિન સફલ ગણીશ, જે દિન તેહને નિરખશું જી; માડી મોરી. તે દિન લેખે જાણ, જે દિન કલંક ઉતારશું જી, ॥૭॥ માડી મોરી. વિણ અવગુણ વાંક, સુમતિ પ્રધાનેં મુજ દાખવી જી; માડી મોરી. એક પખી સુણી વાત, રોષ રાખે રૂડો રાજવીજી. ॥૮॥ માડી મોરી. એ દુઃખડાની વાત, કોઇ આગલે નવિ ભાખીયે જી; માડી મોરી. એ દુઃખ ભાંજે જેહ, તે આગલેં દુઃખ દાખિયેં જી. ॥૯॥ માડી મોરી. જેતાં તરઅસ તીર, મુલતાની મુગલ તણે જી; માડી મોરી. તેતાં દુઃખ શરીર, સહિયેં પણ કહીયેં નહી જી. ॥૧૦॥ માડી મોરી. જોતા હો દેશ પરદેશ,

નણદીનો વીરો મુજ જો મલે જી; માડી મોરી. કહે સુંદરી ઘણે નેહ, મનના મનોરથ સવિ ફૂલે જી, ॥૧૧॥

॥ દોહા ॥

એક દિન મનમાં ચિંતવે, નયર ઉજેણી માંહિ;
જે મેં પરણ્યો પ્રેમશું, તે મલશે મુજ નાહ. ॥૧॥
મોદક વાવરતાં કહ્યું, આણો ક્ષિપ્રા નીર;
ઉજેંણી નયરી તણું, તો વિકસે મુજ હીર. ॥૨॥
બોલી કાઢું તેહને, કાંઈક કરી ઉપાય;
જો હું જાઉં ઉજણીયે, તો મુજને સુખ થાય. ॥૩॥
એક દિન જનનીને કહે, જો તાત સુણે મુજ વાત;
એકાંતે બેસી કરી, તો આવે સવિ ધાત. ॥૪॥
એક દિન સિંહ સામંતને, રાણીએ એકાંત;
વાત કહી પુત્રી તણી, જેથી હોય શુભ શાંત. ॥૫॥
અવસર જાણી વીનવે, સિંહ નામ સામંત;
તમે છો મ્હોટાં રાજવી, વલી છો બહુ ગુણવંત. ॥૬॥
પુત્રી ત્રૈલોકય સુંદરી, દુઃખ ધરે અસમાન;
તેહને તેડાવી કરી, ઘો પ્રભુ આદરમાન. ॥૭॥
વયણ સુણી સામંતનું, રાજા હુઈ દીલગીર;
હૈયું ભરાણું નૃપતણું, નયણે નાખે નીર. ॥૮॥
કુંવરીએ પેહેલે ભવે, દીધું હોશે કલંક;
તે કારણ એમ જાણિયે, પામી એહ કલંક. ॥૯॥
નૃપ આજ્ઞા લેઈ કરી, તેડાવી સા બાલ;
લાજંતી મા તેડીને, તે આવી તતકાલ. ॥૧૦॥
દેખીને દુઃખ ઉપન્યું, તે ત્રણને તેણિ વાર;
ઘડી બે ઘડી બોલ્યાં નહી, નાંખે આંસુ ધાર. ॥૧૧॥

કુંવરી કર જોડી કહે, ઘો મુજને નરવેશ;
કાંઇક મોટે કારણે, હું ચાલીશ પરદેશ. ॥૧૨॥
રાજા સિંહ સાહમું જુવે, એ શ્યું બોલે બાલ;
સિંહ ભણે સ્વામી સુણો, એ ન્યાય વયણ સુરસાલ. ॥૧૩॥
પુત્રી હુઈ રાજા તણી, પહેરી પૂરૂષનો વેશ;
નિજ કુંવરીને એમ ભણે, જો જો દેશ વિદેશ. ॥૧૪॥
સિંહ સાંમંત સાથે દિયો, દીધા ધન ભંડાર;
રૂડી પરે એ રાખજો, વલી દીધા અસવાર. ॥૧૫॥

## ॥ ઢાળ ૧૩ મી ॥

ઘરેં આવોજી આંબો મ્હોરીયો...એ દેશી.

રાજ કુંવરી શુભ મુહુરતેં, પહેરી પુરૂષનો વેશો રે; તાત જનની પાય લાગીને, સિધ્ધિ કરી પરદેશો રે....રાજ૦ ॥૧॥ કુંવરી કોઇ જાણે નહીં, એક જાણે સામંતો રે; શુરવીર ને સાહસી, ગિરૂવો ને ગુણવંતો રે....રાજ૦ ॥૨॥ શિરબંધ સોહે સોના તણો, ગલે મોતિની માલો રે; ઢાલજ મેલી ઢલકતી, નાનડીયો સુકુમાલો રે....રા૦ ॥૩॥ તરકસ બહુ તીરેં ભર્યું, સોનેરી તરવાર રે; લાલ કબાન હાથેં ધરી, મોહી રહ્યાં નર નાર રે....રા૦ ॥૪॥ લીલડે ઘોડે તે ચઢયો, લીલો વેશ બનાઇ રે; સામંતને આગલ કર્યો, ભલી વાગી શરણાઈ રે....રા૦ ॥૫॥ કાઠા કરહા મજીઠિયાં, ગલે ઘુઘરની માલો રે; મન માની ભૂપેં ચાલતા, એક ન લાગે તાલો રે....રા૦ ॥૬॥ રાજ કાજ સવી સાચવે, સિંહ તે સિંહ સમાનો રે; વાત વિચાર તેહશું કરે, તે છે બુધ્ધિનિધાનો રે....રા૦ ॥૭॥ અખંડ

પ્રયાણે આવીયાં, ક્ષિપ્રા નદીને તીરો રે; ન્હાઇ ધોઇ પાવન થયાં, જેહનું નિર્મલ નીરોરે....રા૦ ॥૮॥ વૈરીસિંહ રાજા સુણી, મોકલ્યા નિજ પરધાનો રે; મન હરખે તેડી કરી, દીધા આદર માનો રે....રા૦ ॥૯॥ કુંવર ભલે તુમે આવીયા, વૂઠયા અમીય મેહો રે; સુરસુંદર રાજા તણો, અમ ઉપર બહુ નેહો રે....રા૦ ॥૧૦॥ ઉતારા સખરા દીયાં, મન મોહન આવાસો રે; ગોખ જાલી શત બારણાં, તે છે અતિ સુપ્રકાશો રે.... રા૦ ॥૧૧॥ શુભ લગને શુભ મુહુરતેં, મોહલેં કરે પ્રવેશો રે; ખબર લીયે દિન દિન પ્રતે, વૈરિસિંહ નરેશો રે....રા૦ ॥૧૨॥ સત્તર ભેદી પૂજા રચી, ભેટયા શ્રી ભગવંતો રે; અતિ હરખે પડિલાભિયા, સૂધા સાધુ મહંતો રે....રા૦ ॥૧૩॥ જીવ છોડાવ્યાં અતિ ઘણાં, દે પંચવિધનું દાનો રે; રાત દિવસ ગુણિજન તણાં, સાંભળે ગીતને ગાનો રે....રા૦ ॥૧૪॥ વનવાડી જોયાં ઘણાં વલી જોયાં બજારો રે; અન્યદિવસ જોતા થકા, દીઠા પંચ તુખારો રે....રા૦ ॥૧૫॥ એ ઘોડા મુજ તાતના, નિરધારી સુવિવેકો રે; નામ ઠામ જોવા ભણી, તિહાં મુકયો નર એકો રે....રા૦ ॥૧૬॥ તે જોઇને એમ કહે, ધનદત્ત શેઠ સુજાણો રે; નામે ધનવતી ભારજા, મંગલ કલશ સુત જાણો રે....રા૦ ॥૧૭॥ ધનદત્ત સુત પંડયા કનેં, કરે નિત્ય કલા અભ્યાસો રે; તે પણ તિહાં મેં નિરખીયો, રૂપ કલા આવાસો રે....રા૦ ॥૧૮॥ તેહના તુરંગમ જાણજો, એ માંહે મીન ન મેષો રે; વાત સુણી હરખી ઘણું, સુંદરી તે સુવિશેષો રે....રા૦ ॥૧૯॥

॥ દોહા ॥

સુંદરી સહ સામંતને, તેડીને સુવિચાર;
ધન આપીને લીજિયેં, એ પાંચે તુખાર. ॥૧॥
સિંહ વદે સુંદરી સુણો, નાપે બાલક તેહ;
જેમ તેમ તસ મન રીઝે કરી, લેશું ઘણે સનેહ. ॥૨॥
સુંદરી કહે સામંતને, સુણજો વયણ રસાલ;
ઉજેણી નગરી તણી, જમાડીયે નીશાલ. ॥૩॥
ધનદત્તનો સુત આવશે, દેશું આદર માન;
ઘોડા લેશું રીઝવી, આપી તસ બહુ દાન. ॥૪॥
જમણ સજ્જાઈ સહુ કરી, બાંધ્યા મંડપ ખાસ;
મ્હોલ રચાવ્યા અતિ ઘણાં, જાણે દેવ આવાસ. ॥૫॥
સિંહ સામંતને મોકલ્યો, નોતરવા નિશાલ;
પંડ્યા સહિત સહુ આવજો, ભોજનને સુવિશાલ. ॥૬॥
ભોજન વેળા અવસરે, પહેરી સવિ શણગાર;
મંગલ આવ્યો મલપતો, છોકરાને પરિવાર. ॥૭॥
મોહલ થકી તે ઉતરી, સુંદરી સવિ પરિવાર;
નિશાલિયાને નિરખવા, હૈડે હરખ અપાર. ॥૮॥

## ॥ ઢાળ ૧૪ મી ॥

રસીયાની દેશી.

સુંદરી આવે હો નિજપિયુ નીરખવા, પહેરી પુરૂષનો વેષ.... સુનયની; શિરપર સોહે હો પંચરંગ પાઘડી, કલગી વિરાજે રે વિશેષ....સુ૦ સુંદરી૦ ॥૧॥ કેસરિયો રે અંગે વાઘો બન્યો, કસ્તુરી મહકાય.... સુ૦; ફુલે ચંબેલી હો પહેર્યાં અતિ ઘણાં, સહેજે

સુકોમલ કાય....સુ૦ સું૦ ॥૨॥ ધનદત્ત સુતને હો તેણીયે ઓલખ્યો, એ સહિ મુજ ભરતાર.... સુવદની; પૂરવ પુણ્યે હો એ આવી મલ્યો, હવે મુજ તુઠયો રે કિરતાર....સુ૦ સું૦ ॥૩॥ ધનદત્ત સુત હો તિહાં ઉભો થઇ, કીધો તેહને પ્રણામ....સુ૦; મંગલ કલશે હો તે નવ ઓલખી, નૃપ નંદિની અભિરામ....સુ૦ સુંદરી૦ ॥૪॥ નિશાલીયાને સવિ ભોજન ભણી, માંડયા સાદા રે થાલ...સુ૦; મંગલ કલશને તેણિયે મંડાવીયો, રૂડો રૂપાનો રે થાલ....સુ૦ સું૦ ॥૫॥ બાજોઠ માંડયો સવિ સોવન તણો, તે પીરસે પકવાન....સુ૦; જમી કરીને સવિ ઉઠિયા, દીધાં ફોફલ પાન....સુ૦ સુંદરી૦ ॥૬॥ નિશાલીયા પ્રતેં દીધી પાઘડી, ધનદત્ત સુતને શણગાર....સુ૦; વાઘો આપ્યો અતિ ઘણા મૂલનો, આપ્યા વલી અલંકાર....સુ૦ સુંદરી૦ ॥૭॥ નિશાલીયાં હો સવિ ઝાંખા થયા, દેખી પંક્તિનો રે ભેદ....સુ૦; પણ કુંવરીની લાજે બોલી નવિ શકે, આણ્યો મનમાંહિ ખેદ....સુ૦ સુંદરી૦ ॥૮॥ પંડયાને હો કહે નૃપનંદિની, તેહને તેડી રે એકાંત....સુ૦; વાત અનોપમ સુણવા મુજ ઘણી, સરસ કથાની રે ખાંતિ....સુ૦ સુંદરી૦ ॥૯॥ તે માટે હો ભટજી તમેં, ઘણો દ્યો કોઇ છાત્રને આદેશ....સુ૦; મોહનગારી રે દેશ પરદેશની, કહાની સુણાવે સુવિશેષ....સુ૦ સુંદરી૦ ॥૧૦॥ બે ત્રણ છાત્રને પંડિતજી કહે, કહો તમેં કથાને સુસંવાદ....સુ૦; તે બોલ્યા હો મુખે ત્રટકી કરી, આણી મનેં રે ઉન્માદ....સુ૦ સુંદરી ॥૧૦॥ તે કહેશેજી કહાણી હરખ ઘણે, જેહનેં

અતિ ઘણું માન....સુ૦; મંગલકલશને તેડયો તતક્ષણેં, જે છે ગુણનો રે નિધાન....સુ૦ સુંદરી૦ ॥૧૨॥ શેઠનો નંદન હો હરખેં આવિયો, નૃપ તનયાને પાસ....સુ૦; રૂડી પરેં હો રૂપ જોતાં થકાં, ઓલખી કુંવરી ઉલ્લાસ....સુ૦ સુંદરી૦ ॥૧૩॥ એ રાજકન્યા હો કોઇક કારણેં, પહેરી પુરુષનો વેશ....સુ૦; ચંપાપુરી માંહિ મેં પરણી હતી, તે આવી એણે દેશ....સુ૦ સુંદરી ॥૧૪॥ સુંદરી આવે હો નિજ પિયુ નિરખવા. ઢાલ પૂરી થઇ રસીયા વાલમની; પ્રથમ પૂરો થયો ખંડ....સુ૦; શ્રવણેં સુણતાં હો અતિ સુખ ઉપજે, પામીયેં લીલ અખંડ....સુ૦ સું૦ ॥૧૫॥ રૂડી ને હો અતિ રળિયામણી, સરસ કથા સુવિલાસ....સુ૦; મંગલ કહેશે હો બીજા ખંડમાં, સફલ ફલી સવિ આશ, સુ૦ સું૦ ॥૧૬॥ શ્રી વિજયમાન સૂરીસરગચ્છ ધણી, શ્રી માનવિજય બુધરાય....સુ૦; તેહનો વિનયી દીપ્તિવિજય કહે, પુણ્યથી બહુ સુખ થાય....સુ૦ સું૦ ॥૧૭॥

ઇતિશ્રી મંગલકલશ રાસ

પ્રથમ ખંડ સંપૂર્ણ:

## ॥ અથ દ્વિતીયખંડ પ્રારંભઃ ॥

॥ દોહા ॥

મંગલ કહે કથા તણાં, ભેદ ચાર સુવિચાર;
કલ્પિત અકલ્પિત વલી, અપરા પર સુવિચાર. ॥૧॥

મંગલ કહે તુમેં કુંવરજી, સાંભલજો ધરી નેહ;
પુરૂષ ચરિત્ર તણી કથા, સરસ સુણાવું તેહ. ॥૨॥

પુરૂષ ચરિત્ર માંહે કહ્યો, શીલ તણો ગુણસાર;
નર નારી સહુ સાંભળો, લાખાનો અધિકાર. ॥૩॥

કેણુ ગામેં કોણુ દેશમાં, કેણી પરે પાલ્યું શીલ ?;
રાજ રૂદ્ધી પામી ઘણી, શીલેં પામી લીલ. ॥૪॥

ગણિકાને કુલે ઉપની, પામી યૌવન ધન;
ધન્ય એ લાખા સુંદરી, એણે પાલ્યું શીલ રતન. ॥૫॥

દીક્ષા લેઈ મુગતે ગઈ, પામી કેવલ જ્ઞાન;
શીલ તણાં ગુણ ગાંવતાં, હોવે જય કલ્યાણ. ॥૬॥

## ॥ ઢાળ ૧ લી ॥

ચોપાઇની દેશી.

કાબેરી નામે એક પુરી, ધણ કણ કંચન સુભરે

ભરી; અજિત સેન નામે રાજન, બહુ ગુણવંતો સુમતિ પ્રધાન. ॥૧॥ રાજાને રાણી શત ચાર, રૂપે રંભા તણો અવતાર; પણ અવગુણ એક તેહને ઘણો, પુત્ર નહી કોઈ કુલમંડણો. ॥૨॥ તેણે કારણ તે બહુ દુઃખ ધરે, મેહ પરે તે આંસુ જરે; રાણી સઘલી જુરે સહી, કરમ પ્રતે કો ચાલે નહી. ॥૩॥ ઓસડ વેસડ કીધાં ઘણાં, આરાધન કીધાં સુર તણાં; આરાધી વલી કુલ દેવતા, પણ નવિ હુવો સુત સેવતાં. ॥૪॥ તેહ નિમિત્તે ધન ખરચ્યું બહુ, સુતની વાંછા કરે તે સહુ; સુત કારણ ભલા ઉપચાર. બહુ નિત્ય કરે નારી ભરતાર. ॥૫॥ એમ કરતાં હુવા વરષ જ બાર, રાજા વૃદ્ધ હુઓ તેણિ વાર; રાતેં મધ્ય નિદ્રા પરિહરે પુત્ર તણી ચિંતા મન ધરે. ॥૬॥ મનમાંહિં ચિંતે રાજન, કોઈ રાણીને ન હુઓ સંતાન; ધને કરી બહુ ભર્યા ભંડાર, દ્રવ્ય તણો નવિ લાભે પાર ॥૭॥ કૃપણપણું નવિ આદરૂં, ધન કાઢીને વાવરૂં; રાણી સઘલીને શણગાર, પહેરાવું મુક્તાફલ હાર. ॥૮॥ રાણીને નિત્ય નવલા વેશ, વડી રાણીને વલી વિશેષ; દાન દેવું મન ધરી ઉત્સાહ, માનવ ભવનો લેઉં લાહ. ॥૯॥ ચતુરાઈ તે તેહની ખરી; જસ ઉપરાજે ધન વ્યય કરી; એમ ચિંતવતાં ઉગ્યો સૂર, તવ વાગ્યાં વર મંગલ તૂર. ॥૧૦॥ રાજાયેં તેડ્યો પરધાન, દીધું તસ બહુ આદર માન; લાખ એક સોનઇયા સાર, નિત કાઢો મ મ કરજો વાર. ॥૧૧॥ વાડીમાંહિ જિનનો પ્રાસાદ, ઉંચો ગગનશું માંડે વાદ;

શ્રી રૂપભદેવની મૂરતિ જિહાં, પૂજા રચાવો દિન પ્રતેં તિહાં ॥૧૨॥ દલ વાદલ નામેં સુવિશાલ, ડેરા તણાવો રંગ રસાલ; અતિ રૂડી તિહાં રચનાં કરો, આસન બેસન તિહાં વલી ધરો. ॥૧૩॥ ફુલ પથરાવો તિહાં વલી ઘણાં, અગર તણાં માંડો ધૂપણાં; બાંધો મોતીનાં જુમણાં, રંગે રૂપે રળિયામણાં. ॥૧૪॥ દેશ પરદેશ તણા જન વૃંદ, જોવા આવે ધરી આણંદ; જે દેખીને કરે વખાણ, તેહવું કરજો ચતુર સુજાણ. ॥૧૫॥ રાજા પહેરી સવિ શણગાર, સવિ રાણી સાથેં પરિવાર; આવી બેઠા મંડપ તલે, ઈંદ્રિ ભુવન આવ્યું ભૂતલેં. ॥૧૬॥ મોહોટા મૂંછાલા ભૂપતિ, ચોકી કરે તે નિજ ખિજમતી; તતક્ષણ તિહાં તેડાવે પાત્ર, મંડાવે જોવાની જાત્ર. ॥૧૭॥ રૂપેં રૂડી ગણિકા જેહ, રૂડું નાચી જાણે તેહ; તેહને રાજા દે આદેશ, નાચે નવલો પહેરી વેશ. ॥૧૮॥ કંચુક કસીયા સીડે અંગ, નાટક કરવાનો બહુરંગ; પાયે ઘુઘરનો ધમકાર, ઝાંઝરનો રમઝમ રણકાર. ॥૧૯॥ આવી નૃપને કરે પ્રણામ, નિજ ગુરૂનું તિહાં લેઇ નામ; તિહાં કણે માંડે નાટારંભ, ઈંદ્ર આગલ જેમ નાચે રંભ. ॥૨૦॥ મધુરા વાજે આઠ મૃદંગ, નાચે પાત્ર તિહાં મનરંગ; તાલ વીણા ને વલી વાંસલી, શરણાઈ નફેરી વલી. ॥૨૧॥ ધપ મપ ધોંધોં મર્દલ નાદ, આલાપે હુસેની નાદ; કોકિલ સરિખો જેહનો સાદ, રંભ સારિસો કરશે વાદ. ॥૨૨॥ થેઈ થેઇકાર કરંતી રમે, ઝાંજરડાં પગે રમઝમે પરિચય બાંધી એકણ દિશિ, તિહાં રાણી દેખી ઉલ્લસી. ॥૨૩॥ રાજા મોજ

દિએ અતિ હસી, રાણી ધન આપે મન ખુસી. ॥૨૪॥ લાખ સોનૈયાનો વ્યય કરી, રાજા મંદિર આવ્યો ફરી; બીજે દિન પણ વાડી માંહી, જમી કરીને મન ઉત્સાહી ॥૨૫॥ રાજા નૃત્ય કરાવે પ્રેમ, લાખ સોનઇઆ ખરચે તેમ; એમ દિન દિન પ્રતેં અધિકો રંગ, રાજા દાન દિયે ઉછરંગ. ॥૨૬॥ એક દિવસ તિહાં યોગી એક, બેઠો અલખ કહિ સુવિવેક; અધિષ્ટાયક એ જિનવર તણો, રૂપે રૂડો રળિયામણો. ॥૨૭॥ કાને મુદ્રા હીરેં જડી, કાઠ તણી પહેરી પાવડી; સવા મણ પહેરી ગોદડી, હાથે સોવનની લાકડી. ॥૨૮॥ હેમ કમંડલ પાણી ભરી, છાંટે સભા તે નીરે ભરી; વાઘાંબર ભૂયેં પાથરી, બેઠો આસન નિશ્ચલ કરી. ॥૨૯॥ રાણી સહિત રાજા મન રંગ, પાય નમે જોગીના ચંગ; અવધૂત નૃપને દે આશીષ, બાબા લહેજ્યો સબલ જગીશ. ॥૩૦॥ ઘડી બે ઘડી અણબોલ્યો રહી, બોલે વાણી અમૃત સહી, તમને દેખીને મુજ મન્ન, થયું સદા હોજો સુપ્રસન્ન. ॥૩૧॥

॥ દોહા ॥

કિસ કારણ તમેં રાજવી, દીસો વદન વિચ્છાય;
તે કારણ મુજને કહો, મુજ મન અચરિજ થાય. ॥૧॥
જોઇયેં છે પ્રભુ માહરે, બેટો રૂપ રસાલ;
કુલદીવો કુલ મંડણો, રાજ્ય તણો રખવાલ. ॥૨॥
આપ ઉપાય કર્યા ઘણાં, પણ નાવ્યો એકે પુત્ર;
તેહની આશા છે ઘણી, જે રાખે ઘરસૂત્ર. ॥૩॥
યોગી બોલ્યો ચડવડો, સુણ્ણ હો તું રાજન;
પૂણ્યે શુદ્ધ વિદ્યા લહે, પૂણ્યેં યશ સંતાન. ॥૪॥

મન હિત આણીને કરે, જે વિધાનો જાણ;
જેમ રિપુમર્દન રાયને, વાધ્યું કુલ મંડાણ. ॥૫॥
રિપુ મર્દન તે કિહાં હુવો, કેમ હવું તસ કામ ?;
મહેર કરી મુજને કહો, તેહની કથા અભિરામ. ॥૬॥
સિદ્ધ કહે નૃપ આગલેં, રિપુમર્દનની વાત;
રાજા રાણી સાંભલે, જેહનો યશ વિખ્યાત. ॥૭॥
ચંદેરી નગરી ધણી, રિપુમર્દન ગુણખાણ;
રાણી એકસો તેહને, જેહની મધુરી વાણ. ॥૮॥
મંત્ર યંત્રાદિક બહુ કર્યાં, માન્યા દેવોને ભોગ;
પણ નવિ અંગજ ઉપજે, કર્મ તણે સંયોગ. ॥૯॥
સીમાડા સવિ ભૂપતિ, ચાંપે તેહની સીમ;
માંહો માંહે નિત્ય લડે, જેમ કૌરવ ને ભીમ. ॥૧૦॥
સિદ્ધ એક નૃપને મલ્યો, આપ્યું ફલ શ્રીકાર,
રાણીને ખવરાવજો, ગર્ભ હોશે નિરધાર. ॥૧૧॥
સિદ્ધ ગયો નિજ થાનકે, હરખ ધરી રાજન;
રાણીને ખવરાવીયું, પેટ રહ્યું આધાન. ॥૧૨॥

## ॥ ઢાળ ૨ જી ॥

હમીરીયાની... દેશી.

તે રાણીને ભૂપતિ, રાખે ભોંયરા માંહિ....રાજનજી; દાસી એક પાસે ઠવી, ખિજમત કરે ઉચ્છાહિ.... રાજનજી. ॥૧॥ વાત સુણો એક અભિનવી, સુણતાં અચરિજ થાય....રાજનજી; રસીયા જન જે સાંભળે, તેહને બહુ સુખ થાય....રા૦ ॥૨॥ યત્ન કરે રાણી તણાં, સુતનો જાણી લાભ ....રા૦; શોકય ઘણી છે તેહનેં, રખે ગલાવે ગાભ....રા૦ ॥૩॥ રાણી પાસેં તે

રાજવી, દિનમાંહે બે વાર....રા૦; ખબર લેવાને કારણે, હૈડે હરખ અપાર....રા૦ ॥૪॥ ચોકી મેલી ચિહુ દિશે, યત્ન કરે ભલી ભાંતિ....રા૦; રાજા ને રાણી તણી, દિન દિન અધિકી કાંતિ....રા૦; ॥૫॥ એક દિન રાણી વિનવે, પૂરણ હુઆ તવ માસ....રા૦; પ્રાણનાથ તુમ પુણ્યથી, પુગી મનની આશા....રા૦ ॥૬॥ બેટા કે બેટી હોશે, કરમેં લખ્યું ફલ જેહ.... રા૦; પણ વધામણી સુત તણી, મોકલજ્યો ધરી નેહ....રા૦ ॥૭॥ દાસીને નૃપ શીખવે, દેખાડજો સુવિવેક...રા૦; કુંવરી તણી બે આંગલી, કુંવર તણી ભલી એક....રા૦ ॥૮॥ રાજસભામાંહિ રાજવી, જઈ બેઠો દરબાર....રા૦; શુભ વેલા શુભ મુહુરતેં, પુત્રી જણી તેણિ વાર....રા૦ ॥૯॥ બે આંગલી દેખાડતી, આવી નૃપની પાસ....રા૦; સાહેબ દેજ્યોં વધામણી, પુત્ર તણી કહે દાસ....રા૦ ॥૧૦॥

॥ દોહા ॥

મનમાંહિ સમજી રહ્યો, વજડાવે નીશાન;
દીધી લાખ વધામણી, મેહલ્યા બંધીવાન. ॥૧॥

ઘર ઘર હુઆ વધામણા, બાંધી વંદન માલ;
શહેર સવિ શણગારીયું, દીસે ઝાક જમાલ. ॥૨॥

રાજા તતક્ષણ તિહાં થકી, આવ્યા રાણી પાસ;
ઔષધ ભેષજ દેઇ કરી, શિથિલ કરી તે દાસ. ॥૩॥

રાજ્ય રખોપા કારણે, છાની રાખી વાત;
જો એ બાહિર વિસ્તરે, તો નવ આવે ઘાત. ॥૪॥

ઠામ ઠામના રાજવી, મલવા આવ્યા જેહ;
તેહને જિમાડી કરી, પધરાવે સુસનેહ. ॥૫॥

તે રાજા ખિજમત કરે, રાણીની દિન રાત;
બાહિર રાજા નીસરે, તાલા દેઈ સાત. ॥૬॥

સુતનું નામ સોહામણું, દીધું દેવ કુમાર;
કુંવરી યૌવન વય હુઈ, રૂપ તણો નહીં પાર. ॥૭॥

દેવ કુંવર ગુણ સાંભળી, હવે મોટા રાજન;
ધન સાથે હરખે કરી, દે બહુ કન્યાદાન. ॥૮॥

રિપુમર્દન માને નહીં, મુજ સુતને લઘુ વેશ;
યોગ્ય જાણી પરણાવશું, એમ કહે વડો નરેશ. ॥૯॥

સોપારા પુરનો ધણી, મોકલે ધરી સનેહ;
નિજ તનયા અમરાવતી, રૂદ્ધિ સહિત ગુણગેહ. ॥૧૦॥

આવી જાણી તેહને, મનમાં ચિંતવે રાજ;
પાછી મોકલતાં થકાં, ન રહે સુતની લાજ. ॥૧૧॥

વેશ કરી તિહાં પુરૂષનો, ભુમિ મંદિર ધરી નેહ;
શુભ લગને પરણાવિયાં, નૃપ કુંવરી ગુણગેહ. ॥૧૨॥

## ॥ ઢાળ ૩ જી ॥

ભાવનની. કાગલીયો કિરતાર ભણી... એ દેશી.

માતપિતાયે અતિ ભોલાપણે રે. એ શું કીધું કામ ?; એ મુગ્ધાને મુજ પરણાવતાં રે, કેમ રહેશે મુજ મામ. ? ॥૧॥ કુમરી રાજાની એમ ચિંતવે રે, કરવો કવણ વિચાર; એ દુઃખ જાણે મનડું માહરૂં રે, કે જાણે કિરતાર.... કુમ૦ ॥૨॥ એ આંકણી. ઇહાંથી ગાઉ ચાલીશ સાંભલ્યો રે, મોહોટો એક પહાડ; તે વચ્ચે મોટું સરોવર જલે ભર્યું રે, પાલે જાજો જાડ ....કુમ૦ ॥૩॥ ચાંપા આંબા ને બહુ આંબલી રે,

નાલેરી નવ રંગ; તાલ તમાલ અગર ચંદન ઘણાં રે, નાગર વેલી સુરંગ....કુમ૦ ॥૪॥ અખોડ બદામ ચારોલી આરબી રે, સોપારી ને દ્રાક્ષ, કોલે ખજુરી નારંગી દાડિમી રે, કરમદી કેરાં લાખ....કુમ૦ ॥૫॥ તે વનમાંહિં વનચર અતિ ઘણાં રે, કહેતાં નાવે પાર; નદીયેં પાણી નિત્ય ખલહલ વહે રે, તરૂવર ભાર અંઢાર....કુમ૦ ॥૬॥ તે વનમાંહિં સાવજ અતિ ઘણા રે, વાઘ સિંહ વિકરાળ; જરખ સુવર ને અજ ચીત્તરા રે, નાહર રીંછ શીયાલ....કુમ૦ ॥૭॥ તે ગિરિ ઉપરે એક ભગવંતનો રે, મોહોટો છે પ્રાસાદ; માંહિ મુરતિ શ્રી આદિનાથની રે, દીઠે મન આલ્હાદ.... કુમ૦ ॥૮॥ તિહાં જઇ ફુલ લઈ ભાવેં કરી રે, પૂજા શ્રી વિતરાગ; પછી તે સરોવર પાલે આવીને રે, કરવો દેહત્યાગ ...કુમ૦ ॥૯॥ સાવજ વનના બહુ ત્યાં આવશે રે, સરોવર પીવા નીર; તે વનચર ગિરીગહર લેઇ જશે રે, કોમલ કુંવરી શરીર...કુ૦ ॥૧૦॥ સાંઢ પલાણી રાતે નીસરી રે, પહેરી નર શણગાર; રાજા રાણી કોઇ જાણે નહિ રે, નવિ જાણે પરિવાર....કુ૦ ॥૧૧॥ સૂર ઉગમતે તે નૃપ સુંદરી રે, આવી તેહ વન માંહિ; ફુલ લેઇ જિનવરને ભેટવા રે, જિન મંદિર છે જ્યાંહિ...કુ૦ ॥૧૨॥ દેવ જુહારીને પાછી ફરી રે, નાહી નિર્મલ નીર; જહેર પલાલી વન ફલ વાવરીરે, બેઠી ચંપક તીર...કુ૦ ॥૧૩॥

## ॥ દોહા ॥

વિદ્યાધર વિદ્યાધરી, ધણી ધણીયાણી જોડી;
આવી જિનવર પાય નમ્યાં, સ્તવન કરે કર જોડ. ॥૧॥
ગિરિથી આવ્યાં બેહુ જણાં, દીઠાં સરોવર પાલ;
વનરાજી ફુલી રહી, ફુલી ચંપક ડાલ. ॥૨॥
ચંપક તરૂ તલે તેહનું, દેખી અદ્ભુત રૂપ;
વિદ્યાધર પૂછે તદા, કોણ તમે કવણ સ્વરૂપ. ॥૩॥
બોલાવ્યો બોલે નહી, હૈડે દુઃખ અપાર;
નયણે નીર ઝરે ઘણું, જાણે ત્રુટયો મોતીહાર. ॥૪॥
રૂદન કરતો દેખીને, વિદ્યાધર તેણીવાર;
મનમાંહે તે અટકલે, એ કુંવરી નિરાધાર. ॥૫॥
પ્રાયે એવું જાણિયે, નારી ને લઘુ બાળ;
દુઃખ આવે નયણે ઝરે, આંસુડા તતકાલ. ॥૬॥
વિદ્યાધર નિજ નારીને, કહે નારી નિરધાર;
કોઈક મોટે કારણે, કીધું રૂપ કુમાર. ॥૭॥
સ્ત્રી જાણી વિદ્યાધરી, પૂછે સઘલી વાત;
ધુરથી માંડી તે કહે, પોતાનો અવદાત. ॥૮॥
યત: હંસા રચ્ચંતિ સરે, ભમરા રચ્ચ તિ કેતકી કુસુમે;
ચંદનવને ભુયંગા, સરિસા સરિસેહિં રચ્ચંતિ. ॥૯॥
પર ઉપકારહ કારણે, પાન ચુનાનો સંગ;
આપ કરાવે ટુકડા, પર ઉપજાવે રંગ. ॥૧૦॥
વિદ્યાધર એક ઔષધિ, ખવરાવે મન રંગ;
તેહને મહિમાયે કરી, નર હુઓ રૂપ અનંગ. ॥૧૧॥
નિજ મંદિર પહોંચાડીને, વિદ્યાધર નિજ દેશ;
નારી ફુટી નર થયો, અતિઘણું પુણ્ય વિશેષ. ॥૧૨॥

રાજા રાણી હરખીયા, વરત્યો જય જયકાર;
તે નરથી બહુ ઉપન્યો, રાજ્ય તણો અધિકાર. ॥૧૩॥
એહ કથા નિસુણી કરી, મન આનંદ્યો ભૂપ;
કર જોડીને વીનવે, તુમે છો દેવ સ્વરૂપ. ॥૧૪॥
તે રાજા ને તેણે કર્યો, કુલ મંડણ ઉપકાર;
(તેમ) મહેર કરી મુજ ઉપરે, દ્યો મુજ સુત શ્રીકાર. ॥૧૫॥

## ॥ ઢાળ ૪ થી ॥

ચોપાઇની દેશી.

સિદ્ધ કહે નિસુણો નરરાજ, સીધ્યું એહ તમારૂં કાજ; વાડી માંહિથી શ્રીફલ ચાર, આણી આપો મુજને નિરધાર. ॥૧॥ ફલ આણી નૃપ હાથે દીધ, મંત્રી આપે તિહાં કણે સિદ્ધ; ખવરાવજ્યો એ ફલ લહી તુઅ, ચારે રાણીને જુજુઆં. ॥૨॥ એમ કહીને તે વ્યંતર ગયો, જાણે અતિ આનંદ જ થયો; અનુક્રમે હુઆ નવ માસ, રાજાને મન પોહોતી આશ. ॥૩॥ એક વેલા એક લગન ઉદાર, કુલ મંડણ સુત પ્રસવ્યા ચ્યાર; જયરાજ ને ધનરાજ કુમાર, કીર્તિરાજ ચોથો વત્સરાજ. ॥૪॥ ચારે ભાઇ સરખી જોડ, અંગે કોઇ ન દીસે ખોડ; સોલ વરસના જવ થયા, માતા પિતા પરલોકે ગયાં. ॥૫॥ શૂરો પૂરો છે જયરાજ, ધન સંપૂરણ છે ધનરાજ, કામણ ટુમણ મોહનરાજ, તે સવિ જાણે છે કીર્તિરાજ. ॥૬॥ પુરૂષ તણી જે બહોંતેર કલા, જાણે શાસ્ત્ર તણા આમલા; નર નારી સહુ કરે વખાણ, વત્સરાજ તે ચતુર સુજાણ. ॥૭॥

એકેકો ગુણ તેહને હોય, તેહને ગંજી ન શકે કોય; એમ જાણી નવિ સોપ્યું રાજ, રાજા સાધે આતમ કાજ. ॥૮॥ ખાંડાને બલેં લેશું રાજ, એમ બલથી બોલે જયરાજ; મનરાજ ક્રોધેં ધડ ધડે, લેશું રાજ અમે ધન વડે. ॥૯॥ કીર્તિરાજ બોલ્યો મન હસી, મોહની વિદ્યા માહારે વસી; તેહને બલે અમેં લેશું રાજ, સુણ હો ભાઈ તું વત્સરાજ. ॥૧૦॥ વત્સરાજ તવ બોલે બોલ, તમેં ત્રણ છો મૂરખ નિટોલ; માંહો માંહે કરી સંગ્રામ, તમેં નવ રાખો કુલની મામ. ॥૧૧॥ કુંકણ દેશ અછે અભિરામ, સોપારા પુર પાટણ નામ; તિહાં રાજા છે ચંદ નરેશ, ન્યાય કરે નરના સુવિશેષ. ॥૧૨॥ સાથેં લેઇ સોનઇઆં ઘણાં, તિહાં જઇયેં તે ચારે જણા; તેહ રાજા દેશે જસ રાજ, તે ભાઇ હોશે નરરાજ. ॥૧૩॥ વત્સરાજનાં વચણાં સુણી, મનસા કીધી કુંકણ ભણી; સોપારાપુર પાટણ જિહાં, તે ચારેઇ આવ્યા તિહાં. ॥૧૩॥ બહુ પરિવારેં તે પરિવર્યા, ઉતારે જુજુવા ઉતર્યા; રાજ સભામાં ચાર કુમાર, જઈ રાજાને કીધ જુહાર. ॥૧૫॥ દેખી ચકિત થયા સવિ લોક, જોવા મલિયા થોકે થોક; દેખી કુંવરનાં સરખાં રૂપ મનમાં અચરિજ પામ્યો ભૂપ. ॥૧૬॥ રાજા પૂછે પ્રેમેં કરી, કેહેના બેટા કોણ તુમ પુરી; તે નૃપની તિહાં આણા લહી, વાત પૂરવની માંડી કહી. ॥૧૭॥ રાજા પાસેં આવ્યા છું અમે, *ન્યાય કરીને આપો તુમે; કહે રાજા તુમેં સરિખા* સહી, અવગુણ અંગે દીસે નહી. ॥૧૮॥ તે માટે અમેં કરી વિચાર, દેશું રાજ્ય તણો શિર ભાર; દેવા રાજ્ય

તણી કરે વાત, પણ રાજાને નવિ ધાત. ॥૧૯॥ એમ કરતાં હુઆ ખટ માસ, તે સવિ ભાઇ હુઆ નિરાશ; રાજા કહે નિસુણો મુજ વાત, નગરમાંહિ લાખા વિખ્યાત ॥૨૦॥ રૂપવંત ધનવંત ગુણગેહ, ગણિકામાંહિ વડી છે તેહ; સાત પોલિને સાત પ્રાકાર, હાથી ઘોડા પાયક સાર. ॥૨૧॥ ઘરમાંહિ વાડી આરામ, આંબા ચાંપા અતિ અભિરામ; ગામ પાંચશે તે ભોગવે, અતિ આનંદે દિન જોગવે. ॥૨૨॥ સાત ભુમિ તણે આવાસ, લાખા તિહાં રહે મન ઉલ્લાસ; મંદિર ઉપર ધ્વજ હલહલે, સો દાસી તસ પાસે રહે. ॥૨૩॥ શીલ તણો ગુણ તેહને બહુ, રાજા રાણી માને સહુ; એક પહોર રાખે પુરૂષને, લાખ ટકા લેઈ તેહને. ॥૨૪॥ ચાર પહોર તસ પાસે રહે, રાજ્ય પોતાનું તે સુત લહે; તે દિવસે જયરાજ કુમાર, તિહાં રહેવાનો કરે વિચાર. ॥૨૫॥ સાત પોલ સમજાવી કરી, લાખ ટકાની થેલી ભરી; લાખા વેશ્યાને દરબાર, આવી ઉભો રહ્યો તેણિવાર. ॥૨૬॥ ઢલકતી ઢાલ કરે કિરપાણ, મોટાં વજડાવ્યા નિશાણ; લાખાને કહે ચંપકમાલ, એક નર આવ્યો ઝાક જમાલ. ॥૨૭॥ લાખા કહે નરવાહન કરી, તે નર લાવો મન હિત ધરી; તતક્ષણ સામી જઇને દાસી, આણ્યો તેહને લાખા પાસિ. ॥૨૮॥ લાખા તેહને કરી પ્રણામ, આસણ બેસણ આપે તામ; લાખ ટકા તસ આગલ ધરે, લાખા વચન એવું ઉચ્ચરે. ॥૨૯॥ લાખા નામ કહાવું એમ, લાખ ટકા લેઇને પ્રેમ; પોહોર એક રાખીજે એહને, પછે પાછો મુકું તેહને. ॥૩૦॥ એહ વિચાર

જો તમને ગમે, તો મુજ મંદિરે રહો રંગમે; એમ ન રૂચે તો સુણ મહારાજ, નથી અમારે તુમશું કાજ. ॥૩૧॥ વારૂ કહે તવ રાજકુમાર, લાખાને મન હર્ષ અપાર; ટકા અર્ધ ભંડારે ધરે, ભોગકાજે અરધા વાવરે. ॥૩૨॥ નીપાઇ મીઠી રસવતી, બોલી લાખા બહુ ગુણવતી; જમવા બેસો રાજકુમાર, પિરસે આણી હર્ષ અપાર. ॥૩૩॥ જમી કરી રહ્યા મન રંગ, આપ્યા ફોફલ પાન સુરંગ; લાખા ન્હાવાને મંદિરે, મૃગમદનાં ઉગટણાં કરે. ॥૩૪॥ લાખા નાહી નિર્મલ નીર, પહેરી આછાં દક્ષિણી ચીર; કરી શણગાર જિસી ઉર્વશી, રાજકુંવરના મનમાં વસી. ॥૩૫॥ કુંવર પાસે આવી સા જામ, રજની પોહોર ગઇ તસ તામ; લાખા કહે તિસુણો મહારાજ, નિજ મંદિરે પધારો રાજ. ॥૩૬॥ એહવું બોલી લાખા નાર, તતક્ષણ તેણે કાઢી તરવાર; મેં તુજને વેચાતી લીધ, ધન આપીને દાસી કીધ. ॥૩૭॥ કલ વિકલે લીધી તરવાર, તેને સાહી કાઢયો બહાર; બિરૂદ પોતાનું રાખ્યું સહી, શીલ થકી તે ચુકી નહીં ॥૩૮॥ કોડિ ટકા લેઇ બહુ સાજ, બીજે દિને આવ્યો ધનરાજ; દાસ દાસીને આપી ધન, સહુનું રાજી કીધું મન. ॥૩૯॥ તેહની સહુ પ્રશંસા કરે, કોડિ ટકા તસ આગલ ધરે; જેહને જે આવ્યાની રીત, તે દેતાં મુજ વાધે પ્રીત. ॥૪૦॥ દાસીને ઉલંભો દીધ, આપ્યું ધન સવિ પાછું લીધ, લાખ ટકા તસ રાખી કરી, બીજું પાછું દીધું ફરી. ॥૪૧॥ તેહને પણ કાઢયો કર સાંહિ, પોહોર એક રાખી ઉચ્છાહિ; મોહિની મંત્ર ધરાવે જેહ,

કીતીં રાજ આવ્યો વલી તેહ, ॥૪૨॥ વિદ્યા પાટ પરંપર તણી, ભણી કીધી તેહની રેવણી; પંહોર એક રાખી તેણે ઠાય, પછી પોતાને મંદિરે જાય. ॥૪૩॥ એ ત્રણ્યે સવિ વિલખા થયા, રાજાને દરબારે ગયા; રાજા રાણી સઘલી વાત, તેડાંવ્યો તવ ચોથો ભ્રાત. ॥૪૪॥ વત્સરાજને કહે રાજન, તુમ હાથે છે બહુ વિજ્ઞાન; તે માટે તમને કહું અમેં, લાખા મંદિર જાજ્યો તમેં. ॥૪૫॥ વત્સ બોલ્યા તવ કરી પ્રણામ, માહરે છે પ્રભુ મોટું કામ; માસ દિવસની મેતલ દિયો એમ કહીને બીડો કર લિયો. ॥૪૬॥

॥ દોહા ॥

મંદિર આવી આપણે, મન ચિંતે વત્સ રાજ;
પુરૂષ ચરિત્ર કોઈ કેલવી, નિશ્ચે લેશું રાજ. ॥૧॥
વશ બનાવી ભગતનો, ગલે તુલસીની માલ;
હરણ ચર્મ નાંખ્યું ખભે, ઢલતા મૂકયા વાલ. ॥૨॥
મધુરો રાગ આલાપતો, હાથે લેઈ વીણ;
પહેલી પોલે પોલિયા, તે કીધા લયલીન. ॥૩॥
અતિ ચતુરાઈ કેલવી, લંઘી સાતે પોલ;
ચિહું દિશિ ભીતે જલ હસે, આરિસાની ઓલ. ॥૪॥
તે આગલ એક પોલિયો, લાખાને દરબાર;
તેહની હાકે કો તિહાં, જઈ ન શકે નર નાર. ॥૫॥
રીઝાવ્યો રીઝે નહીં, તે અતિ કઠિણ કઠોર;
રાત દિવસ રહે જાગતો, પણ વિશ્વાસી જોર. ॥૬॥
તે આગળ ધુણી કરી, બેઠો થઈ મહંત;
વચન વિલાસે રીજવી, તે કીધો શુભ શાંત. ॥૭॥

વાતેં તેહને રીજવી, પૂછે લાખાની વાત;
ધુરથી માંડી તે કહે, લાખાનો અવદાત. ॥૮॥
ગામ પાંચશેં ભોગવે, રૂદ્ધી તણો નહિ પાર;
યથા તથા બોલે નહીં, સૂધી સમક્તિ ધાર. ॥૯॥
ચાંપા નામે માલણી, નિત્ન જાયેં તસ પાસ;
ફુલ પગર લેઇ કરી, વાત કરે ઉલ્લાસ. ॥૧૦॥
ચાંપાને એક દીકરો, અંબરાજ તસ નામ;
લઘુપણુથી કોઈ લઈ ગયો, નવિ જાણું તસ ઠામ. ॥૧૧॥
પુત્ર વિયોગે માલિણી, મરવા ઉત્સુક થાય;
દિલાસા દેઈ ઘણા, રાખે તસ સમજાય. ॥૧૨॥
નાલેરે પાડે રહે, ચાંપા માલણિ તેહ;
ખરચ બરચ સવિ પૂરવે, લાખા ગુણની ગેહ. ॥૧૩॥
પ્રાતસમેં હવે તિહાં થકી, આવે નિજ ઘર તેહ;
તજી વેશ તાપસ તણો, અભિનવ રચે ગુણ ગેહ. ॥૧૪॥

## ॥ ઢાળ ૫ મી ॥

ઘરે આવોજી આંબો મોરિયો...એ દેશી.

રાજકુંવર ચિત્ત ચિંતવે, કોઇક કરીને ઉપાયો રે; રાજ્ય લેઉં નિજ તાતનું, તે દિન સફલ ગણાયો રે, રા૦ ॥૧॥ કનકૂટો યોગી થયો, વિભૂતિ લગાવી અંગરે; નાલેરે પાડે વહી, આવ્યો, મનને રંગ રે, રા૦ ॥૨॥ ધુણી ઘાલી બેઠો તિહાં, ચાંપાનાં ઘર પાસે રે; લાખ લોક જોવા માવ્યા, પાય નમે ઉલ્લાસે રે....રા૦ ॥૩॥ ચાંપાની પાડોસણી, તિહાં આવી એક નારી રે; આખી પોલ તણી તેણેં, વાત સુણી સુવિચારી રે....રા૦ ॥૪॥ ચાંપા આવી પૂછવા, નિજ

નંદન વૃતાંતો રે; યોગી કહે દિન તીસરે, મલશે સુત ગુણવંતો રે....રા૦ ॥૫॥ વણજારો લેઇ ગયો, તુજ સુતને સુણો માઇ રે; કુશલ ખેમ છે તેહને, મલશે તુમ સુખદાયી રે....રા૦ ॥૬॥ સગાં સણીજાં તસ તણાં, નામ ઠામ સવિ ધારી રે; બીજે દિને નિજ મંદિરે, આવ્યો તે જયકારી રે....રા૦ ॥૭॥ નાહી ધોઇને કરે, વણજારાનો વેશો રે; બુદ્ધિ ઘણી છે તેહને, પણ છે લઘુ વેશો રે....રા૦ ॥૮॥ માતે ઘોડે તે ચડયો, ઘુમે ઘુઘરમાલો રે; વાઘો પહેરયો અભિનવો, ગલે મુક્તાફૂલ હારો રે....રા૦ ॥૯॥ તરકસ બહુ તીરે ભર્યું, હાથે લાલ કબાણો રે; ઢાલજ મેલી ઢલકતી, બોલે મેવાડી વાણો રે....રા૦ ॥૧૦॥ ઘોડે ચડીને ઉતાવલો, આવ્યો વડ બાજારો રે, જિહાં વણજારા ઉતર્યા, તે આવ્યો તેણિ વારો રે....રા૦ ॥૧૧॥

॥ દોહા ॥

ભાડે વણજારા તણા લીધાં બલદ હજાર;
આબો નામે ધરાવતો, નાયકમાં શિરદાર. ॥૧॥
ડેરા કીધા બાગમેં, બલદ સરોવર પાલ;
પાયક સવિ ચોકી કરે, ચિહું દિશે મૂકી નાલ. ॥૨॥
વત્સરાજ વલી કેલવે, પુરૂષ ચરિત્ર રંગ રોળ;
સાંભલતા ચતુરા મને, આવે અધિક ઉલ્લોલ. ॥૩॥
વત્સરાજ અભિનવ કરે, પુરૂષ ચરિત્ર સુવિશેષ;
લેશે રાજય પિતા તણું, તેમાંહિ મીન ન મેષ. ॥૪॥
છાબ ભરી ફુલ ફુલની, માલી લાવ્યો એક;
તેહને દેખી આવતો, ચરિત્ર કરે સુવિવેક. ॥૫॥

## ॥ ઢાળ ૬ ઠ્ઠી ॥

બીંછીયાની દેશી.

લાલ-લઘુ લાઘવી કલા કરી, આંખમાં ઘાલે તેલ રે; લાલ-મુખે નિસાસા મેલતો, નયણે જરે જલરેલ રે. ॥૧॥ લાલ-વાહાલી લાગે મુજ માડલી, જેમ વાહાલી મુજ દેહ રે; લાલ-રાત દિવસ મુજ સાંભરે, જેહશું અતિ ઘણું નેહ રે, લાલ વા૦ ॥૨॥ લાલ-સંસારમાં સગપણ ઘણાં, પણ સ્વારથીયાં સબ કોઈ રે; લાલ-નરનારી સહુ જાણજો; માત સમો નહી કોઇ રે....લાલ વા૦ ॥૩॥ આર્યાવૃતમ્ ॥ જણણીઈ જમ્મભૂમિ, પચ્છિમ નિંદ્દા સુભાસિયં વયણં, મણ ઇઠ્ઠં માણુકખં, તિન્નિવિ ગિરૂ આઈ ॥૧॥ ઢાલ પૂર્વલી, લાલ-જન્મ ભૂમિ મુજ સાંભરી, આવ્યો યૌવન વેશ રે; લાલ-કુટુંબ યાત્ર કરવા ભણી, હું આવ્યો એણે દેશ રે....લાલ વા૦ ॥૪॥ લાલ-કર જોડી માલી ભણે, એવડું દુઃખ તુમ કાંઇ રે; લાલ-નાલેરે પાડે રહે, ચાંપા માલણ મુજ માઈ રે....લાલ વા૦ ॥૫॥ લાલ-વણઝારા મુજ લેઇ ગયા, નાનપણાથી તેડી રે; લાલ-વિરહ પડ્યો માતા તણો, કોણે નવ કીધી કેડી રે....લાલ વા૦ ॥૬॥ લાલ-બેટો કરી મહોટો કર્યો, વણઝારે અભિરામ રે; લાલ-આવ્યો હું મલવા ભણી; અંબરાજ માહરૂં નામ રે....લાલ વા૦ ॥૭॥ લાલ-જઇને દીધી વધામણી; ચાંપા ને તેણિવાર રે; લાલ-ચાંપા આવી દોડતી; આવ્યો સવિ પરિવાર રે....લાલ વા૦ ॥૮॥ લાલ-સહુ આવી તેહને મલ્યાં,

કોઇ ન જાણે ભેદ રે; લાલ–પુરૂષ તણી બહોતેર બહોતેર કલા, જાણે સઘલા ભેદ રે....લાલ વા૦ ॥૯॥ લાલ–ચાંપા દેખી રે આવતી, સામો ગયો તતકાલ રે; લાલ–મા બેટો સાંઇ મલ્યાં, જોવે તે બાલ ગોપાલ....લાલ વા૦ ॥૧૦॥ લાલ–રૂદ્ધી દેખી બેટા તણી, વલી દેખી તસ નુર રે; લાલ–ચાંપા માલણ ચિત ચિંતવે, પ્રગટયો પુણ્ય અંકુર રે....લાલ વા૦ ॥૧૧॥ લાલ–ચાંપા સુત તેડી કરી, ઘરે આણ્યો ધરી રાગ રે; લાલ–નર નારી સહુ એમ કહે, ચાંપાનું વડ ભાગ્ય રે....લાલ વા૦ ॥૧૨॥ લાલ–પાડા પાડોશી સહુ મલ્યાં, સહુ આંબો કહે એહ રે; લાલ–નાયક સહુને ઓલખે, નામ ઠામ ગુણ ગેહ રે....લાલ વા૦ ॥૧૩॥ લાલ–આંબો કહે સુણો માતજી, મેં આણ્યું બહુ ધન રે; લાલ–ખાઓ પીઓ વિલસો ઘણું, વાલો દેહી વાન રે....લાલ વા૦ ॥૧૪॥ લાલ–ભોજન કરી ઉતાવળી, લેઇ ચંપકનો હાર રે; લાલ–લાખાને મળવા ભણી, હૈડે હરખ અપાર રે....લાલ વા૦ ॥૧૫॥ બેટો કહે સુણો માડલી, શીદ પધારશો રાજ રે; લાલ–તે તમેં સાચું ભાંખજો, શે કામે કાજ રે?....લાલ વા૦ ॥૧૬॥ લાલ–જાશું લાખાને મંદિરે, જેહશું અતિઘણો પ્રેમ રે; લાલ–દેશું તેહને વધામણી, તે સુખ પામે જેમ રે.... લાલ વા૦ ॥૧૭॥ લાલ–લાખા તે કોણ જાણિયેં, સુત કહો મુજ વાત રે; લાલ–ચાંપા માંડી ધુરથી કહે, લાખાનો અવદાત રે....લાલ....વા૦ ॥૧૮॥

॥ દોહા ॥

અંબરાજ પોતે રચે, કુસુમ તણો એક હાર;
માતાજી તસ આપજો, કહેજો માહરો જુહાર. ॥૧॥
હરખ ધરંતી નીસરી, આવી લાખા પાસ;
દીધી પુત્ર વધામણી, લાખા મન ઉલ્લાસ. ॥૨॥
હાર દેખીને અભિનવો, લાખા મન બહુ રંગ;
કહો બેની કેમો રચ્યો, અતિ સુરૂપી ને સુરંગ ?. ॥૩॥

## ॥ ઢાળ ૭ મી ॥

રાગ કેદારો

મુજ નંદન અંબરાજિયે રે, એ ગુંથ્યો વર હાર; લાખા કહે માલી નહી રે, છે કોઇ રાજકુમાર રે૦ ॥૧॥ બેની સુણ તું માહારી વાત, તું મુજ સખી વિખ્યાતરે....બે. સુ૦; ભણ્યો ગણ્યો પરદેશમાં રે, રૂડો ને રૂપવંત; એ બાઇ સહી જાણજ્યો રે, મુજ સુત બહુ ગુણવંત રે....બહેની સુણ૦ ॥૨॥ ભલેં બાઈ તુજ ઉપન્યો રે, સુત આવ્યે આનંદ; તાહારી સવિ આશા ફલી રે, દુર ગયા દુઃખ દંદ રે....બે૦ ॥૩॥ ચાંપા આવી નિજ મંદીરે રે, સુતને કહે સવિ વાત; અંબરાજ વલતું ભણે રે, ભલું કીધું તમેં માત રે....બે૦ ॥૪॥ નાયક વિજ્ઞાનેં કરી રે, ફુલ તણો વરવેશ; ફુલતણી સાડી રચી રે, કંચુક રચે સુવિશેષ રે....બે૦ ॥૫॥ પંચરંગ ફુલ તણી કરે રે, રચનાની ભલી ભાંત; નરનારી મોહી રહી રે, તેહની દેખી ભાત રે....બે૦ ॥૬॥ મૃગમદ અમરને જલે રે, તે વાસ્યો ભલી રીત; માતાને કહે આપજો

રે, લાખાને ધરી પ્રીત રે....બે૦ ॥૭॥ લાખા અંગે પહેરીને રે, તુજને દેશે ગામ; કે આભરણ તુંમ અભિનવું રે, કે દેશે બહુ દામ રે....બે૦ ॥૮॥ તે મત લેજો માતજી રે, દ્રવ્ય તણી નહીં ખોડ; જો હું બેટો તાહરો રે, આણું ધનની કોડ રે....બે૦ ॥૯॥ લાખ ટકા લેઇ કરી રે, નરને રાખે તેહ; પોહોર લગી કેણે કારણે રે, તે તમેં પૂછજો એહ રે....બ૦ ॥૧૦॥ ચાંપાયેં આગલ ધરયો રે, ફુલ તણો શણગાર; પહેરી મન રીઝી ઘણું રે, હૈડે હરખ અપાર રે....બે૦ ॥૧૧॥ માગ માગ લાખા ભણે રે, તુજને દેઉં બહુ દામ; કે ભુષણ દેઉં અભિનવું રે, કોઇ રૂડું ગામ રે?....બે૦ ॥૧૨॥ ચાંપા કહે મુજ નંદને રે, આણ્યું દ્રવ્ય અપાર; પણ એક પહોર નરનેં તમેં રે, રાખો કવણ વિચાર રે?....બે૦ ॥૧૩॥

## ॥ દોહા ॥

પહોર પછી રાખો નહીં, નરને લાખા સાથ;
એહ વાત મુજને કહો, મુજ મન અચરિજ થાય. ॥૧॥
એ માંગું છું તુમ કને, તો તમેં કરો પસાય;
મહેર કરી મુજ ઉપરેં, મુજ મન વંછિત થાવ. ॥૨॥
ફિટ તું ભુંડી બેનડી, તે શું માગ્યું એહ!;
એમ કરતાં તુજને રૂચે, તો હું સંભલાવું તેહ. ॥૩॥
એક દિન મુજ જ્ઞાની મલ્યો, મેં પુછી તસ વાત;
પૂરવ ભવનો આહરો, કહો સંઘલો અવદાત. ॥૪॥
જ્ઞાનીયેં મુજને કહ્યા, પૂરવ ભવ સંબંધ;
તે સુણજો મન થિર કરી, મુકી ઘરના ધંધ. ॥૫॥

# ॥ ઢાળ ૮ મી ॥

જમીરાની દેશી

વિંઝાવન જંગલ વસે, તિહાં વિંધ્યાચલ ગિરિરાય...સખી રે; ભાર અઢાર તરૂવર તણી, ઝુલિ રહી વનરાય....સખી રે....સુણો વાત્ત સોહમણી, સુણતાં આણંદ થાય....સખી રે૦ ॥૧॥ એ આકંણી. વાઘ સિંહને રોજડાં, સાબર વાનર રીંછ....સખી રે; જંગલી નર હબસી રહે, કાલા મોટા ભિલ....સખી રે સુણો૦ ॥૨॥ રેવા જલ ખલહલ વહે, જેહનું નિર્મલ નીર.... સ૦; પંખી ઘણાં ક્રીડા કરે, સારસ મોરને કીર....સખી રે....સુણો૦ ॥૩॥ રાત દિવસ સાલિર ચરે, હાથીનાં બહુ વૃંદ....સખી રે; રેવા જલે ઝીલે સદા, મન ધરતા આનંદ....સખી રે....સુણો૦ ॥૪॥ માતો મદમત્ત ઘૂમતો, તેણે વને એક ગજરાય....સખી રે; સો હાથણીશું પરવર્યો, મોહોટો કોમલ કાય....સ૦ સુ૦ ॥૫॥ તે ગજને એક હાથણી, ટોલાનો શણગાર....સ૦; તેહથી અલગો નવિ રહે, પૂરવ પ્રીતિ અપાર....સખી રે સુ૦ ॥૬॥ બેહું જણા જલક્રીડા કરે, ભેલાં ચરવા જાય....સખી રે; હાથણી બેસે જેણે થલે, ગજ બેસે તેણે ઠાય....સખી રે સુ૦ ॥૭॥ સાલીર ચરી પાછો ફરે, ટોલા સહિત ગજ રાય....સખી રે; અન્ય દિવસ તે હાથીયો, મદવશ મહાતો થાય....સ૦ સુ૦ ॥૮॥ તે હાથણી મેહલી ફરી; બીજી કેડે ધાય....સખી રે; મુલગી જે છે હાથણી, વિરહેં વ્યાકુલ થાય....સખી રે સુ૦ ॥૯॥ કોતમ માંહિ કોધે પડી, વાહલો તે વૈરી

થાય....સખી રે; ક્રોધ તણાં ફલ કડુંવા, ક્રોધેં દુર્ગતે જાય....સખી રે સુ૦ ॥૧૦॥ કોતરમાંહિ પડતાં થકાં, પ્રાણ ગયા તેણી વાર....સખી રે; તેહ હાથણી શુભ ભાવથી, હું હુઈ લાખા નાર....સ૦ સુ૦ રે ॥૧૧॥ હાથીનો જીવ તિહાં થકી, મરીને માણસ થાય....સખી રે; મલશે તે તુજને સહી, એમ કરતાં સુખ દાય.... સ૦ સુ૦ ॥૧૨॥ ખાવા પીવા નિત્ય નવ નવા, નિત નિત નવલા મિત્ત....સખી રે; પણ તે ગજ નવિ વિસરેં, ક્ષણ ક્ષણ આવે ચિત....સખી રે સુ૦ ॥૧૩॥ શીલ પાલુ મન દઢ કરી, બેઠી દેઉં દાન....સખી રે; રાત દિવસ રહું મેહેલમાં, હાથીનું મુજ ધ્યાન.... સખી રે સુણો૦ ॥૧૪॥

॥ દોહા ॥

વાત સુણી લાખા તણી, માલણ આવી ગેહ;
બેટાને કહે ધુરથકી, સંભલાવે ધરી નેહ. ॥૧॥
વેચણ વસ્તુ તણે મિશેં, ઘોડે થઈ અસવાર;
તાડું સાથે લેઇને, જિહાં આવ્યો બાજાર. ॥૨॥
ભાડું ચોડું ચુકવી, નિજ ઘર આવ્યો તેહ;
હરખ ધરીને વલી કરે, પુરૂષ ચરિત્ર વલી એહ. ॥૩॥
ચિતારો થઈ સંચરે, આવ્યો ચહુંટામાંહિ;
અભિનવ રૂપ ચિત્રી તિહાં, માંડે ધરી ઉત્સાહિ. ॥૪॥
ફિરંગી કીધા કુટરાં, વિલંદા અતિ લાલ;
શિર ટોપી મહકુ તણી, હસતાં કાને વાલ. ॥૫॥
લાખાની દાસી તિહાં, ચંબેલી જસ નામ;
ચહુટે દીઠો તેણીએં, ચિત્ર કલા અભિરામ. ॥૬॥

લાખાને દાસી કહે, તેહનાં બહુ વખાણ;
ચિત્રશાલી ચિત્રાવીએ, તે છે ચતુર સુજાણ. ॥૭॥
તેડી આણ્યો તેહને, મંડાવ્યાં ચિત્રામ;
ચતુર ચિતારા ચિત્રજે, દેશું તુજ બહુ દામ. ॥૮॥
ચિતારો નિજ ચાતુરી, પ્રગટ કરીને તામ;
વિંઝાવન રેવા લિખે, વિંઝગિરિ અભિરામ. ॥૯॥

## ॥ ઢાળ ૯ મી ॥

રામચંદ્ર કે બાગ, ચાંપો મોરી રહ્યોરી, એ દેશી

આંબા ચાંપા કેલિ, રાયણ રૂખ વલી રી; નાલેરીને પૂગ, લોલ લવિંગ ભલીરી. ॥૧॥ અગર તગર નારિંગ, દાડિમ દ્રાખ ખજુરી; નાગ પુન્નાગ પ્રિયંગુ, કરમદી ફણસ બીજોરી. ॥૨॥ તાલ તમાલ હિંતાલ, બોર કદંબ હરી રી; ચંબેલી રાયવેલી, બહુફલી ફુલી ભરી રી. ॥૩॥ વાઘ સિંહના રૂપ, સાવર રોજ સસારો; હરિણ માનવનાં રૂપ, સાથે તેહવી વસારી. ॥૪॥ રેવા જલમાંહિ જોર, ગજ બહું કેલિ કરે રી; નિજ નિજ ટોલા સાથ, સાલીર સરસ ચરેરી. ॥૫॥ મોહોટો કાજલ કાય, ભીંતે હાથી કરે રી; સો હાથણી પરિવાર, કુતુહલ કેલિ કરે રી. ॥૬॥ એક હાથણી ને તેહ, નિજ મુખ કવલ દીયે રી; હાથણી આપે જેહ, નિજ મુખ કવલ લીયે રી. ॥૭॥ તે હાથણી-શું નિત્ય, ગજને પ્રીતિ ઘણી રે; અન્ય દિવસ ગજ-રાજ, આવે ઠાણ ભણી રે. ॥૮॥ પાણી પીવા કાજ, ગજથી દુર ટલીરી; રભસપણે ગજરાજ, જાણે ટોલે

મલી રી. ॥૯॥ મદમાતો ગજરાજ, બેહુ પખે દાન કરે રી; દેખી નિજ પરિવાર, મનમાં ગર્વ ધરેરી. ॥૧૦॥ મેહલી ગયો મુજ નાહ, ખબર ન કાંઇ કરી રે; રોવે ગજણી તેહ, નયણાં નીર ભરી રી. ॥૧૧॥ રેવા નદીને તીર, ઉભી તેહ રડે રી; લીની બેખડ સાથ, ખડ હડ તેહ પડે રી. ॥૧૨॥ પડતાં સમ તત-કાલ, તેહનાં પ્રાણ ગયા રી; ભદ્રકપણાને ભાવ, શુભ પરિણામ થયા રી. ॥૧૩॥ હવે તે ચિત્રક રાય, નિજ ચતુરાઇ કરી રી; ગજણી પાસે ગજ રૂપ, ભુઈ પડયાનું કરે રી. ॥૧૪॥ એહવો લીંતે ભાવ લખીને તેહ ગયો રી; નિજ મંદિર ભણી તેહ, મનમાં હર્ષ થયોરી. ॥૧૫॥

॥ દોહા ॥

વિંધ્યાચલ રેવા નદી, તેહના કરી ચિત્રામ;
ઘરે આવ્યો પોતા તણે, વિણુ માસે તસ કામ. ॥૧॥
હુઓ ચરિત્ર કરતાં થકાં, અનુક્રમે એક માસ;
રાજ સભાયેં આવીને, નૃપને કરે અરદાસ. ॥૨॥
જાઉં લાખા મંદિરે, જો તુમ હોય આદેશ;
બીડું આપી તેહનો હુકમ કરે નરેશ. ॥૩॥
આવ્યો લાખા મંદિરે, જુગતી શું કરી જુહાર;
લાખ ટકા આગલ ધરી, બોલ્યો રાજ કુંમાર. ॥૪॥
આવ્યા દક્ષિણ દેશથી, જોતા પુર વન ગામ;
સોપારાપુર પાટણે, સુણ્યું તમારૂં નામ. ॥૫॥
તેણે કારણ જોવા ભણી, તુમ ઘરે કર્યો પ્રવેશ;
દર્શન દીઠાં તુમ તણું, અમને હર્ષ વિશેષ. ॥૬॥
મંદિર દીઠા તુમ તણાં, દીઠું તુમ મુખ નૂર;
એમ કહીને પાછા ફરે, અમને થાય અસૂર. ॥૭॥

લાખા મનમાં ચિંતવે, એ નર ચતુર સુજાણ;
ઘડી બે ઘડી જો એ રહે, તો મુજ સફલ વિહાણ. ॥૮॥
દેખી તેહની ચાતુરી, અને વલી વચણ વિલાસ;
ચકિત થઈ લાખા ભણે, સ્વામી સુણો અરદાસ. ॥૯॥

## ॥ ઢાળ ૧૦ મી ॥

ચોપાઈની દેશીમાં

લાખાના મંદિર ઉપરે, ચિત્રશાલી નર એક ચિત રે; લાખા બોલી સુણ તું ભૂપ, જોવા સરિખાં ઉપર રૂપ. ॥૧॥ લાખાનો તે સાહી હાથ, કુંવર કહે તમેં આવો સાથ; રાજકુંવરને લાખા નાર, બેહુ આવ્યા સાથે પરિવાર. ॥૨॥ ચિત્ર દેખીને કરે વખાણ, લાખા મનમાં થઈ હેરાણ; દીવા કરી સાથે બે ચાર, લાખા નિરખે વારો વાર. ॥૩॥ વિંધ્યાચલ ને રેવા નદી, હાથી નવ વિસારે કહી; એ જોતાં આવે જેટલે, એક પોહોર વાગ્યો તેટલે. ॥૪॥ લાખા મનશું એકાંત, ચિત્ર જોવાની સબલી ખાંત; ગજ ટોલું દીઠું ચિતર્યું, લાખા મન જોવાનું કર્યું. ॥૫॥ હાથી ટોલું નિરખી કરી, મન હરખી લાખા સુંદરી; ગજણી સાથે ગજ એક પડ્યો, તે દેખી કુંવર લડ પડ્યો. ॥૬॥ ભુજને તે ધરણી ઢલે, લાખા નયણે આસું ઝરે; પુરૂષ ચરિત્રનું કીધું તાન, એ અચેતન નાઠી શાન. ॥૭॥ લાખા મનમાં ચિંતે એમ, રાજકુંવરને થાઉ ક્ષેમ; સજ થાવાના કરે ઉપાય, ફુલ વીંજણે વીંજે વાય. ॥૮॥ ઉસડ વેસડ કીધાં ઘણાં, મંત્રયંત્રની નહી કાંઈ મણા; એમ

કરતાં તેહને ઉપચાર, ત્રણ પહોર લાગ્યા તેણિ વાર. ॥૯॥ લાખાને તવ ચિંતા થઈ, એ શું દૈવેં કીધું ભઈ; આંખ ઉઘાડી જોઇ જામ, લાખા મનમાં હરખી તામ. ॥૧૦॥ મુખે મેહલે મહોટા નિઃશ્વાસ, રાજકુંવર મન થયું ઉદાસ; લાખા કહે સ્વામી તમે સુણો, એહનો મુજ અચંભો ઘણો. ॥૧૧॥ પોહોર ત્રણ્ય વાગ્યા જેટલે, રાજકુંવર બોલ્યો તેટલે; પૂરવ ભવ મુજને સાંભરયો, એ ગજ મરીને હું અવતર્યો. ॥૧૨॥ તે હાથણી મુજ વિરહે મુઇ, હું નવિ જાણું કોણ ગતિ ગઇ; કહે લાખા સુણો કુમાર, તે હાથણીનો મુજ અવતાર. ॥૧૩॥ લાખા કહે મુજ હરખ અપાર, પૂરવનો તું મુજ ભરતાર; મન દૃઢ કરીને પાલ્યું શીલ, તેણેં કારણ હું પામી લીલ. ॥૧૪॥ મન માન્યા મનોરથ ફલ્યા, મુહ માગ્યાં પાસાં મુજ ઢલ્યા; હઈડામાંહે ધરી ઘણો ઉત્સાહ, ચિહું કલશે કીધો વિવાહ. ॥૧૫॥ લાખા પરણી મન રંગ રલી, બેહુની આશા સઘલી ફલી; પ્રાતઃસમે બેસી ગજરાજ, રાજ સભાયેં આવ્યો વત્સરાજ. ॥૧૬॥ લાખાને તે તેડી કરી, રાજા આગલ ભેટ બહુ ધરી; રાજાએ તસ દીધું રાજ, સબલ વધારી તેહની લાજ. ॥૧૭॥ લાખાનેં તેડી નિજ પુરેં, નિત નિત નવલા ઉત્સવ કરે; લાખાને પટરાણી કરી, જાણે ઈંદ્રાણી અવતરી. ॥૧૮॥ પંચ ઈંદ્રિયના વિલસે ભોગ, સરખે સરખો લહે સંયોગ; વત્સરાજ મોહોટો ભુપાલ, અહોનિશ ધર્મ તણો છે ઢાલ. ॥૧૯॥ લાખાયેં પ્રસવ્યો એક પુત્ર,

જે રાખે નિજ ઘરનું સૂત્ર; પુત્ર હુઓ બહુ ગુણનું ધામ. હંસરાજ તસ દીધું નામ. ॥૨૦॥ લીધું રાજ્ય પ્રપંચે કરી, જસની વાત જગમાં વિસ્તરી; વત્સરાજ છે બુદ્ધિ નિધાન, અનમ સર્વે પ્રણમ્યા રાજાન. ॥૨૧॥ એક દિન વત્સનૃપ લાખા નાર, બેહું બેઠાં ગોખ મઝાર; વાત વિનોદ કરે મનરંગ, હંસરાજ બેટો ઉત્સંગ. ॥૨૨॥ લાખા કહે સ્વામી સુણો વાત, શાસ્ત્રે સ્ત્રી ચરિત્ર વિખ્યાત; અનેક શાસ્ત્ર દીઠાં મે ભણ્યાં, પુરૂષ ચરિત્ર દીઠાં નવિ સુણ્યા. ॥૨૩॥ તવ રાજા મરકલડે હસ્યો, રાણી કહે એ કારણ કિસ્યો; કહે રાજા તમે રાણી સુણો, નર નારીથી અધિકો ગણો. ॥૨૪॥ પુરૂષ ચરિત્ર મેં બહુ કેલવી, મેં તુજ પ્રત્યે ઘણું ભોલવી; તુજને પણ મેં ધૂતી ખરી, પરણીને પટરાણી કરી. ॥૨૫॥ તુજ આવ્યે આવ્યું મુજ રાજ, સિદ્ધ થયા મુજ સઘલાં કાજ; વાત પૂરવની માંડી કહી, તેહના ચિત્તમાં બેઠી સહી. ॥૨૬॥ વાત સુણીને થઇ હેરાણ, લાખા નૃપનાં કરે વખાણ, ચતુરાઈ કીધી અતિ ભલી, મુજ લાખાની આશા ફલી. ॥૨૭॥ કૂડ કપટ મેં કીધા ઘણાં, મેં ધૂતાર્યાં મન જન તણાં; મૂષાવાદનાં કીધા પાપ, રાણી આગલે કહે નિજ પાપ. ॥૨૮॥ લાખા કહે સ્વામી વડવીર, દરિયાની પરે થયાં ગંભીર; એટલા દિન તમેં ન કહી વાત, ધન્ય પિતા ને ધન્ય તુજ માત. ॥૨૯॥ ત્રણ કાલ જિન પૂજા કરે, અહનિશિ ધ્યાન ધરમનું ધરે; દાનેં પોષે પાત્ર અનેક, ચતુરાઈ છે અધિક વિવેક. ॥૩૦॥ શ્રુત સાગર નામે ગણધર,

તે છે વિદ્યાના ભંડાર; વન પાલક આવીને કહે, તે નિસુણી રાજા ગહગહે. ॥૩૧॥

॥ દોહા ॥

રાજા સબલ આડંબરે, તેડી સવિ પરિવાર;
રાજા ગજથી ઉત્તરી, પ્રણમે વારોવાર. ॥૧॥
લાખા રાણી રંગશું, પ્રણમી ગુરૂના પાય;
આપોપું ધન્ય માનતી, બેઠી ફરે ઠાય. ॥૨॥
ભવિ જનને હિત કારણે, ગણધર દે ઉપદેશ;
રાજા રાણી સાંભલે, મન ધરી ધર્મ વિશેષ. ॥૩॥

## ॥ ઢાળ ૧૧ મી ॥

સાહેલડીની દેશી

હવે આવી નિજ મંદિરે....સાહેલડી રે, રાણીને કહે સુવિચાર તો; હંસરાજ મોહોટો થયો....સા૦; હવે લીજે વ્રતભાર તો. ॥૧॥ રાજ રૂદ્ધી સુખ ભોગવ્યાં....સા૦; તે સવિ પુણ્ય પસાય તો; ધર્મ કુટુંબ આવી મલ્યું....સા૦, રાણી સુત સુખદાય તો. ॥૨॥ જે અવસર નવિ ઓલખે....સા૦, તે નર કહીયે ગમાર તો, અવસર આવ્યો જાલવે....સા૦, તે નર ઘર શણગાર તો. ॥૩॥ શુભ લગ્ને શુભ મુહુરતે....સા૦, રાજ્ય થાપી હંસરાજ તો, ધર્મે ધન ખરચી ઘણું.... સા૦; વ્રત લીએ નૃપ વત્સરાજ તો. ॥૪॥ લાખા પણ વ્રત આદરે....સા૦, બહુ નારીની સાથ તો; માયા મમતા પરહરી....સા૦, લોચ કરે નિજ હાથ તો.

ાાપાા નિજ ગુરૂની સેવા કરે....સા૦, ભણીયાં અંગ અગીયારતો, જૂજ્યાં બુજ્યાં ઉગર્યાં....સા૦, સફલ કીધો અવતાર તો. ાા૬ાા અતિ ડહાપણ જાણી કરી....સા૦, સોંપ્યો ગચ્છનો ભાર તો; બહુ પરિવારે પરવર્યા.... સા૦, કરે અનિયત વિહાર તો. ાા૭ાા ચતુરાઇ એહની ખરી....સા૦, સાધ્યું આતમ કાજ તો; છેહડે અણસણ આદરી....સા૦, મુક્તિ પોહોતો રૂષિરાજ તો. ાા૮ાા લાખા પણ તપ જપ કરી....સા૦, પોહોતી સ્વર્ગ મોઝાર તો; અવસર સઘલો સાચવે....સા૦, સુણજો સહુ નર નાર તો. ાા૯ાા ગણિકાને કુલ ઉપની....સા૦, પામી ધન યૌવન તો; ધન્ય તે લાખા સુંદરી....સા૦, રાખ્યું શીલ રતન તો. ાા૧૦ાા ઉત્તમના ગુણ ગાવતાં.... સા૦, ગ્રહ ઉગમતે સૂર તો; એમ જાણી મેં વરણાવ્યા.... સા૦, લાખાના ગુણ પૂર તો. ાા૧૧ાા પંડિત તેહ વખાણીયે....સા૦, જે હોય અવસર જાણ તો; અવસર આવ્યો જાલવે....સા૦, તે કહીએં ચતુર સુજાણ તો. ાા૧૨ાા કાપડવાણિજ્ય માંહે રહી....સા૦, મેં કહ્યું પુરૂષ ચરિત્ર તો; લાખાની પણ વારતા....સા૦, મંગલેં કહી સુવિચિત્ર તો. ાા૧૩ાા શ્રી વિજયસેન સૂરીસરૂ.... તપગચ્છનો શણગાર તો, તેહને રાજે રંગે કરી.... સા૦, વાત કહી સુવિચાર તો. ાા૧૪ાા શ્રી વિજયદાન સૂરીસરૂ...સા૦, ઉત્તમ જેહનું નામ તો; મુનિવર માંહે વખાણીએં....સા૦, ભાગ્યવંત ગુણધામ તો. ાા૧પાા તેહના શિષ્ય સોહંકરૂં....સા૦, શ્રી રાજવિમલ ઉવજ્ઝાય તો; તેહના શિષ્ય વખાણીએં....સા૦, શ્રી મુનિ વિજય ઉવજ્ઝાય તો. ાા૧૬ાા તેહના શિષ્ય

સોહામણા....સા૦, સંવેગી શિરદાર તો; શ્રી દેવવિજય વાચક વડા....સા૦, ઓસવંશ શિણગાર તો. ॥૧૭॥ ઓસવંશ કુલે ઉપન્યા....સા૦, નિજ ગુરૂને સુખદાયી તો; શ્રી માન વિજય પંડિત વરૂ....સા૦; દોલત અધિકી સવાઇ તો. ॥૧૮॥ ગુરૂનામેં સુખ ઉપજે....સા૦, મતિ બુદ્ધિ સઘલી આવે તો; શિષ્ય દીપ્તિ વિજય ભલો....સા૦, રાસ રચ્યો શુભ ભાવે તો. ॥૧૯॥ નિજ શિષ્ય ધીર વિજયતણું....સા૦, વંચવાનું મન જાણી તો; રાસ રચ્યો રલિયામણો....સા૦, મનમાં ઉલટ આણી તો. ॥૨૦॥ સંવત સત્તરે જાણજો....સા૦, વરસ તેં ઉગણ પચાસ તો; આશો શુદિ પુનમ દિને....સા૦, એ મેં કીધો રાસ તો. ॥૨૧॥

ઇતિશ્રી મંગલકલશ રાસે પુરૂષ ચરિત્ર લાખા શીલવર્ણનો નામ દ્વિતીયઃ ખંડઃ સંપૂર્ણઃ ॥૨॥

## ॥ અથ તૃતીયખંડ પ્રારંભઃ ॥

॥ દોહા ॥

ઉજેણી નગરી તણી, (અને) ચંપાપુરીની જેહ;
મૂલથકી પોતા તણી, વાત કહી સવિ તેહ. ॥૧॥
સુરસુંદર રાજા તણી, ત્રૈલોક્ય સુંદરી નામ;
મેં ભાડે પરણી કરી, મૂકી આવ્યો આમ. ॥૨॥
વાત સુણી હરખી ઘણું, કરી કારીમો ક્રોધ;
એહને બાંધી રાખજો, જે હોય સબલો જોધ. ॥૩॥
ભય ભ્રાંત નીશાલિયા, નાઠા દહ દિશે જાય;
ધનદત્ત સાહે સાંભલ્યું, કરે તે હાય વરાળ. ॥૪॥
એહ અમારા ઘર તણી, એહવી હલવી વાત;
કરે વિટલજ વાણીયો, એહને મારો લાત. ॥૫॥
સુભટ સઘલાં તિહાં ધસ્યા, સાહવાને તતકાલ;
સામંતને કહે સુંદરી, તમે સાહો સુકુમાલ. ॥૬॥
મંગલ મન બીહિનો ઘણો, (મુજ) પૂરવ લાગ્યા પાય;
હૈં હૈં એ શું થાયશે ?, રોશે માય ને બાપ. ॥૭॥
હાથ ઝાલીને કુમરનો, સુંદરી ને સામંત;
એ ત્રણે ઉપર ચઢયાં, ઓરડા માંહિ એકાંત. ॥૮॥

સુંદરી કહે સામંત ને, સુણજો તમે તમે નિરધાર;
જે યં પરણ્યો પ્રેમશું, તે સાહે એ ભરતાર. ॥૯॥
જાઓ તમે એહને ઘરે, દ્યો વધામણી સાર;
માત પિતાને સુખ કરી, આણો પંચ તુખાર. ॥૧૦॥
સામંતને તસ મંદિરે, વરતાવી જયકાર;
રથ ભૂષણ રાજા તણા, લાવો પંચ તુખાર. ॥૧૧॥

## ॥ ઢાળ ૧ લી ॥

બિંદલીની દેશી

સિંહ સામંત એમ બોલે, સુંદરી નહીં કોઈ તુમ તોલે હો....સુંદરી વયણ સુણો; તુમ હૈડાનો નહીં પાર, તમે બુદ્ધિ તણાં ભંડાર હો....સુ૦ ॥૧॥ એટલા દિન છાનું રાખ્યું, હવે મુજ આગલે તમે ભાખ્યું હો.... સુ૦; તમે મુજને જસ બહુ દીધું, પોતાનું કારજ સીધું હો....સું૦ ॥૨॥ તમે દાસી લીઓ, દશ વીશ, જે ખીજમત કરે નિશદીસ હો....સું૦; હવે મેહલો તમેં નરવેશ, પેહરો કામિનીનો વેશ હો....સું૦ ॥૩॥ તેણી વેલા તેણી વાર, સુંદરીએ કીધો શણગાર હો....સું૦; સાસુ સસરા પાસેં આવે, ભરી થાલ મોતિડે વધાવે હો....સું૦ ॥૪॥ દેખી સાસુ સસરો મન હરષે, હરખે આંસુડાં વરસે હો.... સું૦; રાજાએ કરીય પ્રાસાદ, દીધા મોહન પ્રાસાદ હો....સું૦ ॥૫॥ લહી માતાનો આદેશ, તે મહેલે કરે પ્રવેશ હો....સું૦; હવે વિષય તણા સુખ વિલસે, તન મન તેહનું વલી ઉલ્લસે હો....સું૦ ॥૬॥ પુણ્યેં મલ્યો સંયોગ, પુણ્યેં મન વંછિત ભોગ

હો....સું૦ ॥૭॥ ઘર સારૂં દાન જ દિજે, માનવ ભવ લાહો લીજે હો...સું૦; પુણ્યે આવે ચતુરાઈ, પુણ્યે વિલસે ઠકુરાઇ હો...સું૦ ॥૮॥ ધનદત્ત સુત નિત્યમેવ, કરે માત પિતાની સેવ હો....સું૦; નૃપ-તનયા ઘર કાજ, કરતી નાણે મન લાજ હો....સું૦ ॥૯॥ હવે ધનવતી ધનો સાહ, નિત ધરમ કરે ઉચ્છાહ હો...સું૦; ધરમ કુટુંબ સહુ મલિઉં, પરભવનું પુણ્ય ફલિયું હો....સું૦ ॥૧૦॥ તે સાસુ તણે પરિવારે, દિન પ્રતે દેવ જુહારે હો....સું૦; મુનિવરને દીએ દાન, શુદ્ધ ભાવે પછે જમે ધાન હો....સું૦ ॥૧૧॥ ઉત્તમ કુલ અનુસારે, ઘરણી ઘર લાજ વધારે હો....સું૦; દીપ્તિવિજય એમ બોલે, નહીં કોઇ ગુણવંતને તોલે હો....સું૦ ॥૧૨॥

॥ દોહા ॥

આપી સિંહ સામંતને, પુરૂષ તણો તે વેશ;
ઘોડા હાથી દાનના, મોકલાવે નિજ દેશ. ॥૧॥

મણિમય થાલી વાટકા, રથ ભૂષણ જે દાન;
એ દેજ્યો મુજ તાતને, એમ કહી કુંવરી નિધાન. ॥૨॥

ધનદત્ત સુત કાગલ લખે, દેઈ બહુ ઉપમાન;
સિંહ કહે તે માનજો, તમે છો બુદ્ધિ નિધાન. ॥૩॥

સંપ્રેડવાને નિસરયા, નારી ને ભરતાર;
સિંહ સામંતને સોંપીયા, સાથે બહુ પરિવાર. ॥૪॥

કુંકુમનું ટીલું કરી, આપી શ્રીફલ સાર;
નૃપ તનયા એમ વીનવે, નાંખે આંસૂ ધાર. ॥૫॥

## ॥ ઢાળ ૨ જી ॥

ભાવનાની કાઝલીયો કિરતાર ભણી,
શી પરેં લખું રે...એ દેશી.

ચંપાપુરીનો દેવ જુહારજો રે, તિહાં લેજો મુજ નામ; પછે રાજા પાસેં જાઇને રે, કરજો ચરણ પ્રણામ૦ ॥૧॥ સિંહ સામંતને કુંવરી વીનવે રે, કહેજો મુજ આશીષ; પીયરીયાં મુજ ક્ષણ ક્ષણ સાંભરે રે, તે જાણે જગદીશ. સિ૦ ॥૨॥ એ આંકણી ઘોડા હાથી નજરેં કરો રે, કહેજો સકલ વિચાર; વલી કહેજો તમેં મારા તાતનેં રે, તમ પુણ્યેં મલ્યો ભરતાર. સિં૦ ॥૩॥ માહરી માતાને પગે લાગીને રે, કહેજો એક સંદેશ; માત પ્રાસાદે મુજ સુખ ઉપન્યું રે, દુઃખડું નહીં લવલેશ. સિં૦ ॥૪॥ ધન્ય વેલા વલી ધન્ય તેહ જ ઘડીરે, જે નજરેં દેખીશ માય; સંકટ આવે રાખી રૂડી પરેં રે, તે કેમ માત વિસરાય? સિં૦ ॥૫॥ બીજા સઘલી ઓરમાન માયને રે, કહેજો તમેં આશીષ; તેહ તણાં ગુણ મુજને સાંભરે રે, સંભારૂં નિશદીસ. સિંહ૦ ॥૬॥ સહિયર સઘલીને સુખ પૂછજો રે, કહેજો કુશલને ખેમ; મુજ હૈયડાથી તમેં નવિ વીસરો રે, તમે ધરજો બહુ પ્રેમ. સિં૦ ॥૭॥ હું અભાગિણી સરજી પાપિણી રે, નહી મુજ બાંધવ કોય; જે બાંધવ આવે મુજ તેડવા રે, હરખ ધરીને સોય. સિં૦ ॥૮॥ તમેં તિહાં જઇ આણું મોકલાવજો રે, પિયર આવે ચિત્ત; સિંહજી સૂડા ભલા

નિજ દેશના રે, નહીં પરદેશી મિત્ત. સિં૦ ॥૯॥ સિંહ સામંત હવે તિહાંથી સિદ્ધિ કરે રે, આવ્યો ચંપાવતી માંહિ; રાજા સુરસુંદરને ભેટિયો રે, હૈડે ઘણો ઉત્સાહ. સિં૦ ॥૧૦॥ સહુને દીધી રૂડી વધામણી રે, હરખ્યો સવિ પરિવાર; પુરૂષવેશ આવ્યો કુમરી તણો રે, દેખાડયા તુખાર. સિં૦ ॥૧૧॥ દિન દશ રાખી રાજા વીનવે રે, તમેં સિદ્ધ કરો ઉજ્જેણ; મંગલ જમાઈ અને મુજ નંદીની રે, તેડવા કારણ તેણ. સિં૦ ॥૧૨॥ લેઈ વધામણી સિંહ સામંત વલ્યો રે, ઉજ્જેણી ભણી તામ; વાટેં જાતાં શકુન ભલાં થયાં રે, મન હરખ્યો અભિરામ. સિં૦ ॥૧૩॥ અનુક્રમેં આવ્યા નયરી ઉજ્જેણીએ રે, ધનદત્ત સાહને ગેહ; ધનદત્ત સાહ સુત સહ સહુ આવી મલ્યા રે, નૃપ કુંવરી ગુણગેહ. સિં૦ ॥૧૪॥ નૃપ કુંવરી મનમાં હરખી ઘણું રે, નિસુણી આણાની વાત; હવે મલશું જઇને નિજ તાતને રે, વલી નજરે દેખીશ માત. સિંહ૦ ॥૧૫॥

॥ દોહા ॥

ધનદત્ત સાહને વીનવે, સિંહ નામેં સામંત;
વહુ સહિત તમે મોકલો, તુમ બેટો ગુણવંત. ॥૧॥

તુમ સુત મુખ જોવા તણો, રાજાને બહુ કોડ;
તે માટે તમે મોકલો, વિનંતિ કરૂં કર જોડ. ॥૨॥

શેઠે તવ તિહાં હાં ભણી, સુતનું જાણી મન્ન;
એહને સુમનેં રાખજો, કરજો પુત્ર જતન્ન. ॥૩॥

સુરસુંદર રાજા પ્રતેં, કહ્યો ઘણો જુહાર;
મલી કરી વેહેલા ઈહાં, પધારજો નિરધાર. ॥૪॥

વૈરિસિંહ રાજા પ્રતે, મંગલ મલવા જાય;
આજ્ઞા માગી તેહની, નમ્યા તાત ને માય. ॥૫॥
માતાને ચરણે નમ્યો, માતા દિયે આશીષ;
પુત્રજી વેહેલા આવજો, વહુ સહિત સુજગીશ. ॥૬॥
ભલા શકુન લેઈ કરી, શુભ લગને શુભ વાર;
ચંપાવતી નગરી જિહાં, આવ્યા હરષ અપાર. ॥૭॥

## ॥ ઢાળ ૩ જી ॥

રે છેલ છબિલા નેમજી...એ દેશી.

વાત સુણી મન હરખીયો, સુરસુંદર રાજાનો રે હો; સામૈયું સબલું કરે, ગોરી કહે ગીત ગાનો રે હો. વાત૦ ॥૧॥ સહેર સવિ શણગારીયું, શણગારીયો બાજારો રે હો; ઘર ઘર હુઆં વધામણાં, ભાટ ભણે જયકારો રે હો. વાત૦ ॥૨॥ સ્વદેશનાં પરદેશનાં, નરનારીનાં વૃંદો રે હો; ધનદત્ત સુતને નિરખવા, ઉપન્યો અતિ આનંદો રે હો, વા૦ ॥૩॥ મંગલ ગજથી ઉત્તર્યો, નૃપને કીધો પ્રણામો રે હો; મંગલકલશને દેખીને, નૃપ મન હરખ્યો તામો રે હો. વા૦ ॥૪॥ નિજ ઘરમાંહિ પધરાવીયો, વાજતે નિશાણો રે હો; કુંવરી કલંક ઉતારીયું, વરત્યો જયજયકારો રે હો. વા૦ ॥૫॥ કુબુદ્ધિને મારવાતણો; રાજાયેં દીધો આદેશો રે હો; ધનદત્ત સુતે મૂકાવીયો, ઉત્તમ પુરૂષ સુવિશેષો રે હો. વા૦ ॥૬॥ યતઃ "ઉત્તમ અતિહિ પરાભવ્યો, હૈડે ન ધરે ડંશ; છેદયો ભેદ્યો દુહવ્યો, મધુરો વાજે વંશ. ॥૧॥ સજ્જન તે સહી જાણજો. જો રૂસે સો વાર; અંબ ન હોવે લીંબડો, જો જાતિ સહકાર.

॥૨॥ અગર તણે અનુસાર. પીલંતાં પરિમલ દીયે; તે સજ્જન સંસાર, જોયા પણ દીસે નહિં. ॥૩॥" ઢાલ પૂર્વલી ॥ સમકિત ધારી જે હોવે, તે તો સુધું વિચારે રે હો; જીવને સુખ દુઃખ ઉપજે, કર્મતણે અનુસારે રે હો. વા૦ ॥૭॥ નૃપ કહે એહ કુબુદ્ધિનું, મુખ દીઠે બહુ પાપો રે હો; વિણ અવગુણ તે પાપીએ, કુંવરીને કીધ સંતાપો રે હો. વા૦ ॥૮॥ તે માટે અમ દેશમાં, રહેવું ન પામે એહો રે હો; સુર સુંદરે નિજ દેશથી, કાઢયો સાહી તેહો રે હો. વા૦ ॥૯॥ હવે અપુત્રીઓ નૃપ ચિંતવે, દેઈ મંગલ કલસને રાજ્ય રે હો; પંચ મહાવ્રત આદરી, સાધું આતમ કાજ રે હો. વા૦ ॥૧૦॥ ધનદત્ત શાહ, અને ધનવતી, સપરિવાર તેડાવી રે હો; વ્રત લેવાને સજ્જ થયો, સહુનું મનડું મનાવી રે. વા૦ ॥૧૧॥ મંગલ કલશને પ્રેમશું, થાપ્યો પોતાને પાટે રે હો; સુરસુંદર રાજા ભણે, તુમેં ચાલજો ધર્મની વાટે રે હો. વા૦ ॥૧૨॥ શ્રી યશોભદ્રસૂરિ કનેં, નૃપ વ્રત લીએ ઉછરંગે રે હો; ધનદત્ત શાહ ને ધનવતી, તેહ પણ વ્રત લીયે રંગે રે હો. વા૦ ॥૧૩॥ ગુરૂ આદેશ લહી કરી, સુર સુંદર રૂષિરાય રે હો; તીરથ યાત્રા કરવા ભણી, તે પરદેશેં જાય રે હો. વા૦ ॥૧૪॥ નગર પિંડોલ થઈ રહે, તે કેમ કહીયેં સાધો રે હો; એક ઠામેં રહેતાં થકાં, થાયે સંજમનો બાધો રે હો. વા૦ ॥૧૫॥ રાણી ત્રૈલોકય સુંદરી, પુણ્યવતી અભિરામો રે હો; પ્રસવ્યો પુત્ર પુરંદરૂ, જય શેખર જસ નામો રે હો. વા૦ ॥૧૬॥ વ્રત લીધું સુર સુંદરે,

દેઈ મંગલને રાજયો રે હો; સીમાડા રાજા કહે, એ શું કીધું અકાજો રે હો. વા૦ ॥૧૭॥ એ પરદેશી વાણિયો, અંગ દેશનો રાયો રે હો; નામ ધરાવે એહવું, અમ જીવિત કિમ થાયો રે હો. વા૦ ॥૧૮॥

॥ દોહા ॥

અંગ દેશ લેવા ભણી, આવ્યા મોહાટા રાય;
કટક સહુ ભેલું કરી, મંગલને નમવાય. ॥૧॥
સિંહ નામ સામંતને, કીધો વડ રાજાન;
આગલ કીધો તેહને, દેઈ બહુ આદર માન. ॥૨॥
ગુર્જર મરૂધર માલવો, મેવાડના ભૂપાલ;
ધનદત્ત સુતને સવિ મલ્યા, આપી સાર રસાલ. ॥૩॥
ધનદત્ત સુત વજડાવિયો, ભાદવ નામ નિશાણ;
થરહર કાંપે તવ ધરા, કાયર કંપે પ્રાણ. ॥૪॥
મોરચા રચિયા ભલી પરેં, ઉંચા ડુંગર જેમ;
નાલ ચડાવી ઉંપરે, શૂર તણે મન પ્રેમ. ॥૫॥
પૂજી શ્રી ભગવંતને, પ્રણમી શ્રી ગુરૂપાય;
ધ્યાન ધરી ભગવંતનું, તે છે શ્રાવક રાય. ॥૬॥
મહા મૂલ્ય મોહોટો અછે, ઘોડો જલધિ તરંગ;
મંગલ નૃપ ઉપર ચઢયો, આણી મનનો રંગ. ॥૭॥
ફોજેં ફોજ સામી મલી, તવ વાંગ્યા રણતૂર;
મંગલ કલશ તેણે અટકલ્યો, જાણે ઉગ્યો સૂર. ॥૮॥
રૂપ દેખી મંગલ તણું, તે પ્રણમ્યા ભૂપાલ;
તતક્ષણ તે પાછા ફર્યા, આપી સાર રસાલ. ॥૯॥
હવે આવી નિજ મંદિરેં, મંડાવ્યા પ્રાસાદ;
[1]શત્રુકાર મંડાવિયા, હુઓ તે જયજયકાર. ॥૧૦॥

૧ સત્રાગાર

શ્રી વિજયસિંહ સૂરીશ્વર, સમવસર્યા ઉદ્યાન;
બહુ પરિવારે પરિવર્યા, તે છે જ્ઞાન નિધાન. ॥૧૧॥

## ॥ ઢાળ ૪ મી ॥

રાગ ગોડી

સજલ આડંબર સજી કરી ભવિ પ્રાણી રે, તેડી સવિ પરિવાર લાલ ભવિ પ્રાણી રે; આવ્યા સદ્ગુરૂ વાંદવા ભ૦, પહેરી સવિ શણગાર લા. ભ૦ ॥૧॥ પાંચે અભિગમ સાચવી ભવિ૦, વાંદ્યા શ્રીગુરૂ પાય લા. ભ૦; પ્રણમી વલી બહુ સાધુને ભ; બેઠા રૂડે ઠાય. લા. ભ૦ ॥૨॥ શ્રી સિંહસૂરિ ઉપદિસે ભ; જાણી સરલ સ્વભાવ લા. ભ૦; સાકર મધુરી વાણીયે ભ૦, દાન શીયલ તપ ભાવ– લા. ભ૦ ॥૩॥ ધર્મની દેશના સાંભલી, ભ૦, હરખ્યો મન ભૂપાલ લા૦ ભ૦; જૈન ધર્મ મનમાં વસ્યો ભ૦, જીવદયા પ્રતિપાલ. લા. ભ૦ ॥૪॥ કર જોડી ઉભો રહે ભ૦, પૂછે મંગલ નરેશ લા. ભ૦; વિવાહની વિડંબના ભ૦, પામી કેણ વિશેષ ? લા. ભ૦ ॥૫॥ નામે ત્રૈલોક્ય સુંદરી ભ૦, મુજ પ્રિયા વિણ વંક લાભ; કર્મ કઠણ કીધાં કિસ્યાં ભ૦, જે પામી એહ કલંક ? લા. ભ૦ ॥૬॥ સુરિ કહે રાજા સુણો ભ૦, પૂર્વ ભવની વાત લાભ૦; વિણ સાંભળ્યે એ કર્મની ભ૦, કથા ન આવે ધાત લા. ભ૦ ॥૭॥ અંગે આલસ પરિહરો....સુણ રાજન રે, પુરવ ભવ વૃતાંત લાલ સુણ રાજન રે; પુણ્ય કીધું તે વખાણીયે, સુ; મુકી મતની ભ્રાંતિ લા. સુ૦ ॥૮॥ દક્ષિણ ભરતે જાણિયે સુ; ક્ષિતિ પ્રતિષ્ઠિત નામ લાસુ૦; પાટણ મહોટું વખા-

ણીયેં સુ; રૂડધે કરી અભિગામ લા. સુ૦ ॥૯॥ સોમચંદ તિણે પાટણે સુ; એક રહે કુલપુત્ર લાસુ૦; સુરચંદ તેહના પિતા સુ; રાખે ઘરનું સુત્ર લા. સુ૦ ॥૧૦॥ શ્રીદેવી તસ ભારભ, સુ; દંપતી પ્રીતિ અપાર લાસુ૦; ચતુરાઇ તાસ વખાણીયેં સુ; જેહને વશ ભરતાર લા. સુ૦ ॥૧૧॥ સરલ સ્વભાવેં પણ કરી સુ; માને સહુ તસ લોક લાસુ૦; ધરમને કામેં વાવરે સુ; બહુ સોનઇયા રોક લા. ॥૧૨॥ તેહ પાટણમાં જાણીયેં સુ૦, શ્રાવક જિનદેવ નામ લાસુ૦; તે બેહુનું મન એક છે, સુ; જેમ લખમણ ને રામ લા. સુ૦ ॥૧૩॥ પૂર્વલું પણ બહુ અછે સુ; જિનદેવને બહુ ધન્ન લાસુ૦; બહુ વલી ઉપરાજવા સુ; વાહણ ચઢવાનું મન્ન લા. સુ૦ ॥૧૪॥ એક દિન તે સોમ-ચંદ્રને, સુ; મિત્રને કહે મન વાત લાસુ૦; પરદેશેં મનસા અછે, સુ; તું છે શુદ્ધ સુજાત લા. સુ૦ ॥૧૫॥ સોનઇયા મુજ રોકડા સુ; સોપું બાર હજાર લાસુ૦; વિશ્વાસ જાણી મિત્રનો સુ; ધર્મ બાંધવ તું સાર લા. સુ૦ ॥૧૬॥ એ ધન માહરૂં તું સહિ સુ; વાવરજે શુભ ઠામ લાસુ૦; લાભ ઘણો છે તુમને સુ; એ છે ઉત્તમ કામ, લા. સુ૦ ॥૧૭॥ તે ધન સોંપી મિત્રને સુ; તેણે સિદ્ધિ કરી પરદેશ લા. સુ૦ જિનદેવ સરિખો કો નહીં સુ; એ એ પુરૂષ વિશેષ લા. સુ૦ ॥૧૮॥ માનવ ભવ લાહો લીજિયેં સુ; દેઈ દાન સુપાત્ર લાસુ૦; સોમચંદ્ર અનુમોદતો સુ; કરે નિજ નિર્મલ ગાત્ર લા. સુ૦ ॥૧૯॥ સોમચંદ્ર નર સારિખો સુ; કોડિમાંહિ કોઇ એક લાસુ૦; હોય કે ન હોય વલી સુ; તે સુણજો સુવિવેક લા. સુ૦ ॥૨૦॥ જિનદેવનું ધન વાપરે સુ; મન નાણે અહંકાર લા; નિજ મિત્રને

અનુમોદતો સુ; પરને કરે ઉપગાર લા. સુ૦ ॥૨૧॥ ઘર સારૂં ધન વાપરે, સુ; પોતાનું પણ સાર લાસુ૦; જૈન ધર્મ વલી આદરે સુ; નારીને ભરતાર લા. સુ૦ ॥૨૨॥

॥ દોહા ॥

શ્રી દેવી મન ચિંતવે, ધન્ય એ મુજ ભરતાર;
ધન્ય જિનદેવ વખાણીયે, જૈન ધરમ જગ સાર. ॥૧॥
નંદ શેઠની દીકરી, દેવદત્તનો નારી;
તે પણ એહિજ પાટણે, ભદ્રાનામેં નારી. ॥૨॥
શ્રીદેવીને સખિપણું, ઘણું તે ભદ્રા સાથ;
ભદ્રા પણ નેહેં કરી, મન આપે તસ હાથ. ॥૩॥
દેવદત્તના દેહમાં, રક્તપિત્તનો રોગ;
વ્યાપ્યો કરમ તણેં વશેં, ભદ્રા કરે બહુ શોક. ॥૪॥
શ્રી દેવી આગલ કહે, કોઢી હુઓ ભરતાર;
હવે બાઈ શું કીજીએં, એ દુઃખનો નહીં પાર ?. ॥૫॥

## ॥ ઢાળ ૫ મી ॥

રાગ કેદારો ગોડી

મુહ મચકોડીને કહે રે, ભદ્રાને તેણી વાર; દેવદત્તને તુજ સંગથી રે, ઉપન્યો રક્ત વિકાર રે, ॥૧॥ બેહેની મ કરીશ મુજશું વાત, વેગલી રહે કર સાત રે, બે૦ નહિં ભલો તાહરો સંઘાત રે, બે૦, વંઠયું તાહરૂં ગાત્ર રે બેહેની મ૦ એ આંકણી ॥૨॥ ભદ્રાને તવ ઉપન્યો રે, મનમાં ઘણો વિખવાદ; તે ચિંતવે એહ શું લવે રે, મન આણી ઉન્માદ રે બેહેની. મ૦ ॥૩॥ ઉઠી તે આમણ દૂમણી રે, નયણે

ઝરંતી નીર; વલતી બોલાવી હરખશું રે, કાંઇ બાઇ હુંઇ દિલગીર રે બેહેની મ૦ ॥૪॥ ભદ્રા કહે તુજ નવિ ઘટે રે, એહવો કહેવો બોલ; શ્રી કહે મેં હાંસી કરી રે, તુજ તનુ કુંકુમ ઘોલ રે....બહેની. મ૦ ॥૫॥ શ્રીદેવીએં તતક્ષણેં રે, બેસારી ધરી બાંહિ; માહરે તું સહી જાણજો રે, વાલ્હી નગરી માંહિ રે....બહેની. મ૦ ॥૬॥ રોષ હતો તે ઉતર્યો રે, વિલય ગયો વિખવાદ; શ્રીયેં કરમ બાંધ્યું હતું રે, તેહનો રહ્યો સવાદ રે....બહેની. મ૦ ॥૭॥ જીવ બાંધે તે અતિ ઘણું રે, રસનાથી બહુ કર્મ; જેણેં રસનાને વશે કરી રે, તેહને પોતે ધર્મ રે....બહેની. મ૦ ॥૮॥ જે પંચેન્દ્રિય વશ કરે રે, તેહનેં લાગું પાય; દીપ્તિવિજય કહે જાણજો રે, તેહને બહુ સુખ થાય રે....બહેની. મ૦ ॥૯॥

॥ દોહા ॥

મુનિવરના સંજોગથી, પામી સમકિત સાર;
તે પાલે બેહુ જણાં, શ્રાવકના વ્યવહાર. ॥૧॥

અતિહિ શુભ ભાવેં કરી, તે પહોતાં પરલોક;
પંચ પલ્યોપમ આઉખે, સૌધર્મ સુરલોક. ॥૨॥

સૌધર્મ દેવલોકથી, સોમચંદનો જીવ;
ચવીને તું ભૂપતિ હુઓ, પુણ્યવંત અતીવ. ॥૩॥

દેવીનું સુખ ભોગવી, પૂરણ પૂરી આય;
શ્રી દેવીના જીવ તે, ત્રૈલોક્ય સુંદરી થાય. ॥૪॥

પર દ્રવ્યે ઉપરાજીયું, પુણ્ય ઘણું ગુણ ખાણ;
માટે પરણી સુંદરી, તે તું સહિ કરી જાણ. ॥૫॥
હાંસીયેં પહેલે ભવે, વચણ કહ્યું વિણ વંક;
તે માટે એ સુંદરી, પામી મહોટું કલંક. ॥૬॥
રૂડા જૂડા જીવડા, જે હસતાં બાંધે કર્મ;
શુભ અશુભ તે ભોગવે, સાચો શ્રી જિન ધર્મ. ॥૭॥

## ॥ ઢાળ ૬ ઠ્ઠી ॥

સાહેલડીની દેશી.

દેશના સુણી મન હરખીયો....સાહેલડી રે, મંગલકલશ ભૂપાલ તો; આજનો મુજ દિન ભલો.... સા૦, સાંભલ્યાં વયણ રસાલ તો. ॥૧॥ વાંદી નિજ ઘરે આવીયા....સા૦, મન આ૦યો વૈરાગ્ય તો; એ સંસાર છે કારિમો....સા૦, સાચો ધર્મ વીતરાગ તો. ॥૨॥ હરખ ધરી ધન વાવરી....સા૦, કરે પોતાનું કાજ તો; જય શેખરને તવ દીયો....સા૦, ચંપાવતીનું રાજ તો. ॥૩॥ સિંહસૂરિ પાસેં લીયે....સા૦, પંચ મહાવ્રત ભાર તો; અતિ ઉત્સવ આડંબરે....સા૦, નર વલી એક હજાર તો. ॥૪॥ શ્રી ગુરૂની સેવા કરે ....સા૦, તેણેં ભણ્યાં અંગ અગ્યાર તો; યોગ્ય જાણી પદવી દીયે....સા૦, સિંહસૂરિ ગણધાર તો૦ ॥૫॥ સુખિયા જીવ તે સુખ લહે....સા૦, તે સહી પૂણ્ય પ્રમાણ તો; પુણ્યવંતનાં સહુ કરે....સા૦, જગમાં સબલ વખાણ તો. ॥૬॥ સુંદરી પણ દીક્ષા લીયે.... સા૦, હરખે નૃપની સાથ તો; બહુ નારીશું પરવરી.... સા૦, લોચ કરે નિજ હાથ તો. ॥૭॥ ચતુર તે

તેહને જાણીયે....સા૦, જે અવસરનો જાણ તો; સંસારી સુખ વિલસી કરી સા૦, સંજય લીયે ગુણ-ખાણ તો. ॥૮॥ સંજમ પાલી નિર્મલું....સા૦, પોહોતા બ્રહ્મ સુરલોક તો; તિહાંથી ચવીને ઉપજ્યા....સા૦, પામ્યા નરભવ થોક તો. ॥૯॥ તિહાં પણ દીક્ષા લેઈ કરી....સા૦, પામશે કેવલ નાણ તો; અનુકરમે મુગતેં ગયા....સા૦, તેહનું કરશું વખાણ તો. ॥૧૦॥ ગુણવંતના ગુણ ગાઇએ....સા૦, ભાખે શ્રી ભગવંત તો; નિર્મલ થાયે આતમા....સા., પામીયેં સુખ અનંત તો. ॥૧૧॥ શ્રી મંગલ કલશ સૂરી તણો....સા૦, રાસ રચ્યો સુવિલાસ તો; ભણે ગણે જે સાંભલે....સા૦, જેમ હોય પરમ વિલાસ તો. ॥૧૨॥ રાસ કરંતા એહનો....સા૦, મુજ મન અતિ રંગ રોલ તો; કહેતાં રંગ મુજ ઉપન્યો....સા૦, જેમ મજીઠનો ચોલ તો. ॥૧૩॥ સુપન માંહિ ગજ ઉપરેં ....સા૦, બેઠા હુઈ રૂદ્ધિ રાજય તો; તેમ એ રાસ કરતાં થકાં....સા૦, સિદ્ધિ ચઢે સવિ કાજ તો. ॥૧૪॥ શ્રી વિમલબોધ સૂરીશ્વરેં....સા૦, દીધો એ ઉપદેશ તો; શાંતિનાથ પહેલે ભવેં....સા૦, શ્રીષેણ નામે નરેશ તો. ॥૧૫॥ તે આગલ મન રંગશું.... સા૦, સંબંધ કહ્યો સુરસાલ તો; શાંતિનાથ પહેલે ભવે....સા૦, મંગલકલશ ભૂપાલ તો. ॥૧૬॥ જૈન ધર્મ આરાધિયો....સા૦, સાર્યાં આતમ કાજ તો: પરમાનંદ પદ પામીયો...સા૦, ભોગવી બહુ દિન રાજ તો. ॥૧૭॥ ધન સારથવાહેં સાધુને...સા૦, દીધું અઢલક દાન તો; તીર્થંકર પદવી લહી....સા૦,

ઈંદ્રિ કરે બહુ માન તો. ॥૧૮॥ यतः—जैनधर्मं समाराध्य, भूत्वा विभव भाजनं, प्राप्ताः सिद्धि सुखं ह्येते, श्लाघ्या मंगल कुंभवत्. ॥१९॥

## ॥ ઢાળ ૭ મી ॥

મ મ કરો માયા રે કાયા કારમી... એ દેશી

પુણ્ય કરો તમેં પ્રાણીયા, પુણ્યે નવે નિધાન રે; પુણ્યથી સવિ સુખ ઉપજે, ગહુંથી જેમ પક્વાન્ન રે. પુણ્ય૦ ॥૧॥ શ્રી વિજય માનસૂરીસરૂ, તપગચ્છનો શણગાર રે; તેહનેં રાજ્યે રંગે કરી, રાસ રચ્યો સુવિચારો રે, પુણ્ય૦ ॥૨॥ શ્રી વિજયદાન સૂરીસરૂ, ઉત્તમ જેહનું નામ રે; મુનિવર માંહે વખાણીયેં, ભાગ્યવંત ગુણધામ રે, પુણ્ય૦ ॥૩॥ તેહના શિષ્ય સુહંકરૂ, રાજવિમલ ઉવજ્ઝાય રે; તેહના શિષ્ય વખાણીયેં, શ્રી મુનિવિજય ઉવજ્ઝાય રે, પુણ્ય૦ ॥૪॥ તેહના શિષ્ય વખાણીયેં, સંવેગી શિરદાર રે; શ્રી દેવ વિજય વાચક વરૂ, ઓસ વંસ શણગાર રે, પુણ્ય૦ ॥૫॥ પ્રાગ વંશ કુલે ઉપના, નિજ ગુરૂને સુખદાયી રે; શ્રી માનવિજય પંડિત વરૂ, દોલત અધિકી સવાઇ રે, પુણ્ય૦ ॥૬॥ ગુરૂ નામેં સુખ ઉપજે, મનેં બુદ્ધિ સઘલી આવે રે, દીપ્તિવિજય સુખ કારણેં, રાસ રચ્યો શુભ ભાવેં રે, પુણ્ય૦ ॥૭॥ નિજ શિષ્ય ધીર

વિજયતણું, વાંચવાનું મન જાણી રે; રાસ રચ્યો રલીયામણો, મનમાંહે ઉલટ આણી રે, પુણ્ય૦ ॥૮॥ પૂ. ॥ સંવત સત્તરે જાણજો, વરસ તે ઓગણ પચ્ચાસો રે (૧૭૪૯); ભણે ગણે જે સાંભલે, કવિ દીપ્તિની ફલજો આશો રે, પુણ્ય૦ ॥૯॥ ઇતિ શ્રી મંગલ કલશ રાસે તૃતીયઃ ખંડ સમાપ્તઃ ॥૩॥ સમાપ્તોયં મંગલકલશ નૃપ રાસઃ

ઇતિ શ્રી મંગલકલશનો રાસ

સંપૂર્ણઃ

# ॥ શ્રી પદ્માવતી માતાનો છંદ ॥

શ્રીમત્ કલિકુંડ દંડં, શ્રી પાર્શ્વનાથં સંસ્તુવે; ધરણેન્દ્ર શચી સાકં, ધર્મ કામાર્થ સિદ્ધયે. શ્રી પાર્શ્વનાથ પ્રતિમા, સહિત ગિરિમા, મહિતલ મહિમા વિસ્તરણી; ધરણીધર રાણી, તું જગજાણી, ભવિયણ પ્રાણી ભય હરણી; શિષ્યને જયકારી, સમકિત ધારી, તું સાચારી શીલવંતી; સંતુષ્ટા ભવ મે દેવિ પદ્મે માત ગિરિમા જૈનમતી. ॥૧॥ નાગણીસમ કાળી, જિત કરવાળી, ઝાકઝમાળી વેણુવતી; જિત મીન કપોલી, સેંથો ફોલી, આડ અમૂલી શીર ધરતી; તિલકાંકિત ભાલી, પીઅલ આલી, ભૂષણમાલા ભાગ્યવતી, સંતુ૦ ॥૨॥ કંચનસમ વરણી, સકલાભરણી, શીતલ કરણી સૌમ્યમુખી; ગલ્યો નિત ઉજ્વલ, કાને કુંડલ જિત રવિમંડલ કમલાક્ષી; ગયણાંગણ ગયણી, વિકસિત નયણી, અવિચલ વયણી પ્રિયમુખી, સંતુષ્ટા૦ ॥૩॥ નાસા અણિયાળી, અધર પરવાળી, જીભ રસાળી નિરદોષી, દાડિમકણ દંતી, મધૂર લવંતી, જિનગુણ થુણંતી

તાર નખી; જિત કિન્નર નાદી, સુસ્વર નાદી, જિનગુણ લાધી રાગવતી, સંતુષ્ટા૦ ॥૪॥ કરિકર ભુજદંડી, મંડિત ચૂડી, ગંભિર ઉંડી નાભિભરી, ઉર ઉન્નત સારા, કંચુકી ધારા, વિલસિત હારા કૃષ્ણોદરી; કટી-મેખલા કરણી, હરિકટી હરણી, ઝાંઝર ચરણી હંસગતી, સંતુષ્ટા૦ ॥૫॥ પુષ્પાંબર વસ્ત્રી, રૂપ વિચિત્રી, રાજત છત્રે રાજ્યવતી, હસ્તાયુદ્ધ માના, કુર્કટયાના, પાન સુફાના પુન્યવતી; પહરણ પટકુલી, ચરણા ચોલી, નીલ કપોલી સંચરતી, સંતુષ્ટા૦ ॥૬॥ કુંમતી લવ વાસી, તુજગુણ રાશી, ભાષી ન શકું પૂરણમતી, તુમ વિણ નવિ જાચું, માનો સાચું, દે વરદા તું દાન-વતી; આવી અવતરજે, મહેર જ કરજે, સમર્યા સરજે સાર મતી, સંતુષ્ટા૦ ॥૭॥ તુજ સેવ કરે જે, વંછિત દેજે, હેજ કરીજે હેજવતી; સંતાન વધારે, દુષ્કૃત વારે, ધર્મ સુધારે ધર્મવતી; સજ્જન મન રંજે, દુરજન ગંજે, ભાવઠ ભંજે કામદુગી, સંતુષ્ટા૦ ॥૮॥ વશ ઇપ્સિતકામા, પ્રણવ ગરિમા, ગુરૂલઘુ અણિમા સહુમતી; ચંપક કૃષ્ણાગર, ચંદન કેશર, દીપ મનોહર ભોગવતી; ચિંતામણી મંત્રી, વસિકર જંત્રી, હોમ પવિત્રી પત્તવત્તી, સંતુષ્ટા૦ ॥૯॥ દવ (ભવ) સાયર પડીયા, બંધન જડિયા, અગ્નિ કણિયા ઉદ્ધરણી; હસ્તિ હરિ વાયણ, વિષધર સાપણ, સાકિણી ડાકિણી નિગ્રહણી;

દુષ્ટાભય હરણી, ક્ષુદ્રાવરણી, રક્ષા કરણી માત સતી, સંતુષ્ટા૦ ॥૧૦॥ અતિશયવંત અપાર, સદા જગ સાચી દેવી; સમકિત પાળે શુદ્ધ શ્રી જિનશાસન સેવી. ॥૧૧॥ અધો મધ્ય આકાશે, રાસ રમંતી અમરી; સેવકજન સાધાર, સાર કરે મન સમરી. ॥૧૨॥ ફણિપતિ મંડિત પાસ, પ્રતિમા મસ્તક ધરણી; હરખસાગર કહે હરખશું, પદ્માવતી પૂજો સુખ કરણી. ॥૧૩॥ સંપૂર્ણ.

## શ્રી શાસનકંટકોદ્ધારકસૂરિજી જૈન જ્ઞાન મંદિરના

# નવા પ્રકાશનો

**શ્રી રાસમાળા સંગ્રહ: ભાગ ૧ લો. રૂા. ૫=૦૦**

૧-મહાસતી શ્રી અંજનાસુંદરીનો રાસ.-૨-શ્રી ગૌતમપૃચ્છા-ચોપાઈ, ૩-કર્મવિપાક અથવા શ્રી જંબૂપૃચ્છાનો રાસ, ૪-શ્રી લીલાવતીરાણી-સુમતિ વિલાસનો રાસ.

**શ્રી રાસમાળા સંગ્રહ: ભાગ ૨ જો. રૂા. ૫=૦૦**

૧-શ્રી કયવન્નાશાહનો રાસ, ૨-શ્રી ધન્ના-શાલિભદ્રનો રાસ.

**શ્રી રાસમાળા સંગ્રહ: ભાગ ૩ જો. રૂા. ૧૦=૦૦**

૧-શ્રી ચંદ્રશેખર રાજાનો રાસ.

**શ્રી રાસમાળા સંગ્રહ: ભાગ ૪ થો. રૂા. ૧૫=૦૦**

૧-શ્રી મહાબલ-મલયાસુંદરીનો રાસ.

**શ્રી રાસમાળા સંગ્રહ: ભાગ ૫ મો. રૂા. ૨૦=૦૦**

૧-શ્રી કુમારપાલ રાજાનો રાસ.

**શ્રી રાસમાળા સંગ્રહ: ભાગ ૬ ઠ્ઠો. રૂા. ૨૦=૦૦**

૧-શ્રી વનેચંદ રાજાનો રાસ, ૨-શાંબ અને પ્રદ્યુમ્નકુમારનો રાસ, ૩-શ્રી સનત્કુમારચક્રીનો રાસ, ૪-શ્રી વિક્રમ-લીલાવતીનો રાસ, ૫-શ્રી આષાઢાભૂતિની ચોપાઈ.

**શ્રી રાસમાળા સંગ્રહ ભાગ ૭ મો. રૂા. ૨૦-૦૦**

૧-માનતુંગ અને માનવતીનો રાસ, ૨-હરિશ્ચંદ્ર રાજાનો રાસ, ૩-માનતુંગ-માનવતી પ્રબંધ ચોપાઈ.

**શ્રી રાસમા[illegible]વન્નાશાહના રાસ, ૨-શ્રી[illegible] રૂા. ૨૦-૦૦**

૧-શ્રી અ[illegible]રાસમાળા સંગ્રહ: ભાગ ૩ [illegible]-શ્રી ગુણકરંડ ગુણાવલીનો રા[illegible]ંદ્રશેખર રાજાનો રાસ.

[illegible]રમાળા સંગ્રહ: ભાગ ૪

**શ્રી શાસનક[illegible]બલ-મલયાસુંદરીનો [illegible]જૈન જ્ઞાનમંદિર.**

**જી. ભાવનગર, વાયા-તલાજા, મુ. ઠળીયા-૩૬૪૧૪૫**

શ્રી વિશાલ પ્રિન્ટરી, સોનગઢ ૩૬૪૨૫૦